

કાવ્યમાધુર્ય.

હિ. ગ. અંજારિયા.

કાવ્યમાધુર્ય

એટલે

આધુનિક લેખકોનાં કાવ્યોમાંથી ઉત્તમ કાવ્યોનો સંગ્રહ.

(સંક્ષિપ્ત માર્ગદર્શક ટિપ્પણ તથા લઘુ શબ્દકોષ સહિત)

સંગ્રહ કરનાર

હિમ્મતલાલ ગણેશજી અંજારિયા. એમ. એ., એલએલ. બી.

સુપ્રિન્ટેન્ડન્ટ, મ્યુનિસિપલ ગુજરાતી સ્કૂલ્સ, મુંબઇ.

Poetry gives treasures 'more golden than gold', leading us in higher and healthier ways than those of the world, and interpreting to us the lessons of nature.

F. T. Palgrave.

મુખ્ય એજંટસ—એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબઇ.

સંવત ૧૯૭૨ ઇ. સ. ૧૯૧૬.

કિમ્મત રૂ. ૧-૪-૦.

રૂ. ૧-૮-૦ (કપડાંનું પુઠું.)

આ પુસ્તક ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં માણેકજી જીવનજી
તત્તરીઆએ નં૦ ૧, પારસી બજાર સ્ટ્રીટ, કોટ,
મુંબઈ મધ્યે છાપ્યું છે.

તથા

મી૦ હિમ્મતલાલ ગણેશજી અંજારીયાએ ભૂલેશ્વર મારકીટ,
કાલબાદેવી, મુંબઇ, મધ્યે પ્રસિદ્ધ કીધું છે.

પહેલી આવૃત્તિ ૧૯૦૩.
બીજી આવૃત્તિ ૧૯૦૬.
ફરી છપાઇ ૧૯૧૦, ૧૯૧૬.

અર્પણપત્રિકા.

*****

ગુજરાતી સાહિત્ય તરફનું દુર્લક્ષ કંઇક ઓછું કરી, તેના ગુપ્ત ભંડારમાંથી કંઇ કંઇ જગતના પ્રકાશમાં લાવવાની નમ્ર વિનંતિ સાથે મારા બંધુઓ–ગુર્જર ગ્રાજ્યુએટોને સપ્રેમ અર્પણ કરૂંછું.

૧૯૧૬ ની આવૃત્તિની પ્રસ્તાવના.

આ પુસ્તક તરફ ગુજરાતી પ્રજાનો સદ્ભાવ એટલો સંતોષકારક છે કે તેને ફરી છપાવવાનો પ્રસંગ થોડે થોડે અંતરે મળ્યા કરે છે. હમણાં ફરી છપાવવાનો પ્રસંગ આવ્યો ત્યારે એક પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે તેનો સ્વરૂપમાં ફેરફાર કરી, વર્ષોના વહેવા સાથે ગુજરાતી કવિતામાં ભળેલા નવા પ્રવાહોમાંથી નવી નવી પ્રસાદી ઉમેરવી કે નહિં? તે પ્રશ્નનો ઉત્તર આપવામાં એક જ વિચારને વળગી રહ્યો અને તે એ કે પરિચિત પુસ્તકના સ્વરૂપમાં વારંવાર ફારફેર કરવાથી તેના વાચક અને પ્રશંસક મંડળને દર વખતે નવી આવૃત્તિ લેવાની ફરજ પડે છે, અને એમ પણ બને કે એક વાર રૂચિકર થયું તેમાં ફેરફાર થયાથી કદાચ માઠી અસર પણ થાય., તેથી ઉત્તમ એજ કે રૂચિકર નીવડેલું સ્વરૂપ જ કાયમ રાખવું અને નવા ઉમેરા માટે નવી પ્રવૃત્તિ માટે આવકાશ રહેવા દેવો. એ વિચાર પ્રમાણે આ સંગ્રહની બીજી આવૃત્તિ વખતનુ તેનું જે સ્વરૂપ હતું તેજ લગભગ કાયમ રાખ્યું છે; એકાદ બે ફેરફાર બહુ સ્વરૂપ ફેરવી નાખનારા નહિં મનાય એવી આશા રાખી છે.

કવિતાના ટુંકા અવલોકનમાં, સંક્ષિપ્ત ટીપ્પણમાં, અને શબ્દકોશમાં થોડાક ફેરફાર આવશ્યક હતા તેટલા કર્યાં છે–પરંતુ ઘણે ભાગે ઉપરનું ધોરણ જ રાખવામાં આવ્યું. છે.

છેવટમાં, સૂચનારૂપે, સલાહરૂપે, અને બીજી અનેક રીતે અનેક મિત્રો તથા સ્નેહીઓ તરફથી અવારનવાર મદદ મળી છે; તે માટે તે બધાનો ઉપકાર માનું છું. તેમજ રા. રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી બી. એ. એ, મેશર્સ એન. એમ. ત્રિપાઠીની કમ્પનીએ. અને ધી કોર્ટ પ્રિન્ટિંગ પ્રેસના મેનેજર મી. હોશંગ ટી. અંકલેસરીઆએ આપેલી મદદ માટે તેમનો—અને ખાસ તો ગુજરાત સમસ્તે આ પુસ્તકને આપેલા સત્કાર માટે ગુજરાતી પ્રજાનો ઉપકાર માનતાં મને બહુ આનંદ થાય છે.

સાન્તાક્રુઝ,
તા. ૧૫—જાનેવારી—૧૯૧૬. } લિ. ગ. અંજારિયા.

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાંથી થોડુંક ફરીથી.

સ્વલિખિત પુસ્તકમાં લેખનો ઉદ્દેશ તથા હેતુ જણાવવા પૂરતી તક હોય તોપણ પ્રસ્તાવના એક બોલ કહેવાની રીતિ સર્વમાન્ય થઈ પડી છે, તો પછી જેને અન્યના લેખનો સંગ્રહ કરવાનો હોય તેને તો તે પ્રયાસનાં પ્રયોજન તથા પ્રારંભ વિષે પ્રસ્તાવ લખવો પડે એ આવશ્યક જ છે.

લખાણ વધ્યે જાય છે, પણ જીંદગીની અવધિ વધતી નથી, એટલે સર્વને બધું વાંચી જવા અવકાશ રહે જ નહિ. તેથી સારા લેખકોના લેખોમાંથી રસમય ચુંટણી કરી એકત્ર સંગ્રહ કરવાનો પ્રથા ઘણા સમય થયાં પ્રચલિત થયો છે—અન્ય દેશોમાં તેમ આ દેશમાં પણ. જૂના ભક્ત કવિઓનાં પદ, આખ્યાન વગેરે ઘણાં છપાયાં છે. તેમાંથી 'શામળ સતસઇ' 'કાવ્યનિમજ્જન' વગેરે ચુંટણી થઇને પણ છપાયાં છે. લગભગ બે વીશી થયાં તદ્દન નવી જાતની કવિતા ગુજરાતીમાં લખાવા લાગી છે. તેના વાચકો થોડા હોઇ વધારવાના હેતુથી પુસ્તક રૂપે કે અન્યથા છપાયેલી, કે નહિં છપાયેલી કવિતાઓમાંથી યથાશક્તિ ચુંટણી કરવાનું કામ ઘણા વખત થયાં અનેક વાચકોના મનમાં ચ્હોળાતું હશે—તે ઇચ્છા પરિપૂર્ણ કરવાને મને તક મળી તેથી કૃતાર્થ થયો છું.

ગુજરાતી ભાઇઓમાંથી જે ભણેલાઓ વિદેશી કવિયોનાં કાવ્યથી મોહિત થાય છે તેવામાંથી ઘણા તો ગુજરાતી કવિતા માટે તદ્દન બેદરકાર જ માલમ પડે છે. આ ચુંટણી તેવાઓ માટે ખાસ થયેલી છે.

પ્રયાસ પ્રથમ છે. વ્યક્તિ વ્યક્તિના રસમાં તફાવત હોય છે. અમુક કારણોને લઇને કામ લેવાનું બની શક્યું તેમ અમુક કારણોને લઇને તે તરત સંપૂર્ણ કરવાની પણ જરૂર જણાઇ. તેથી રહેલા દોષો માટે ક્ષમા યાચી, બીજા વધારે સમર્થ વાચકો વધારે આશા પ્રયાસથી સાહિત્યની સેવામાં બહાર પડશે એવી આશા રાખું છું.

જ્યારે મારા આ પ્રયાસ વિષે બીજાઓએ જાણ્યું ત્યારે તેઓએ અંગ્રેજી ગોલ્ડન ટ્રેઝરી જેવું આ પુસ્તક થશે એવી આશા બતાવી. પરંતુ બધે અંશે તેમ થવું આ સમયે સંભવતું નથી. અંગ્રેજી કવિઓની જનસમાજને પિછાન હતી—તેની કદર થયેલી હતી. તેના કેટલાક કાવ્યખંડો બહુજ લોકપ્રિય થઇ સર્વવ્યાપી જેવા થયા હતા. તેવા બધાને ભેગા કરવાનું કામ—લોકપ્રિય થયેલામાંથી ક્યા સર્વને સરખી રીતે ગ્રાહ્ય અને પ્રિય થશે એટલું જ જોવાનું કામ—ગોલ્ડન ટ્રેઝરીના સંગ્રહ કરનારનું હતું. અહિં સ્થિતિ તેથી જુદી છે. લેખકોની જનસમાજને પિછાન નથી—તેમની કદર નથી—બહાર પડેલ પુસ્તકો થોડાં છે—ને તેની કવિતાના વાચકો પણ ગણ્યા ગાંઠ્યા જ છે. તેથી આ સંગ્રહ કરનારનો કંઇક ઉદ્દેશ કવિની ઓળખ આપવાનો, ગુજરાતી કવિતામાં દાખલ થયેલ નવીન રસ બતાવવાનો, કવિતાને લોકપ્રિય કરવાનો અને ભણેલાઓને ગુજરાતી માટે થઇ ગયેલો તિરસ્કાર કંઇક દૂર કરવાનો છે. ઉદ્દેશ ઘણો જબ્બર છે; એક અભ્યાસીથી તે પાર પાડવાની આશા રખાય જ નહિં. માત્ર તે રસ્તો બતાવવા અભિલાષા છે. વિદ્વાન વાચકોમાંથી આ રસ્તે પ્રયાણ કરનાર બીજા કોઇ નીકળી પડશે એટલે તેને કૃતાર્થ થયાનો સંતોષ થશે.

કહેવાની જરૂરીયાત જાણતો નથી કે આમાં જે છે તે બધું બીજાનું જ છે. ટિપ્પણ વગેરેમાં પણ જ્યાંસુધી બીજાના વિચાર ને બીજાની મદદ મળી શકેલ છે ત્યાંસુધી પોતાપણું ઘુસાડવાનું યોગ્ય લાગ્યું જ નથી. તોપણ કહેવું જોઈએ કે તેને માટે જવાબદારી મારી પોતાની છે.

પોતાના લેખો છપાવવાની પરવાનગી આપવા માટે સર્વ લેખકોનો ઉપકાર થયો છે. પ્રોફેસર બલવંતરાય કલ્યાણરાય ઠાકોરે પોતાના વ્યવસાયી વખતમાંથી પણ અવકાશ મેળવી વારંવાર જે સૂચના અને ઉપદેશ આપેલ છે તે ખાતર તેમનો સવિશેષ ઉપકાર થયો છે. રા. રા રણજીતરામ વાવાભાઈ, જેની સાથે આ પ્રસંગને લઈને જ મારે પ્રથમ પિછાન માત્ર પત્રથી જ થયેલી છે, તેણે પણ અનન્ય સહાય આપી છે તે માટે તેનો તથા રા. રા. નરસિંહરાવ હરિલાલ ધ્રુવ, રા. રા. રમણભાઈ, રા. રા. મણિશંકર રતજી ભટ્ટ વગેરેએ કરી દીધેલી સરળતા ખાતર તેમનો પણ ઉપકાર થયો છે.

તે ઉપરાંત મારા સ્નેહી અને સંબંધી રા. રા. સાકરલાલ મોતીલાલ બી. એ., રા. રા. રતિલાલ મગનલાલ અંતાણી બી. એ., રા. રા. જન્મશંકર મહાશંકર બુચ, તથા રા. રા. પ્રભુલાલ છોટાલાલ બુચ, તેઓએ વખતો વખત આપેલ ઉમંગભર સહાય માટે તેમનો ઉપકાર થયો છે.

પોષ, સંવત્ ૧૯૬૦.
ગોંડળ–કાઠિયાવાડ.

અનુક્રમણિકા.

ગુજરાતી કવિતાના વિકાસનું ટુંકામાં અવલોકન.

ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને તેના ઇતિહાસ વિષે જોઇએ તેટલું હજી લખાયું નથી. કમભાગ્યે જે ભણેલાઓ તે કામ માથે લેવાને અધિકૃત ગણાય તેમાંથી ઘણા તો તેને માટે લેશ માત્ર પણ દરકાર રાખતા ન હોય તેવું લાગે છે. પરંતુ વીશમી સદીનો ઉત્સાહક પવન તેની સાથે કંઇક નવીન જુસ્સો લાવ્યો હોય એમ લાગે છે, જેને પરિણામે કંઇ નવો આવેશ ગુજરાતી ભાઇઓમાં રેડાયો હોય તેમ તે ઉપેક્ષિત વિષય તરફ આજ કાલ વિશેષ ભાવ દૃષ્ટિગોચર થાય છે; આશા છે કે તે વિશાળ ક્ષેત્રની શોધમાં હળવે હળવે વધારે મુસાફરો નીકળી પડશે.

આજ સુધીમાં તે વિષય તરફ પ્રાયાણ તદ્દન નથી થયું એમ નથી. કવિશ્રી નર્મદાશંકરે કરેલી શરૂઆત અનેક રીતે જારી રહી છે ખરી. બૃહત્કાવ્યદોહનમાં અપાયેલાં કવિજીવનો, તથા પ્રાચીન કાવ્યમાળાના અંકમાંનાં ગ્રંથવિવેચન તથા કવિચરિત્રો ઉપરાંત જુદી જુદી સભાઓમાં વંચાયેલા નિબંધો તથા માસિકોમાં આવેલાં લખાણો ઘણાં થયાં છે અને હજી થતાં જાય છે, તોપણ હજી સુધી તે વિષય પર એક* સ્વતંત્ર સંપૂર્ણ ગ્રંથ લખાયલો માલમ પડતો નથી.

---

* અંગ્રેજીમાં **Milestones of Gujarati Literature** નામનો એક સ્વતંત્ર ગ્રંથ રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ગઇ સાલમાં પ્રગટ કર્યો

આ કાવ્ય સંગ્રહને સીધી રીતે તેવા કશા ઉપોદ્ઘાતની આવશ્યકતા છે જ નહિં; તેમ સંગ્રહ કરનારનો ઉદ્દેશ પણ અહીંઆં તે સંબંધે વિસ્તારથી લખવાનો નથી. તોપણ આપણી ભાષા કેળવાતાં કેળવાતાં કેવાં ને કેટલાં રૂપ રંગ બદલતી ચાલી, તથા તેની કવિતામાં પણ કેવા નવીન મીઠાશ અને નવું સૌરભ ઉદ્ભવ પામતાં ગયાં તે બતાવવું એવો કંઇક હેતુ છે. અને તેમ કરવા જતાં જરાતરા સિંહાવલોકન કરવું પડે તો તેમાં અતિ વિસ્તારનો દોષ આરોપવામાં નહિં આવે એવી આશા છે.

ઓગણીસમી સદીની શરૂઆત સુધી તો કવિતા અને ભાષા બન્નેનો ઇતિહાસ ઘણે અંશે સરખો છે, કારણ ભાષામાં કવિતા સિવાય બીજું કશું લખાતું જ નહિ. તે પછી ભાષામાં અનેક જાતનાં લખાણો વધ્યાં; તો પણ અહીંઆં તો કવિતા સંબંધે જ બોલવાનું હોઇ માત્ર કવિ અને કવિની ભાષા વિષે જ ટુંકામાં બોલવાનું રહેશે.

બહુ લંબાણ વિના ઇષ્ટ હેતુ બર લાવવા માટે પ્રારંભથી તે આજ સુધીના વખતના ચાર ભાગ પાડવા યોગ્ય લાગ્યા છે. તે એકેક ભાગને તે તે સમયના વિશિષ્ટ કવિનો યુગ એવું નામ આપ્યું છે. ૧. નરસિંહ મ્હેતાનો ૨. પ્રેમાનંદનો, ૩. નર્મદાશંકર તથા દલપતરામનો, અને ૪. નવીન યુગ.

છે; તોપણ ગુજરાતી માટે તો ઉપરની ટીકા હજી જેવીને તેવી જ છે; જો કે પહેલી, ત્રીજી, અને પાંચમી સાહિત્ય પરિષદના પ્રમુખોનાં ભાષણો તથા પરિષદ નિમિત્તે લખાયેલા કોઇ કોઇ નિબંધો કાંઇક વિશેષ પ્રકાશ આપનારા પ્રકટ થયા છે ખરા.

આપણી ભાષાના આદ્ય કવિ* નરસિંહ મ્હેતો ગણાય છે.

પ્રથમ યુગ.

તે પ્હેલાં કવિતા નહિં થતી હોય તેમ માનવાને કશું પ્રમાણ નથી. પ્રત્યુત, ભાલણ કવિ તેની પણ પહેલાં થઇ ગયા એમ વિદિત છે; છતાં આદ્ય-કવિ તો નરસિંહ મ્હેતો જ ગણાય છે.

ભાલણની કવિતામાંનો મુખ્ય ભાગ ભાષાંતર કે રૂપાંતરનો છે. તેણે કાદમ્બરીનું ભાષાંતર કર્યું છેઃ વચ્ચેના ગાળામાં સંસ્કૃત પુસ્તકો વિષે એટલું બધું અજ્ઞાન વ્યાપી રહ્યું હતું કે કાદમ્બરીનાં ભાષાંતરના એક લહીયાએ કાદમ્બરીને બદલે કાદમ**પરી**ની વાર્તા એમ લખેલું છે. ભાલણે દશમસ્કંધ, નળાખ્યાન વગેરે લખેલાં છે અને રામ કૃષ્ણ વિષે છુટક પદો પણ લખ્યાં છે. 'ભાલણ પ્રભુ રૂગનાથ'વાળાં કેટલાંક છુટક પદો પ્રચલિત પણ રહ્યાં છે. પણ એકંદરે જોતાં ભાલણનાં લખાણ સમસ્ત પ્રજામાં બહુ ટકી રહ્યાં નહોતાં. તેનું એક સારૂં પરિણામ એ આવેલું છે કે ભાલણના વખતની ભાષા ઘણે ભાગે મૂળ સ્વરૂપે જળવાઇ રહી છે. હાલના સમયમાં અંગ્રેજી ગ્રંથોનાં અનુકરણ કરનાર વિદ્વાનોના લેખની જેવી સ્થિતિ છે તેવી જ તેની કવિતાની પણ હતી.

નરસિંહ મ્હેતાએ તો પોતાના હૃદયના સ્વયંભૂ વિચારો જ પદ્યમાં બહાર કાઢ્યા—જગતકર્તાના મહિમાના ગુણમાં જ તે મસ્ત હતા. તેની કવિતામાં ભક્તિ અને રસ ભળેલાં હોઇ તે જનવૃંદમાં એટલી બધી પ્રસરી રહી છે કે નવા સુધારાના

* આદ્ય કવિ નરસિંહ મ્હેતો ગણાય છે અને ગણાશે જ. પરંતુ તેની પહેલાં થયેલામાંથી કોઇ કોઇ હળવે હળવે બહાર આવતા જાય છે.

ઝળહળતા તેજના આકરા અમ્બારમાં પણ તેની કવિતાનો પ્રકાશ જરા પણ ઝાંખો પડયો નથી; એટલું જ નહિ પણ વિદ્વાનો ને સાક્ષરોની સાથે ઇતર વર્ગમાં પણ તેની પિછાન અને કદર સારી પેઠે થયાજ કરે છે. તે ધર્માત્મા મહાપુરૂષના પદોમાં ભક્તિભાવનાં સંપૂર્ણપણા સાથે હૃદયની અંતર્ભાવનાનો ઉકલ એવી ચિત્તાકર્ષક રીતે થયેલ છે કે વાંચનારનું હૃદય સમાન સ્વરનો રણકાર ઝીલી લઇ તન્મય બને છે. આ હૃદયનાં ગાનની સાથે ભાષાની સર્વરંજની સરળતા અને મોહભરી મીઠાશ ભળવાથી તે પદો વાચકને વાંચતાંવેંત જ સચોટ અસર કરે છે.

તેનું જીવન ઇશ્વરપરાયણ જ હતું. નાત જાત, સગાં સંબંધી, રીત રિવાજ તથા માણસોએ કરેલા ભાગ વિભાગની ગણનાને તેના ઉદાર હૃદયમાં સ્થાન હતું જ નહિં. તેને તો 'સબી ભૂમી ગોપાલકી' અને **वसुधैव कुटुम्बकं** હતું, તથા જ્યાં ઇશ્વિરનાં સ્મરણ કીર્ત્તન થતાં તે જ સ્થળ તેને મન વાજબી રીતે રહેવા લાયક હતું. તેના સંસ્કારી હૃદયમાં ઇશ્વર ભક્તિમાં ખલેલ પહોંચાડનાર સર્વ વસ્તુ શલ્યની પેઠે સાલતી અને પોતાની પત્નીનો સ્વર્ગ લોકમાં વાસ થતાં 'ભલું થયું ભાંગી જંજાળ, હેતે ભજશું શ્રી ગોપાળ' એવા શબ્દો નીકળ્યાનું સર્વ કોઇને વિદિત છે. આ મહાત્માના ગુણસંઘનું વિવેચન કરવાનું આ સ્થાન નથી:— ઐહિક જીંદગીની અસારતાનું તથા સંસારના વિકટ રસ્તાઓનું તેનું જ્ઞાન, તેમાંથી સફળતાથી પસાર થવા માટે આપેલો બોધ, ભક્તિની સાધેલી ઉત્તમતા, અને ખાસ પ્રેમ ભક્તિમાં તેની તન્મયતા: અને

આ બધા સાથે 'જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહિ' ઇત્યાદિ પદોમાં બતાવેલી જ્ઞાનની પરા કોટિ, તથા પોતાનાં અનન્ય જીવનથી પામર પ્રાણીઓને આપેલું એક અનુત્તમ દૃષ્ટાંત: આ અને એવા બીજા અનેક ગુણોનું વિશિષ્ટ વિવેચન અતિ ઈષ્ટ છે ખરું; પણ અહિં તો તે પ્રસંગ અસ્થાને હોઇ માત્ર તેવી કવિતા વિષે જ બે બોલ કહેવાનું રહે છે. તેની કવિતા ગુજરાતી ભાષામાં—અર્વાચીન ગુજરાતી ભાષામાં જૂનામાં જૂની અને સર્વ કાળે સર્વને અતિ પ્રિય થાય તેવી છે. નરસિંહ મ્હેતો આપણા આદ્ય કવિ છે અને બીજા દેશના આદ્ય કવિઓની માફક તેની કવિતા સરળ છતાં ગંભીર અર્થવાળી, હૃદયના ઉદ્‌ગારોને સચોટ રીતે કહાડનારી, ઘણા જ સાદા પણ ઉત્તમ અલંકારોથી શણગારાયેલી, અને અનંતકાળ સુધી ટકી તેની છાપ સજ્જડ રીતે પાડનારી છે.

મ્હેતાના વખતમાં માન પામતી ભાષા સંસ્કૃત ને હિંદી હતી. તોપણ તેને તો બીજાનાં માન કે વખાણની કશી પરવા નહિં હોવાથી તેણે તો સ્વભાષામાં જ પોતાના ઇષ્ટદેવનાં ગુણ કીર્ત્તન ગાયા કર્યાં. પોતાના જ સંતોષને માટે હોઇ તેની કવિતા અમુક અંશે સ્વાનુભવથી જ લખાયેલી છે અને તેથી તેમાં હૃદયની ખરી લાગણી ઠેકાણે ઠેકાણે ઉછળતી ઉભરાતી માલમ પડે છે.

નરસિંહ મ્હેતાનો હેતુ વાલ્મીકિની પેઠે કંઇ લખવાનો હતો જ નહિં—તેણે તો ભક્તિરસમાં મગ્ન રહી, મસ્ત થઇ, ગાયું, અને ગાતાં ગાતાં અજાણતાં પણ ઉત્તમ કાર્ય આરંભ્યું; અને ગુજરાતી ભાષાના આદ્ય કવિનું પદ મેળવ્યું.

કાઠીયાવાડ જે ખરી રીતે જ નવી અને જૂની કવિતાના *આદ્ય કવિ ઉત્પન્ન કરવાનું અભિમાન ધરાવે છે ત્યાં જ્યારે મ્હેતો ભક્તિની ધુનમાં મચી રહ્યા હતા ત્યારે શરૂઆતમાં બીજી જગાએ, પણ પાછળથી તો કાઠીયાવાડમાં જ, ગિરિધરના ગુણનાં ગાન કરતાં **મીરાંબાઇ** ગિરધારીના સ્વરૂપમાં તન્મયતાને પામવા અપૂર્વ મનોબળથી મચી રહ્યાં હતાં. **મીરાં**બાઇનાં પદો ઘણાં ખરાં હિંદીમાં છે અને કેટલાંક ગુજરાતીમાં પણ છે.

નરસિંહ મ્હેતાનાં પદોમાં સેવકની અને પૂજારીની સેવ્ય તથા પૂજ્ય તરફ હોય તેવી ખરી લાગણી દેખાઇ આવે છે, ત્યારે મીરાંબાઇનાં પદોમાં તેથી પણ એક ડગલું આગળ ભરાયું છે. પોતે સ્ત્રી હોઈ, કૃષ્ણને વરેલી હોઇ, પતિપત્ની વચ્ચે જે અનન્ય સંબંધ બંધાઇ રહે છે તેવા સંબંધનાં ગાણાં તેનાં પદોમાં થયાં છે. પતિપત્નીનાં જીવનની અભિન્નતાથી જે ઐક્યની ગાંઠ તે વચ્ચે બંધાઇ રહે છે તેવી ગાંઠ બીજા એકે સંબંધથી બંધાતી નથી; અને તેવી જ રીતે મીરાંબાઇનાં પદોમાં જે પ્રેમ, જે ઐક્ય, જે ભક્તિ અને જે રસ વ્યાપી રહ્યો છે તે બીજા પુરૂષ ભક્તોમાં ભાગ્યે જ મળી શકે છે. અલબત્ત, પુરૂષો જ્યારે ગાય છે ત્યારે ખરા ભાવથી ઉદ્‌ગાર પામતા ખરા ઉભરા ઘણા જ અસરકારક બની રહે છે, તોપણ સ્ત્રીની કોમળતા અને સ્ત્રીની મોહભરી નરમાશની તેમાં કંઇક અંશે તો ખોટ રહે છે જ. મીરાંબાઇનાં પદોમાં આ કોમળતા

* જૂની કવિતાના આદ્ય કવિ નરસિંહ મ્હેતો તથા 'જૂની ને નવી વચ્ચે પૂલના જેવા' દલપતરામઃ બંનેને જન્મ આપવાનું માન કાઠીયાવાડને છે.

અને હૃદયમાં તીર પેઠે લાગી સચોટ અસર કરે તેવું મોહક સામર્થ્ય સર્વત્ર વ્યાપી રહ્યું છે. 'પ્રેમની પ્રેમની પ્રેમની રે', 'કાનુડો ન જાણે મોરી પ્રીત', 'સત્યભામાનું રૂસણું' ઇત્યાદિ પદો જેણે જેણે સાંભળ્યાં હશે તેને તો આ ભક્તબાઇના ઉભરાતા ભાવ અને તેનાં જોમભર્યાં ગાનનો અનુભવ થયો હશે.

પ્રથમ યુગના આ બે મહાન લેખકો હતા. બીજામાંથી ભાલણની કૃતિ હળવે હળવે પ્રકાશમાં આવતી જાય છે. અને શોધખોળને પરિણામે બીજા પણ જાણમાં આવતા જશે. પરંતુ તેમના સ્વર આ બેના ઘોષમાં વિલીન થઇ ગયા છે અને સાંભળનારને કાને તો માત્ર આ બે ધ્વનિઓ જ પડી રહ્યા છે. આ યુગ ભક્તિનો હતો. ભક્તિ શુદ્ધ, નિ:સ્વાર્થી અને હૃદયના ખરા ઉમળકાથી ઉઠી નીકળેલી હતી, તથા કોમળ, અસરકારક, અને પરવશ કરી નાખે તેટલી બધી મોહકતાથી ભરેલી ભાષામાં, સરળ અને સ્વભાવજન્ય નિર્મળતાથી ઉભરાતી બાનીમાં, અને કેળવણી કે કળાનાં ચાતુર્ય વિનાની, પણ ઉત્તમ ગુણથી ભરેલી, શૈલીમાં આવિર્ભાવ પામી હતી.

દ્વિતીય યુગ.

પ્રથમ યુગના બે ભકતો પછી અનેક ભકતોએ જુદા જુદા ભાગમાં પોતપોતાના ઇષ્ટદેવનાં સ્તોત્રો ગાયા કર્યાં અને ધીમે ધીમે એકાંત ભક્તિમાં તે તે દેવનાં અદ્દભુત પરાક્રમનું વર્ણન તથા તેના ગુણનું વિસ્તારથી કથન થવા લાગ્યું: આમ આખ્યાનનું રૂપ દાખલ થવા પામ્યું. જ્યારે તેમ થયું ત્યારે લખાણમાં કંઇક કળા આવવા લાગી, કંઇક શાસ્ત્રીય જ્ઞાનની આકાંક્ષા થઇ અને કંઇક સ્વાર્થ પણ ભળવા લાગ્યો.

લગભગ દોઢ સૈકા સુધી આવા પ્રયાસ થયા કર્યાં. ભાષાની સુધારણા ખાતર અથવા તો તેને કેળવવા માટે કે તેમાં લખાણો વધારી રસકસવાળી કરવા માટે આ પ્રયાસો થતા ન હતા; હજી વિદ્વાનોની ભાષા તો સંસ્કૃત જ ગણાતી હતી, અને કવિતા હિંદી ભાષામાં જ થાય એવી માન્યતા સર્વોત્કૃષ્ટ હતી. પરંતુ ભક્તિ માટે તો બોલાતી ભાષા જ વધારે માન્ય હતી, તેથી જુદે જુદે રૂપે હરિગુણકીર્ત્તન તો તેમાં જ થયા કર્યાં.

ઘણા વખત સુધી આમ ચાલ્યા પછી પ્રેમાનંદના વખતમાં ભાષા માટે લાગણી ઉત્પન્ન થઈ. કવિતા માટે હિંદી, તથા ધર્મવિષયક આખ્યાનો માટે સંસ્કૃત જ, એવી જે માન્યતા થઇ પડી હતી તે પ્રેમાનંદના સ્વભાષાભિમાની હૃદયને ગમ્યું નહિ અને ભાષાની કેળવણી માટે તેમાં નવી પદ્ધતિ, નવો રસ, તથા નવું જ્ઞાન ભરવા માટે તેણે પ્રયાસ શરૂ કર્યાં. પોતાના શિષ્યોમાંથી જુદા જુદાને જુદી જુદી રીતની કવિતા રચવાનું કામ સોંપ્યું અને આવી રીતે દરેક ભાષાના સદ્દગુણો લેવા માટે મરણ પર્યન્ત ખરા જીગરથી તેણે શ્રમ લીધા કર્યો. પરિણામ એ આવ્યું કે નિરાળી ભક્તિ માટે જ ગુજરાતીમાં કવિતા થતી, હવે બીજા વિષયો પણ તેમાં ચર્ચાવા લાગ્યા અને પ્રેમાનંદનાં આખ્યાનો,[1] તથા કાવ્યો ભાષાના ઉત્કર્ષ માટે કરાયેલા અમિત પ્રયાસના પ્રત્યક્ષ નમુના છે.

---

૧. તેના નામથી પસાર થતાં નાટકો ખરેખર તેની કૃતિ છે એમ માની શકાતું નથી. જ્યાંસુધી યોગ્ય પુરાવો મળે નહિં, ત્યાંસુધી માત્ર તેના નામથી પ્રકટ થયાં માટે તેનાં એમ માની લેવાની જરૂર લાગતી નથી.

પ્રથમ ભક્તિભાવ કોમળતાથી, દીનપણાંથી, સેવકભાવથી પ્રદર્શિત થતો અને તેથી ભાષા પણ કોમળ હૃદયના ઉદ્‌ગારોને નમ્રતાથી જણાવનાર તથા સ્વસંતોષાર્થે જ પ્રેરાયેલી હતી. પરંતુ હવે ભક્તિ સાથે આખ્યાનો ભળ્યાં તેથી તેમાં દર્શાવાતા અનેક રસ અને અનેક ભાવ ભાષામાં દાખલ થયા. શૃંગાર, વીર, અને કરૂણા તથા કોઇ કોઇ ઠેકાણે હાસ્ય અને રૌદ્ર એ બધા રસો કેળવાવા લાગ્યા અને તેથી ભાષામાં પણ તેવા સુધારા વધારાને લીધે નવા શબ્દો દાખલ થતા ગયા. તેમાં ઘણે ભાગે સંસ્કૃત ને થોડે ભાગે હિંદી તથા ફારસી શબ્દોનો પણ ઉમેરો થયો. પહેલાં, પદો, લખનાર યા ગાનાર માટે જ, અને બહુ તો સમાનગુણી ભક્તોને માટે લખાતાં; પણ હવે આખ્યાનો બીજા માટે લખાવા લાગ્યાં. શ્રોતાજનને રસ ઉત્પન્ન કરાવવો, તેઓને આનંદ આપવો, આનંદ સાથે જ્ઞાન આપવું, જ્ઞાન સાથે ભાષા તરફ પ્રીતિ ઉત્પન્ન કરાવવી વગેરે વગેરે હેતુ પ્રધાન ગણાવા લાગ્યા, પરંતુ એકંદરે જોતાં હજી જનસમાજ અશિક્ષિત અને અજ્ઞ હોઇ તેમને રંજન કરવાનું ધ્યાનમાં રાખતાં વખતે યોગ્યતા તરફ લક્ષ રહેતું નહિ અને પ્રેમાનંદનાં લખાણમાં પણ કોઇ કોઇ ઠેકાણે અરૂચિકર અતિશયોક્તિ મળી આવે છે.

પહેલા યુગમાં છુટક છુટક પદો અથવા તો ન્હાના ન્હાના પ્રસંગોનાં ટુંકાં વર્ણનો લખાતાં હતાં તેને બદલે હવે સંબંધવાળાં મોટાં આખ્યાનો રચાવા લાગ્યાં એ તો કહેવાઇ ગયું છે. આવાં આખ્યાનના લખનારાઓમાં પ્રેમાનંદ પ્રથમ અને ઉત્તમ સ્થાને વિરાજે છે. પરંતુ આખ્યાનો ઉપરાંત પ્રેમાનંદે કાવ્યો પણ લખેલાં છે. કાવ્યો ગુજરાતી ભાષામાં વર્ણન

ચાતુર્ય તથા રચનાવૈદગ્ધ્ય દાખલ કરવા માટે, તથા આખ્યાનો જનસમાજને માટે લખાયેલાં લાગે છે. તેની કવિતામાં જુદા જુદા રસોની જમાવટ સારી થયેલી છે એટલું જ નહિ પણ તે લખવા માટે તેણે ખરા જીગરથી અભ્યાસ કર્યો હોય એમ દેખાઇ આવે છે. તેનો ભાષા ઉપરનો કાબુ ખરેખર અજબ જ હતો. તેણે જોકે પોતાના લેખોનાં વસ્તુ સંસ્કૃત ઉપરથી લીધેલાં છે તોપણ પ્રસંગ અને સમયને અનુકૂળ સુધારા વધારા કરી ભાષામાં હમેશ માટે રહે એવા લેખો દાખલ કર્યા છે. અલબત આજની સુધરેલી નજરથી અને કેળવાયેલી રસદૃષ્ટિથી જોતાં તેમાં કાંઇ કાંઇ ન્યૂનાધિકતા ભાસે એ સ્વાભાવિક છે, પણ આપણે ભુલી જવું ન જોઇએ કે લેખકોને તે જે સમયમાં લખતા હોય તેની અસર એટલી બધી થાય છે કે તેનાં સંસ્કારી હૃદય પણ તેની સત્તાથી ન્યારાં થઇ શકતાં નથી અને તેથી તેવા લેખકોની કદર કરતાં તે સમયની સ્થિતિ ધ્યાનમાં લઇ, તેવે વખતે તેઓ કેવું કરી શક્યા તે જ જોવું જોઇએ; અને પોતાના સમયના જનસમાજને તે જેટલા સુધારી શક્યા હોય તેના પ્રમાણમાં જ તેઓનાં જીવનસાફલ્યની કિમ્મત કરવી જોઇએ. આવી રીતે જોતાં પ્રેમાનંદની કવિતાએ ગુજરાતના મોટા ભાગને મોહથી સાંકળી લીધો હતો તે જાણીએ છીએ ત્યારે જ તેની કવિતામાં રહેલી અસરનું આપણને યથાસ્થિત જ્ઞાન થાય છે. જેવા શ્રોતાઓ માટે તે લખતા હોય તેવા જ વિચાર, તેવી જ શૈલી, તેવી જ ભાષા અને તેવો જ રસ કવિતામાં દાખલ કરતા જ્યારે આપણે તેને જોઇએ ત્યારે તેની કલમની સર્વશક્તિમત્તાનું આપણને ભાન થાય છે.

અને ત્યારે જ તેની ખરી ઉસ્તાદીની આપણને ખાત્રી થાય છે.

આવી રીતે સર્વ જાતના લેખોમાં સફળ પ્રયાસ કરી કવિતામાં તેણે ઘણો સુધારો તથા વધારો કર્યો. દરેક જાતના રસને સ્થાન આપવા સાથે જુદી જુદી જાતની શૈલી પણ દાખલ કરી–સંસારવ્યવહારના જુદા જુદા પ્રસંગો લઈ તેને સમજાવવા તથા તેમાંથી બોધ લેવાનું ઉત્તમ કાર્ય કવિતાદ્વારા બજાવ્યું, ભાષા માટે અભિમાન ઉત્પન્ન કરાવ્યું, વિદ્વાનોએ તજી દીધેલી ગુર્જરી ગિરા અનેક રત્નોથી વિભૂષિત કરી, સર્વનું લક્ષ તે તરફ ખેંચ્યું, અને આવી રીતે ભાષાની અને દેશની એક ઉત્તમમાં ઉત્તમ સેવા બજાવી પોતાનો જન્મ સફળ કર્યો.

જ્યારે પ્રેમાનંદ આવી રીતે વિદ્વાનો, તથા મધ્યમ વર્ગને કાવ્ય અને આખ્યાન લખી ભાષા તરફ ભાવ અને જ્ઞાન તરફ પ્રયાણ કરાવતા હતા ત્યારે **શામળભટ્ટ** તદ્દન અજ્ઞ લોકોમાં પોતાની વાર્તાઓ સંભળાવી કવિતાનો પ્રસાદ આપતા હતા. માત્ર હરિના નામ સાથે જ કવિતાની વ્યાપ્તિ થઈ હતી તેમાંથી કોઈ કોઈ ન્હાનાસુના લેખકે જરાતરા વિચલન તો કર્યું હતું, પરંતુ તે રસ્તો મુકી ધીટ રીતે બીજે રસ્તે ચઢવાનું સામર્થ્ય તો શામળભટ્ટે જ દાખવ્યું હતું. પ્રેમાનંદે આખ્યાન માટે વસ્તુઓ પુરાણોમાંથી લીધેલ ને તેથી ધર્મ સાથે તેને સંબંધ હતો. શામળભટે તો વસ્તુ પણ મરજીમાં આવે ત્યાંથી લેવાની શરૂઆત કરી. વાર્તામાં દાખલ કરવા પડતા ભાવનાં અને રસનાં ચિત્રો પાડવા માટે તેણે ઠેકઠેકાણેથી યોગ્ય શબ્દોની ચુંટણી કરી ગુજરાતી ભાષાને અમૂલ્ય શબ્દભંડોળ

આપ્યો છે. તેની કવિતામાં અક્કલની ઝીણવટ અને વ્યાવહારિક નીતિના પ્રશ્નોનું સમાધાન કરવાના પ્રયાસ માલમ પડે છે. સામાન્ય વર્ગની અક્કલ હુશીયારી ચકાસવા તથા કેળવવા સમસ્યાઓ ખુબીભરેલી રીતે દાખલ કરેલ છે. તેની કવિતામાં ઉપદેશ તથા વ્યાવહારિક ચતુરાઇ સમાયેલાં છે અને ઉપદેશાત્મક કવિતાની શરૂઆત કંઇક અંશે તેણે કરી એમ કહીયે તો ખોટું નહિં કહેવાય. તેની વાર્તાઓ 'સર્વાનુભવરસિક' કહી શકાય ખરી, પણ હાલ 'સર્વાનુભવરસિક' કવિતામાં જે જે ગુણોનો સમાવેશ થાય છે તેવા ગુણોની તેની કવિતામાં આશા રાખવી એ વસંતની મનહર ખુબીની આશા શીતળ શિશિરમાં રાખવા જેવું છે.

આમ જ્યારે પ્રેમાનંદે કવિતા માટે ભક્તિને રૂપાંતર આપી આખ્યાન રૂપે લખી અને શામળે તેને માટે તદ્દન નવું જ ક્ષેત્ર શોધી કાઢયું ત્યારે અખાએ જ્ઞાનને પણ કવિતામાં ઉતાર્યું. અખાનો ઉદ્દેશ કવિતા લખવાનો ન હતો એટલું જ નહિં પણ પોતાને કવિ નામ અપાય તે પણ તેને યોગ્ય લાગતું નહિં. પોતાના વિચાર દર્શાવવાને હજી સુધી બીજો એકે રસ્તો ખુલ્લો હતો નહિં તેથી તેણે જ્ઞાન વિષય પણ કવિતામાં જ ઉતાર્યો. ગદ્ય લખાણની શરૂઆત થઇ હોત તો તે પદ્ય લખત જ નહિ. તેની કવિતા પણ કવિતા કરતાં ગદ્ય લેખને વધારે મળતી આવે છે. લખાવટ ટુંકી, સંક્ષિપ્ત અને ગૂઢ છે તથા તેમાં બીજાની ટીકા એટલી બધી તીક્ષ્ણતાથી થયેલી છે કે તે ઇષ્ટ અસર એકદમ કરે છે. તેના શબ્દો કહેવત પેઠે સદાને માટે ભાષામાં ઘર કરી રહ્યા છે. વેદાંતના પારિભાષિક શબ્દો તેણે દાખલ કર્યાં છે તથા ટુંકામાં

ઝાઝો અર્થ સમાઇ જાય તેવી સંકુચિત પણ સચોટ શૈલી એ તેની કવિતાનું વિશિષ્ટ લક્ષણ થઇ રહ્યું છે.

આ ત્રણ મુખ્ય લેખકોની એકત્ર થયેલી અસર સામટી કરીએ તો તેને ગુજરાતી કવિતાના વિકાસનો બીજો યુગ કહી શકાય.

આ બીજા યુગમાં કવિતાનું ક્ષેત્ર વિશાળતર થયું, ભાષામાં શબ્દભંડોળ વધ્યો, વિષયોનું બાહુલ્ય સ્વીકારાયું, તથા શ્રોતાજનને જ્ઞાન આપવા તેમ જ રંજન કરવાના આશયનો અંગીકાર થયો. ભાષાને કેળવી બીજી ભાષાઓ સાથે સરખામણીમાં પાછી ન પડે તેવી તેને કરવાની અભિમાન વૃત્તિ ઉત્પન્ન થઇ; સહેતુક પ્રયાસ થવા લાગ્યા, અને ભાષોદ્ધારનું કામ ઉત્કંઠાથી, ઉત્સાહથી, અને ઉદ્યમથી થવા લાગ્યું. પરંતુ તે ખળભળાટ જગાડનાર મહાન્ આત્માઓ સંસારમાંથી મુક્તિ પામતાં ઘણા કાળ સુધી સમર્થ પુરુષની ખોટ રહી. લખાણો તો વધ્યે જતાં હતાં પણ તે બધામાં અનુકરણ અને પુનરુક્તિ જ થયાં કરતી. થઇ ગયેલ ત્રણ મહાસમર્થ લેખકોથી આગળ કોઇ વધી શક્યું નહિં અને પ્રેમાનંદ તથા અખાના અનુયાયીઓ, ગુરુનાં વચનનો વિસ્તાર કરવામાં, અથવા તો અનુકરણ કરવામાં જ, મગ્ન રહેતા.

આવી રીતે કવિતાની સરિતા રસળતી રસળતી પ્રારંભમાં કોમળ, કર્ણપ્રિય, મધુરા ઝંકારથી દિશાઓને ભરી દેતી, વખતે ખારામાં કે રણમાં ઉંડી ઉતરી અદૃશ્ય થતી, વળી પાછી વહેન વધારતી, આવેગ અને પ્રકૃતિમાં ફેર કરતી કેટલોક વખત વહેતી વહેતી પાછી અદૃશ્ય જેવી થઈ ગઇ.

ઝળહળતી નવીનતાના તેજ વિનાના અંધકારમાં કોઇ કોઇ તારો, જરા બહાર પડતા ચળકાટથી ચમકારા કરતો, પણ ચિરસ્થાયી નામના પામ્યા વિના, તે થોડી વારમાં ખરી પડતો.

કેટલોક સમય આમ વીત્યા પછી ઓગણીસમી સદીની શરૂઆતમાં **દયારામ** થયા અને તેણે કવિતામાં કાંઇ નવો જુસ્સો, નવો આવેશ, નવો રસ અને નવું જોમ ઉમેર્યાં. તેનુ લખાણ હરિકીર્ત્તનનું જ હતું તોપણ તેનાં કીર્ત્તનમાં કેળવણીનો પટ લાગ્યો હતો—ગુજરાતી ભાષાને અને કવિતાને આટઆટલા વખત થયાં જે કેળવણી મળી હતી, તે કેળવણીની છાયા દયારામની કવિતામાં દેખાઇ આવે છે. તેની ગરબીઓ, અને તેનાં મીઠાં, (દયારામ પોતાનાં પદને 'કડવાં' નહિ પણ 'મીઠાં' કહે છે તે) હૃદયના ભાવની ઉંડી છાપ પાડી રહે છે. તેની કવિતા ઋતુરાજ વસંતના ઉત્સાહક સમીરની પેઠે વાચકના મનને રસથી સિંચી, ઉદ્દામ કરે તેવી છે. 'રંગીલા છેલ, ફાંકડા, લાલાજી કવિ'ની કવિતા વિદ્વત્તાભરી, રસભરી અને કેટલેક ઠેકાણે તો ફાંકડી અને રંગીલી જ છે. ઓગણીસમી સદીમાં પ્રવર્તવાના નવા યુગની કેમ જાણે આગમવાણી હોય તેવી તેની કવિતા, પાછળથી થયેલી વિદેશી કવિતાની અસર વિનાની પણ આગળ થયેલા સર્વ સુધારા વધારાની છાપથી અંકાયેલી છે.

ત્રીજો યુગ.

આજ સુધી દેશમાં ખળભળાટવાળો મામલો જામ્યા કરતો. ઉદરપોષણ અને જાનમાલનાં રક્ષણની ચિંતા હૃદયને ચીમળાવતી અને તેથી કવિતાના વિષયમાં જેવો ઉત્સાહ હોવો જોઇએ

તેવો હતો નહિં. પરંતુ ઓગણીસમી સદીની શરૂઆતથી દેશની સ્થિતિ ફરી ગઈ હતી. મુસલમાનોના ધર્મના જુસ્સાથી ક્રૂરતર થતા હુમલાઓ અટક્યા હતા, મરાઠાઓના ધનલોભથી દોરાતા સિપાઈઓનો ત્રાસ બંધ થયો હતો, અને દેશમાં સર્વત્ર શાંતિ અને સુખની શીળી છાંય પ્રસરી રહી હતી. તદ્દન જૂદા જ જાતના લોકો–વિચારે ને આચારે જૂદા, વિદ્યામાં ને જ્ઞાનમાં જૂદા, રીતરિવાજે અને ધારાધોરણમાં જૂદા, અને ધર્મ, સંસાર તથા વ્યવહારની ભાવનામાં પણ તદ્દન જૂદા જ–લોકો ગુજરાતમાં સર્વોપરી થયા હતા.

આ સંધિમાં ઈ. સ. ૧૮૨૦ માં કવિશ્રી દલપતરામનો અને ઈ. સ. ૧૮૩૩ માં કવિશ્રી નર્મદાશંકરનો જન્મ થયો હતો.

નવા પ્રવર્તેલા યુગમાં તે બે મહાન વ્યક્તિઓએ દેશ સુધારણા માટે ખરા જીગરથી અને અડગ ધીરજથી મહાભારત પ્રયાસ કરેલા છે. દેશની ફરી ગયેલી સ્થિતિ જોઈ તેમાં સફળ થવા માટે ગુર્જર પ્રજાને કયો માર્ગ સરળ અને લાભકારક થશે તે દીર્ઘ દૃષ્ટિથી બંનેએ વિચાર્યું હતું. બંનેનો ઉદ્દેશ એક જ હતોઃ—ભાષાસાહિત્યની કેળવણી વધારી દેશનો રંગ ફેરવવો અને નવા રાજ્યકર્તાઓના નવા સમયમાં જરૂર લાગે તેવા નવા સુધારાવધારા કરી દેશને બીજાની સાથે ટક્કર ઝીલે તેવો કરવો. તે હેતુની સિદ્ધિ માટે એકે 'શાંત બુદ્ધિથી અવલોકન કરી, વ્યવહારોપયોગી બોધ લેવાનું' વિનવી, સામાના મનને ગંભીરતાથી અસર કરી, શ્રોતાઓના મનના વિકાસપર તથા તેમની પવિત્રતાપર લક્ષ લગાડી, ગુજરાતને સુખકર, શાંત અને સમયોચિત રસ્તો લેવા બોધ આપેલો છે, ત્યારે બીજાએ તો તદ્દન નવી જ રીત ગ્રહણ કરી છે. અંગ્રેજી

તનમનાટ તેની રગેરગમાં વ્યાપી રહેલો છે. સ્પાર્ટામાં જન્મેલ બાળમાં જેમ શૌર્ય, હિમ્મત અને જુસ્સો એ સ્વભાવથી જ ઉદ્ભવતાં, તેમ આ કવિને પણ અંગ્રેજી પુસ્તકોનો નવો સહવાસ થયાથી તેનામાં તેનો જ જુસ્સો રેડાયો હતો. અંગ્રેજી ભાષાના જ્ઞાનથી, તેના વિશાળ સાહિત્યભંડારમાં પ્રવેશ મળ્યાથી, અને અંગ્રેજોના આવેશ તથા જુસ્સાનાં ચિત્રો વાંચવાથી, તેના હૃદયમાં કંઇ અનેરો ક્ષોભ વ્યાપી રહ્યો હતો; અને જેમ અંગ્રેજો જ્યાં જાય ત્યાં પોતાપણું ઘુસાડવાના અભિલાષી—આગ્રહી હોય છે તેમ આ કવિએ પણ પોતાના જ હૃદયને ઉભરાવી, પોતાપણું બધામાં રેડવા સમર્થ પ્રયત્ન કરેલ છે.

આ બે મહાન્ કવિવરોએ ગુજરાતી ભાષાને અને કવિતાને તદ્દન નવું જ સ્વરૂપ આપ્યું છે. દલપતરામ "જુની ને નવી 'સ્કૂલ' વચ્ચેની સંયોગી કડી" જેવા છે; તેનામાં જુના કવિઓની અસર દેખીતી છે અને બીજા બધા કરતાં શામળની છાયા પૂરેપૂરી છે. તેની લેખન શૈલી હિન્દીને અનુસરતી છે. તેઓ તે ભાષાના પણ સારા વિદ્વાન હતા અને તે ભાષાની ઝડઝમક, શબ્દરચનાનું સૌંદર્ય, અને લેખપ્રવાહની ઝપટ એ એનામાં વિશિષ્ટપણે દેખાઇ આવે છે. આ સાથે અંગ્રેજ સરદારો સાથે સારી પિછાન હોઇ, વિદેશી રીતરિવાજ, હુન્નરકળા, નીતિશાસ્ત્ર, સંસારશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, આદિ વિદ્યાઓ તથા તેમની રહેણી કરણી વગેરે જાણવાનો તેમને લાભ મળેલો હતો. આમ તેમનામાં જુનાં ને નવાં તત્ત્વોનું યોગ્ય સમ્મીલન થયેલું હતું અને તેની કવિતામાં તેની અસર સંપૂર્ણપણે માલમ પડે છે. આથી ઉલટું

નર્મદાશંકરમાં જુના કોઇ કવિની છાયા પણ વિશિષ્ટપણે માલમ પડતી નથી. અલબત, શામળની પેઠે વાર્તાઓ લખવા તેમણે પ્રાયાસ કરેલ છે ખરો, તોપણ તેની લખાવટમાં તો તદ્દન નવીનતા જ દેખાઇ આવે છે. જેમ શામળે વાર્તા લખવાની શરૂઆત કરી ગુજરાતી કવિતાને માટે વિશાળ ક્ષેત્ર આપ્યું તેમ કવિશ્રી નર્મદાશંકરે પણ તદ્દન નવું જ ક્ષેત્ર બતાવી, તેના વાસેલા દરવાજા ઉઘાડયા અને તેમાં પોતે પણ થોડુંઘણું ઘુમ્યા. તેની કવિતામાં બધેય નવું નવું જ લાગશે, જે વિચાર, જે રીત, જે જુસ્સો, જે ઉત્સાહ, જે રંગ, અને જે ઉમંગ ગુજરાતી ભાઇઓમાં આગળ કદી પણ જણાયેલાં નહિં તે તેણે જગાડયાં, ભવિષ્યને માટે નવા રસ્તા બતાવ્યા, અને આખા ગુજરાતમાં નવા જ જાતના વિચાર, આચાર અને આવેશ રેડવા મરણપર્યંત સચોટ ભાષામાં તેણે લખ્યા કર્યું.

આપણે આંહિં ગુજરાતી કવિતા વિષે યત્કિંચિત્ કહેવાનું હોઇ કવિશ્રી નર્મદાશંકરે ગુજરાતમાં શાં શાં નવાં તત્ત્વો દાખલ કર્યાં તે વિષે વિવેચન કરી લંબાણ કરવાની આવશ્યકતા નથી. પણ સર્વ વાચકને એટલું તો માલમ હશે જ કે આ જમાનામાં જે જે નવા વિચારો, સાહિત્યમાં કે સંસારમાં, દ્દષ્ટિગોચર થાય છે, તે બધાને પ્રથમ જન્મ આપનાર તે જ કવિ હતા.

કવિશ્રી નર્મદાશંકરે જ્યારે પદ્ય અને ગદ્ય બંનેમાં લખી પોતાના વિચારોને ધીટપણે બહાર કાઢ્યા ત્યારે કવિશ્રી દલપતરામે ઘણે ભાગે કવિતાને જ પોતાના વિચારનું વાહન કરી ગદ્યમાં લખવા જેવા નિબંધો પણ તેણે કવિતામાં લખ્યા.

તેની કવિતામાં એવું તો સામર્થ્ય હતું કે લક્ષ્ય કદી ચુકતી જ નહિ. ગમે તેવો સામાન્ય વિષય હોય તોપણ સર્વ સમજી શકે ને કદર કરી શકે તેવી રીતે તે કવિ તે વિષયને આશ્ચર્યકારક રીતે કવિતામાં ઉતારતા. તેણે કવિતાને અથાય ઉમંગે વાંચી શકે તેવું, ઘણું જ સરળ, સુલભ અને વ્યવહારકુશળ રૂપ આપ્યું છે. તેની કવિતામાં આવેશને: ઉન્માદ કે લખાવટની અણીયાળી તીવ્રતાનાં ચિન્હ સરખાં પણ મળે તેમ નથી. શાંતિથી, વિવેકથી, અસરકારક રીતે સુબોધ આપવામાં તેણે કશી કચાશ રાખી નથી. તે પોતાને માટે જ લખતા નથી, પણ સાંભળનારને માટે લખે છે— અમુક હેતુ તરફ લક્ષ રાખી લખે છે. સામાની સમજની કોટિ જાણી લઇ, તેને જરાક ઉંચે લેવા, ગમત સાથે જરાક બોધ આપી વધારે સારો કરવા, તથા અમુક સ્થિતિએ મુકી પોતાના સર્વ વિચારો તેને રગે રગે ઉતારી દેવા પ્રયત્ન કરે છે અને તેમાં તે બહુધા સફળ જ થાય છે. ક્ષોભ કરવો કે ઉથલપાથલ કરવી, કે બીજાના મનને અરૂચતું લાગે તેવું બોલવું એ તેને મન પાપ છે. તેનો ઉદ્દેશ—

"પ્રીત ધરે પરબ્રહ્મપદે, વળી નીતિ ધરે સુધરે નર નારી;
તેમ જ જેમ વહેમ તજે, વળી સંપ સજે સમજી સુખકારી;
સર્વ પ્રકાર સુખપ્રદ થાય, સ્વદેશ તણી સુધરે સ્થિતિ સારી;
પુસ્તક એ જ પ્રયોજનથી, રચવા રચના ચિત વાત વિચારી."

આવો છે, અને તે તેણે ઘણી સફળતાથી, સાધ્યો છે; જનસમાજને કંઇક ઉંચે લાવવામાં, વહેમ દૂર કરી સત્યનું શુદ્ધ સ્વરૂપ બતાવવામાં, મનુષ્ય જાતિના પ્રસંગે પ્રસંગે બદલાતાં

સ્વરૂપની પિછાન આપવામાં, તથા અનેક નવાં શાસ્ત્રોનાં મૂળતત્ત્વોનું જ્ઞાન સરળતાથી, સેહેલાઇથી, અને રસભરી રીતે આપવામાં તેણે ખરેખર દેશની ઉત્તમોત્તમ સેવા બજાવી છે અને કવિતાને સરળ, શુદ્ધ, ઝડઝમકવાળી, અને અર્થચાતુર્યવાળી બનાવી છે.

આમ જ્યારે દલપતરામની કવિતા જનવૃંદને ઉંચે લેનારી છે, ત્યારે નર્મદાશંકરની કવિતા કંઇક સારા અને સુધરેલા કહેવાતા દેશીઓ આગળ ઉચ્ચતર આશયો ખડા કરનારી છે. દલપતરામ શ્રોતાપર લક્ષ રાખી લખતા, જ્યારે નર્મદાશંકર પોતાની જ લાગણી દર્શાવવા લખતા. તેનું સાંભળવા તેના જેવા થઇ રહેવું જોઇએ, તેની કોટિએ પહોંચવું જોઇએ, અને તેના રસ સાથે મળવું જોઇએ. તેના ઉદ્ગારો મહાકાર્ય માટે પ્રવૃત્ત થયેલા ઉન્મત્ત હૃદયનાં આવેશભર્યાં વચનો છે. સામાની લાગણીની તેને ઝાઝી દરકાર નથી. તે પોતે તો પોતાને જે ખરૂં લાગ્યું તે જણાવવામાં જ પોતાનું કર્તવ્ય માને છે. સ્વતંત્રતા, શૌર્ય, પ્રેમ અને દેશાભિમાનથી તેનું હૃદય ઉભરાઇ ગયું છે, અને ઉકળેલા મગજમાંથી શાંતિની વાણી નીકળવી એ અસંભવિત જ છે. ગુજરાતી ભાઇઓના હૃદયના વિચારોને ટકોરો મારી બહાર આણે છે ને તેને માટે જોઇતો જુસ્સો તે રેડે છે.

નર્મદાશંકરે તદ્દન નવું જ ક્ષેત્ર શોધી કહાડ્યું. અંગ્રેજી વિદ્યાનો લાભ તેણે બીજાને સારી પેઠે આપ્યો. અંગ્રેજી કવિતાના છુટક છુટક કાવ્યખંડોનું ભાષાંતર કરી તેનો રસ પણ ઉતારવા પ્રયત્નો કર્યાં. વિદેશી કવિ તથા કવિતાનું અધ્યયન, દેશની બદલાએલી સ્થિતિ, અને પોતાની નૈસર્ગિક સ્વતંત્ર, ને

શુદ્ધ વૃત્તિ: એ ત્રણેનો લાભ લઈ તેણે ગુજરાતી કવિતાની એક નવી જ " સ્કૂલ " સ્થાપી.

દલપતરામની શૈલીનું અનુકરણ કરનારા પણ ઘણા થયા છે. તેઓમાં સમયૌચિત્યના અભાવને લીધે તથા ભણેલાઓ જ્ઞાનમાં, વિચારમાં અને વૃત્તિમાં વધી ગયેલ હોવાને લીધે તે સાદી, સરળ, સભારંજની અને તત્ક્ષણ જ વિનોદદાયિની શૈલીવાળી સ્કૂલ હાલમાં પોતાની મૂળ સ્થિતિ જાળવી શકી નથી.

આ ઓગણીસમી સદીની શરૂઆતમાં દયારામ, તથા બીજી ને ત્રીજી પચ્ચીશીમાં નર્મદાશંકરને દલપતરામ, એ ત્રણ મોટા કવિઓ થયા અને નર્મદાશંકરે ને દલપતરામે ગુજરાતી કવિતાને તદ્દન નવું જ રુપ આપ્યું.

આ યુગને ત્રીજો યુગ કહી શકાય. તેમાં પ્રેમાનંદ તથા શામળના પ્રયાસથી કેળવણી પામેલી ભાષા વધારે કેળવાઈ. કવિતામાં માધુર્ય રચનાચાતુર્ય તથા સરળ અને મનગમતી બાની અને દેશ સુધારાના વિચાર એ સઘળાં દલપતરામે દાખલ કર્યાં; અને જુસ્સો, શૌર્યનો ઉકળાટ, દેશદાઝની લાગણી, હૃદયની વૃત્તિઓ ને સચેતન કરી ક્ષોભ ઉત્પન્ન કરનાર તનમનાટ, એ નર્મદાશંકરે જગવ્યાં. કલ્પના એ કવિતાનું જીવન છે એમ મનાવા લાગ્યું. અક્કલ હુશીયારીના છંદમય પ્રશ્નોત્તર, ધર્મ આખ્યાનનાં ગાણાં, તથા જે કાંઈ ગવાય તે કવિતા એવી માન્યતામાં ફેર થયો અને કવિતાનાં ખરાં સ્વરૂપનાં જ્ઞાન તરફ પ્રયાણ થવા લાગ્યું. 'કવિતા કહીયે કલ્પના જનમનરંજન જાણ' એમ કવિતાની વ્યાખ્યા આપનાર દલપતરામમાં ઉંચી જાતની

કલ્પનાનાં ખરાં તત્ત્વો દૃષ્ટિગોચર થતાં નથી. અર્થાન્તરન્યાસ, ઉપમા, રૂપક કે એવા અલંકારોને માત્ર બંધબેસતા આણવા તેને આજની દુનિયાં 'કવિતા' નહિં કહે.

આ યુગમાં ત્યારે જે નવીનતા દાખલ થઇ તે કલ્પનાની જાગ્રૃતિની–કલ્પના એ જ–કવિતાનું જીવન છે એવી માન્યતાની–હતી. તેની સાથે સાથે રસવૃત્તિ કેળવાઇ, તરંગવૃત્તિને જન્મ મળ્યો અને શબ્દચાતુર્ય કે અર્થ સમસ્યાના કરતાં શબ્દની સરળ તથા અસરકારક મિલાવટ, અર્થનું ગૌરવ અને વૃત્તિઓની રસિકતા તરફ વધારે વલણ થયું.

આ ઉપરાંત બીજો ફેર કવિતાની રચનાનો થયો. અગાઉ જે પદો લખાતાં તે ઇશ્વરના ગુણના ગાન ખાતર અથવા તો બોધ ખાતર જ. તે સિવાય મોટાં આખ્યાનો કે કાવ્યો લખાતાં. હવે અમુક લાગણી કે અમુક પ્રસંગનું સુંદર સંપૂર્ણ બયાન આવી જાય તેવા ન્હાના ન્હાના લેખો વધ્યા.

વળી, પહેલાં સંગીતવિદ્યાનાં રાગ રાગણીઓમાં કવિતા થતી ન હતી. પરભાતીયાં, ઢાળ, કે દેશીમાં જ કવિતા લખાતી. તેમાં ફેર થયો અને જુદે જુદે પ્રસંગે શોભે તેવા જુદા જુદા *રાગોમાં લખાણ શરૂ થયાં, તથા છંદ પણ વધારે લખાવા લાગ્યા. આ યુગમાં સંગીતની મીઠાશ જો કે જોઇએ તેવી દાખલ થઇ ન હતી તોપણ તે તરફ વલણ થવા લાગ્યું હતું.

ઉપર બતાવ્યા પ્રમાણે વિકાસ પામતી કવિતા જ્યારે નર્મદાશંકર તથા દલપતરામના હાથમાં આવી ત્યારે તેનાં

---

* કયા રાગો ક્યારે ક્યારે દાખલ થયા તેનો ઇતિહાસ ખરેખર આનંદકારક થઇ પડે.

સ્વરૂપમાં ને સૌંદર્યમાં, તેની કળામાં ને છટામાં, તેની શૈલીમાં ને બાનીમાં તથા તેના હેતુમાં ને લક્ષમાં, ઓર તરેહનો ફેરફાર થઈ ગયો. આથી પણ વધારે ફેરફાર થવાનો તેને માટે બાકી હતો. નર્મદાશંકરે અંગ્રેજીનો જુસ્સો ને જોમ એ ગુણો બતાવ્યા હતા, પણ તેની ઉચ્ચ વર્ણનશક્તિની, મોહક તરંગ-વૃત્તિની, તથા રસભરી સુંદરતાની છાપ તે સંપૂર્ણપણે પાડી શક્યા નથી. નવા પ્રવર્તેલા યુગમાં અંગ્રેજીનો અભ્યાસ વધ્યો હતો, અને અંગ્રેજી સાહિત્યનાં શિક્ષણે સંસ્કૃત સાહિત્યનો પણ ઉદ્ધાર કર્યો હતો તથા ફારસી ભાષાનાં સાહિત્ય સાથે પણ ગુજરાતી ભાઈઓની પિછાન વધારી હતી. આમ નર્મદાશંકરે ગજવી મૂકેલ ગુજરાતમાં નવો વા વાતો હતો. વિદ્યા વધી. જ્ઞાન વધ્યું. માણસોના મનનો વિકાસ જુદી તરેહનો થવા લાગ્યો. પરન્તુ એક સાથે જુદી જુદી જાતના જ્ઞાનનો પ્રચાર થતાં વાંચન વધી ગયું અને ખળભળાટ થઈ રહ્યો, પણ પરિણામમાં સતતપ્રવાહી ધોધ વહી શક્યો નહિં; તોપણ ભિન્ન ભિન્ન રસે પરિપૂર્ણ એવાં મીઠાં ઝરણાં વહેવા મંડયાં ખરાં.

નવીન યુગ.

ઓગણીસમી સદીની છેલ્લી પચ્ચીશીમાં આ પ્રમાણે અનેક સાક્ષરો પોતાના હૃદયના ઉદ્ગારો કાઢી રહ્યા હતા, અને ભાષાને, વિચારને, શૈલીને અને વિષયોને નવું રૂપ આપી રહ્યા હતા. જેમ કોઈ બાળક આશ્ચર્યથી પ્રકાશતે ચહેરે તેને મળેલાં નવાં રમકડાંની ભાંગફોડ કરી રહે, તેમ આ નવા યુગમાં ગુર્જર ભાષાના નવા સાક્ષરો પણ ભાષા પર પડેલા નવીન પ્રકાશથી મોહિત થઈ, જેને જેમ રૂચે તેમ તેને નવે રૂપે ઘટાવવા લાગ્યા.

એ વખતે ઘણે અંશે અંગ્રેજીની ને સંસ્કૃતની તથા થોડે અંશે ફારસીની અસર થઇ છે. કવિતામાં વિચાર અને વસ્તુ અંગ્રેજી કવિયોથી સૂચિત થયેલ છે, તથા શબ્દો ને રચના ઘણા સંસ્કૃતમાંથી અને થોડા ફારસીમાંથી લેવામાં આવેલ છે.

તેની અસર તરીકે પહેલાં તો ભાષાંતરો થવા લાગ્યાં. અંગ્રેજીમાંથી છુટક છુટક કાવ્યખંડોનાં થયાં છે તથા સંસ્કૃતમાંથી તો નાટકો ને કાવ્યો આખે આખાં ગુજરાતીમાં ભાષાંતર પામ્યાં છે. તે બધામાં સ્વ. મણિભાઇ નભુભાઇ તથા સા. શ્રી કેશવ હર્ષદ ધ્રુવનાં ભાષાંતરો હમેશને માટે ઉત્તમ સ્થાને વિરાજી રહે તેવાં છે.* ફારસીની ગઝલો ને તે દ્વારા તેના શબ્દો ઘણા દાખલ થઇ ગયા છે પણ તેનાં ભાષાંતરો તો માત્ર એક જણે જ કરવાનું શરૂ કર્યું હતું.

સામાની ખાતર જ કવિતા લખવી એ ઉદ્દેશ હવે ફરી ગયો હતો. કવિતામાં તો પોતાની લાગણી, પોતાના જુસ્સા, પોતાના ઉન્નત વિચાર અને પોતાના હૃદયના ભાવ જ દર્શાવવા જોઇએ એમ મનાવા લાગ્યું. જે કવિતામાં હૃદયનો ઉભરો વધારે જોરદાર, વધારે પ્રમાણિક અને વધારે અસરકારક હોય તે જ કવિતા ઉત્તમ. નર્મદાશંકરે આ સિદ્ધાંત દાખલ કર્યો અને તેના પછીના યુગમાં તો તે જ વિચારની કેળવણી થઇ છે.

દલપતરામની શિક્ષણદાયક કવિતામાં જે કવિત્વ હતું તેવું કવિત્વ ત્યારપછી થનારામાં ન રહ્યું—તેણે કવિતાને બોધ

---

* છીલાભાઇ ઘનશ્યામનાં ભાષાંતર પણ મૂળ ગ્રંથનો મોહ જારી રાખે તેવાં અને રસભર્યાં છે.

આપનારી–સીધી રીતે ઉપદેશ આપનારી અને આમ નહિં ને આમ કરવું એમ ગુરૂ પેઠે કહેનારી કરી હતી. દલપતરામમાં કલાચાતુર્ય હતું, રચનાવૈદગ્ધ્ય હતું, ઉચ્ચગ્રાહ હતો અને તેથી તે જેવા તેવા પ્રસંગો પર પણ કવિતા લખી, વિનોદે વાંચી શકાય તેવું રૂપ તેને આપી શકતા. પરન્તુ તે રીતિમાં આગળ વધતાં કવિતા માત્ર બીજાના ગુણ ગાવાને કે બીજાને રાજી કરવાને પણ લખાય એવો વિચાર દાખલ થયો ને તેથી તેની સ્કૂલવાળાઓ તો હવે માત્ર જોડકણાં કરનારા જ ગણાઇ રહ્યા છે. પરંતુ નર્મદાશંકરની સ્કૂલનો પાયો નવીન યુગની નવીન રીતિ પર બંધાયો હતો–અંગ્રેજી સાહિત્યનો પટ તેને લાગેલો હતો અને ભાવિ રૂપનું દર્શન તે કરી શક્યા હતા, તેથી તેની સ્કૂલ વધી, અને કવિતામાં કલ્પના, તરંગવૃત્તિ, રસ અને નિર્દોષ વિલાસ દાખલ થયાં.

આમ ફરેલા રૂપમાં જે જે લખનારાઓ થયા તે બધા વિદ્વાન જ છે. તેઓએ પદ્ધતિસર શિક્ષણ લઇ અંગ્રેજી તથા સંસ્કૃત કે ફારસીનો સાવધાન અભ્યાસ કરેલો છે અને તે ભાષાના કવિઓની કદર કરેલ છે. પરંતુ આ નવીન યુગના વિદ્વાન લખનારાઓનું લખાણ જોતાં તેમને કવિ કહેવા કે કેમ એ મોટો સવાલ થઇ પડે છે. આ સવાલ આજ કાલ સર્વ હૃદયમાં ઉઠે છે. કલાપી પોતાના પત્રમાં તે વાત ચર્ચે છે અને કવિના આવશ્યક ગુણોનું સ્પષ્ટ કથન કરતાં લખે છે કે "કવિતા અવશ્ય કળા સાથે જ હોય, જે કળા હાલ અત્ર "નથી. 'કવિ' અને 'કવિતા લખનાર' એ બે જૂદાંજ પ્રાણીઓ "છે. હૃદયનાં અશ્રુ સર્વ પ્રકારે ઉત્તેજનને પાત્ર છે, પરંતુ એ " હૃદયનાં અશ્રુ જેટલાં વધારે ઉદાર હોય તેટલાં કવિતામાં

" ગણવાને વિશેષ પાત્ર થાય * * * કવિ કવિ છે કેમકે
" ઉદાર છે. હાલ અત્ર કવિતા નથી કેમકે હાલ અહિં ઔદાર્ય
" નથી. હું આમ કહું છું ત્યારે આપ કદાચ ચમકશો, પણ આપ
" જાણી શકશો કે ડેન્ટી કે બ્લેક હાલ અહિં જન્મતા નથી.
" આપણી હાલની સારામાં સારી કવિતા શું સંસ્કૃત કે યૂરો-
" પના કવિઓ જે ત્રીજા વર્ગના કવિઓ ગણાય છે તેની સાથે
મુકી શકાય તેવી છે ?" (લલિતને પત્ર તા. ૨૮-૨-૯૮) તેનો છેવટનો નિર્ણય તાજેતરમાં સાક્ષર લેખકોને રસિક નામ આપ્યાથી કરાયો છે તે વાસ્તવિક છે. એરીસ્ટોટલ કહે છે કે ' A man is virtuous when virtue is a continuous activity,' તેમ જેણે કવિતાને જ પોતાનું જીવન સમર્પણ કરેલ છે તેને જ કવિ કહેવામાં આવે તો તો હાલના લેખકોમાંથી કોઇને 'કવિ' ઉપનામ આપવું ઠીક ન લાગે; તોપણ તેથી 'કોઇ-એ નાઉમેદ થવાની જરૂર નથી. જે માણસ એક સારી લીટી લખી શકયો છે તેને વધારે લખવાનો હક મળી જ ગયો છે.' (કલાપી, લલિતને પત્ર તા. ૨૮-૨-૯૮.) અને આપણે પણ તે જ નિર્ણય સ્વીકારી આ નવી જાગૃતિમાં કેવાં કેવાં તત્વો ભળ્યાં છે તેનું યતિકંચિત્ અવલોકન * કરીએ.

ઉપર કહ્યું તેમ † હાલની કવિતામાં ત્રણ અસર મુખ્યત્વે કરીને દેખાય છે તેમાંથી અંગ્રેજી કવિતાની પ્રતિચ્છાયા પાડ-

* જેઓ હજી લખે છે તેઓ સંબંધે છેવટનો નિર્ણય આપવો એ અશક્ય છે. તોપણ જે જે સંપૂર્ણપણે પ્રકાશમાં આવ્યું છે, તેનું વલણ તપાસી પ્રસરતી પ્રગટેલી નવી પ્રવૃત્તિનું નિરીક્ષણ કરવું એ ઇષ્ટ લાગતાં અહિં તેમ કર્યું છે.

† કહેવું જોઇએ કે હાલમાં પણ કવિતાની બે 'સ્કુલ' પ્રચલિત છે, તેમાંથી એક જ સ્કુલની કવિતાનો અહિં સંગ્રહ થયો છે.

વામાં અત્યાર સુધીમાં પ્રથમ પદ સા. શ્રી નરસિંહરાવને આપવું જોઈએ. 'કુસુમમાળા' મા અંગ્રેજી કવિઓનાં છુટાં છુટાં ન્હાનાં ન્હાનાં કાવ્યોની અસલ છાપ પડી રહેલી છે. સૃષ્ટિવર્ણનમાં નવીનતા ઉમેરાઈ છે અને આજ સુધી નહિં અપાયેલાં એવાં સુંદર અને તદ્રૂપ ચિત્રો પાડવામાં આવ્યાં છે. પુરાણમાંથી પ્રસંગ લઈ પોતાની સમર્થ કલમથી રસમય વાર્તાઓ લખાઈ છે અને તે બધામાં પણ અંગ્રેજી ખંડકાવ્યોની છાયા તદાકાર માલમ પડે છે, 'કુસુમમાળા' નાં કાવ્યોમાં વિલાસ, વિનોદ, હર્ષ અને સંતોષ છાઈ રહ્યો છે, અને ' ચંદા ' જેવાં રમતીયાળ કાવ્યની દિલચમન તરંગવૃત્તિ સર્વ વાંચકને મોહ પમાડે છે. ત્યાર પછીનાં ' હૃદયવીણા ' માં હૃદયને કરૂણ ભાવથી આર્દ્ર કરી નાંખે તેવા પ્રસંગો ઘણા છે. તેમાં કલ્પના ઉચ્ચગામી થયેલી છે; તરંગવૃત્તિનું વિલાસીપણું ગયું છે, અને ' કુસુમમાળા ' માં વ્યાપી રહેલ સુખવાદ ખસી ગયો છે. પણ

નવીન તેજના ઝાત્કારમાં નહિં અંજાયેલ એવો એક સમુદાય આ નવીન યુગમાં કવિતા ગાઈ રહ્યો છે તેની નોંધ લેવાનું પણ ચુકવું જોઈએ નહિં. 'સુધારા'ના નામથી ઓળખાતા ધર્મ, નીતિ અને રીતિમાં ચાલેલા વિપર્યયથી અલગ રહી એક વર્ગ એવો નીકળ્યો છે કે તે હિંદુ ધર્મના મૂળ સિદ્ધાંતોનું અનુસરણ પૂર્ણ ભાવથી અને વિવેકથી કર્યા કરે છે. આ વર્ગ 'શ્રેયઃસાધક અધિકારી વર્ગ'ને નામે પ્રસિદ્ધ છે. તેના મૂળ સ્થાપક શ્રીમન્ નૃસિંહાચાર્ય હતા અને હાલ તેના લખનારામાં રા. છોટાલાલ, રા. નગીનદાસ સંઘવી, તથા રા. કૌશિકરામ વિઘ્નહરરામ છે. તેમની કવિતાઓમાં જો કાંઈ નવીનતા પેસવા પામી હોય તો તે રાગરાગણીની છે. ને તે તો એટલે સુધી કે વેદાંતના ગંભીર વિષયને નાટકના રાગમાં ઉતારેલ દેખાય છે. વિષયની પસંદગીમાં નહિ, પણ શૈલીમાં, વિષયની ઉકેલમાં, વિચારોની સરણીમાં તથા લખવાની છટામાં આ વર્ગ કવિ દલપતરામની સ્કુલને જાળવી રહ્યો હોય એવું લાગે છે.

તેને સાટે ગંભીરતા આવી ગઈ છે 'ફુલની સાથે રમત' માં જણાવેલ દુઃખવાદ 'હૃદયવીણા' માં કંઈક પ્રધાનપણે જામ્યો છે અને 'દિવ્યગાયકગણ' અને 'કવિહૃદય' સિવાયનાં બીજાં ઘણાંખરાં બધાં કાવ્યોમાં થોડે ઘણે અંશે લાગણીનો વિષાદ, સાંસારિક સ્થિતિનો ખેદ અને ઐહિક સુખ સાથે પણ ભળી રહેલ દુઃખવાદની માન્યતા માલમ પડે છે.

જો કે સા. શ્રી નરસિંહરાવ તરફથી કુસુમમાળા તથા હૃદયવીણા ઉપરાંત આપણા કાવ્યપુસ્તકભંડારમાં બીજું કાંઇ *મળ્યું નથી તોપણ તેટલાથી પણ આપણને તે કાવ્યના લખનારની કવિત્વશક્તિ વિષે ઉંચો મત બાંધ્યા વગર ચાલે તેમ નથી. તેના લેખો ખરેખર નવીનતાથી જ ભરેલા છે, શબ્દો પણ નવા, રચના પણ નવી, લેખનપદ્ધતિ પણ નવી, ભાવનું આલેખન પણ નવી જ તરેહનું; આમ તે કવિતામાં બધું નવું જ નવું માલમ પડે છે. નર્મદાશંકરે જે નવો યુગ પ્રવર્તાવવા પ્રયત્ન કરેલ તેનો પુષ્પકાળ હોય એમ ધારી શકાય તેવી આ કવિતાઓ છે. સૃષ્ટિના જુદા જુદા પદાર્થો અને અને તેની રચનાપર દૃષ્ટિ પડતાં સંસ્કારી હૃદયમાં ભાવોર્મિ ઉછળવા લાગે છે અને તે ભાવોને યથાસ્થિત રીતે, મૂળ સ્વરૂપમાં, આકર્ષક રીતે જણાવવા તેમાં જ કવિતાનું સામર્થ્ય રહેલું છે. પોતાના હૃદયનાં આંદોલનનો બીજાને અનુભવ કરાવવો તેટલું જ નહિ પણ એવાં પરમ આનંદ આપનારાં આંદોલનનો

---

* તાજેતરમાં 'નુપૂર ઝંકાર' નામનો ત્રીજો સંગ્રહ તેમના તરફથી ગુજરાતને મળ્યો છે.

વાંચનાર પણ ભોક્તા થાય એ કવિનું લક્ષ્ય હોવું જોઇએ. ન્હાના ન્હાના કાવ્યખંડોમાં આવાં આંદોલનનો આધાર સરળ છંદ અને ગેય પદ્યબંધ ઉપર પણ રહે છે, અને ભાવોર્મિનાં વર્તનને અનુકૂળ પડી જાય તેવા છંદ અને પ્રસંગાનુસાર રાગબદ્ધ પદ્યબંધ દાખલ કરી સર્વ રીતે સમર્થ અને મોહક કાવ્યખંડો લખવામાં હજી સુધી આ લેખક જેટલો જય કોઇએ મેળવ્યો નથી એમ કહેવામાં અતિશયોક્તિનો દોષ નહિં આવે એવી ખાત્રી છે.

અંગ્રેજી અસર જે થોડે ઘણે અંશે તો હાલના સર્વ લેખકોમાં વ્યાપી ગઇ છે તે જ્યારે સા. શ્રી નરસિંહરાવમાં વિશિષ્ટપણે દૃશ્યમાન થાય છે ત્યારે સા. શ્રી ગોવર્દ્ધનરામમાં અંગ્રેજી અસર સાથે સંસ્કૃત કાવ્યોના સંસ્કાર પણ ભળ્યા છે. સંસ્કૃત કાવ્યો તથા નાટકોનાં વિશિષ્ટ અધ્યયનથી વિચારની પ્રૌઢતા, અર્થનું ગૌરવ, અને શૈલીની ભવ્યતા તેમાં આવી રહેલાં છે. જગતવર્ણન ઉંચા પ્રકારનું છે અને તેમાં બોધનો અંતઃપ્રવાહ સવેગ વહી રહ્યો છે. એકાંત વિનોદ આપવાનો કે તરંગવૃત્તિનાં ઉડ્ડયનોથી કલ્પનામય સૃષ્ટિમાં જ વાચકને પ્રવાસ કરાવવાનો પ્રયાસ થયેલ નથી; પરંતુ સત્યની શોધ, સ્વરૂપનું વર્ણન અને આનંદપ્રદ વર્ણનો સાથે ઉપદેશનું દાન એ ઉદ્દેશ બહુધા રખાયેલો છે.

આમ એકે અંગ્રેજી ને બીજાએ સંસ્કૃત સાહિત્યના ભંડારમાંથી કેવી રીતે લાભ લેવો તે બતાવ્યું છે, તેમ ફારસી ગઝલો દાખલ કરી ગતાયુઃ સા. શ્રી મણિલાલ ભાઇએ ગુજરાતી ભાષામાં ઉત્તમ ઉમેરો કરેલો છે.

તેમણે કવિતા ઘણી થોડી લખી છે અને લખેલીમાંની ઘણીખરી બધી આત્મજ્ઞાન સંબંધની જ છે, તોપણ રાગરાગણીમાં અને સર્વથી ગવાઈ શકે તેવી ગઝલોમાં તે કવિતાઓ લખાયેલી હોવાને લીધે 'આંખ ભર્યે શું થાય,' 'આંસુડાં મારાં લુવે,' 'ઉઠી જા તું ગાફેલ ગાભરા,' 'દૃગરસભર મોંગે દિલ છલ્લી રહી' જેટલી ગવાતી સાંભળીયે છઈએ તેટલી ભાગ્યે જ નવી કવિતામાંથી બીજી કોઈ ગવાતી હશે. તેની ગરબી, તેની ભજનની ધૂનની કવિતા ને તેની અમર આશાઃ તેનાં થોડાં (બધાં મળી ૫૦ થી કોણ જાણે વધારે થતાં હોય તો) કાવ્યોમાંથી પણ લગભગ બધાં બહુજ સારી રીતે પ્રસરેલાં છે. તેનાં બે કારણો છેઃ એક તો તેનું ગેયત્વ અને બીજું તેનો વિષય. મૂળ વિષય જો કે આત્મજ્ઞાનનો જ છે તો પણ દ્વિઅર્થી ભાવના હોવાથી કેટલાક પહેલી સટે ભૂલ ખાઈ વાંચે ને સાંભળે, ને લેખની સરળતા ને મોહકતામાં પછી ફસાઈ જાય. આવી તેની કવિતા પ્રસરી ને પ્રસરવા સાથે ગઝલોનો પણ ફેલાવ થયો. ફારસી ગઝલોમાં ફારસી શબ્દો દાખલ કરી ગઝલોનો જુસ્સો ને તેની મસ્તી કાયમ રાખેલ છે.

સા. મણિલાલે 'આત્મનિમજ્જન' ઉપરાંત 'કાંતા' નામનું સ્વતંત્ર નાટક લખ્યું છે જેમાંની કવિતા કવિતા તરીકે તો ઉંચી યોગ્યતા ધરાવે છે. આ ઉપરાંત માલતી માધવ તથા ઉત્તરરામચરિતનાં ભાષાંતર પણ તેઓએ કરેલ છે. સંસ્કૃતની મજા જો કોઈ ભાષાંતરે સાંગોપાંગ જાળવી રાખેલ હોય તો તે આ જ છે એમ ખુશીથી કહી શકાય તેવું છે. 'જય જય ગરવી ગુજરાત' એ લાવણીના અનુકરણથી એવી

સુંદર કવિતાઓ લખાઇ છે કે તે લાવણીને હવે મણિભાઇની અગર તો ઉત્તરરામચરિતની લાવણી, એવું નામ મળી ચુકયું છે.

ફારસી ભાષાની ગઝલ તથા જોઇતા શબ્દો દાખલ કરવાનું કામ સા. મણિલાલે કર્યું છે, પણ તે ભાષાની ખરી મીઠાશ અને તેની મસ્તી—જે અંગ્રેજી કે સંસ્કૃતમાં મળી શકે જ નહિં તે દાખલ કરવામાં સ્વર્ગસ્થ રા. રા. બાળાશંકરે બહુ ભાગ લીધો છે.

તેણે પર્શ્યન કાવ્યોનાં ભાષાંતરનું કામ આરંભ્યું હતું. પર્શ્યનમાંથી પ્રસંગો ને વસ્તુ ઉપરાંત ગઝલો પણ દાખલ થઇ હતી ને તેની સાથે અનેક નવા શબ્દો પણ દાખલ થયા હતા; પરંતુ હજુ સુધી તેના ભાષાંતરનું કોઇએ મનમાં વિચાર્યું નહોતું. તે કામ તેઓએ લીધું—પરંતુ કમભાગ્યે તે કામ તેની સાથે જ અવસાન પામ્યું. રા. બાળાશંકરનું લખાણ ઘણું થોડું છે ને તે પણ હાલમાં મળી શકે તેવું નથી. પણ જેના વાંચવામાં હરિપ્રેમપંચદશી આવેલ હશે તે તો જાણતા જ હશે કે ફારસી ગઝલની મીઠાશ, તેની મસ્તી, અને તેની તન્મયતા, તેના લેખમાં કેટલે સંપૂર્ણપણે દાખલ થઇ ગયાં હતાં. હાલમાં સંસ્કૃતનો આગ્રહ વધતાં પર્શ્યનની કદર ગઇ છે ને એનો અભ્યાસ પણ મંદ પડી ગયો છે. તો પણ એ સમર્થ પુરૂષોએ દાખલ કરેલ અસર રહી ગઇ છે, અને સર્વ લેખકોમાં કંઇ ને કંઇ અંશે તેના સંસ્કાર ચોંટી ગયા છે.

આ ચાર લેખકો ઉપરાંત ગયા જમાનામાં થઇ ગયેલા લેખકોમાંથી રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ, રા. ભીમરાવ તથા સ્વ. ભોળાનાથભાઇની પણ નોંધ લેવી જોઇએ. રા. હરિલાલ ધ્રુવે પોતાની કવિતાનો સંગ્રહ ‘કુંજવિહાર’ નામનાં પુસ્તકમાં

કરેલો છે. રા. હરિલાલની લેખનપદ્ધતિ કાંઇ ઓર જ તરેહની હતી. તેની વિચાર દર્શાવવાની શૈલી, શબ્દોની ચુંટણી અને રચનાની ખૂબી કાંઇ વિચિત્ર રીતનાં જ છે. જ્યાં કાંઇ ઉંડો વિચાર કે નવો ભાવ ન હોય ત્યાં તો તેનું લખાણ કાંઇ બહુ અસર કરે કે નવું લાગે તેવું માલમ પડતું નથી; પણ જ્યાં કાંઇ નવું જ હોય છે ત્યાં તો તેની વિચિત્રતામાંથી જ કાંઇ અજબ પ્રદેશ ઉઘાડો થઇ જાય છે. તેનો વિલાસ તો કાંઇ અદ્‌ભુત નૃત્ય કરતો માલમ પડે છે. તેના જુસ્સાના ઉછાળા પણ અનુપમ જોરથી મારપછાડ કરી રહે છે અને તેના વિચારો એક પછી એક એમ નવાં ને નવાં જ ક્ષેત્રમાં દોરી જાય છે. શૌર્ય ઉદ્દીપ્ત કરે તેવા લેખ પણ તેણે લખેલા છે. જો કે તેના બધાય લેખોમાં ઉંચ ગુણો સર્વને માલમ ન પડે તોપણ તેની કવિતામાં કોઈ કોઇ ઠેકાણે ઝળહળતો પ્રકાશ કે ઉકળતો જુસ્સો કે અનુબંધવાળા વિચારો દ્રષ્ટિગોચર થાય છે એમાં તો ના પડાય તેવું નથી.

પણ સ્વ. શ્રી હરિલાલનો પોતાના લેખો કરતાં ગુજરાતી કવિતા ઉપર બીજી જાતનો ઉપકાર થયો છે અને તે એ કે 'ચંદ્ર' ના તંત્રી તરીકે તેઓએ અનેક નવા લેખકને જન્મ આપ્યો હતો. લેખકો તરફ સદ્‌ભાવ, નવા લખનારાને જોઇએ તેવું યોગ્ય ઉત્તેજન, સંસ્કારી જણાતા હોય તેવાને પ્રશંસાભર્યાં નિમંત્રણ અને નવાનવાને ગુજરાતી કવિતા તરફ દોરવાના ઉપાયો પણ તેઓએ ઘણા યોજેલા હતા. જો કે એમ કહેવાય છે કે હાલમાં ગુજરાતી કવિતામાં નવા વિચાર કે નવો જુસ્સો કે નવું જીવન લાગતું નથી, તેથી તેને ઉત્તેજન આપવા જેવું જ નથી, તોપણ એટલું તો કહેવું જોઇશે

જ કે શરૂઆતમાંથી બધા ગુણો કયાંઇ દેખાતા નથી. નાનપણમાંથી હળવે હળવે કેળવાતાં મોટપ આવે છે ને તેવી કેળવણી કે ઉત્તેજન ન હોય તો કોઈ દિવસ ભવિષ્યમાં સારાની આશા રખાય જ નહિં. રા. હરિલાલ આ વાત સારીપેઠે જાણતા અને તે પ્રમાણે વર્તતા. તેણે વાવેલાં બીજનાં કંઇક ફળ આજે દેખાત, પણ કમભાગ્યે બીજો કોઇ તેવો ઉત્તેજન આપનાર નીવડયો નહિં અને તેથી તેના વર્ખતના નવા લખનારામાંથી ઘણાએ હરિલાલભાઇના અવસાન સાથે પોતાની કલમ પણ છોડી દીધી એટલે તેના શ્રમનાં ફળ આપણે જોઇ શકતા નથી. તોપણ તેણે કરેલા પ્રયત્ન તેટલા માટે ભૂલાવા જોઇએ નહિં.

૨૧. ભોળાનાથ ભાઇનાં નામથી કોઇકજ ગુજરાતી—ભણેલો ગુજરાતી—અજાણ્યો હશે. તેમની ઇશ્વર પ્રાર્થનામાળા જેવાં ઉંચાં ભક્તિકાવ્યોથી ગુંથાએલ છે કે જે કોઇ ભાવિક તે વાંચે તે પ્રથમ વાચનેજ તેના ભકિતભાવથી માનચકિત થઇ તેનો હમેશનો વાચક બની જાય છે.

સંસ્કૃત મહાકાવ્યનાં સારાં અનુકરણ તરીકે ઇન્દ્રજીતવધ કાવ્યની નોંધ લેવી ઘટે છે. રા. દોલતરામ કૃપારામ પંડયાનું તે કાવ્ય સંસ્કૃત પદ્ધતિને અનુસરતું છે અને એક અભ્યાસ કરવા લાયક કાવ્યગ્રંથ તરીકે ભાષાસાહિત્યના વિદ્યાર્થીઓએ જોઇ જવા જેવો તે ગ્રંથ છે. તે લેખકનો સુમનગુચ્છ નામનો એક કાવ્ય સંગ્રહ વાચકોમાં પ્રિય થઇ પડેલો છે.

ઉપર કહેલી ત્રણ ભાષામાંથી પૃથક પૃથક અસર નવીન રીતે થઇ અને ત્યાર પછી થોડે વખતે તો તે અસરથી રસબોળ થયેલ હૃદયમાંથી ગુર્જર ભાષામાં નવાં નવાં સ્વરૂપનાં ચિન્હો દેખાવા લાગ્યાં.

૧૯મી સદીના છેલ્લા દશકમાં છુટક છુટક કાવ્યોનાં લખાણ વધ્યાં. ચોપાનિયાંઓ–માસિક ને ત્રિમાસિક–સાહિત્યની કેળવણીને અર્થે વધવા લાગ્યાં અને તેમાં કવિતાના લેખો પણ વધતા ગયા. માસિક મારફત લખાતી કવિતાના લેખકોમાં 'કાંત' 'કલાપી' 'મકરંદ' 'સ્નેહની' 'પ્રેમભક્તિ' 'લલિત' 'સુમંત' એઓનાં નામ વિશિષ્ટપણે ગણાવા લાગ્યાં. તેમાં 'કાંતે' કવિતામાં કુમળી સરળતા અને મોહક માધુર્ય બતાવ્યું. તેનાં કાવ્યોમાં પ્રધાન ગુણ સંગીતની મોહકારી મીઠાશનો છે. સૈકાના પ્રારંભમાં દયારામે જે મીઠાશ દાખલ કરી હતી તે મીઠાશ પાછી તે જ સૈકાના અંતમાં સંપૂર્ણ સ્વરૂપમાં પ્રકાશી નીકળી. સ્ખલન કુંઠનનો લેશ માત્ર પણ અનુભવ થયા વિના તેનાં સંગીતનાં મધુર ધ્વનિથી પ્રમોદ પામી, ઉંચા આકાશમાં નિરંકુશ વિહાર કરતી તેની માર્દવ-ભરી મીઠી મજા અનુભવતાં જાણે આપણે પણ ઉડીએ છીએ અને ઘડીભર તો સંસારની કર્કશતાને વિસારે પાડીએ છીએ.

આમ જ્યારે 'કાંતે' કવિતામાં સંગીતની મધુરતાને ખીલવી છે–પકવી છે, ત્યારે 'કલાપી' એ લાગણીને કેળવી છે. તેનું નરમ, કોમળ, અને ઉદાર દિલ લાગણીઓથી સહજ વારમાં આંદોલિત થાય છે અને તે લાગણીઓ સરળ અને સ્વચ્છ શૈલીમાં ઉદ્‌ગાર પામે છે. જુદા જુદા પ્રસંગોથી હૃદયમાં થતા ખળભળાટનો અભ્યાસ થયો છે. સંસારમાં અનુભવાતી લાગણીઓને સત્યપણે જાણવામાં આ ઉદ્‌ગારો બહુ સહાયકારક થઇ પડે તેવા છે. જે જે પ્રસંગો શોધાયા છે તે બધાને સંપૂર્ણ સ્વાનુભવથી, પરમ કૌશલથી અને સાવધાન કળાવિધાનથી વર્ણવવામાં આવ્યા છે,

ને તે વર્ણનમાં તન્મયતા અને તેજ એવાં માલમ પડે છે કે વાચક પણ તે જ અનુભવનો આસ્વાદ લેવા મંડી જાય છે. તે લેખકનાં કાવ્યો હમણાં જ પ્રકાશમાં આવ્યાં છે અને આશા છે કે જે ગ્રાજ્યુએટ ભાઇઓ ગુજરાતી કવિતા નીરસ અથવા તો કંટાળા-ભરેલી ગણતા હશે તેનું પણ ચિત્ત એ 'કેકારવ' ખેંચશે.*

પ્રારંભમાં 'સેહેની' નામે લખનારા પ્રોફેસર બલવંતરાય કલ્યાણરાય ઠાકોરનાં લખાણ આ બન્ને વ્યક્તિથી ભિન્ન પદ્ધતિનાં જ છે. તેના લખાણમાં કુદરતવર્ણનનાં આબેહુબ રસભર્યાં ચિત્રો બને તેટલા સંક્ષિપ્ત શબ્દોમાં પણ સુંદર રીતે પાડવામાં આવ્યાં છે. વાણીની મીઠાશ કરતાં શૈલીની મિતાક્ષરતા તથા સચોટતા તરફ વધારે વલણ છે; વિચારો ગૂઢ રહસ્યભેદક તથા 'તલસ્પર્શી' છે, પણ તત્ત્વજ્ઞાન કે સત્યશોધનના પટથી તે અસ્પૃષ્ટ છે. તેનાં કાવ્યોમાં કલ્પનાનાં ઉડ્ડયન સાથે વિચારનું સંમીલન એવું થયું છે કે પહેલી વાર વાંચતાં તો તે કેટલાકને અગમ્ય જ લાગે છે. પરંતુ જરા પ્રયાસ કરી તેના વિચારમાં તદ્રૂપ થયા પછી તેની શ્રેષ્ઠતા પામી શકાય છે અને કાવ્યકળાનું સાવધાન અધ્યયન થયેલું માલમ પડે છે. તેનાં લખાણ ઘણાં થોડાં છે, પણ જે લખાયું છે તે બધું ત્રણે ભાગે સંપૂર્ણતાથી અંકિત છે. વિચારને બહુ જ ટુંકામાં, ન ચાલે તેટલા જ શબ્દોથી બતાવવાના પ્રયાસમાં કેટલીક વાર સરળતાનો ભોગ અપાય છે ખરો, પણ તેથી કાવ્યોમાં કોઇ જાતની અશુદ્ધિ કે અપૂર્ણતાનો આરોપ થઇ શકે તેવું નથી.

* કલાપીની લોકપ્રિયતા હવે તો સિદ્ધ થઇ ચૂકી છે.

'મકરંદ'ના ઉપનામથી લખનાર સુવિખ્યાત મહીપતરામ ભાઇના વિદ્વાન ચિરંજીવીનાં લખાણ પણ ઉપર જણાવેલા વિદ્વાન રસિક લેખકોમાંથી રા. સેહેનીનાં લખાણોને કાંઇક વધારે મળતાં આવે છે. અલબત્ત, તેથી તેના જેવાં જ છે એમ કહેવાનો ઉદ્દેશ નથી કારણ તેનું પણ વ્યક્તિત્વ સ્ફુટ જ છે. પરંતુ વિષય, વિચાર અને વર્ણન પરત્વે બીજાના કરતાં રા. સેહેનીનાં કાવ્યોનાં જેવાં લાગે છે. માત્ર તેમની શૈલી એટલી બધી સંક્ષિપ્ત નહિ હોઇ વધારે સુલભતાથી સમજી શકાય છે; તેની લખાવટ શુદ્ધ અને રસભરી હોવા સાથે સરળ અને સુગમ્ય છે. લખાણમાં લાગણીની છાપ કાંઇક વધારે પડેલી છે અને બીજા બધા કરતાં ઇશ્વરગુણ-ગાનમાં વધારે પ્રવૃત્તિ લાગે છે.

'પ્રેમભક્તિ' નામે લખનાર કવિશ્રી દલપતરામના કવિ-પુત્રની કવિતા બધાથી કાંઇ ન્યારી જ પ્રતિની છે. હૃદયનું નિખાલસપણું અને વૃત્તિનું વિલાસીપણું તેનામાં પદે પદે દૃષ્ટિ-ગોચર થાય છે. પરંતુ તેની કલ્પનાનાં ભ્રમણો એટલાં ઉંચાં ને ફરતાં છે કે સહવાસ વગર તેની સાથે ઉડવું ભારે થઇ પડે છે. તેની લખાવટમાં કોમળતા, સહૃદયતા અને મધુરતાનું સારૂં સંમિશ્રણ થયું છે, તથા કવિત્વના ઉજમાળાં આશા-ભર્યાં ચિન્હો દેખાઇ આવે છે. તેની કવિતા માટે કેળવાયેલા વર્ગમાં પણ ભારે મતભેદ ફેલાઇ રહ્યો છે. કેટલાક તો તેના લેખોને 'નીરસ' કહેવા સુધી પણ હિમ્મત ધરે છે. તોપણ સાક્ષર વિદ્વાનોમાં તેની કદર નથી થઇ તેમ નથી. સાધારણ સપાટીથી જરા વધારે ઉચ્ચગામી કલ્પના અને લેખનપદ્ધતિ હોવાથી સામાન્ય વર્ગના વાચકમંડળને તેમાં ગમ ન પડે તેમાં

કાંઇ વિસ્મય જેવું નથી. પરંતુ સંસારના અટપટા વ્યવહારની ધમાલમાં મશગુલ થઇ રહેલા સામાન્ય જનને કોઇના સંસ્કારી આત્માની ઉચ્ચ કલ્પનાનાં ઉન્નત ઉડ્ડયનોમાં આનંદ ન આવે તો તેમાં કોઇનો દોષ કાઢવાપણું નથી.*

આ ઉપરાંત બુલબુલના લેખક અને સાખીગઝલની શરૂઆત કરનાર રા. દેરાશ્રી, જટિલ (જી. લ. દવે), લલિત, સુમંત, મૂળશંકર વગેરે અનેક લખનારાઓ પૈકી કોઇ લખે છે ને કોઇએ લખવું પુરૂં કીધું છે. ટુંકા અવલોકનમાં બધાની સવિસ્તર નોંધ લેવાનું બની શક્યું નથી. કહેવાની જરૂર નથી કે રા. લલિતમાં કલાપી તથા રા. ગોવર્દ્ધનરામભાઇનાં યોગ્ય સંમિશ્રણથી થયેલી વિષાદમય અને ભવ્ય છાપ પડી રહી છે. હૃદયને અસર કરી એકદમ કવિતાની મીઠાશ આપવાનો દુષ્પ્રાપ્ય ગુણ તેનામાં સુવ્યક્ત છે તથા 'શેલી' ના જેવી 'રોતા રાગની મૂર્છના' તેનાં સર્વ કાવ્યોમાં વ્યાપી રહી છે. માત્ર માસિકોમાં જ અને તે પણ બહુ લાંબે અંતરે આવવાને લીધે અને પ્રાકૃતજનને મોહ પમાડે તેવા બાહ્ય અલંકારો મેળવવામાં બેનસીબ હોવાને લીધે તેનું નામ ઘણા થોડા જ જાણતા હશે, ને તેથી તેને સંબંધે વિશેષ વિવેચન અહિં ઇષ્ટ ગણાય, પરંતુ બીજાં કેટલાંક કારણોને લઇને હાલ તેમ કરવું યોગ્ય ન લાગતાં † વાચકો તેનાં કાવ્યોમાંથી જ અનુમાન બાંધે એ બહેતર ધાર્યું છે.

---

* રા. ન્હાનાલાલનાં પુસ્તકોથી ગુજરાત હવે તો એટલું બધું પરિચિત છે કે તે પુસ્તકોનાં નામ ગણવાની પણ જરૂર રહેતી નથી.

† રા. લલિતનાં બે સંગ્રહ હવે તો ગુજરાતને સુપરિચિત છે. 'લલિતનાં કાવ્યો' તથા 'જડીબાને વડલે.'

રા. સુમંતે તો થોડું લખી હવે કવિતા લખવાનું મુકી દઇ નવો માર્ગ ગ્રહણ કર્યો છે. સાહિત્યની સેવા તો જો કે તે રસ્તે પણ થશે અને ગુજરાતી ભાઇઓને તેની શક્તિનો લાભ તે દ્વારા પણ મળશે, પરંતુ કવિતાના ક્ષેત્રમાંથી જેનાપર આશા બંધાય તેવો જણ નિવૃત્ત થાય એ કવિતાના વાચકોને દીલગીરી આપનારૂં છે.

એવી રીતે હાલના લેખકોદ્વારા અંગ્રેજી, સંસ્કૃત તથા ફારસીની અસર ગુજરાતી કવિતામાં સારી રીતે થઇ છે અને તે ઉપરાંત તે ભાષાઓની નવીન પદ્ધતિથી થયેલા અભ્યાસને લીધે કવિતામાં કળા ભેળવવાનો પણ સારો પ્રયાસ થયો છે.

એક ફુટનોટમાં જણાવ્યા પ્રમાણે હાલમાં કવિતાની બે સ્કૂલો પ્રચલિત છે ને તેમાંની એક નવીન–શુદ્ધ નવીન–વિષે જ આંહિ થોડું કહ્યું છે. કારણ બીજીના લખનારા હવે થોડા થતા જાય છે ને ભવિષ્યના લખનારા જેને નવીન નામ આપ્યું છે તે સ્કૂલમાં જ ભળશે એવી આશા રખાય છે. તોપણ અહિં બીજી સ્કૂલની એક નવી શાખા વિષે નોંધ લીધા વગર ચાલે તેવું નથી. અને તે શાખા પારસી લેખકોની છે. જો કે પારસીભાઇઓ ઘણા કાળથી આપણી સાથે હળીભળી રહ્યા છે ને આપણી નિશાળોમાં ગુજરાતી જ શીખતા આવ્યા છે છતાં શુદ્ધ ગુજરાતી ભાષાનાં સાહિત્ય તરફ તેઓની પ્રવૃત્તિ બહુ હતી નહિ. બેતો ને ગઝલો લખનાર ઘણા થયા હશે છતાં કહેવું જોઇશે કે તે કવિતા શુદ્ધ ગુજરાતી કહી શકાય તેવી નથી. 'નીતિવિનોદ' બહાર પડયું ત્યારથી ગુજરાતી ભાઇઓને પણ લાગ્યું કે બધી પ્રવૃત્તિમાં સાથે કામે લાગેલા અને કેટલાકમાં

તો આગળ પડી કાર્યધુરા વહન કરનારા આપણા ઉત્સાહી પારસીભાઇઓ હવે સાહિત્યવિકાસમાં ભાગ લેવા માંડયા છે.

'નીતિવિનોદ' ના જ લખનારા આપણા માનવંતા મી. મલબારી તરફથી અનુભવિકા અને સંસારિકા નામની બે ન્હાની ચોપડીઓ બહાર પડી છે, જે બતાવી આપે છે કે પારસી ભાઇઓ પણ ગુજરાતીમાં–શુદ્ધ ગુજરાતીમાં ઘણું સારૂં લખી શકે છે. તેઓ પછી હમણાં બહાર આવેલા જુવાન મી. ખબરદાર પણ ઘણું સારૂં ગુજરાતી લખે છે એમાં કોઇથી ના કહેવાય તેવું નથી. તેનું 'કાવ્યરસિકા' બહાર પડયા પછી હમણાં 'વિલાસિકા' બહાર પડયું છે અને તેની અંદર તે ઉગતા કવિની પાંખ કવિત્વના વિશાળ રસમય પ્રદેશમાં ઉંચેઉંચે ઉડવાના પ્રયાસમાં સફળ થતી આપણને લાગે છે. હાલના સમયના નવીન લેખકોનો કેટલા રસથી અને કેટલા ફાયદાથી તેણે અભ્યાસ કર્યો છે તે પ્રત્યક્ષ દેખાઇ આવે છે અને આશા છે કે હજી પોતાના અભ્યાસમાં જારી રહી આપણા કંગાળ કાવ્યભંડારમાં મહત્વભર્યો ઉમેરો કરવા તે સમર્થ થાય ! *

એ ઉપરાંત બીજા પારસીભાઇઓમાંથી મી. ભેદવાર, મી. દાદી તારાપોરવાળા, મી. પાલમકોટ પણ ગુજરાતી ભાષામાં લખવાનો શોખ ધરાવે છે.

આમ જુદા જુદા લખનારાઓએ જુદા જુદા અલંકારથી ગુજરાતી ગિરાને અલંકૃત કરી છે અને કોઇએ વિચારગૌરવ, કોઇએ સંગીતમાધુર્ય, કોઇએ લાગણીનો પરિપાક, કોઇએ કલ્પનાનાં મજેદાર ઉડ્ડયનો તથા કોઇએ રચનાચાતુર્ય મેળવી

* તેમણે પણ 'પ્રકાશિકા' નામનો એક બીજો સંગ્રહ ગુજરાતને આપ્યો છે.

ગુજરાતી કવિતામાં જે કળાની ખોટ હતી તે કળા કંઈક અંશે દાખલ કરવા સમર્થ પ્રયત્નો કર્યાં છે.

આટલું છતાં હજી પણ વિશિષ્ટ લેખો માત્ર ગણ્યા ગાંઠ્યા જ છે અને નૈસર્ગિક શક્તિનો સંપૂર્ણ પ્રકાશ ઉદયમાન થયો જણાતો નથી; તો પણ રા. મણિશંકર રત્નજી ભટ્ટની સાથે આપણે પણ આશા રાખવી કે 'કોઈક કવિ તો ગુજરાતને અને હિન્દુસ્થાન સુદ્ધાંને થોડા વખતમાં દર્શન આપશે.'

ઉપસંહાર.

આવી રીતનું ઉપર ઉપરનું વિવેચન કરી અંતે આવતાં ઉપસંહાર કરીએ. ગુજરાતી કવિતાના પાડેલા ચાર યુગમાંથી પહેલામાં પ્રભુભક્તિ અને પ્રભુપ્રેમનાંજ ગાન થયાં છે. તેમાં ખરો ભાવ ચિત્તાકર્ષક શૈલીમાં અસરકારક રીતે પ્રદર્શિત થયેલો છે. કવિતા કરવા માટે જ પ્રયાસ થયો હોય તેવું નથી. તેમ કવિતા એક કળા છે ને તેને માટે સશ્રમ પ્રયત્ન આવશ્યક છે એવી માન્યતા ઉદ્દ્ભવ પણ પામી નથી—માત્ર મનુષ્યની પ્રેરણાબુદ્ધિ તેનાં કિરતારનાં ગાન કરવાનું સુઝાડે છે ને ભાવમય, પ્રેમમય, ભકિતમય હૃદયો તે સૂચન ઝીલી લઈ પોતાના જ તાનમાં ભકિતની ધૂનમાં મચ્યાં રહી ગાય છે. બીજા યુગમાં ભાષાનું અભિમાન જન્મ પામ્યું છે. કવિતા તો માત્ર પરભાષામાં જ થાય ને સ્વભાષા તો 'ઘર કુકડી'ની ગણાય એવી માન્યતાથી લાગણીવાળાં હૃદય દુઃખ પામે છે. ઈશ્વરની કથા પણ સંસ્કૃત પુરાણોમાં જ વંચાય તે નિયમને લીધે અભણ બ્રાહ્મણોથી થતા વિપરીત આચાર તરફ સમજુ લોકોનો તિરસ્કાર વધ્યો અને તેથી તેવાં કથાનકોને સ્વભાષામાં ઉતારવાની જરૂરીયાત જણાઈ. આમ સ્વભાષાની

ગણાતી નિરૂપયોગિતાથી ખિન્ન થયેલ પુરૂષોએ સ્વભાષાના ઉદ્ધાર માટે સમર્થ પ્રયત્નો કર્યાં. આખ્યાન, વાર્તા અને જ્ઞાન કવિતામાં ઉતારી શકાય ને ગુજરાતી ભાષા પણ બીજી ભાષાઓ જેવી જ અર્થભરી, ગૌરવભરી ને યોગ્યતાભરી છે એમ સિદ્ધ થવા લાગ્યું.

આ બે યુગમાં કવિતાનો વિષય ભાષાના ઇતિહાસથી બહુ જુદો પડે તેમ નથી, કારણ, ભાષામાં કવિતા સિવાય બીજું કાંઇ લખાયું જ ન હોતું. હવે પછીના યુગમાં કવિતા એ ભાષામાંનાં લખાણોનું ભલે વિશાળ તોપણ એક જ અંગ ગણવા લાગ્યું, અને તેથી ત્રીજા યુગમાંથી કવિતાની કેળવણી જુદી રીતે થયેલી માલમ પડશે. જે કાંઇ બીજી રીતે સમજાવી શકાય તે બીજી રીતે લખાવા વાગ્યું, અને વાર્તા વગેરેમાં ગદ્યનું લખાણ કવિશ્રી નર્મદાશંકરના યુગથી શરૂ થયું તેથી હવે કવિતા, ભાષાનો માત્ર એક જ ભાગ, થઇ રહેલ છે.

હિન્દી અસર શામળના વખતથી દાખલ થઇ હતી તે કવિશ્રી દલપતરામમાં પણ સારી પેઠે વિકાસ પામી હતી. તે પછીના લેખકોમાંથી કેટલાકમાં પણ તે પ્રત્યક્ષ થાય છે ખરી, પરન્તુ તે અસર હવે નાબુદ થવા આવી છે. તેના કરતાં વધારે બળવાન, વધારે પ્રતિભાવાન અને વધારે પ્રકાશવાન ભાષા દેશમાં શીખાવા લાગી અને તેથી તેની અસરમાં બીજી બધી સમાઇ ગઇ. કવિશ્રી નર્મદાશંકરથી આનાં ચિન્હો શરૂ થાય છે તે આજના વખતમાં દરેક લેખકના હૃદયમાં સંપૂર્ણપણે દાખલ થઈ ગયાં છે.

આમ અંગ્રેજીનાં અધ્યયનથી તેની સાથે સંસ્કૃતની ફરી પિછાન નવાં તેજથી થઇ અને પર્શ્યનની મીઠાશ તથા મસ્તી

પણ દાખલ થવા લાગ્યાં. પ્રારંભના લેખકોમાં તે અસર પ્રબળપણે માલમ પડે છે, તેને પરિણામે કેટલાંક નાટકો તથા કોઈ કોઈ કાવ્યનાં ભાષાંતર થયાં છે; પૃથુરાજ રાસા તથા ઇન્દ્રજીતવધ કાવ્ય એ બે સંસ્કૃત મહાકાવ્યનાં અનુકરણમાં લખાયાં છે; આટલા ઉપરાંત સામાન્ય અસર તો એટલી બધી પચી ગઇ છે કે પછીના લેખો તદ્દન નવે રૂપે જ આવિર્ભાવ પામે છે ને કવિતામાં અનન્ય નૂતનત્વ દર્શાવે છે. ભાષામાં સંગીતની મંજુ મીઠાશ લાવવાના, છંદ પ્રાસના બંધનને જરા દૂર કરી, નિર્ણીત છંદોમાં પણ રસિક ફેરફાર કરી તેને નવું રૂપ આપવાની રસભરી પદ્ધતિ દાખલ કરવાના, તથા વર્ણનોમાં કુદરતના નિકટ સહવાસમાં આવી તેનાં સત્યો સંક્ષિપ્ત પણ ઉત્કૃષ્ટ રીતે બતાવવાના સફળ પ્રયાસ થવા લાગ્યા; હૃદયના; ભાવ તથા લાગણીને અને અંતઃકરણના ઉંડા તળીયામાં થતાં ઘમસાણોને સ્વાનુભવની જોરદાર લેખિનીથી રાગરાગણીમાં લખવાના પ્રયત્ન થવા લાગ્યા અને ગુજરાતી કવિતા ખરેખર મનોરમણીય અને સંસ્કારભર્યું રૂપ ધારણ કરવા લાગી. કવિતામાં જોઈતી કોમળતાની તથા સરળતાની કળાનો એક સફળ અભ્યાસી, કલાપી, કેકારવના પડઘા સર્વ રસિકના કાનમાં ઘૂમતા રાખી અનંતતામાં ભળી ગયો છે, અને તેથી તે ભાગની કેળવણીની પરાકાષ્ઠાએ પહોચનાર કોઇ બીજો નીકળશે ત્યારે વાત. બીજા લેખકો હજી ગુર્જરી ગિરાને ખીલવવા–શણગારવા મહા સમર્થ પ્રયત્નો કરશે એવી આશા સાથે ગુર્જરી ગિરાનો ઉત્કર્ષ દિનપર દિન વૃદ્ધિને પામતો રહો એવી પ્રાર્થનાથી આ લઘુ લેખ સંપૂર્ણ કરીશું.

સાક્ષર સમેક.

આના લખનાર કાઠીયાવાડના પ્રખ્યાત નાટ્યકવિ (જે સૌભાગ્ય–સુંદરીના લખનાર હોવાથી મુંબઇની પ્રજામાં પણ સારૂં માન પામેલા છે તે) રા. નથુરામ સુંદરજી શુકલ છે એ ચોકસપણે જણાયાથી જાહેર કરી કૃતાર્થ થાઉં છું.

(જૂની પદ્ધતિથી લખનાર, હિન્દી ભાષાનો સંસ્કારી લેખક નવી પ્રવૃત્તિને કેવા વિચારથી વધાવી લે છે તે જાણવામાં આ 'સમેક' કંઇક માર્ગદર્શી થશે એમ માની અહિં તેને સ્થાન આપવું યોગ્ય લાગ્યું છે.)

૧

અલંકારો અંગે ધરી અવનવા, આસ્ય ખુલતી
કટાક્ષેથી જોતી, ધ્વનિત સરસા અંગ ફુલતી,
મતિ લેતી ઝાલી, અગણિત જનોની ક્ષણગણી,
નિહાળી શું નારી? નહિ નહિ, સુવાણી [1]હરિતણી!
સુવર્ણે શોભંતી, અભિનવ કલા અંગ ધરતી,
સુહાવે હાવેથી, અનુભવ ભલા ભાવ ભરતી,
સુરીતિવાળી એ, પિયુષ ઝરણી ક્લેશહરણી,
નિહાળી શું નારી? નહિ, નહિ, સુવાણી [1]હરિતણી!
સુઅંગી, રંગીલી, મુદભરણી આમોદસદની,
રહી રાગે રાચી, શુભગુણવતી પૂર્વ પદની,
અદોષી ઓચિન્તિ નજરપથ આવી બહુ બણી
નિહાળી શું નારી? નહિ, નહિ, સુવાણી હરિતણી!

---

૧. રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ.

૨

મીઠું બોલી મ્હારૂં, મનહરણ કીધું પલકમાં
રહી રાગે રાચી, ખુશનુ ભર ખાંતે ખલકમાં;
કહી વાણી કાંઇ કુદરત ભરી શૈલ વનની,
મળી'તી શું મધ્યા ? નહિ, નહિ, કવિતા કુસુમની[૧] !

૩

અતિ કર્ણપ્રિય ઉચ્ચાર ચાલે, ચરણમાં ધ્વનિ ધારતી,
પ્રતિ વાક્યમાં વરસાવતી, રસ ગુણભરી, લક્ષણવતી
પ્રીતિ મહિં પરિપકરીવતિ, શુભ ગ્રહે અણમૂલની
વ્હાલા વખાણે વ્હાલીને ? ના, બોલી આ બુલબુલ[૨] તણી !

૪

ઝીલી રહી અનહદ રસે, મદછક બનેલી માનિની
શોભે અલંકારો ખચ્યાથી, ચોગુણી ચન્દ્રાનની;
પ્રીતિ ભરેલા પ્રસવતી આનન્દ કેરા ઉભરા,
આનન્દ સંમોહા પ્રિયા ? ના, બાલ[૩] મસ્ત તણી ગિરા !

૫

સરસ સરલ વાક્યે, ચોરતી ચિત્ત પ્યારી,
ચરણ સુવરણેથી સોગુણી કાંતિ ધારી;
સુગુણવતી સુરૂપા, સુરીતિવાન શાણી,
નવ તિય ? નહિ, ભાળી કાન્તની[૪] શાન્ત વાણી !

---

૧. કુસુમમાળાના કર્તા રા. નરસિંહરાવ. ૨. 'બુલબુલ'ના લેખક રા. કાળીદાસ પીતાંબરદાસ દેરાશ્રી. ૩. રા બાલાશંકર ઉલ્લાસરામ કંથારીયા. ૪. રા. મણિશંકર રત્નજી ભટ્ટ.

૬

ધરે છે શૃંગારો, પણ ન વધતી ભા તનતણી,
જણાયે છે રાગી, પણ અતિ વિરાગી મનતણી;
મિઠાઇને માટે વદતી કુગિરા મ્લેચ્છ ભણિતિ
વિલોકી શું વૃદ્ધા? નહિ, નહિ, સખા વાણિ મણિની[1]
ઘડી માંહિ રાગી, ઘડી મંહિં વિરાગી બનિ જતી,
ઘડી સ્વીયા સાથે, ઘડિક પરકીયા તણિ ગતી;
રસે ભીની જોઇ, ઘડિક રસહીની રહી બની,
શું દેખી સામાન્યા? નહિ, નહિ, સખા વાણિ મણિની[1]!

૭

તોડી વછોડી ભૂષણો, કરી દૂર સર્વ સુવર્ણને
રસ રાગ બેડી ખોઇ, ખુબ કહોર કીધા ચર્ણને;
સૂતી છૂપાવી મુખ, દુઃખણીએ ન જોયું આમ ભણી
શું મિત્ર! માનવતી પ્રિયા? ના, ગિરા ગોવર્દ્ધન[2] તણી!

---

૧. રા. મણિલાલ નભુભાઇ દ્વિવેદી. ૨. રા. ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠી.

તા. ક. આ ટુંક અવલોકન પ્રથમ લખાયાને દશકાથી વધારે સમય થઇ ગયો છે. તેમાં જરૂર પૂરતા જ સુધારા વધારા કરવા ઉપરાંત વિશેષ ફેરફાર કરવામાં આવે તો એક પરિચિત લેખ અપરિચિત થઇ જાય એવી ધાસ્તીથી તે જેવો છે તેવો ને તેવો—માત્ર અત્યંત આવશ્યક સુધારા વધારા સાથે—આ પુસ્તક સાથે રાખવામાં આવ્યો છે. છેલ્લાં પાંચ સાત વરસમાં ગુજરાતી કવિતાના લખનારાઓ અને તેમના તરફથી બહાર પડેલાં પુસ્તકોની સંખ્યા સારી માલમ પડે છે અને તે પુસ્તકોની મર્મગ્રાહક નોંધ ઉપયોગી થઇ પડત ખરી; પરંતુ તે કામ તો ગુજરાતી ભાષા સાહિત્યની એક સ્વતંત્ર ગ્રંથિકા લખનારને માટે જ મુલતવી રાખવામાં ડહાપણ માન્યું છે.

કાવ્યમાધુર્ય.

૧

મંગળાચરણ.

સુંદર શિવ મંગળગુણ ગાઉં ઈશ્વરા,
વિભુવર ભવભયહારક, નમું મહેશ્વરા—સુંદર૦ ધ્રુવ.
મધુર કુસુમ વિશે રમે ગંધ સુંદરા,
કૌમુદી મુદપ્રદા, ઉષા મનોહરા,
મૃદુલકંઠકોકિલરવ શ્રવણસુખકરા;–
સહુમાં વસતી હસતી
પ્રતિફલિતા–શી લલિતા–સુંદરતા–
તુજ જગદ્ધરા...સુંદર૦
વિપ્રલંભા વિષયમોહની મધુસ્વરા
દિવ્યધામપંથ જતાં આવી વિષધરા,
વિપથ દોરવા મથે, અહો દયાકરા!
ક્ષણ તે, હૃદયે, બળ દે,
કર ધરી આ–પરિહરવા–મધુરરવા–
મોહનીસુરા...સુંદર૦
વિમલ સાધુ હૃદય વિશે વિપદજલધરા,
વ્યાપી દમે સત્ય દૃષ્ટિ ઘનતિમિરકરા,
તે સમે વિશુદ્ધ પ્રેરી જ્ઞાનરવિકરા,
કરુણા ધરીને, ફરીને,
હરી તમને, સદય મને, મનગગને,
શાંતિ દે સ્થિરા...સુંદર૦

નરસિંહરાવ.

૨

અવતરણ.

(તોટક)

રમતાં ભમતાં કદી દિવ્ય વને,
ફુલડાં જડિયાં રૂડલાં મુજને,
બહુ વેળ રહ્યાં પડી મુજ કને,
ગૂંથી આજ દઉં રસિકો! તમને.

× × × ×

મૃદુ ગંધ મનોહર કોઇ વિશે,
વળી ઉત્કટ ગંધ બીજે વિલસે,
વળી કો મહિં ગંધ ગભીર સુવે,
ગણિયા નહિં જાય અહિં સહુ એ.
વળી રંગ અનેક, ઝીણા, કુમળા,
વળી દીપ્ત, ગભીર અને વિમળા,
રમતા વિવિધે ફુલડે સઘળા,
મળી નેન દિયે સુખ તે રસિલા.

× × × ×

સહુ રંગ ભળે અનુકૂળ રીતે,
વળી ગન્ધવિરોધ કહિં ન પીડે,
ત્યમ એ કુસુમોતણી આજ દિને,
ગૂંથી માળ દઉં રસિકો! તમને.

નરસિંહરાવ.

૩

ઓ હૃદયરવ રેલાવનારા કવિવરો! ગાયકગણો!

(હરિગીત.)

ઓ હૃદયરવ રેલાવનારા કવિવરો! ગાયકગણો!
સૂર જીવનમાં ઊતારજો તમ વેણુ ને વીણાતણો;

૩

‘કુદરત–કલા’ પ્રિય કોકિલા તમ આત્મમન્દિર પાળજો,
દ્રવી દિવ્ય કૂજન, અમીરસે અમ અંતરો અજવાળજો.
મનુજન્તુડાં બન્દી પડ્યાં, અંધારકારાગાર આ
સંસારપંક અપાર, કેવલ ક્લેશવિષયાગારમાં;
પ્રકટો હૃદયરશ્મિતમે, વિકસો વિમલ ઉદ્યોત ત્યાં,
હણી બેડી બન્ધતણી, જીવન વિલસાવજો આનન્દમાં.
ઓ મર્ત્યભૂમિના ફિરસ્તા! દુઃખદાવાનળ બધે,
દુનિયાં મહિં, ચોતરફથી ભડભડ દહન્ત દીસે, ખરે !
વિપવહ્નિ બાળે, ઉડ્ડયન અમ વ્યોમ બાળે, ઉદ્ધરો;
અમ જીવિત; વાંસલડી વિરલ તમ વાઈ વિશ્વ સુધા ભરો.
ઉરવાંસળીના સૂર ઊંડા સૃષ્ટિસિન્ધુ ઉલ્લંઘતા,
અવકાશ–અવનિ અમલ મંજુલતા ભર્યાં કરી મ્હાલતા;
રવિકિરણતન્તુના ગુંથી તંબુર, ગંભીર ગાજતા,
અથવા વહન્તા ઇન્દુમન્દિર મન્દ સુન્દરતા ભર્યાં;
આકાશની રૂપેરી આન્તર કુંજકુંજે કૂજતા,
કંઈ દેવદૂતો–ધૂમકેતુ જ્યોતિ ઝળહળ ઝૂઝતા;
પુરી માર્ગ મણિમય મોતીડાંથી દૂર દ્યુતિ વિસ્તારતા,
તે સહ સુનન્દન મનતરંગ સરન્ત રસપૂરે ભર્યાં:
સજી રંગબેરંગી વસન, આહ્લાદ–મદભર માનિની,
આલાપ અદ્ભુત ઝમતી સુખકર વાદળી ગજગામિની;
ક્ષણ, તિમિરપટ નભ–ઇન્દિરા સંકેલી સ્મિતમય સુન્દરા,
ઘન ગગનગર્જનમાં ઝણુકતી ભવ્ય ગાન પ્રભાભર્યાં:
ગ્રહ–તારલા કંઈ ગીત મીઠલડાં સુરસ મ્હસ રેલતા,
નભગંગ ઉર્જ્વલ રંગ સંગીત રમ્ય ધ્વનિ જ્યાં ખેલતા;
ગિરિ, સર, સરિતા, નિર્ઝરો, સ્વર અવનવીન ઝંકારતાં,
વનવલ્લરી, તરુપલ્લવો, રવ સિંચતાં પ્રીતિભર્યાં:

કુસુમસુગન્ધ અમન્દ વંજુલ કુંજ, કંદર ખોળતા,
અનુપમ વિહંગમ હૃદય—'સારીગમ' રમે જગ રેળતા;
સૌરભવિલીન અનિલ નીલસમુદ્રઊર્મિ સ્ફુરાવતા,
સજી લલિત, મધુરી શીત લહરી, શાન્ત સુખસારે ભર્યાં:
નટવ્યોમ, ઇન્દ્રધનુ સુરમ્ય રચન્ત, સૂર મધુઝરા,
કુદરતતણા તે શું ઝીણા ભરી, મદમીણા કર લે વીણા;
નાચંતી પૃથ્વી નાયિકા, રજની પુરન્તી તાલ, ને
સન્ધ્યા—ઉષા મળી, વિશ્વમંડળ વાદ્યરવ રેલી રહે.
કોકિલસુકૂજનની સુરા, બુલ્બુલની વાણીતણી સુધા,
સારંગી, તંબુર ને મૃદંગી અંગ સંગીતનાં બધાં;
દિવ્યાંગનાના કંઠ કોમળ, નિર્મળાં ગાયન કવે:—
એ નિત પ્રણયમય તમ જીવનમાં કાવ્યરસગીતા દ્રવે:
થતી મધુર કવિવર મયૂર! ગાયક ચાતકો! રસવૃષ્ટિ એ,
તમકાજ માત્ર!—પિપાસિતા તમ સાથ આખી સૃષ્ટિ છે;
ખુલ્લાં મુકી દો મનસદન, છો સતત અમીઝરણાં ઝરે,—
અમ તૃષાપીડ્યાં હૃદયહરણાં સ્નાનપાન ત્યહાં કરે.
ઉછળન્ત ઊંચા તાર ચિત્તસતારમાં ઊંડાં શમે,
ચિન્તા અનન્ત, તિમિર, નિરંતર શોક જે અંતર દમે;
પળવાર તમ સ્વરલીન, હૃદતલ્લીન, તમમય થઇ અમે,
આશા નિરાશા, દુઃખ સુખ, વિજય પરાજય ભૂલિયે.
મંજુલ ઝીલન્તી મંજીરા પ્રીતિ ભક્તિ પદ તાનો મીઠાં,
ત્યાં મૂર્ત્તિમય મનુહૃદય મોહિની તમથી સર્વ થતાં દીઠાં;
વંજુલ વહન્તી વેણુ, મોરલી રવ લવન્તી નવનવા,
કહો કયાંથી, પશુ ખગ પ્રાણી ત્હેમાં, વશ કરન્ત સૂરો પુર્યાં?
વીણા વિધુરી, પ્રણયપુરી, રસભરી વાગન્ત જ્યાં,
તમ હૃદય કેરી કંઇ અનેરી લહરિઓ જાગન્ત ત્યાં;

૫

રસ બસ થયેલી સુખ–હેલીમાં જગત તરતું રહે,
લીલી જીવનવેલી, જગપિતાતરુને વીંટેલી ઉંચે ચ્હડે.
ગતિમાન ગાનવિમાન તમ ઊંચાં ઉડે ગગનાંગણે,
કવિતાની કમનીય, કનકમય, પ્રભ પાંખપર, પ્રભુબારણે;
રસ પ્રેમ–કોકિલ બુલબુલો સ્વર્ગીય સંગીત જ્યાં ભણે,
અમ આત્મપંખી ત્યાં વહાવો, પથ ચ્હડાવો તમતણે.

સુમન્ત.

૪

સ્વર્ગીય ગાન.

(હરિગીત.)

હે પુત્રી કુદરતની ભલી ! માતા અહો આનંદની !
હે દિવ્ય નારી ! દોરનારી સકળ સૃષ્ટિવૃંદની !
હે વિમળ મધુરા પ્રેમકરી હેમ સંયોગીકડી !
હે ગાન ! ત્હારી સાનની રે કોણને બુટ્ટી જડી ?
પ્રભુતા ખરી તું ઈશની ! ત્હારૂં રહસ્ય અગમ્ય છે !
તુજ ભવ્યતા બ્રહ્માંડમાં પૂરી પ્રતાપી રમ્ય છે !
આજ્ઞા ન કોઇ તુજ ઉથાપે, તેજ એવું દૃષ્ટિમાં;
તુજ આંગળી પર નાચતું રમતું દીસે સૌ સૃષ્ટિમાં !
આ ઉભય રવિ ને ચંદ્ર તો થઇ લીન ત્હારી લેહમાં,
આકાશમાં ઘૂમતા ફરે છે નિત્ય નિર્મળ નેહમાં;
તુજ મોહદંડ અદૃશ્ય રહી તેં મારિયો એવો અરે,
અગણિત વર્ષ થયાં હજી ફરતા નહિં અટકે ખરે !
વળી આ અસંખ્ય જ તારલા ને ગ્રહ દીપે નભમાં ફરી,
તે એકતાન બની રમે તુજ ધ્વનિ વિશે લગની ધરી;
નહિં કો ચળે તુજથી, સુણે રજની બધી સૌ ચકચકી,

ને તુજ હાલરડાંથકી દિવસે રીઝી સૂએ નકી !
રજની વિશે સૌ તારલા એ દેખતાં એકાંતમાં,
તુજ શક્તિ કળવા ઉરતરંગો જાય છે નભપ્રાંતમાં !—
તુજ કાવ્યપોથીનું હશે શું પાન આ ઉઘાડિયું,
જેમાં પવિત્ર જ ઝલકતું ધ્વનિ–ચિત્ર આ તુજ પાડિયું ?
કે તુજ મુખથી કૈં મધુર ધ્વનિ–બુંદ ઝરતાં ઝડપીને
તેજસ્વી આ નભમાં જડ્યાં શું કામદેવે તલપીને ?—
એવા તરંગો આવી આ મુજ હૃદયને ઉછળાવતા,
હે ગાન ! તોપણ મર્મ તુજ ઉકેલવા નહિં ફાવતા !
તેં કૈંક કવિવર જગતમાં ઉપજાવી ઉછેર્યાં અરે,
ને તેમના ઉરસ્વર્ગમાં સ્વરધાર તુજ રેડી ખરે;
એ ધારના ઉભરા થકી ઉદ્ગાર ફૂટી નીકળ્યા,
જે જગતને તુજ મોહમાં ઘસડી પૂંઠે પંથે પળ્યા !
એ સર્વ કવિ, રવિને લજાવે નવલ દિન રચી એહવો,
હે ગાન ! ઘસડાઇ ગયા તુજ તાણમાં ભવના ભવો !
નહિં પાર પામ્યા કોઇ તુજ, કે પામશે નહિં કો કદી !
બલિહારી તહારી એવી ભારી, શું શકે જગ સૌ વદી !
આ જગતમાં દુઃખશોકની નદીઓ ભરાઇ ઉભાય છે,
તેના તરંગો આવી આ મુજ હૃદયતટ અથડાય છે;
તે વેળ તો હે ગાન ! તુજ ઊંડા ધ્વનિ મુજ કાનમાં
ઉતરી ઉઠાવી તરંગ એ, ઉર રીઝવે તુજ તાનમાં !
છે તુજ અલૌકિક શક્તિ એવી, ઠામઠામે વ્યાપતી,
તુજ સ્મરણવિદ્યુત માત્ર જનદુઃખતિમિર તોડે કાપતી !
જનઆત્મપર તુજ શીતળ છાયા છે સદા પથરાયલી,
તો દેહબંધ રહી શકે આ આત્મ તુજ આશે ભલી !
રે પારણામાં ઝુલતું બાળક ન જગને જાણતું,

હસતું ગુલાબી હોઠ પર દીસે અકારણ આણલું:
તે આત્મ તેનો મધુર ત્હારા સ્વર સુણીને રીઝતો,
કૈં આશ મધુરી ભાવિકેરી તુજ કૃપાથી સિંચતો!
હે ગાન! તુજ ઝીણા સ્વરો જે આજ નહિ સુણીયે અમે,
તે કોઇ વધુ દીપતા દિને સુણીશું વધુ રસથી શમે;
તુજ ધ્વનિ જ અહિંથી માર્ગ અમને સ્વર્ગનો દેખાડશે,
ને ત્યાં સદાય અનંત નિજ રસરેલમાંહિં રમાડશે!
આ સિન્ધુના ઘોંઘાટમાં કે પવનની મૃદુ ચાલમાં
ઊંડા અનંતાકાશમાં કે પૃથ્વીમાં, પાતાળમાં,–
જ્યાં જોઉં ત્યાં હે ગાન! તુજ અસ્તિત્વ તો મુજને મળે,
સૌ જગતને તું રીઝવે તુજ સર્વવ્યાપકતા–બળે!
હે ગાન! હું આ જગતમાં ભુખ્યો છું તુજ આશીષનો,
તું તો અરે છે સત્ય શ્વાસ જ સર્વવ્યાપક ઇશનો!
તો તુજ વિના આ સૃષ્ટિકેરી કાય કયમ નીભી શકે?—
નિશદિન મને તું કરે ઝુલંતો દિવ્ય ત્હારે હીંચકે!
રે તારલા તુજ ધ્વનિ વિશે આ ધ્યાન નિજ પ્રેરી રહ્યા,
ને એકતાન બની સહુ ત્યમ લીન આ તુજમાં થયા,
હા, ત્યમ નિમગ્ન રહી જ, હે સ્વર્ગીય ગાન! તણાઉં હું,
તુજ મધુર ધ્વનિના સ્વપ્નમાં આ જગતથી સરી જાઉં હું!

ખબરદાર.

૫

વીણાને આવાહન.

(વસંતતિલકા.)

જે આદ્ય દિવ્ય સહુ વાદ્યની કયાં તું વીણા!
રાગે ભર્યાં મધુર તે સુર આપી ઝીણા
પ્હેલી વસી સુતનુ નારદકંઠ રાગે,
આવી પછી સુર સમાન જ લોક ભાગે.

તે ક્યાં દિસે મધુરવાદિની રમ્ય વીણા !
તારા વિભાવ સઘળા પ્રણયચ્છબીના;
કે તું રહી લટકતી વનવૃક્ષડાળે,
બેસી તળે વિરતવાદિતને નિહાળે !
તે ક્યાં વસે સ્મિત કરી ફરતી જ વીણા ?
કો વાર તે મદભરી, વળી કાંઇ દીના;
કો વાર ભાવ ધરી નાચતી મોતી વેરે,
અન્ય ક્ષણે સદય તે થઇ આંસુ રેડે.
ગા તું ફરી અતુલ ગાયન એક વેળા,
હે દિવ્ય વાદિનિ ! તુંને અમરો વરેલા.
પૂરા સુણાય નહિ આજ સુરો સતીના,
તે થાય શું લય હતી નહતી થતી ના ?
માટે તું ગા ફરીથી એક જ વાર રૂડું,
કેવી પ્રસન્ન ! તુજમાં રતિરૂપ ઉંડું:
આપી શતાંશ તુજ પ્રેમતણો પ્રભાવે,
ગા તું ફરી, રહિજ ભક્તિ તુંમાં સ્વભાવે.

ભીમરાવ.

૬

વિનશ્વર ગાન.

(જય જય ગરવી ગુજરાત. એ લય.)

બન્ધુ હો ! ગાન સુણી તે સાંઝ
હૃદય મુજ દીન બન્યું સહસા જ;
મધુરતા–ઉદરે જનમ્યાં બાળ,–
હર્ષ ને શોક, ઉભય–તે કાળ;
અને મુજ હૃદય કરી રણભૂમિ
બાળ એ સબળ રમ્યાં તહિં ઘૂમી.–

"મૌન સનાતનમાં મધુર આ રવ થશે વિલીન !
ને શું ફરી નવ મ્હેં સુણવો એ ?"—એમ વિચારે દીન
બની હું સ્તબ્ધ રહ્યો ક્ષણવાર,
ગાન સુણ્યું ઊંડું અવર તે ઠાર...બન્ધુ હો !
'વિરમતાં ગાન વિરમી સહુ જાય
મધુરતા એ નવ સાંચી રખાય:
મધુરતા અનુપમ કેરો સાર
વિનશ્વર કેમ કર્યો કરતાર ?
કવિતપદ મુજ ટકશે કંઈ કાળ,
ગાન તુજ શમશે શમતાં વાર:
વિનશ્વર આત્મા, સ્થાયિ શરીર;'—
જોઈ અન્યાય થયો હું અધીર.
તરંગ એવા મન વિશે ઊછળી ઉપની આશ,—
ગાનમધુરતા રાખું સનાતન, પામે ન કદિ વિનાશ,
વાસ કરી અનન્તતાને દ્વાર
કવિત, સંગીત વસો ચિરકાળ...બન્ધુ હો !

નરસિંહરાવ.

૭

એક ચિત્ર.

મધુર કંઈ મંદમંદ રવ વાય
વીણાઉર અંગુલી નાચતી જાય;
રમણી રસપૂર્ણ સુકોમલ ગાય,
જીવનવન કલકોકિલ મલકાય,
મૃદુલ અનુપમ 'સરિગમ' છલકાય,
સુખદ સૂરગન્ધ સુગન્ધ સુહાય,

ઉછળી લળી ઊર્મિ લલિત લહકાય:
હૃદયમાં પ્રણયરવો રેલાય,
મિઠલડાં સ્મરણઝરણુ શું ન્હાય,—
અનિલ અહિં ગાનવિલીન, ચન્દ્રાય
અમીદ્રવ,—આત્મ સુરસભર છાય.

સુમન્ત.

૮

સહસ્ત્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણ.

(રોળા વૃત્ત.)

અહિંયાં સહસ્ત્રલિંગ તળાવ વિશાળું હતું.
અહિંયાં પાટણ જૂનું અહિં આ લાંબું સૂતું,
અહિંયાં રાણીવાવતણાં આ હાડ પડેલાં,
મ્હોટા આ અહિં બુરજ મળ્યા માટીના ભેળા.
એમ દઈ દઈ નામ કરવી રહી વાતો હાવાં.
પાટણપુરી પુરાણ ! હાલ તુજ હાલ જ આવા !
ગુજરાતનો પૂત રહી ઉભો આ સ્થળમાં
કોણે એહવો જેહ નયન ભીંજ્યાં નહિં જળમાં ?
જળ નિર્મળ લઈ વહે કુમારિસરિતા પેલી,
ન્હાસે, પાસે ધસે, લાડતી લાજે ઘેલી,
ઈશ્વરકરૂણા ખરે, વહી આ નદીસ્વરૂપે,
સ્મિત કરી પ્રીતિભરે, ભરે આલિંગન તુંપે:
તુંપે, પાટણ ! દયા ધરંતી એ સૂચવતી,
ભલે કાળની ગતિ મનુજકૃતિને બૂઝવતી,
મુજ પ્રેમસરિતપૂર વહ્યું જાશે અણખૂટ્યું,
છો ધન વિભવ લૂંટાય, ઝરણુ મુજ જાય ન લૂંટ્યું.
તોડી પર્વતશૃંગ મનુજ મદભરિયો મ્હાલે,

જાણે નિજ કૃતિ અમર, ગળે કાળ જ તે કાળે:
ને મુજ તનડું ઘડયું કોમળું પાણીપોચું,
તે તો તેમનું તેમ રહે યુગ અનંત પ્હોચ્યું.

નરસિંહરાવ.

૯

હિંદનું ઐતિહાસિક સિંહાવલોકન.

(વસન્તતિલકા.)

ભાગે વને સુતરુ સુન્દર આમ્ર આદ્યે.
વિખ્યાત જ્ઞાનબળમાં વસુરાગવાદ્યે;
દેવાંગના સરખી જ્યાં હતી અંગનાઓ,
શૈલપ્રવાહપુર **ભા**રતવર્ષ આવો.
જ્યાં લંક અંક ધરી હેમ હિમાંબુ સારાં,
દ્વીપાકૃતિ રહી ભરી નદી ન્હેર નાળાં;
અત્યંત પૂર્વ રણ **રા**ઘવનું સ્મરાવે,
મૌલિમણિજડિત દક્ષિણ એવી આવે.
પૂજ્યા અખંડ **શિ**વ જાણી કૃપા કરે એ,
સીતા ગઇ ફરી મળે મનમાં ભલે એ:
જેને નમ્યા અસુર ચિત્ર ગવાઇ ગાથ,
મોજે મહાલય મનોહર **રા**મનાથ.
એ હસ્ત અદ્રિ બની એ ગઢ મુષ્ટિમાંથી,
ભૂલાય કેમ તુટિ જે પડતા ત્યહાંથી,
અંગાર જાદુગરના કરમાંહિ એઠા,
વર્ષે જ તે શરતથી વિખર્યાં મરેઠા.
વેણુ સુણી વિરહથી બની જે અધીરી,
વેણી સરી ન ગણતાં ધરી સંગ વીરી,

ગોપીસહાય વ્રજ કુંજ છકેલ છૈયો,
કાલિંદી રમ્ય તટ રાસ રમ્યો કન્હૈયો.
હંસે હસાવી કલિએ કલહો કરાવ્યા;
અર્ધાર્ધ વસ્ત્ર વનમાં નળરાય લાવ્યા;
ભૂલી ભમી ભટકતી તજિ સેંજ દીધી;
વ્યાધે વિરોધી, વિધિએ જ ઉગારી લીધી;
વેપારિવૃંદ મળિ ક્રૂર અસહ્ય મારી;
દાસી થઇ, નૃપસુતા શિર ચોરી પાડી:
રોતી રહી પિહરમાં, સહસા જ સ્વામી
પામી સતી સુભગ એ દમયન્તી નામી.
સત્યસ્વરૂપ યુધમાં સ્થિરધર્મયોગી,
ભીમસ્વરૂપ સુત મારુત મત્ત ભોગી,
અગ્નિ સ્વરૂપ નર ભારતસૂર્ય સો'તો,
વર્ણાંગમાં નકુલ બન્ધુ ભવિષ્ય જોતો.
પાંડુકુમાર વનવાસ વિહાર શોભ્યો,
સૌન્દર્ય જેનું દમ્યું દુર્મતિ જેમ લોભ્યો;
શ્રી માધવીસમ દિવાકર શૌર્ય તૃષ્ણા
રાખી વરી, રણુ ફરી, હતી એક કૃષ્ણા.
ધારી ઉમંગ પ્રિય શ્યામ સુમૂર્ત કીધા,
અન્તે દિવાની બની પ્રાણ સમર્પિ દીધા;
રુક્માભિમાની તુચ્છકારી વિદર્ભલક્ષ્મી,
ચાલી સતી હરિ વરે કરિ શત્રુ જખ્મી.
આકાશવાસ દઇને દુભિ, ઊભિ ઊભી,
સૃષ્ટિ નિહાળતી, અનંગસુતે વિલોભી;
છાનો છળ્યો ચતુર શૂર, સુરંગ નોખા
રાખી રમી રતિની લાડકવાઇ ઓખા.

ન્હાની નદી વનવને, પ્રતિ જાતિ છોડે
રંગીન પંખી, કુસુમે તરુવૃન્દ મોડે;
ગાજે ત્રણે દિશ સમુદ્ર મરુત્ સુગંધિ,
સર્વપ્રકાર પરિપૂર્ણ વિલોક્યા સંધિ?
પાષાણ રત્નતણી ખાણ, વખાણ શાંશાં?
સ્નેરૂપે અધિક ઓપતી છે ભૂમિ જ્યાં
અન્તર્વિકલ્પ કરી લોક ન અલ્પ બોલે,
પૃથ્વીતણો સુભગ બાગ જ એમ તોલે.
ક્યાં ક્યાં થકી ઉલટિને પરદેશી આવ્યા?
કેવા પ્રયત્ન! મન કેવી રીતે ભમાવ્યાં!
પાસે વિદૂરથકી જ્યાં થઇ થોક થોક
લૂંટ્યા જનો અવનિમાં પસર્યો જ શોક.
શું જોર? શું કર્યું પરાક્રમ? શૌર્ય તે શું?
ક્યાં કોઇ માન મળ્યું દુર્બલને જિત્યે શું?
જ્યારે કુસંપ ઘર કલેશ વિશેષ પેસે,
એ નીમ નિત્ય પર તે ઘર આવી બેસે.
જ્યાં કોઇ કાળ રમતી સઘળી કળાઓ,
ગર્વે ગવાય ત્યમ ભારત બોલ આવો;
યોગે મહામુનિવરે અવધાન ધારી
પ્રત્યક્ષ બ્રહ્મ કરિ સૃષ્ટિવિભા વધારી.

× × × × × ×

જ્યાં વિક્રમાર્ક અતિ વિક્રમયુક્ત વીરે
શત્રુ થયા શક હણ્યા, ખસ્યું ધ્વાંત ધીરે;
તેથી પ્રચંડ શક સંવત એક સ્થાપી,
ઉગ્ર પ્રકાશ રવિ કીર્તિ અનન્ત આપી;
જે તેજ માંહિ કવિ પંડિત સર્વ ડૂબ્યા,

આકાશનાં ઉડુગણો સમ દિવ્ય ઊભા;
જેના પ્રતાપથકિ ભૂતળ ભવ્ય ઊભું;
રાત્રિ થતે રવિ પડયો, નૃપતેજ ડૂબ્યું.
યોગે કરી વશ જ ઇંદ્રિય જ્યાં વસિષ્ટે
ધાર્યું મહા મુનિતણું બહુ માન શિષ્ટે;
આત્મપ્રભાવથકી મંત્ર મહાન ગાયા,
જે આદ્ય ધર્મ ગુણ આ જગમાં જણાયા.
જેના સમાન પરિપૂર્ણ પૃથુપ્રજનમાં
આવી શકે ન બળમાં નૃપ કોઇ સામો,
એવા સ્વતેજથકી સર્વ દિશે જણાયો,
ધર્માર્થ રૂપ કવિએ નૃપ **રામ** ગાયો.
સ્વર્ગીય ભૂમિ ઉપન્યા સુરતુલ્ય લોક;
ઉત્તુંગ જ્યાં નગ પડ્યા થઇ થોક થોક,
રાખી વનસ્પતિ મહૌષધિ પ્રાણ પાસે
મૌને મહોચ્ચસમ જીવન આપી રાચે.
જ્યાં સિન્ધુઓઘ અટકી અટકી પવિત્ર
સ્નાને કરે પુનિત ગાઇ મહા ચરિત્ર;
જ્યાં શત્રુનાં દળ પડ્યાં રગડાઇ રોષે,
ને રોઇ **મૈથિલસુતા** પતિના વિયોગે.
જ્યાં આર્ષ છંદ કરિ ઉન્નત આ પ્રજાને
ભારે વિકાર શમવે દઇ શુદ્ધિ પ્રાણે;
અત્યંત દુશ્ચર તપી તપ જ્યાં તપસ્વી
ટાળ્યું તમિસ્ર, બહુ વીર થયા યશસ્વી.
જ્યાંહાં મહામુનિ ખરી દૃઢ વૃત્તિ ધારે,
સત્ત્વે કરી શમદમે થઇ સર્વ શિરે,
ધારી સમાધિ ચિતમાં નિજ રૂપ સ્થાપી,

વેદાન્તજ્ઞાન શિખવી દૃઢ ભક્તિ આપી.
સંધાનનો સુકર, તીવ્ર પરાક્રમેથી,
સંહારનાર સહુ દુર્ગુણનો જ તેથી
પ્રેમાવતાર થઇ, બંધુવિરોધ છાયો.
જ્યાં વિષ્ણુરૂપ કહિ **કૃષ્ણ** પુરાણ ગાયો.
પિતૃવ્યઘાતભય ધારી અડી ઉભેલો,
આણી વિરાગ, સહસા યુધમાં પડેલો,
સત્કર્મતત્ત્વ ખરું **અર્જુ**નને જણાવી
ગાણ્ડીવધારાકૃતિ કારમી જ્યાં કરાવી.
જ્યાં પ્રેમનાં **ભ**રત તાત **શ**કુંતલાનાં,
સૌભાગ્ય ખોઇ તપતી **જ**નકાત્મજાનાં
ગાઇ ઉદાર ચરિતો, પદ **શા**રદાનાં
પૂજી થયા અમર એ કવિ મુખ્ય માન્યા.
જ્યાં બિન્દુમાં ગ્રહ ગણી રવિ નામ ધારી,
કીધાં સ્વકાર્યવશ સર્વ ખગોળ ભારી:
વિસ્તારિ તે ગણિતની સહુ દેશ લીલા.
લીલાવતી વિરચિ સત્કૃતિમાં રસીલા.
આકાશથી ઉતરી ગહ્વર ગુહ્ય ભેદી,
ગાઢાં શિલા તરુથી બળમાંહિ છેદી,
જેને તટે મુનિવરે ધર્યું ધ્યાન લોભે,
ભાગીરથીસમ સરિત્ નહિં કોઇ શોભે.
ને ક્યાં **હિ**માલય સમો પણ અદ્રિ એવો,
ઉંચો શિલા હિમતણી ધરિ કોટ જેવો:
જેણે ઉતારી દળ દાનવ દીન કીધાં,
આ દિવ્ય ભૂમિ ઉદરે જ શમાવી દીધાં.

ભીમરાવ.

૧૦

ત્રિખંડ ત્રિવેણી.

(લાવણી.)

અહા ! શા પડ્યા હતા અમ તુતક–મસ્તકે સ્વસ્થ !
મધુર રજનિ–અંકમાં, શયનમાં, અર્ધસ્વપ્ન નિદ્રસ્થ !
તે વેળા અમ નીચે સુતું શું સમુદ્રજળ પણ ઉજ્જવલ,
રસીલું કટિ અંબર પરિધાન,
તારલે રૂડલે શોભાવાન !
છે ત્રિવેણી શી આ મળી રહી !
એ ત્રિવેણી અમ નયન ખિલવશે, અવયવ સઘળે
અમારે, સરિતા આનંદની શી રે'શે વહી !
છે ત્રિવેણી શી આ મળી રહી !

૨

ચંદા શી નભમાં હસી રહી !
વાદળી પટ નિપટ શું રસી રહી !
ખસતું વસન કિરણે કસી રહી !
એ પણ હોડકું, કળા કળાપે, રસીલું, છબીલું, લેઇ તરતું,
કાંઇ દૃષ્ટિથી ડુબતું,
કાળ સરિતામાં ખેલે સહી !
કંઇ થાક ! શી રસની હેલી વહી !
છે ત્રિવેણી શી આ મળી રહી !
એ ત્રિવેણી અમ હૃદય રીઝવશે, અવયવ સઘળે
અમારે, સરિતા આનંદની શી રે'શે વહી !
છે ત્રિવેણી શી આ મળી રહી !

૩

હતી એક કાળ ચંદા ! શું નહિ
જનમેદિનિ ?—તારાગણે કંઇ !
રોમક ગ્રીક યવનો હવણે કહિ
મિસર ધુસર રગદોળ્યું કાળ તેં ! યેશુદ્ધ યહુદો !
નહિં ગ્રીસ ઇટલી કરમાઇ કળી.
એશીયાઇ વાડી વિલાસ ગઇ !
નહિં નામ નિશાનીય તેની રહી !
છે ત્રિવેણી શી આ મળી રહી !
એ ત્રિવેણી અમ સ્મૃતિ પ્રબોધશે રતિ વિરતિ,
કે અગતિ સહિત કોઇ રે'શે વહી !
છે ત્રિવેણી શી આ મળી રહી !

૪

દિસે કંઇ નવનવા જ પ્રસંગ !
ખીલે કંઇ અદ્દભુત નવલા રંગ !
નવલ યૂરોપ ઘૂમે શું ઉમંગ !
નસ જોડ જુગલ આ ખંડ અખંડિત સાંધી રહી'તી,
સ્વેઝ હવે જ કપાઇ ગઇ,
શોણિત ભૂમધ્યથી શોણિત સિંધુએ મળ્યું જઇ !
નદી નીલનું સલિલે મળ્યું જઇ !
છે ત્રિવેણી શી આ મળી રહી !
એ ત્રિવેણી કયમ મન ન મુંઝવશે, ઝરણ ન ઝરશે,
નયન નીતરશે, હરશે નહિં;
છે ત્રિવેણી શી આ મળી રહી !

૫

સાત્ત્વિક જંબુદ્વીપ રંગ–
રાજસ યૂરોપના અંગ–
આફ્રિકા તામસ અડબંગ–
ત્રિગુણ ત્રિકાલ ત્રિખંડ ત્રિભંગી મળી ત્રિપુટી,
શું હશે હવે? કોઇ કહેશે? કહિ?
હરિ હરિ હરિ! કાંઇ કળાય નહિ!
છે ત્રિવેણી શી આ મળી રહી!
એ ત્રિવેણી નવ ચેતન કોઇ દિન અમને ચેતવશે,
ઊર્જિત કરશે અકલ કલા!
કોઇ એ ખુટ અહિં!
છે ત્રિવેણી શી આ મળી રહી!

હરિલાલ ધ્રુવ.

૧૧

ઉષા.

(સાખી–ગઝલ.)

સનાતન યૌવને રાતી હસું આનંદ હું સહાતી;–
આનંદ કુસુમ વીણતી દિવ્ય ઉપવનની માંહિ,
ને કુસુમો એ વેરતી મર્ત્ય લોકમાં કાંઇ;
કુસુમ વેરી મનુજલોકે સુખસુગંધો ભરૂં થોકે,
કૃતિ એ ઉદારને યોગે મધુર ગાન હું રહું ગાતી;...સના૦
મુજ પ્રિય રવિના ઉર મહિં દિનભર રહું લપાઇ,
સંધ્યારૂપ ધરી ફરી સુઉં ઉદધિની માંહિં;
સૂતી રવિનાથની સંગે ઉઠું વ્હેલી કંઇ ઉમંગે,
ગગનનું આંગણું રંગે પૂરૂં હું કાંઇ મકલાતી...સના૦

નરસિંહરાવ.

૧૨

પ્રભાતની વાદળીને.

(તોટકમણિ.)

વધ, કોમળ વાદળી! આગળ જા,
તુજ સુંદર કોમળ વસ્ત્ર ધરી,
ઉગતા રવિ પાસ ઉમંગભરી
નિધિમાતતણું લઇ કાગળ જા!
નિજ દ્વાર પ્રભાત ઉઘાડી દઇ
રવિની પધરામણી કેવી કરે!
નિજ આંગણમાંહિ ગુલાલ ભરે;
વધ, જો તહિં શી સુખવાડી થઇ!
વધ, વાદળી! તું ઉડતી નભમાં,
સુસમીર-વિમાન વિશે હસતી,
નભઘુમટમાં લહરે લસતી;
બહુ મોહ પડે તુજ સૌરભમાં.

× × × ×

વધતી વધતી બહુ રંગ નવા
કસબી તુજ અંગ વિશે ભર તું;
ખીલતું તુજ ઉર વધે સરતું
રવિની પ્રીતનું કંઇ અંશી થવા!

× × × ×

વધ વાદળી! તું તહિં જ્યાર જશે,
રવિ ત્યાર તને ગણીને તનની,
અતિ તેજમયી દિવ્ય કંચનની
શુભ માળ જ તુજ શિરે ગુંથશે!
અથવા તુજ સુંદર અંચળાને
કસબી મુકશે કંઇ કોર નવી;

કરશે કદી અર્પણ તાત રવિ
મણિમાણિક્યનો શુભ હાર તને !
તવ હું તુજ એ સહુ સુંદરતા
કલપી બહુ મોદ ધરૂં મનમાં;
તુજ રંગ બધા મુજ આ તનમાં
પ્રસરી કંઇ નૃત્ય નવું કરતા.

× × × ×

મધુરાં કંઇ સ્વપ્ન વિશે પડી હું
નભમાં તુજને તરતી નિરખું,
તુજને પૂછતો સુણતો હરખું,
પણ જાગી ભુલું સહુ તે ઘડી હું.
તદપિ રવિ પૂર્વગૃહે નીકળી
ઉંચકે મુજ દૃષ્ટિ ઊંચે ગગને,
તવ હે પ્રિય વાદળી ! જોઉં તને
બમણા હરખે સ્મરી વાત વળી !
તુજ સાથ મને લઇ ત્યાર હવાં
વધ આગળ તું ઝટ પૂર્વભણી;
તુજ તંબુ કરી શુભ ત્યાં, રમણી,
મુજને ઘડી એક જ દે ઠરવા !
રવિ ત્યાં મુજને બહુ પ્રીતથકી
તુજ અંતર સર્વ બતાવી જશે;
તુજ ને રવિના કંઇ રંગ હશે
વધુ જે, સહુ તે સમજીશ નકી !—
વધ, કોમળ વાદળી ! જા ઝટ તું !
રવિ પાસ અરે અહિં આવી રહ્યાં !
અહિં શાં ઝરણાં દિવ્ય જાય વહ્યાં !
અહહા ! અહિં હર્ષ ભરે ઘટ શું !

ખબરદાર.

ગોપિકા.

(વસંતતિલકા.)

દોહી રૂપાળી મધુરી મુજ ગાવડીયું,
ને દૂધડાં મિઠલડાં ભરી તામડીયું;
ચારો નીરી, ધણ મહિં મુકી ધેન, ચાલી,
જાશું રૂડાં જળ હવે જમનાંજી, આલી !
સાહેલી સાથ સરખો, ઠીક જોડ જામી,
આનન્દ ગોઠડી મિઠી પનઘાટ પામી;
માંજ્યાં, સુનેરી દીપતાં શિર, બેડલાં આ,
ને પાણીડાં ભરી વળ્યાં ઘર સર્વ જાવા.
રાંધ્યું, ઉન્હું ઉન્હું ધર્યું પકવાન્ન ભાણે,
ઠાકોરથાળ પીરશી; મન મોજ માણે,—
ખાધાં પીધાં, શયન સેજ લીધાં; થઇ ત્યાં,
જાવાની વેળ લઇ ગોરસ વેચવાનાં.
ઝૂલે ખીલી નવલી સુન્દર મંજરીયું,
ડોલે પરાગ ઝરતી ફુલ પાંદડીયું;
વૃંદાવને ઝઝુમતી નદીતીર કુંજો:—
ક્યાંથી મધુર સૂર ?—શો વનભેદી ગુંજ્યો !
કોયેલ ગીતડું શમ્યું, મનવેગ કંપ્યા,
ગાયો અને હરણિયાં ભર લ્હેર થંભ્યાં;
વાયે રસીલી અમી રેલતી વાંસળી જ્યાં,
ગોપાલ બાલ, ઉર આ સરી જાતું ત્યાં ત્યાં.
(સંસાર—ઉપવનમાં ગૃહકુંજ શોભે,
કર્તવ્યધેનુ પય અમૃત શું મધુ દે;

પ્રીતિપનોતું શુભ સ્નેહી—કુટુમ્બ રાજે-
ત્યાં યે સદા સતીહૃદે પતિવેણુ ગાજે.)
ખેલ્યાં બધાં વિવિધ રાસલીલા અનેરી,
ચન્દા ઢળી, સખી રી ! વેળ વીતી ઘણેરી;
હૈડું ન હોય બનતું થિર, સૂર પેલા,
ઘૂમ્યા કરે જીવન ડોલતી વાંસળીનો !

સુમન્ત.

૧૪

ધણ.

ઊગ્યો સૂરજ જો લીલૂડા વનમાં રે,
ઊગ્યો ઊગ્યો સરવર–ગિરિવરને તટે.
જાગ્યાં ઘોર ઘટામાંનાં પંખેરૂ રે,
જાગ્યાં જાગ્યાં મેનાં, પોપટ, મોરલા.

ધણ લઈને ચાલ્યા વન બાલ ગોવાલો રે,
ગાયો લઈ જાશે રે આઘી સીમમાં.
ફરતો ફાલ્યો આંબલિયાનો ફાલ રે,
શીળો રે સરવરિયા પરનો વાયરો.

ધણ ચરશે લીલમડું ઘાસલવિંગ રે,
સરવરનીર પીશે ને તેમાં ઘૂમશે.
ધાડાં જામ્યાં જાંબૂડીનાં ઝાડો રે,
તેને શીળે ધણ વેરાતું ઢળી જશે.

દૂરના સરવર ભરતા ઝરણાં જેવો રે,
ગીતડાં ગાતાં નાદ રાયકો રેલશે.

આંબાની મંજરીઓ ખાતી કોયલ રે,
વસન્તની વાંસલડી સરિખા બોલશે.

—માં છેડીશ તું આજે ત્હારી વેણુ રે,
પ્રભુનાં ગીત વનવનથી વહી તને વધાવશે.—
ચીલામાં ચલકન્તા મરવા વીણી રે
છયિ બેઠા રાયકા ભાત આરોગશે.

વૈશાખે વંટોળ ઉન્હાધખ વાશે રે,
ધૂળના વાદળ રચશે વનના વાયરા.
બળતાં કિરણોના વરસાદ વરસશે રે,
બળશે ધરતી, બળશે પ્રાણી, પાંદડાં.

વિયોગ શો કંઈ ધોમ ધખે આકાશે રે,
સૂકવશે સૃષ્ટિ, રસ આંબે સીંચશે.
ચરતાં પંખી ડાળે ભેળાં થાશે રે,
વિસામે વિરમશે જગના પન્થીઓ.

કડવી લીમડીઓની મીઠી છાયે રે
રૂમાલના ઓશીકે રાયકા પોઢશે.
કિલકિલ કરતાં વ્હાલપડાં પંખેરૂ રે
વ્હાલા ગોવાળ હાલરડે ઊંઘાડશે.

લળીલળી નમતી ફુલવતી નીચી ડાળ્યોરે
પોઢ્યા ગોવાળ ઉપરથી માંખ ઉડાડશે.
લીલમઝમ પલ્લવમાં હરતો વાયુ રે
થાકેલા ગોવાળનો થાક ઉતારશે.

—સંકોરી લે પાલવ ત્હારો ઉડતો રે,
વસન્તના પાલવની લીઝૂંત જો ! ઘડી.—

નમતો પ્હોર થશે ને સૂરજ નમશે રે,
વાદળિયા સરવરમાં લ્હેરો આવશે.

તટના ઘાસ વિશે મધમાંખ્ય ગગણશે રે,
પાળોને શણગારશે બગની વેલડી.
તરુવર કરતાં વાધી તેમની છાયા રે,
પશુપંખી પણ લાગ્યાં મદભર ડોલવા.

પોઢ્યા રાયકા આળસ મરડી ઉઠ્યા રે,
ઉઠીને વગાડી ચતરંગ વાંસળી.
આઘી આઘી ખોમાં વળતી ગાયો રે,
વાંસલડી સાંભળશે, ટપ ત્યાં ઊભશે.

જળજળનિર્મળ કમળો ખૂંદતી ભેંશો રે
વાંસલડી સુણશે ને જલને ત્યાગશે.
—જો! જો! ધેરા ભવયમુનાતટ રમતા રે
અનહદ રે વગાડે ગોવિન્દ વાંસળી.

સુણ, સમજ, આચર એ ગીતના ભેદો રે,
પશુથી એ પામર શું આપણ માનવી?—
સાંઝ પડી, આ તડકા કુમળા થાય રે,
સૂરજ પણ ધરતીના ઉરમાં ઢળી પડ્યો.

ક્યાં છે ધણ? એ ક્યાં છે બાલ ગોવાળ રે?
ક્યાં છે વાંસલડી એ વનવન વીંધતી?
માત્ર સરોવરજલમાં રમતાં ભાળું રે,
દોડતી વાદળીઓના ભૂખરાં લ્હેરિયાં.

—આછા ઘુંઘટ ઉઘાડ, વદન વિકસાવ રે,
વાદળિયોને વેર, પ્રગટ મુખચાંદની.

પ્રિયતમપ્રિય જોઈ લોકડિયાં લજ્જીશે રે,
વસન્ત તો પાંખડિયે પ્રેમ વધાવશે.
ધન્ય નયન! શું હાસ્ય સરલ! હું પામ્યોરે,
આશિર્વાદ હૃદયમાં ઉભરાતા ઝીલ્યા.
ભાલકમલ સૌભાગ્યસુધા મ્હેં પીધી રે,
ધણુંમાં નવ એ દૂધડિયાં લાધ્યાં મ્હને.

ન્હાનાલાલ.

૧૫

સાગર અને શશી.

(રાગ શંકરાભરણ.)

આજ મહારાજ! જલ પર ઉદય જોઈને—
ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે!
સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન—
નિજ ગગન માંહિં ઉત્કર્ષ પામે!
પિતા! કાલના સર્વ સન્તાપ શામે!
નવલરસધવલ તવ નેત્ર સામે
પિતા! કાલના સર્વ સન્તાપ શામે!
જલધિજલદલ ઉપર દામની દમકતી!
યામિની વ્યોમસર માંહિં સરતી!
કામિની કોકિલા કેલિકૂજન કરે!
સાગરે ભાસતી ભવ્ય ભરતી!
પિતા સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
સરલ તરણી સમી સરલ તરતી!
પિતા સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

મણિશંકર.

૧૬

સરોવર.

૧

નરી સરલતા કોણ પૂજશે ?
નથી તેજ, નથી તરંગ:
તુજ મુખ શું ભર્યું સૌમ્ય, મુજ લાડિલી !

૨

અલૌકિક નીલ પટ સન્ધ્યા લઈને
પ્રશાન્ત નિદ્રિત બાલ પ્રભાત
અન્તરિક્ષના રંગ ધરી સૂતું
તુજ નયન સમા જલહૃદયે, મુજ લાડિલી !

૩

એ સુન્દરતા કોણ નિરખશે ?
કોણ સમઝશે ? કોણ સુહવશે ?
કોણ નીર ચંચુ ત્યાં ભરશે ?
—અનિમિષ, અકલ, ગહન સૌન્દર્ય:
તુજ નયનમાં શિશુ શોભતા આત્મન સમું, મુજ લાડિલી !

૪

વિશાલ નભ વીંધતા ગરૂડ ઉડશે,
પ્રભા વીણન્તા દિગન્ત ઘન ઘૂમશે,
સહુ શમશે, સહુ શમશે, ઊતરશે,
તુજ હૃદય સમા સરવર પર, મુજ લાડિલી !

૫

મુજ કુંજ પેલી જો ! ઝુલે,
પ્રભુના દીધાં કંઈ સુખ ફુલે,

મ્હારાં—ત્હારાં કંઇ કંઇ કુસુમ મધુરાં ખીલે:
સખિ ! તુજ હૃદયજલ ત્યાં અમલ સીંચી શોભજે,
મુજલાડિલી !

ન્હાનાલાલ.

૧૭

વનવર્ણન.

(હરિગીત.)

મંદમંદ સમીર બ્હે તરૂકુંજમાં બહુ મ્હાલતો,
ગિરિગહ્વરે અથડાઇ મીઠા રાગ મૃદુ આલાપતો,
લ્હેર જલમાં ચાલતી વાંકી ચુંકી લચકાઇને,
એકાગ્રતાથી મળી મળી તટપર પડે મીઠે રવે,
તાલ દે તે ગાનને તરૂવર ઝુકે બહુ ઝુંડમાં,
દે માન તે શુભગાનને વળી ધવલ પુષ્પ વધાવતાં,
વ્યોમ તરૂ તટ વિશ્વ, સઘળું નાચતું પ્રતિબિંબમાં,
ઊંચા સુણે ગિરિવર રહ્યા બધું ગાન ગંભીરતાઇમાં.

મણિલાલ.

૧૮

આરોહણ.

(પૃથ્વી છંદ).

સખે ! હૃદય ! ક્યાં હશો ? પથ કયો ચ્હડો આ સમે ?
ચ્હડે અવર કોઇ સંગ, થઇ કે રહ્યા એકલા ?
અને નયન જે સદા મધુર દીપતાં, તે હજી
લસે અસલ રૂપ કે કંઇ શું થાકઝાંખાં થયાં ?
જરા વિષમ આ ચ્હડાવ, સહુ સાથી હારી ગયા,
વળ્યા પગથી અન્ય, જે ઉતરતી તળેટી વિષે;

અપોર સહુ ગાળશે સ્ફટિક કો ગુહાકુંડને
સુતા હિમશિલાતટે, નિરખતા નીચે દૂરનાં
વિસર્પિ સરિતાકુલો, ઉટજકુંજ છુટી છુટી,
અને વનવીટિલ ખેતર વિશાલ વાળી ખીણો.

મ્હને પણ ઘણું કહ્યું વિરમવા નીચે સાથમાં,
પરંતુ ચ્હડવું, હજી ચ્હડવું, એજ મ્હારી તૃષા.
ચ્હડું, વળી ઉભો રહું, પ્રતિપદે દિશાઓ ખસે.
અને વિમલ તીક્ષ્ણ અંતર ઉકેલતાં લોચન:
નિહાળું જગચિત્રની પલટતી જ છાયાપ્રભા;
વિચારું કઇ જીવતી નિધનવાહિ કઇ પંક્તિઓ:
વિલોકું નર, ચિંતવું પ્રકૃતિશાયિ નારાયણ;
અને વિધિસમુદ્રમાં નિરખું ભંગ સંકલ્પના.

જલો અવનિનાં સજી અનિલ પાંખ, નિર્મલ બની,
તરે વિહગમાલ સંગ ફરતાં જ આકાશમાં;
સુવે ઢળતી ઝાડના ઘુમટકેરી શય્યા વિષે;
રચે ઝુલતી લક્ષગ્રંથિ કર સાહી તરુયુગ્મના;
ભરે કુસુમકોશમાં સ્ફટિક, મોતી વેરે દલે,
શકુંતકલગી ખચે ચળકણું હીરામય;
વિદગ્ધ તરુ ઢાંકી લે, ક્ષણ કરે કપિ ય શોભતા,
શિલા પણ પરિવ્રજે, કઠિન ચિત્ત કોમલ સરે.

વસે અહીં મઠો વિષે 'મુરતીઓ' ધરી ખાખ ને
વિરાગ મુખ પર, પરંતુ ઉર અન્ય જન જેહવાં;
નીચેની વસતી તણા સતત 'પંચભાગો' વળી
'પ્રસાદ' ચ્હડતા અહિં, જહર તેથી ભરતા જ એ.

ચ્હડે ઉપર ભાવિકો, હરખથી જ જાત્રાળુઓ,
ધરે 'ફુલ નહિ—તથાપિ ફુલપાંખડી' તે અહે;
ઘણી ગિરિની ઓષધિ, વન અનંત ફાલ્યાં ફળ્યાં;
—કુઠારિ, વળી કાછિયા, કણબી, માળી, વૈદો, અને
વિવેકહત-દર્દીના અધમ ઊંટવૈદો જ એ;
સમાધિછલ જાણતા, કપટબ્રહ્મચારી, સદા
અધોગતિ સ્વીકારતા ચશચશી જ ગાંજાકળી.

સ્મરે કવિ કહ્યું તમે, "કુદરતે બધું સુંદર
અને ફકત માનવી અધમ,"—એ અહીં તો ખરૂં.
અરે નહિ નહિ! અહિં પણ કદાપિ એકાદ કો
મઠોની કર્કશ શિલાભૂમિ વીંધી જ મૂળો ઉંડાં,
તજી ફલક વર્તમાન, પ્રાચીનથી પોષીને,
પુરાણ ઋષિયોગિનો તપ શમે અને જ્ઞાનમાં
સમોવડ બની રહે, હૃદય—બુદ્ધિ—આત્માથકી
પ્રસારી વળી કૌમુદી—ધવલ સૌમ્ય કિરણો સદા
ન હોય જડ કુદરતે ધરી રહે જ સૌન્દર્ય તે.

ચ્હડું ઉપર. હા! સખે, વિકટ આ ચ્હડાવે તમે
નહિં નિકટ, કર ચહે તમ ખભો જુની ટેવથી.
નહિં પગથિયાં રચ્યાં, પથર ધારવાળા લીસા,
અને તરુલતાતણી નિબિડ ઝાડી આ કારમી!
પદેપદ વળું નીચો, ઉઝરડા તથાપિ ખમું,
અને ક્યંહિં ક્યંહિં દીસે પદવિ વ્યાઘ્ર ચિત્તાતણી.

અહા! ગઈ જ ઝાડી, નિર્મલ લસે ઉંચું વ્યોમ શું!
—અરે, પ્રખર સૂર્ય, સત્વર વત્સને શો દમે!

દીસે કુદરતે અહીં રચ્યું શિલાતણું આસન,
તપાવ્યું રવિએ, તથાપિ ઘડિ થાક ઊતારૂં હું
નિહાળું પથ જે ચ્હડયો: જલ રસો જ નીચે રહ્યા;
જણાય ન જણાય સૃષ્ટિ સુંદર ગુંથેલી રંગેલી એ!
હવાદલ વિશાલ આ ભુખર દીપતું, તે મહિં
સરે રસળતાં જ મીન ખગ વાદળાં ઓ ડુબ્યાં!
મ્હણેની ઘનશ્યામ છાય નિજ મોહિનીમાં પુરી
લપેટી જતનેથી ખીણ લોભાવતી લોચન.
અહા, સ્વર મીઠો! ફરી! નગર આ શું ગંધર્વનું?
ફરી જ રણકાર!-હા, અનિલ! આવ, રમ આ દિશે.
પડેલ-તજી દીધ આ ઊંચી ટુંકો વિષે મંદિરો
રહ્યાં વિવિધ પંથ ને વિવિધ કાલનાં સ્મારક,
ધરે હજી સુકંઠ ઘંટ, અનિલો જ પૂજામિષે
વગાડી રમતા, વળી વહી જતા ધરી એ સ્વર,
સુનાવી પથિકો કરે ચકિત લોક વ્હેમી ભલા.

અહા મધુર ઘંટ, મંદિર વિશે અનાયાસથી
થતા મુખર,-શા વિચાર પ્રકટો તમે આ ઉરે
રહ્યો શું પૂર્વજ મહા પ્રબલસત્ત્વ આર્યોતણો
ખરો વિમલ ધર્મ ઘંટરવ મિષ્ટ આ કેવલ?
અહો જગતવંદ્ય ધર્મદ્યુતિ સેવતા પૂર્વજો!
ભગીરથ પ્રયત્નથી જગરહસ્ય પામ્યા તમે:
વહે અનિલ ઇશ્વરી નિયમથી, કદાપિ વહે
સ્વરો તમતણા, પડે શ્રવણ, તોય સમજાય ના.
કદાપિ નજરે ચ્હડે જીવતી મૂર્તિ તમ ધર્મની,
-ન એ નિજ પ્રકાશ રાખ-કજળ્યા જ તનખા સમો,

નપુંસક, શકે કરી પ્રકટ અન્ય આત્મા વિશે.
ગઈ ઘણી પ્રજા, ગયા વિરમી ધર્મ પણ કેટલા!
રહ્યાં વચન એમનાં, ફકત કલ્પનાસૃષ્ટિ એ
ગણાય, ગત કાલ સાહિત્ય ઇતિહાસમાં.
જશે ગરવી **આર્ય** જાતિ, **બ્ર**હ્માની પુત્રી વડી?
ત્રયી શમી જશે અભંગુર શું **ક્ષી**રસાગર વિશે?
થશે શું ભારત યુનાની **હો**મર તણાંજ કાવ્યો સમું?
નહિં શશિકલાધરી—ક્રુસ શું ધારશે મંદિરો?
સખે! ઉર તુટે, રુંધાય જીવ કાલ—ઓથારથી
—અને મુજ વિષે બળે અચુત આર્યકુલ પિતૃઓ!
પ્રભો, કિરણ આશનું! ધરતી કોરી દુષ્કાલમાં
ચહે સલિલજ્યોતિમેઘ ઊગારવા સંતતિ!

ચ્હડું ઉપર. હોંસ નાઃ ફક્ત પૂર્વ નિશ્ચયથકી
વધે પગ,—પડે કઠોર પડઘા પદાઘાતના.
અવાજ પણ એ સુવે પલ મહિં સુના આ સ્થલે,
મળી, ડુબી અશબ્દમાં, ગળી જઈ થતો ના થયો.
વસે શ્વસી લસી રહે વિશદ દિવ્ય **શાં**તિ અહીં,
ગભીર, સ્થિર સ્મિતભરી, જગત મેલ આત્માતણો,
વળી જગત પાપડંખ, દુઃખ સ્થૂલ રાગોતણા,
વિદારી, વિસરાવી, રૂઝ કરી, અંક સુવરાવીને
કરંતી નિજ ધામ યોગ્ય કૈં વિપથચારી આત્માશિશુ.

અનંત અવકાશનું હિત-સૃજંત ચેતન-ઉર!
અનંત-તત કાલનું સતસ્વરૂપ શાશ્વત—પ્રભ!

અનંત જીવયોનિના સગુણ કોટિ સંકલ્પનું
અવિકૃત નિધાન—આદિ—અવસાન શંકર્ષણ !
અનંતમુખ જે સ્ફુરે, સ્ફુરણમાં જ જીવી રહે
વિચાર–અભિલાપ–ગાન–રતિ, તે તણો ભાસ્કર !
ભજે ઉર ઉમંગથી, સરલ દીન શિશુભાવથી,
અનેક યુગદેશના કંઈ મહાનુભાવો તને:
પીતાં મૃતસજીવની વિમલ વારુણી તાહરી
દૃગો સકલ દેશ–કાલ–પ્રત્યક્ષ ઝાંખું લહે,
રગેરગ વહે મીઠું અમર જોમ શ્રદ્ધાતણું.
જશે કઈ પ્રજા? પડે કડડ ભાંગી શું રાજ્ય કો?
થશે અમુક ધર્મસંસ્કૃતિ તણો પ્રલય કે કદા?
—ભલે વિવિધ ખેલ કાલ નટરાજ વતાંવતો,
વસે તું નિજ રંગમાં, સકલ સૂત્ર તુજ હાથમાં.

બલવંતરાય.

૧૯

ગિરનારને ચરણે.

ઉગ્યું સવાર સુખરૂપ સખી! અમારું,
યાત્રા હવે શુભમુખી અમ ઊર્ધ્વગામી;
માંડી સિંહાસન રવિ ગિરનારશૃંગે
યાત્રાળુને કનકઅંગુલિથી નિમન્ત્રે.
આકાશમાંથી ઉડુમંડલ સંચર્યું તું,
આતિથ્યઅર્ધ્ય રવિ એક જ અર્પતો'તો:
તે લેઈ લેઈ નમણું ઉર નામતું 'તું,
લીલાવિમુગ્ધ પડતું લચ્યા દેવપાદે.

પ્રાચી વિશે વિચરતા અમ સૂર્યદેશે,
જ્યાં તેજનાં ઝરણ કોટિક ફૂટતાં'તાં:
જ્યાં ઊડતા અમિત ભાર્ગવના ફુવારા:
આત્મનતૃષા છીપવવા લીધ પન્થ ત્યાંના.
ન્હોતી સીમા ગગનનીય રચન્તી બાધા,
ન્હોતી સીમા જગત કે જગબન્ધનોની:
ન્હોતાં જ સંકલન તે સ્થલકાલકેરાં:
નિઃસીમ એમ વહતા પ્રભુના પ્રવાહે.
લેતા વિરાટ પગલાં સખી ! વિશ્વગોળે,
વર્ષો સહસ્ર કુદતા મૃગલાની ફાળે:
ઊભા પુરાણતીર, લોચન વર્તમાન:
એવું હતું બલ વિભુ નવ પ્રેરણાનું.
હા ! કાલરાશિ સરિખા ગિરિ રાજતા તે,
ને એક ભૂતકણ ત્યાં ચરણે પડેલો:
રાજેન્દ્ર કો થઇ ગયા સખી ! ધર્મગોપ્તા,
તે ગાય વંશવિધુની ગુણવંત ગાથા.
શું સ્થૂલસૂક્ષ્મ લહરી નથી એક પૂરે ?
શું સ્થૂલ નેત્ર નવ ચેતનમન્ત્ર વાંચે ?
શું સૂક્ષ્મની ન વશી સુન્દરતા સ્થૂલોમાં ?
શું સ્થૂલમાં ન ઉભરે ચિર ચેતનત્વ ?
જોયું અમે ગિરિકણે, સ્થૂલની શિલામાં,
જોયું અમે ઉંડું ઉંડું, અદ્ભુત દીઠું:
તે એક શૈલકણના ઉરમાંહિ જોતાં
ઇતિહાસવાહી લીધ દર્શન ત્યાં પ્રભુનાં.

આદ્યન્ત આ જગત્ જીવનને ભરીને
ઘોરે અઘોર નીર સાગર કાલ કેરો;
ને તે મહાકમલની દલપાંદડીમાં
મોંઘો સખી! પરમ બ્રહ્મપરાગ ઊડે.
મારી છલંગ સખી! સાગર એક કૂદ્યા:
નિહાળ્યું ભારત સુસાત્ત્વિક વન્દનીય:
નિહાળી શ્વેત ગિરિમાળની હિમભૂમિ,
ને સાધુસાધ્વીની દીઠી મહિં શિવ રેખા:
ઓળંગી એ હિમભૂમિ, જલધિની ઝાડી,
આહ્લાદિની વિચરતી દીઠી ધર્મધેનુ:
ત્યાં નિરખી સુભગરાઘવપાદ લંકા,
ને વીરવીરી બટુકો મહિં સ્તોત્ર ગાતાં:
સિદ્ધાર્થ દેવ દીધ ભારતી એક વત્સા,
પોષી સહર્ષ સુરનન્દિની ચન્દ્રગુપ્તે;
હે ખંડ ખંડ દુધ રાજર્ષિ અશોક:
સૌ એક શૈલકણમાં ગૂઢ પ્રાણ! દીઠું.
ગાલે ઢળે નમણી પાંપણ અર્ધ મીંચી,
ઢાંકે પુન: પુન: પાલવ ઉરદેશ;
સંકારી કાર સરતી કરવેલડીએ:
તેના નથી રસિક શાસ્ત્રીય ભાષ્યકારો?
દીઠી શિલા મહિં ય સાગરની સમૃદ્ધિ,
દીઠો સ્થૂલે મહત્ ચેતનઓઘ વ્હેતો:
તો શૈલને જડ પછી વદવું સખી! કાં?
તો શૈલને જડ કહી સખી! નિન્દવું શેં?

જ્યોતિ ઝીલી મહત્ભાવ દિનેશ કેરી,
સત્કારી સપ્રભ વિશાલ કૃપાની ધારા,
ચાલ્યા અમે પછી પીતા જ વરેણ્ય ભર્ગ
આતિથ્ય દેવકુલનું સખી ! યાચવાને.

ન્હાનાલાલ.

૨૦

ટેકરીયોમાં એક સાંઝનો સમય.

ગરબી.

(ઇતિહાસની આરસી, એ ચાલ.)

પડ પાછળ પડ રચી ઊભાં શિખર ગિરિવર કેરાં,
રચી અર્ધચક્રનો વ્યૂહ ગુંથાયાં અહિં ભેળાં;
ઘેરી ઊભાં આ ઉચ્ચભૂમિ, નિરખી રહેતાં
ટગટગ કરી ભરઆશ્ચર્યભાવ અંગે લેતાં.
નિર્જન વનમાં આ વેળ શૂન્યતા શી વ્યાપી,
વ્યાપી પેઠી ગિરિહૃદય, શાંતિસત્તા સ્થાપી,
અહિં શાંતિશૂન્યતાપૂર સીંચ્યું અંગો અંગે,
ધારે ટેકરિયો સર્વ, વૃક્ષ પણ તે સંગે.
ગંભીરશાંતિસરજળે વિશ્વ અહિંનું ડૂબ્યું,—
અહિં ભય આશ્ચર્યનું સત્ત્વમૂર્તિમત્ શું ઊભું !
આ સ્થળ મીઠી નીંદરે સૂતી શાંતિદેવી,
તેને ટેકરિયો સર્વ નિરખી રહી આ કેવી !

આ એક શિખરના સ્કન્ધ ઉપર ડોકું જ કરી
પાછળ ઊભું બીજું શિખર નિરખતું શું ફરી ફરી !
ગિરિટોચ છૂટાં તરૂ ઊભાં ચોકી કરતાં જ શકે !
તે પણ અહિં અચરજ ધરી શાંતિ સૂતી નિરખે;
નિરખે જો વળી ઉપરે ચઢી વ્યોમ–અટારી
ચંદ્રા કૌતુકથી ભરી મંદ સ્મિત મુખ ધારી;
નિરખે વળી સન્ધ્યાદેવી રંગ નારંગ ઉરે,
ધરી શુક્રતારલો બાળ, ભરી આશ્ચર્ય પૂરે;
એ શુક્રબાળ પણ રહ્યો નિરખી કૌતકભરિયો
નિજ દિવ્ય રૂપેરી નેન નાંખતો શો ઠરિયો !
આ વેળ રઝળતું કોઇ પંખી રવ ઝીણ કરે,
કે દૂર ગ્રામના વાસ વિશે કલકલ ઉભરે,
તે પણ અહિં જાતા ડૂબી શૂન્યતાપૂર મહિં,
ને શાન્તિતણું સામ્રાજ્ય અડગ રહેતું જ અહિં.
ને મધ્યરજનિ નભકુહર વિશે ધસમસી બારે
વ્હેતો અણદીઠો પવનસિંધુ ધુધવે જ્યારે,
ત્યારે પણ અહિં જે સૂતી શાંતિ તે નવ જાગે,
ગાજે સ્વચ્છંદ સમીર ભલે એની આગે.
આ નિબિડ શાંતિનું સ્થાન ઈશ ! તેં વ્યર્થ નહિં
રચિયું, કંઇ ગૂઢો ભાવ અર્પિયો એહ મહિં.
આ શાંતિપૂરનો અંશ હૃદય મુજ સીંચી લઉં,
એ અમોલ ફળનો લાભ લઈ હું કૃતાર્થ થઉં.

નરસિંહરાવ.

૨૧

પ્રેયસાગર.

(મંદાક્રાંતા.)

શાંતિ! શાંતિ! ઝરમર ઝરી ગઇ ગળી વાદળી આ,
અંધારી • નીરવછદગતિ શૈલશૃંગે સરી આઃ
ઊંચો દીપે ઘુમટ ફરીથી વ્યોમકેરો વિશાલ,
જેમાં તારાજડિત લટકે કૈંક રેખાભ્રમાલ.
બેઠો બેઠો સખા સહિત હું માલતીમંડપે ત્યાં,
ધારા જોતો, શ્રવણ ભરતો નૃત્યથી બુદ્બુદોનાં,
ત્યાં ગઇ ધારા, શમી વળી ગયા બુદ્બુદો, ને નિહાળ્યા
શૈલો વચ્ચે સર નભ સમું, મસ્તકે વ્યોમ, તારા.
ને કોરેથી સલિલ ફરક્યું, શુભ્ર ચળક્યું, અને જ્યાં,
વૃક્ષો સીંચી જલ નથી રહ્યાં ડાળીઓનાં ભૂમિમાં,
ત્યાં એ આખું સર લસી રહ્યું નીલશુક્તિ જ જેવું,
—પાછું જોતાં, ગિરિપર લસે ઇન્દુનું બિંબ કેવું!
"વ્હાલા, જોયું!"—અયિ શશિગણે સાર આ ચિત્ર કેરો!
જાણે? ત્હારો સ્વર સરગિરિ વ્યોમમાં મંજુ કેવો!

બળવંતરાય.

૨૨

એક ચિત્રદર્શન.

(હરિગીત છંદ)

કવિઆદ્ય વાલ્મિક, વ્યાસ, કાલિદાસ આદિ વિનાશથી;
ગંધર્વ વેદ પ્રકાશ નારદકળા શારદ જ્યાં શમી:
જ્યાં વિશ્વકર્માદિ કળાધર સ્મરણ રણ રઝળ્યા પછી—

પ્રતિ રસિક હૃદય રસાવતી થઇ ચિત્રવિદ્યા અણછતી!
જ્યાં ચિત્રપ્રતિમાકાર, ગાયક, કવિ રૂડા ભુજ મુખ નહિં—
ઉદ્વેગ પામી સ્વતંત્ર બળકળ વિકળ ધારી તું રહી!
હા! નૂર ક્યાં તુજ ઉડી ગયું? શું શૂર પણ સ્વપ્નું થયું?
ઉલ્લાસ ને ઉત્સાહનું પણ પૂર હાય! ગયું વહ્યું!
થા ભારતભૂમિ સચેત! તુજ મૂર્છા હવે પાછી વાળો!
તુજ કળા–શ્રી ઝળકાવતો પામો ઉદે દિન ઊજળો!
સમૃદ્ધિ સર્વ પ્રકારની ગઇ, નિરખિ દુઃખિ સરસ્વતી
નિજ હંસ ગુણ અવંતસ ચિત્ર કળાંશ પ્રેરે ભાવથી!
વાહન વિના આ તેહના સૌભાગ્ય ક્યાં બીજે ખુલે;
કલ્પના રૂપી કમળ તંતુ ન હંસ મુખ તો ક્યાં મળે;
જન સૃષ્ટિનું સૌંદર્ય તાદૃશ દાખવે ચેતન દઈ!
વરતર્ક મુક્તાફળ ચરે, પછી સંભવે શું ત્યાં નહિં!
અરણ્ય આ રમણીય રેખા, રાગ, રસ, સૌભાગ્યથી
અવનવું આલેખ્યું સુઅદ્ભુત, ગુણ પરાગ અથાગથી!
શી ઝરણી વાંકી ચુકી વે'છે ધરણિ આ સફળા કરી
સુ–વનસ્પતિ રોમાંચ શોભિત ગિરિચરણ ચુંબન–કરી!
આકાશમાં શરદભ્ર મંડળ વિમળ શું શોભી રહ્યું!
જુગ પક્ષી દૃગ આનંદતું મન મોરનું લોભી રહ્યું!
શુભ શ્વેત પુષ્પની ચમરિથિ દીપંતી, માળા મુગટથી–
હરિયાળી ક્ષેત્રભુમી શી ઝળકી આ રહી અહિં ઓપતી!
આ ઢોર ખેડુત, બાપડો તરુ છેદવા વાંકો વળે!
આ મસ્તકે ધરી ઘાસ કે જળ–પાત્ર વનિતાદિક વળે!
ત્યાં સુધા ધવલ સુગંધથી દીપતા ફુપન આગળે!

ધોરી ધુરંધર ધોર થંભિ રહ્યા, રહ્યું થાળે જળે!
શી પગથિ કાપી કાઢિ છાયા શી આલેખી સમસ્તની!
અહિ ખુશનુમા કુદરતી ખુબી ચિતરી! કલમે મસ્ત શી!
આ વૃક્ષ શોભિત સામસામાં વાત અભ્રથિ કરી રહ્યાં—
નિજ વિમળ પત્ર પ્રભાથી ઉજળી ડાળો બાહુ ભિડી અહા!
કૃપિદળ સ્વચ્છંદ રમણ કરે ભ્રમણા વિશે ન ભુલીં પડે!
કંઇ કોઈ જોડ ઘચુમલે તરૂને હરે કોડે વડે!
આ ચડે વૃક્ષ વિલોકિ વિમુખ કપિ, ભિડે એ બાથ ત્યાં
ધુરકી રહ્યો વાનર! ખભે વાંસી ધરી ભરવાડ જ્યાં!
આ આમ તેમ છુટાં છવાયાં અજાજુથ નિડર ચરે
ત્યાં હરિણમંડળ હરખમાં નિઃશંક એહ હરે ફરે!
એ ઉતરવા તત્પર થઇ વૃક્ષાગ્રથી કેકી નમે!
ગંભીર રસ શૃંગારપ્રતિમા સરસ સારસ આ ભમે!
ગિરિ શિખર શોભા ખડક ખૂબી—નદીના સુપ્રવાહમાં
ચક્રચકિત સર્વ સકેત સઢ ફરફરે એવાં નાવ આ—
ગુલમ્હોરઆદિ સપુષ્પ વૃક્ષ અનેકની રચના રૂડી—
વીંટાતિ વેલડી આ અહિં તહીં બધાથી હદ વળી વડા!
આ દૂર પર્વત ટોચ ઉપર પૂર્ણ ચંદ્ર કળા સમી
શી દેરડી ઝળકી રહી! પત્રને ધજા શી રહી નમી!
તે માર્ગ ચડતા ઉતરિ વળતો ખિણ વિશે કે ગિરિશિરે—
સુવિચિત્ર વેષથી ભક્તજન ભાવિક સ્થળસ્થળ તરવરે!
એક ચકિત અશ્વ વિલોકિ મહિપ તથા પુરુષ બીજો વળી
પગ ખડગ આગળ વક્રધારી, પુંઠ વરણે ઉજળી
ધરી—તરતિ કરતો ચમર પુચ્છે જળ પીએ મન મોહતું—

એમ જોકું જંગલી હયતણું સરિતા પ્રવાહે સોહતું !
આભો બનેલો આ ઉભો રાભો ગ્રહી કર સારડી
ભડાક ભડકી જડ ભેંસ પણ પાણી પિયે ના એ ઘડી !
એવી રીતે ચિતરી અલૌકિક રસ ભરી નાના વિધે-
વન ગ્રામ લીલા સૃષ્ટિનું સૌંદર્ય જેની ખુબી વધે !
આ ચિત્રમાં મુજ ઉક્તિ નબળી ક્યમ કરી પુરી વર્ણવે ?
સાનંદ આશ્ચર્યથી દષ્ટિ સ્થળે સ્થળ જ્યાં ઠરી રહે !
મુજ ધન્ય ગુર્જરભૂમિ તું ! બડ ભાગ્ય આ તુજ બાળથી !
પૂરધન્ય **વીર**–ક્ષેત્ર તું ! દીપતું તેમ વિશાળથી !
અંકે લહી આનંદ માને આજ ચિત્રક **હંસ** આ !
ગાયન તથા કવિતા તણા શશિ સુરજ પણ તારા અહા !
તે પૂર્ણ **પ્રેમાનંદ** અનુપમ **બક્ષમોલા** સાથમાં
દિન દિન કળાથી ધવળ ઉજ્વળ **હંસ** ઉદયે રો'સદા !

હરિલાલ ધ્રુવ.

૨૩

વર્ષાવર્ણન.

(કટાવ)

ધન્ય ધન્ય ઓ ચિત્ત મુજ તું ! ભાગ્યશાળી ના
તું જેવું કો મ્હેં તો દીઠું; ભમી ભમી દુઃખ-
પારાવારે, દુસ્તર વાચિ ઘણી તરીને,
દિવ્ય દેશને કાંઠે આખર આવ્યું છે તું;
રાચ ! રાચ ! રતિ સજી રે ! વિશ્વમાં રતિ ઘણી હજી રે !

૫૧

ગિરિવરકેરે શૈલે શૈલે, વૃક્ષમાત્રને
પત્રે પત્રે, નદીની ઊર્મિ ઊર્મિ ઉપર,
વાયુની લહરી લહરી સાથે, પશુ પક્ષીને
અંગે અંગે— શબ્દે શબ્દે, મેઘમાળને
ખંડે ખંડે, અંશુનાથને કિરણે કિરણે,
નાચે લક્ષ્મી વિવિધ વેશથી વિવિધ રંગમાં
ચંચળ ચપળા હાવભાવ કરી રમણીય કેવા ?
જોની જોની રતિ સજી રે ! વિશ્વમાં.

× × × × × ×

અહો ! રતિ જડ જળધરગણમાં શી આ આ દેખું–
નહિ ચેતનમાં જે કદી દીઠી ! ઉંઘું છું કે
જાગું છું આ ? વિવિધ રૂપ લઇ વારિપુંજ આ,
કંઇ હાથી બની શુણ્ડ ઉછાળી ગંભીર ગાજે;
વ્યાઘ્રાકારી પુચ્છ પછાડી દોડે પેલો.

× × × × ×

વળી પણે શી સુન્દર જાળી શ્વેત મેઘના
પડી રહી છે ! વળી અગાડી ધીર સમીરે
સરવર ઉપર રમ્ય રચેલી નાજુક લહરી
વાંકાચુકી એક બીજાની આગળ પાછળ
કંઇ સંધાતી, કંઇ ત્રુટતી ધીમે ધીમે
પ્રસરે, તેવી જ પાડી મેઘમાં ભાત શી દીસે
લ્હેરીયાંની આ ! સ્તમ્ભ સમાંતર મ્હોટ મ્હોટ બની
વ્યોમઘુમટને ધરી રાખવા પણે રહ્યા છે.
પણ એ પાછા ગતિમાન આ થયાજ દીસતા
રવિરાજની પાસે આવે. ગજગતિથી ગજ—

ચરણસમાન શું ? પણ અંધારે આગળ આ શું
થતું દીસે છે ? હાં હાં —એ તો સલિલભારથી
શ્યામ ચળકતો મૃદંગ સ્વર્ગનો—નીકર રતિનો—
બની ગાજતો મન્દ્ર મનોહર, પવનપીઠ પર
બેસી. દોડે સાથે પયોધર, બીજા મેઘને
ભેટી કરતો લીન સ્વહૃદયે, થાકી ગયેલા
ઉષ્ણરશ્મિને ખભે સુવાડી, વધ્યો અગાડી,
દિગન્ત સર્વે દીધા જ છાઇ ! મેઘ સર્વ, રવિ,
તારા, ને નભ, સર્વ આજ રતિ હૃદયે ગ્રહીને
એકરૂપ જે થયાં જ તેનું દિગન્તવ્યાપી
શરીર જળધર કૃષ્ણવિષ્ણુરૂપ આ છે નક્કી !
સ્નેહ એકલો એને ચિત્તે—સ્નેહ એકલો
એને ચિત્તે—તે જ સ્નેહને દેખી મ્હારા
ઉરથી ઉછળ્યો સ્નેહ નક્કી આ ! સ્નેહ, લક્ષ્મી, ને,
આનંદની આ ત્રિપુટી આજે એકબીજાને
બાઝીને વા એકબીજામાં લીન થઇને
એક બીજામાં શીવાઇ જઇને આજ રહી છે !
નથી હૃદય મુજ ભુવનથી જુદું; નથી ભુવન વા
મુજથી જુદું ! એક, એક, આ સર્વ ભુવન છે.
ભુવન, લક્ષ્મી, આનંદ, એકઠાં ગાનયોગમાં
લીન બની જશે રતિના ગાતાં ! નહિ હું પણ કંઇ
મુજને દેખું ! અન્ધ બની રતિ-કીર્તિ ગાઉં છું !
ગાઉં છું રતિ સજીરે ! વિશ્વમાં.

× × × ×

જો ! જો ! જો ! આ ત્રુટી પડ્યો શો મેઘ જોરથી

નભકટિપરથી, પ્રસારી લાંબા ધારાકરને
ધરતીને ઝટ બાઝી પડવા ! અહો પવન પણ
વચમાં આવી સુ સુ સુ સુ કરતો ઝટ્ટ ઝાપટી
ગભરાવી લઇ લેઈ બાથમાં ધારાપટને
શો આ દ્દોડે હા હા હા હા કરીને હસતો
ઉચ્ચ સ્વરથી ! અરે, મુકી આ પાછો દેઇ
તેને ચાલ્યો અવર દિશામાં માતરિશ્વ, ને
મન્દ ઝાપટું પડી ગયું ને રૂમઝુમ રૂમઝુમ
રૂમઝુમ કરતું થાકી હાંફતું હળવે હળવે
પાછું પડી એ જાય ભૂમિભણી. જીવતો રહેજે !
જીવતો રહેજે ! અગણિત વર્ષો વિશે તું રસધર !
સ્નેહગર્ભ તું તહારી પેઠે, જોને, આજે
ભુવન સર્વ છે, અમીદૃષ્ટિ તે ઉપર કરી તું
રાચ ! રાચ રતિ સજી રે ! વિશ્વમાં૦
પડી રહ્યો એ મેઘ એટલે શાં ખેચરનાં
ટોળે ટોળાં સ્વતંત્ર થાતાં સ્વસુખ કેરા
અંક વિશે ફરી કલોલથી કોલાહલ કરતાં
આવે પાછાં ! હર્ષ-પ્રમત્ત બનીને આવે
એક બીજાને અંટીવાળે, ઉડે ઉપર ને
નીચે પાછાં ! ચક્રગતિ કરી, રાસ રમી, ગીત
મનહર ગાઇ આણી મુક્યું વૃન્દાવન આજે
વિષ્ણુપદમાં શું આ પાછું ? અહો ! પણે પણ,
જોને, અધિક જ કૌતુકકર્પિ થાય શું પેલું ?
સ્નેહવિષ્ણુરૂપ કૃષ્ણમુકુટશિખીકલાપકેરી

કમાન સુંદર ! આછી આછી દિવસદીપસમ
પ્રથમ ભાસતી ! વધ્યો પ્રકાશ ! વધ્યા વળી રંગ !
વિલાસી બન્યા રતિમૂઢ કરાકર સૂર્યતણાં
જલદોદરમાં પ્રસરી નવ રૂપ ગ્રહે અતિ સુન્દર;
નામ કહે જન "અમ્બુદચાપ." મને પણ લાગતી
સ્નેહકમાન વીંટી સઉ ભૂમિ અને નભને
લઇ લેતી સ્વગોળ વિષે જયિની; મન જો ! મન જો !
રતિ રંગ કરે ઇતરેતરશું બહુ આજ સઉ;
નીલ, લાલ, પીળો, વળી ચાર બીજા, રમી એક બીજા-
તણી સાથ રહ્યા, કરઅશ્વઉપર રવિ બેસી ફરે,
મુખ સાત ધરે હય તે જ ! તું તે, મન જો ! મન જો !
ફરી જો ! ફરી જો ! પણ એ ભળી ગઇ નિજ મૂળ વિષે
રતિ ગાઢ ધરી:-પ્રભુ સ્નેહતણી અકળિત લીલા
મન તેં પરખી.-નીરખી લઇ લઇ-નીરખી પરખી
લીધ ! લીધ રતિ સજી રે વિશ્વમાં૦

ગોવર્ધનરામ.

૨૪

વૃષ્ટિ.

(મહીદીપની ચાલ.)

રસ રસ રસ કરી દીધું જ જગત પલકમાંહી !
શીત શીત શીત કરી જ ગાત્ર ઉધ્ધને વધારી ! ધ્રુવ.
રસદ ઘનઉરથી ઉતરી ઉતરી હું કવિતા
ઝાપટે પડું છું ત્યાં જ દ્રવતી ધરતી ધીરા....રસ૦

× × × ×

પડું પડું ઉચ્ચ અભ્રઉરથી; સરૂં જ ધરતી ઉર,
રસ રસ થતી ધરતી એવી લીલું વપુ ધરી ઝુરે....રસ૦

× × × ×

કદી હું રમતી રમતી ઉતરૂં આડી ધીમી ધીમા ને
નિસરણિ મુજ સમીર થાય, મુકું પડતું વળી પડીને...રસ૦
ટપક ટપક પડતી બોલું મીઠડું ઝીણું હું,
ધડ ધડ વળી દોડી પડું, ખડ ખડ જ હસું હું,...રસ૦
કુસુમવૃષ્ટિ સમી જ દેહ—કદી વળી સરૂં—ધારી,
ઉભી ઉભી પડું ફોરા દ્દી જેમ ઝરતી ઘણીક ઝારી...રસ૦
કદી સરતી ન દેખાઉં, તોય પડું જ નીચી આવી:
યમ સમી પડું એમ પણ હું પડું જીવને જ લાવી...રસ૦
જગત આ સમય ઉંઘતું, તોય ગતિ મ્હારી
પરખશે, પ્રભાતની જ નવલ છબી નીહાળી...રસ૦
રસ રસ રસ કરી જ દીધું જગત આમ મ્હેં તો!
રડતું હોય તોય રસથી ઓગળ્યું જ એ તો!...રસ૦
રસ રસ રસ ઉરમાં જનો તણે હું પ્રેરૂં;
રસ ચેપી ભરૂં સૃષ્ટિમાં, તો રસ જ દ્રવે મેરૂ...રસ૦
મુજ પ્રભાવ એમ વિષમ સકળ જગત ઉરે
લલિત ચલિત રસની લહરી ફુંકી ફુંકી ખુલે...રસ૦
રસસમીર ફુંકું, ત્યાં જ કંઈક હૃદય કમ્પે:
કંઈક હૃદય ફેરી વળી જુની ઝાળ જમ્પે...રસ૦
નાચું તરૂને પાંદડે ને ઉડું વાયું બાઝી:
ઘનથી નીચી ઝુકું જ, જ્યાં રહે તડિત ગાજી...રસ૦
પૃથ્વીમાં ને વ્યોમમાં ને અંતરાલભાગે:
રસથી એમ ઝુકું, ત્યાં જ ચમકી જગત જાગે...રસ૦

ગોવર્ધનરામ.

૨૫

સાગર હેલી ઉઘડતી વખતની રચના.

(ગરબી.)

(જમનાજળ ભરવું મ્હારે કુંવર કન્હૈયા રે, એ ચાલ.)

ઘૌદેવી દીર્ઘકાળ મેઘે બંદી કીધી રે,
ઘન કારાગૃહની માંહ્ય પૂરી દીધી રે,
એવું નિરખી દેવીનો કાંત રવિ આ હારે રે
તોડી નાંખી કારાદ્વારા પાદપ્રહારે રે,
કીધી ઘૌદેવીને મુક્ત, એ હસતી ઉલાસે રે,
તેને ભૂમિસખી નિરખંતી રહી પ્રતિહાસે રે.
હવે જાણું જે પ્રલય કરંત મેઘ જશે ન્હાશી રે,—
ત્યારે જો ને એકાએક રચના આ શી રે !

(સાખી)—પવનતુરંગ પલાણીને આવ્યું ઘનદળ આમ !
જોતામાં સહુ દિશ ઝુકી, કરે વૃષ્ટિપ્રહારો સહુ ઠામ;

ક્હિં સંતાયલી જો સેના મેઘની આવી રે,
ઘૌદેવીને અહીં લઈ જોરે અતિશ અકળાવી રે.
ફરી વર્તાવ્યું સામ્રાજ્ય જો ઘનરાયે રે,
ક્યાં સંતાયો રવિરાય, કંઈ ના જણાયે રે.
આહા ! પાછી જો પલટાઈ રચના કેવી રે,
પડયે જાતી વૃષ્ટિની ધારા એવી ને એવી રે,
તો એ કો કો સ્થળ રવિતેજ ભેદી પ્રકાશ્યું રે,
દ્યુતિલીલા વૃષ્ટિની સંગ પ્રકાશી આ શું રે ?

(સાખી)—જેવી કો મૃદુ સુંદરી રુદન કરંતી જાય,
મહિં વેરે સ્મિત ચળકતાં, એવી રચના આ રમ્ય જણાય !

હવે જાશે ઘનનું જોર એવું ભાસે રે,
અટક્યો વર્ષાઘાત, ને આમ જો આકાશે રે
છિન્ન છિન્ન થયો શતખંડ મંડપ ઘનનો રે,
ને દેખાયો ભૂરો ગભીર ઉદધિ ગગનનો રે;
ભૂરા ઊંડા એ સાગરમાંહિં ધરી દ્વીપલીલા રે
શા મેઘખંડ સુવિશાળ કર્યાં રંગીલા રે !
ને નીચે લીલેરૂં આ ક્ષેત્ર ટેકરી તે પારે રે,
દેવાલય ઊભું ભવ્ય ટોચે તે દ્વારે રે,
રવિકિરણે ચુમ્બિત તેનાં શિખર વિરાજે રે,
તેની ઉપર ઇન્દ્રધનુ રમ્ય રચ્યું રવિરાજે રે:
(સાખી)—ઇન્દ્ર—ધનુ આલેખિયું ગગનપટે રવિરાય,
મેઘાસુરસંહારનું એ વિજયતોરણ શું જણાય !
આમ વિજયી જો રવિરાય દ્યોદેવી સંગે રે
રંગે રમતો મલકાય પડ્યો તે ઉછરંગે રે !
એવા વિજયલગ્નનાં ગીત ચોગમ ગાજ્યાં રે,
મીઠાં પંખીડાં હર્ષનાદ કરીને નાચ્યાં રે,
અને મધુર મધુકરવૃન્દ સ્થળ સ્થળ ગુંજે રે;
વૃક્ષવેલી કુસુમ ઉપહાર અર્પે કુંજે રે.
લીલી ભૂમિ વર્ષાબિન્દુ તૃણતૃણ ધારી રે,
અર્પે ભરીને મરકત થાળ મોતીડાં ભારી રે;
(સાખી)—એમ વિજય વ્યાપી રહ્યો જગ રેલ્યો ઉછરંગ,
એવા વિજયી લગ્નનો મુજ હ્યડે લાગ્યો રંગ;
રંગાઇ હ્યડું મ્હારૂં કરે ગુંજારો રે,
હું એ અર્પું પ્રેમે કાવ્યકુસુમઉપહારો રે.

નરસિંહરાવ.

२६

મેઘને.

(મિશ્રહરિગીત.)

૧

ઓ મેઘ ! વૃષ્ટિ લાવજે,
તુજ રેલ અહિં રેલાવજે !
ગડગડ કરી,
ભડભડ ભરી,
રણવાદ્ય તુજ વગડાવજે !—
ધરણી વિશે કંઇ તાપના સંતાપ છે,
પૂંઠે પડ્યાં મનહરમુખી કંઇ પાપ છે;
એ સર્વને તુજ રેલમાં ઘસડી જઇ હોમાવજે;
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! દૂર દૂર સર્વ એ વ્હેવડાવજે !

૨

આકાશને સહુ છાઇ દે,
તુજ સફળ દળની વધાઇ દે;
સરસર સરી,
રસરસ ઝરી
જગને અમીરસ પાઇ દે !—
નિર્દોષ કંઇ જગબાળકો અથડાય છે,
જીવન નીરસ ગણીને નિરાશ જ થાય છે,
તું તેમનાં ઉર છાઇને આશા નવી અંકાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! રસરસ અંતરે ઉજાળાવજે !

૩

તુજ બાણુ રંગિન તાણજે,
મહિં રંગ હસતા આણજે;
દિનકરતણા
મુખ સમના
હયના ખુંખાર પ્રમાણજે !—
શુદ્ધ પ્રેમને જગમાં હું જોઉં રીબતો,
બહુ શોકઘેરા રંગમાં ડૂબી જતો;
એ પ્રેમમાં તુજ બાણુના રંગો મુદિત રંગાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! તુજ શીત હાસ્યમાંહિં હસાવજે !

૪

તુજ દાન દેતો ચૂમીને
કર તૃપ્ત ભૂખી ભૂમિને !—
સહુ ભય હરી,
જય જય કરી,
ઉર ઢારશે પદ ચૂમીને !—
ભૂખ્યાં ભૂખ્યાં આ જગતનાં બહુ માનવી,
તૃષ્ણા ઊંડી અતિ વિકટ છે સહુ જાણવી;
જરી વેળ પણ તું તેમની ઊંડી ભૂખને ભૂલાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! જય જય ત્હારી ત્યાં ઉચરાવજે !

૫

અયિ ! કૂદતો કંઈ આવજે !
ભર સિંધુને ઉછળાવજે !
જળપૂરમાં
ખુબ શૂરમાં
નદી ને ઝરા દોડાવજે !—

આ દેશનું વીરત્વ મંદ પડી ગયું,
ઉડ્યું તેજ, કાળપ્રહાર સહી જ રડી રહ્યું;
તેને જગાવી મંત્ર ફૂંકી ઊર્મિઓ ઉકળાવજે,
ઓ મેઘ! કર કર વૃષ્ટિ! હરહર વીર હાક પડાવજે!

૬

જળધોધ ત્હારા ઢોળતો
પડ ગ્રીષ્મને ચગદોળતો;
નભ ભરી નીરે
તુજ રિપુશિરે
નાચે રહે રણ રોળતો!—
જૂઠાં કલહ ને કપટ આ સંસારમાં,
વળી ક્રૂરતા ને દ્વેષ કંઇ નરનારમાં;
એ સર્વ સુખરિપુને જગતમાંથી હરાવી હઠાવજે,
ઓ મેઘ! કર કર વૃષ્ટિ! સૌ તુજ ધોધમાં વ્હેવડાવજે!

૭

ઓ મેઘ! વૃષ્ટિ લાવજે!
પશુપંખીને હરખાવજે!
તુજ રવ ભરી
છલછલ કરી
ઉર ગાનમાં છલકાવજે!—
કવિ—અંતરે કદી શુષ્કતા આવી વસે,
નીરસ કદરહિણુ જગતથી મંદ જ થશે;
તેને ફરી તું જગાવીને તુજ ગાનપાન કરાવજે,
ઓ મેઘ! કર કર વૃષ્ટિ! તુજશું કલ્પના વ્હેવડાવજે!

૮

રસધર ! ઉતર આકાશથી !
રમિયે અહીં ઉલ્લાસથી
જગ અણદિઠા
અદ્‌ભુત મીઠા
કંઇ ખેલ રાસવિલાસથી !
મુજ હૃદયને ચમકારથી ચમકાવી દે !
રસ દિવ્યધામથકી ઊંડા મધુ લાવી દે !
રે આવ ! કુદિયે નાચિયે ! કંઇ વિવિધભાવ જગાવિયે !
આ મેઘ ! કર કર વૃષ્ટિ ! જગને રસરસે ન્હવડાવિયે !

ખબરદાર.

૨૭

સર્ગદર્શન.

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

મધ્યાહ્ને વર્ષાંદ થઈ દિવસમાં માધુર્ય રેડી ગયો,
વ્યોમે એકજ વાદળી કનકની ગુંથેલી મેલી ગયો;
જોતામાં મુજ નેત્ર ત્યાં ઠરી ગયું ને સ્તબ્ધ ઇન્દ્રિયગણે
જોયું સાંભળ્યું જેહ અંતર લહ્યું, વાણી કયમે તે ભણે.
એ સૌવર્ણ પયોદમાં નિરખી મેં જ્યોતિભરેલી જટા,
જેના શુભ્ર મરીચિ સ્વર્ગ અડીને બ્રહ્માંડમાં વ્યાપતા;
ને એ કેશકલાપધારિ નિરખ્યો અબ્રાસને શોભતો,
મૂર્ત્તિ યોગતણી, છબી પ્રણયની, સર્ગધ્વનિ ગુંજતો.
એ ગુંજારવના સુકોમલ અને ગંભીર મીઠા સ્વરો
વાધ્યા, શાંતિ પ્રસારતા, ઉઘડતા આત્માકલિનાં દલો;

ને એ ગીતપ્રવાહ, એ શુચિ જટા જ્યોતિ ફુવારામહીં,
આત્માઓ ઉડતા અસંખ્ય નિરખ્યા, પીતા દ્યુતિ ને ધ્વનિ.
જ્યોતિસ્તંભ જલાશયે રવિ રચે ત્યાં જેમ મત્સ્યો બધા,
રહે સર્વત્ર પરંતુ સ્તંભજલમાં આવી જ થાતા છતા;
રંગો જેમ અનંત વારિકણમાં છૂપા રહે સર્વદા,
ને જ્યાં મેઘ કમાન ખેંચી વિલસે ત્યારેજ થાતા છતા;
ગંધો જેમ અસંખ્ય દ્રવ્યકણમાં રાચે લપાઇ સદા,
ને જ્યારે ઋતુરાજ રાસ રમતો ત્યારે જ થાતા છતા;
પ્રેમો જેમ ચરાચરે સતત બંધાઈ રહે મુગ્ધ, ને
અંતરદીપ જ્યહાં સ્ફુરે તુરત ત્યાં જાગી પ્રવાહી બને;
આત્માઓ ત્યમ ગીતજ્યોતિમય એ શાંતિવિષે આવતા,
એના પ્રાણપ્રવાહમાં ભળી નવા વેગો જ્યહાં પામતા,
ત્યાં જાગી જ સ્વતંત્ર શુદ્ધ બનતા, જ્ઞાની બલી થૈ જતા,
સૃષ્ટિસર્ગતણા બધા નિયમ ને સંકેત પામી જતા:
જોતા જે નિજ ભૂતજીવન તણો ચીલો પડયો સૃષ્ટિમાં,
માન્યાં જે સુખ દુઃખ તે નિરખતા તેના ખરા રૂપમાં;
લાભાલાભ ગણી લબ્ધ અનુભવો તે સર્વને તારવી,
યોગપ્રેમ સ્ફુરંત એ વહનમાં ઘડતા પ્રવૃત્તિ નવી.
એ સૌવર્ણ પયોદ સૌમ્ય જટિલ પ્રેમી દ્યુતિસ્ત્રોત એ,
વ્યાપંતો નિરખ્યો દિગંત ત્યહિંથી આ સ્તબ્ધ ઇંદ્રિયગણે.
સંધ્યા રાગભરી હસી ઝળકી ત્યાં લોપંતી એ દર્શન,
પણ એ જ્યોતિધ્વનિછબી સતત આ ધારી રહેશે મન.

જશવંતરાય.

૨૮

નદી

" મુજ વ્હેવું થાય ઘડી ધીર,
મુજ વ્હેવું ઘડી વણ ધીર,
મુજ રહેવું ઘડી નવ સ્થિર,
મુજ વહે નીર ગંભીર ઘસડતું તીર તિમિરમાં ગાજે,
મદભર્યો અન્ધ સંસાર શુણે નહિ ત્હોય નીર છલકાયે.
વનમાં જ્યમ કોકિલમાળ
ઘડી જોતામાં વહી જાય,
પડી ન પડિ નજર ચલી જાય
ઝીણું ઝરતી કૂજિતગાન,
અનુસરતી માળ પુઠ માળ:
ત્યમ બન્ધુર લહરીહાર
વહી જતી મુજ એકાન્ત,
વનમધ્ય ભરતી ઝંકાર;
પણ તિમિરોદરમાં સર્વ થાય એ, કોઈ શુણે ન, ન દેખે,
વધી જતો ત્હોય ઉર-છાક ! અહો મુજ છાક ! અચળ તું રહેજે!
વહી જતી હું તિમિરની માંહીં ઉદધિ છે જ્યાંહિ લેતી ત્યાં ભેટો !
સમદૃષ્ટિ રહે દિનનિશામાંહી જ્યાં વહિ રહે રતિલ્હેરો !
દિન અને અહો દિનનાથ !
શું કામ તેજ-અમ્બાર,
ઘડી થાય ન જો ઉર-લાસ !

સ્વર્ગંગા ! તુજ ભંડાર
નિજ આભોગે ભરી રાખ !
પણ તિમિરે સંગમસ્થાને
મુજ જેવી ગર્જના થાયે,
ઉર–ઊર્મિ સુરત રચાય,
કો શકે ન પામી પાર,
એ રમતગમતના ઢંગ હૃદયના સંગ પરિચિત કોને ?
નભ કે શુચિ આવો માસ !
નીર ભરાવ ને સુકાવ !
સઉ કાળ ત્હોય રહી એક, ઉરે પ્રિયને જ ગાઢ હું બાઝું.
મર હોય વિજન એ સ્થાન,
મર હોય નગર પડખું પાસ.
મર મુકી સર્વ મર્યાદ
રહે જોઈ સૂર્ય શશી તાર,
મર જડે જ શય્યા કાજ
મૃદુ વાલુ કે પાષાણ,
મર હોય શૈત્ય કે તાપ,
મર શોક્ય ઉભી રહે પાસ,
મર હોય ગમે તે કાળ:
ઉરસુરત નિરંતર ત્હોય મચી રહ્યું સદા, સદા મચી રહેશે,
ઉરઉદધિતણે અવકાશ જડ્યો મુજ ઉરને જ જડી રહેશે!”

ગોવર્ધનરામ.

૨૯

આકાશ.

(હરિગીત.)

હું વિશ્વ મંડળમાં વસું ને વિશ્વ વસતું મુજમાં !
ત્રિભુના પ્રભુને એમ અનુકરૂં, વિભુ થઈ વસું વિભુમાં.
અણુમાં વસું, વિભુમાં વસું, વિભુ–ઉર જેવું વ્યોમ હું !
અણુને ધરૂં, વિભુને ધરૂં, વિભુ ઉર જેવું વ્યોમ હું.
દૂરથી બિન્દુસમાં દેખાય જે મનુનેત્રને,
પણ નિકટથી ન મપાય વીતતાં જુગ જેના ક્ષેત્રને,
અગણિત એવા સૂર્ય સરખા ઉદરમાં ગર્ભો ધરૂં,
પણ તોય માનવ–નેત્ર જેવા ગર્ભને પણ પોષું હું.
પોષું હું એવા નેત્રને, પોષું હું એવા શ્રોત્રને,
સમદૃષ્ટિ મારી સર્વનાં સરખાં ગણે છે ગોત્રને.
દુ:ખીયારી પૃથ્વી આખી તેતણા ઉર ઉપરે,
હસ્તસ્થળી સમ ફેરવું ઘનઃ ચુમ્બું વળી નગચિબુકને.
ઊંચું નીચું એ ભેદ ગર્ભે વસતી દૃષ્ટિ ભાળતી,
વિભુ સૃષ્ટિમાં એ બહાર આવી ભેદ ભુલી મ્હાલતી.
મનુમન્દિરે મુકું છાપરાં, રૂવે હસે જન જોઈ તે,
કંઈ ગરુડ તેને ભેદીને મોભે ચ્હડી ઉભા રહે.
તે વીર રાચે ન્યાળીને આ અમળ મુજ અનન્તતા;
મુજ જેવું ઉર કરી કરી ફુલે ફુલે જગ જીતતા.
ધુમસ સમા ધૂમકેતુ છાય ઘડીક તેની દૃષ્ટિને,
ઉડી જાય પણ તે ઘડીકમાં ને જુવે એ મુજ સૃષ્ટિને.

દેખાય નહિં પણ દોરી લેખા રાખી જગના પન્થની !
ખેંચાતી ખેંચતી ત્યાં જ ચાલતી ગુરુ લઘુ ગ્રહમંડળી.
વણ આદિ ને વણ અન્ત વણ આકાર ને વણ માપ હું !
દેખે જનો જે ગોળ તે નિજ બિમ્બ જેની ખાપ હું.
સ્થિર એક ને જગ સંચરે તે માંહીં જે તે એક હું,
સ્થિર ભાસતું સ્થિર કે સરે તે કોણ મુજ વણ જાણતું ?
સ્થિર સત્ત્વ હું સમ કેટલાં સ્થિર બાઝીને વળગી રહે ?
એ નાટ્યકેરા સૂત્રધાર તણા પ્રપંચો ક્યાં વહે ?
નર ! આંખ ત્હારી ઠારી હું પર જોની સત્ય જ આવું જે !
જોનાર ! એ આ આંખ તુજમાં આંસુ ક્યાંથી જ આવ્યું જે ?
ઉર મ્હોટ ! વિશ્વની કીધ ચિન્તા, એ સમાયું તુજમાં,
શરમાય રોતાં નહિં શું તે જે રહ્યું એવા સાથમાં ?
મુજ બન્ધુ ! એ વિભુ ઉર ઘડીમાં આમ વપુ સંકોચતાં,
તું શીખીયું ક્યારે જ ? ભુલ્યું ભાન તું શું શોધતાં ?
નથી નાશ કોઇ પામીયું, નથી જોડ કો વીખુટી પડી,
વનરાજિ ઓગળી હોય ધરતી–ઉરમાં સરીને વહી.
આ વાગતી’તી વાંસળી, સ્વર રમ્ય રૂડા સાંભળ્યા,
સ્વર સંભળાય ન હોય એ આકાશ હું તેમાં ભળ્યા.
દેખે ન તું ત્હોયે રમે તુજ સાથ વાયુ–વલ્લરી,
કમ્પે જ ઝાડું તે સમે દેખે તું એની ઝલ્લરી.
નથી તે નવું થાશે નહિં, છે તે નથી ના થઇ જશે,
તાપે તપ્યું જળ આપ બનશે, નષ્ટ પણ તે ના થશે.

ગોવર્ધનરામ.

૩૦

શ્રાવણી અમાંસ.

એક વેળા રાત્રિ પડતી હતી
અને મ્હારાં નયનોમાં નિદ્રા ઘેરાતી.
અન્તે નયન ફરક્યું ને પ્રવૃત્તિ પ્રજ્વળી:
હું ઉઠ્યો અને રાત્રિના તટ ઉપર ઉભો.
સઘળે નીરવ શમશમાકાર હતું,
પણ મ્હારે અન્તર અનામી ઓઘ કંઈક ગર્જતા.
હું ઉભો હતો:
રાત્રિનાં જલ જોતો ન જોતો
અચેત શો સચેત
જડતાને કાંઠે ચેતન હું જડવત્ ઉભો હતો.
મધ્યરાત્રિ હૃદયના ભેદ ખોલતી:
શૂન્યમુખ ચિદાકાશ, મહાકાળની ગુફા સમું,
નિરવધિ વિભુ વિરાટ શું વિસ્તરતું.
કાલ રાત્રિની કિનાર ઉપર
સહોદર સંગે હું ઉભો હતો.
આકાશમાંથી તારા વાળી લીધા હતા,
મ્હારે પ્રભુતેજનાં દર્શન ન થતાં;
બહાર તેમજ અન્તરમાં નિસ્તેજ હતું;
અન્ધકાર શ્યામળ જયધ્વજ ફરકાવતો,
ઘનદળ તેના ચરણમાં નર્તતું.
પૃથ્વીના પ્રાણમાં જડેલી તેમની છાયાઓ શી
કાજળકાળી ડોલન્ત પર્વતાવલિ
સૃષ્ટિ બાંધી પડી હતી.

કશું ય કાંઇ સૂઝતું નહિ.
તમરાજની સંશયભૂમિકા જેવી
શોકરાત્રિની સીમ ઉપર હું ઉભો હતો.
શૂન્યતાના તરંગ જગત ભરી તરવરતા,
મ્હને રસબોળ ભીંજવતા,
શૂન્યાત્મ કરતા.

આંખ ઉઘાડી હતી પણ દર્શન ન થતાં:
કીકી દિશાભુવનોમાં દોડતી
પણ પ્રભુનો જ્યોતિ ક્યાંઇ જ ન્હોતો નિખાંતો;

અન્ધકાર અલૌકિક હતો:
યમદંડના કિરણજૂથ સમાન,
વિબુધોના આત્મામાં વસે છે એવો,
મૃત્યુની વિશાલ પાંખ સમો,
ઊંડા અમાનુષ ભેદના પ્રકાશ શો,
પાર્થિવથી પર, પરમ અભેદ્ય,
અન્ધકાર પણું અલૌકિક હતો.
બ્રહ્માંડ ઝીલતા તમસાગરને આરે
સહોદર સંગે હું ઉભો હતો.

સાગરના મહામોજ
નયન આગળ રમતા,
અમને શીકર છાંટતા,
પણ અમે એ જાણતા નહિ.

વિમાન આવ્યું, સૌ બેઠાં,
અન્ધારરાત્રિનાં હૃદયમાં અમે વ્હેવા માંડ્યું.

પછી—પછી પગ લપસ્યો કે શું ?

બન્ધુ ! તું ક્યાં ગયો ?
તમસાગર માનવ દૃષ્ટિથી અગાધ છે;
ત્હેનું યે વજ્રતલ ફોડી પાર ગયો ?
ત્યાં તો પ્રભુપ્રદેશ છે સખા !
શબ્દ થયો ? પડઘો પડયો ?
કોકિલા શું બોલી ?
ધીમી ધીમી ફુલડાં વાતો કરે છે ?
કે વીર ! ત્હારા બોલ શા
પ્રભુભૂમિનાં ગીતના મીઠડા તે શ્લોક ? પ્રભો ! ?

ન્હાનાલાલ.

૩૧

સમુદ્રમાં બે ભિન્ન રાત્રિયોનું દર્શન.

(વસંતતિલકા.)

જે ચાંદલાનું મધુરૂં મુખડું નિહાળ્યું,
તે ચંદ્રનાં કિરણનું કરમાતું ભાળ્યું;
સંધ્યા ઉષાની રવિશું નિરખી સુરેખા
લીલા-નીશા ધનમયી શી હવેય દેખા !
ના વાદળી દુધતણા ઉભરા સરીખી,
મીઠી, ઝીણી, પવન-લ્હેર ઉછંગ દીઠી,—
ઓઢી રૂપાળી અતિ બારિક ચાંદનીની
કૈં ઓઢણી નમુલતી, ન સુતી વિલોકી !
કે એ નીલા, અરુણ, જાંબુ, પિરોજીવર્ણાં;
સોનેરી કોર, કંઈ છાંટણું, ભાત-ઝીણા,

સાળુ ધરી, લટકમાં કનકાદ્રિ શૃંગે
ના અપ્સરા વિલસતી, દીઠી સૂર્યસંગે !
આકાશ આ ધુસર રેતિ ઝીણીથી છાયું
રીકું, લુખું,—રવિ મુખે જહિં ઝંખવાયું.
જ્યાં ચંદ્રની કલિ ગળી ઘનઘોર આભે,
એવું દીસે કંઇ કંઇ વિજળી ઝબાકે.
જે સિંધુના જલ શશાંક સુધા સમુદ્રે,
કે સૂર્યના મધુર મોહક વા સુવર્ણે:
સૂતાં હતાં—અનિલ લ્હેર શું ઢોળતો ને,—
તે એ હવે શું અકળાઇ ચડે હિલોળે !
મીઠાશ કયાં અનિલ ? ઉત્કટતા શી આવા !
ગંભીરતા કહિં ? સમુદ્ર શી રુદ્રતા—શ્રી ?
કૈં રમ્યતા રવિ શશી ? શી અગમ્યતા આ !
કયાં મોહની ગગનની ઘનની પ્રભા કયાં ?

હરિલાલ ધ્રુવ.

૩૨

રાત્રિ.

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

અંધારૂં થયું પાતળું નભ વિશે, તારાદ્યુતિ નીતરી,
વીણા તાલ મૃદંગ, રાગ તરીને, કાને પડે આ ઘડી;
રાત્રિ આ ઝણુણાટ જેમ કરતી, વેગે ઊડી જાય છે,-
નિદ્રાની મીઠી પાંખમાં જન બધા, જંપે પ્રશાન્તિ વિષે.

મણિલાલ.

૩૩

રાત્રિવર્ણન અને મધુરાકાશદર્શન.

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

હીરાની કણિકા સમાન ઝળકે તારા ઝગારે ગ્રહો !
મોતીનાં ઝુમખાં બધે લળિ રહ્યાં નક્ષત્રમાળા અહો !
ધોળી શી ઉભરાસમી દુધતણા આકાશ–ગંગા ખિલે !
વાંકી કોર રૂપેરિ ચંદ્રનિ કળા જો આસમાની ઝુલે !
શાંતિ, શીતળતા તથા મધુરતા, સૌંદર્ય શોભા, પ્રભા,
રાત્રિ રાણિ સુહાવિ સાડિ શરીરે દીપાવિ આ જ્યોત્સના !
હર્ષે નિર્ખિ ઝુલે હલેતિ રમણી બાળા ચકોરી–કુળ !
ગાયે ગાન મિઠું રૂડા હલકથી આનન્દમાં બુલબુલ !
આવે શાંત સમે શિ ખળખળ વહી, ઝર્ણો, નદીઓ, લળી–
સંગીત–ધ્વનિ વિસ્તરે ! અનિલની લ્હેરો વિલાસે ઢળી !
તારામંડળ સાથ રાસ રચિને બાળા તરંગોજ્જવળા
શી આદર્શસમે સરોવર–જળે નાચે શશીની કળા ? !

હરિલાલ ધ્રુવ.

૩૪

ચંદ્રિકા વિભૂતિ.

એક સુભાગી પળે પ્રિય ત્હારી કેવી વિકાસી હતી વિભૂતિ,
ધીરે ધીરે વ્યોમહૃદય પર હસતી રમતી તું ચ્હડી'તી.
હો વ્હાલી ચંદ્રિકારે.
પૂર્ણ નિહાળી કાન્તિ ત્હારી વ્યોમસરે ડુબી તારા સખી,
જે સરનાં પ્રતિ રજકણોએ પ્રત્યક્ષ ધારીતી ત્હારી દ્યુતિ.
હો વ્હાલી ચંદ્રિકારે.

ઝાંખી ઝાંખી ત્યાં ઉદધિ ઉપર લાગ્યો ત્હારા સામો રેલવારે,
અંજલિ ભરી ભરી તવ પદ અરપી લાગ્યો હતો શું પખાળવા ?
હો વ્હાલી ચંદ્રિકારે.

જડમણિએ ચેતન ધાર્યું, ટપક ટપક્યાં બિન્દુમોતીડાં;
લતામંડપથી એહ વેળાએ ખરવા માંડ્યાં કાંઇ ફૂલડાં.
હો વ્હાલી ચંદ્રિકારે.

વિહંગડાં કંઇ નાચ્યાં નિહાળ્યાં, ચકોર તું પદ ચૂમવારે,
મંડ્યો હતો વળી પ્રેમઘેલો બની લાગ્યો ગગનમાં લોટવા
હો વ્હાલી ચંદ્રિકારે.

કુમુદસખીએ મલકાતે મુખડે આનંદહીન્દોલે હિંચી હિંચી,
ક્ષણેક્ષણે લ્હેરાતી બાળા અમૃતપાન એ પીતી હતી.
હો વ્હાલી ચંદ્રિકારે.

ત્રિભુવન પ્રેમશંકર.

૩૫

ચંદાને એક પ્રશ્ન.

સૂતું જગ નિદ્રા અંક હું પૂછું ચંદા !
સૂતા તારક નભ અંત, હું પૂછું ચંદા !
ત્યારે કરી ગર્જન આમ, હું પૂછું ચંદા !
કેંક શું ઉદધિ કટાક્ષ ! હું પૂછું ચંદા !
ને ઊડી ઊંડું ચકોર, હું પૂછું ચંદા !
નાચે નિરખી તુજ કોર ? હું પૂછું ચંદા !

ગાએ ક્યમ આ બુલ્બુલ? હું પૂછું ચંદા!
મસ્તી ભર્યું પ્રસન્ન પ્રફૂલ્લ, હું પૂછું ચંદા!
ને અનિલ લહરીચુમ્બિત, હું પૂછું ચંદા!
નિરખી હરખે શું કુમુદ? હું પૂછું ચંદા!
તુજ દર્શનથી ઘેલાં બને! પૂછું ચંદા!
એને સુખડું નિરખે તને! પૂછું ચંદા!
એ તે શી પ્રીતિરીત? હું પૂછું ચંદા!
શી વશીકરણની વીધ? હું પૂછું ચંદા!
શો મોહ તણો એ મંત્ર? હું પૂછું ચંદા!
શો અજબ ચતુરાઇ પંથ? હું પૂછું ચંદા!

જી. લ. દવે.

૩૬

ચંદા.

(વિષમ હરિગીત.)

શાંતિ શીતળ વરષીને સુખમાં સુવાડું રાત્રિયે,
જે નદી, સરવર, અદ્રિ, તરવર, દિવસ તપિયાં તેમને;
કુમુદિની કરમાઇ દિવસે થાકીને સૂઇ જતી
તેને જગાડું કરવડે મૃદુ સ્પર્શ કરીને પ્રેમથી.
કન્યકા હું કુળવતી, મુજ માત મ્હોટી મેદિની,
તેજસ્વી સૂર્ય પિતાજી મ્હારા, એમનાથી રહું બ્હીની;
માત મ્હારી પૂજ્ય તેની પ્રદક્ષિણા કરૂં ઉરથી,
મુજ તાત તે પણ પૂજ્ય તેવા, વંદના કરૂં દૂરથી.
નામ ચંદા મધુરૂં મ્હારૂં પાડિયું મુજ માડિયે;
ઘણી વેળ વિચરૂં ખેલવા આ વ્યોમકેરી વાડિયે;

માંહિં વ્હેતી વ્યોમગંગા દૂધ જેવી ઉજળી,
ને ફૂલડાં ખીલ્યાં રૂપાનાં તે ગણુંતી ફરૂં વળી.
ફરૂં બ્હીતી તાતથી, પણ માત મુજ મન ભાવતી,
નિજ સંગ લેઇ ધીમા ધીમા પ્રદક્ષિણા જ કરાવતી;
બન્ધુ મ્હારો રાહુ તે ઊઠયો કુજન્દી કૂબડો,
કંઇ કોટિ વેળ મુને કનડતો, એ અકારો થઇ પડયો.
બ્હાર જાય પિતાજી ત્યારે આંગણે રમું કોડથી,
રૂપા અને હીરા તણી ગેડી લઇને દોડતી,
એક લઉં, બીજી ઉછાળું, ત્રીજી શિર ઝીલું ધરી,
વળી ફેંકી સઘળી વેગળી માડી ભણી નિરખું હસી.
માગ્યું માત મહીં કને ને તાતની અનુમતિ લીધી,
આ મૃગલું મ્હારૂં;–બાપુ ! ત્હેં હજી સુધા કેમ નથી પીધી ?
સુધા પાતી એહને,–ભરી કુમ્ભ આપ્યો તાતજી—
રાખું ઉછંગ મહિં સદા એને કદાપિ ન દઊં તજી.
વાંકું વળિયું રમ્ય રીતે અણીવાળું નાવડું
માતાપિતાએ આપ્યું મુજને કોદી તેપર જઇ ચઢું,
ચઢી મૂકું તરતું તે સ્વચ્છન્દ ચાલ્યું જાય ત્યાં,
ઊંડુ ભૂરૂં આકાશકેરૂં જળ અમળ ફેલાય જ્યાં.
ત્યાં ઘને કો ઠામ વેરી ઝીણી રૂપેરી રેત તે
લઉં ખેલવા લંબાવી કરને નાવડેથી જતે જતે;—
ને બધી આ વેળ હરણું મ્હારૂં જે બહુ બ્હીકણું,
મુજ સોડમાં સંતાઇ સૂતું, એ મુને રૂચે ઘણું.—
એવી મેઘની રેતી સરસું નાવ મુજ ઘસડાય જ્યાં,
મધુરા, રસીલા, મંદ, ઝીણા, સુન્દરા, સુર થાય ત્યાં;

માત્ર દિવ્ય જનો સુણે એ મીઠું ગાન મનોહરૂં,
ને સુણે હરૂણું માહરૂં ને ઊંઘ મીઠી લે ખરૂં.
ઊઠી હું મૃદુ ને સુંવાળી સેજમાંથી જળતણી.
નાખું નજર ઝીણી સીધી સાગર અને ભૂમી ભણી;
રંગરાતું મુખડું મ્હારૂં કંઇ વિશાળું સિન્ધુમાં
ધોઇ કરી ચઢું વ્યોમ, વળગ્યાં વાળશું જળબિન્દુડાં.
મેઘ મેલો મસ્તીખોરો મુજને રંજાડવા
કંઇ યુક્તિયો બહુવિધ કરે ભંગાણ સુખમાં પાડવા,
પણ હું તો હસતી રમંતી ફરૂં ઉપર નભવિશે,
ને એહ અસ્થિર મેહુલાશું કદી ભરાઉં નવ રીસે;
એ જ મુજને પ્રેમભર આલિંગીને કદી લાડતો.
કો સમે નિજ સિંહાસને મુજને વળી બેસાડતો.
ને રૂપેરી કોરનો રૂમાલ ધોળો દે કદી,
કદી પાથરે મૃદુ સેજ તે પર વળી ક્ષણભર રહું પડી;
કો ઘડી વળી શામળી નિજ શાલ લેઇ તે વડે
મારી ઝડપ રમતો રમંતો મુખડું મુજ ઢાંકી દિયે,
ને ત્યહાં અંબોડલો મુજ જાય છૂટી તે સમે,
ને વાળ ચળકંતા રૂપેરી વિખરી ચોગમ રમે.
પૂર્ણ પામી વિકાસ મુખ મુજ હાસ કરતું પ્રેમથી,
તે સમે સિન્ધુ વિશાળું નિજ ઉર વિસ્તરે સામો હશી,
ને કરંતો મંદ મંદ ઘુઘાટ ભરઆનંદ શું,
ફેંકી તરંગો મુજ ભણી ધીમે ધીમે નાચંત શું !
ભેટવા વિસ્તારી કરને બાથ ભીડું માતને,
તે મુને મંદ હસંતી નિરખે પ્રેમભીનાં લોચને;

અચળ પેલા તારલાની આસપાસ ઘૂમન્તી તે
સપ્તર્ષિ કેરી ગાડલી મુજ દૃષ્ટિ પડતાં રીઝે અને.
નદીમાં, સરવરોમાં, ને સિન્ધુમાં કદી ન્હાતી હું,
તે વેળ થોડા તારલાને સંગ મુજ લઈ જાતી હું;
ત્યાંહિં નાચું લ્હેર કરતી, વળી ડુબકાં ખાતી હું,
ને મૃગલું મ્હારૂં તેહને એ નવલ જળ કદી પાતી હું.
કદી ઉંચા પર્વતે ચઢી ટોચ પર ઊભી રહું,
નીચે બીછાવી મ્હેં રૂપેરી તેહ જાજમ નિરખું:
દૃષ્ટિ ઉંચી ફેંકું વળી ઉંડું ભૂરૂં આકાશ જ્યાં
ફરી જોઉં વળી રમતો પવન વનવેલી સંગે રાસ ત્યાં.
એક પર્વતરાજ મુજ નીચે વિરાજે વિસ્તરી,
જેનાં શિખર પર હિમ નિરંતર વાસ કરી રહે છે ઠરી,—
નિજ તળે સુવિશાળ ખંડ પડયો અલૌકિક તેહની
વિધવિધ દશાઓ ઊંચી નીચી કાળચક્રે ફરી ઘણી,
ને અનંત ગયો જ વીતી કાળ તેહમાં નિજ સ્થિતિ
નિશ્ચળ રહી, તે જોઇ કરતો હાસ કંઇ ઉજ્જવળ અતિ,—
એહવો મોટો મહીધર નભમહિં ધરતો રસે
હજ્જાર શૃંગે દર્પણો પ્રત્યેકમાં મુખ મુજ હસે.
કો સમે વળી મધ્ય નભમાં રહું ઊભી ઝઝૂમતી,
નીચે સુતાં જે ઝાડ ઝુંડો ત્યાં નજર મુજ ઘૂમતી;
મુજ કરે રૂપેરી બુટ્ટાદાર શતરંજી ગુંથી
ત્યાં પડી તે જોવા હું નાખું દૃષ્ટિ ઝીણી મથી મથી.
પછી નીચે ઊતરૂં જ્યાં વ્યોમપૃથ્વી ચુમ્બતાં,
ને તરુઘટાખાકાં મહિં મુજ ન્હાનું મુખ ધરી થંભું ત્યાં;

પછી સિન્ધુકિનાર પર પળમાત્ર હું ઉભો રહી,
કરી ડોકિયું ફરી એક વેળા, સૂઉં જળસેજે જઈ.
મેઘ નિજ ચઢતી સમે મુજને દમે વિખુટી કરી
માડી થકી બહુ વેળ લગી આ વ્હાલસોહી દીકરી:
વિરહ ટળી જે વેળ મળી મુજ માડીને નિરખું ફરી,
તે વેળ કેવું પ્રફુલ્લ મુખ મુજ ! ધરે શોભા સુંદરી !
કોઇ કોઇ સમે તથાપિ વિયોગ અવધિ અંદરે
પાંદપ્રહારે તોડી ઘનપડ, પછી જનનીમન્દિરે
ડોકિયું કરૂં જ્યાંહિં જ્યાંહિં પાડી બારી એમ મ્હું,
ને માતમન્દિર મુકુર મૂકિયા મુખ નિરખવું ત્યાં ગમે.
ન્હાનું મ્હોટું થાય વપુ મુજ પણ નિરંતર અમર હું,
ને જે સમે દેખાઉં નહિં તે સમે તાતની ગમ રહું;
એક ફેરી ફરી રહું માડી પછાડી જ્યાહરે
જઉં એક વેળા ભેટ લેવા તાતની તો ત્યાહરે.
સલૂણી સંધ્યા સખી પ્રિય મુજ, ભેટ લેવા તે તણી
મુજ હોડલામાં બેશીને જાઉં કદી હું બની ઠની;
પવન મૃદુથી આંગણું વાળી સમાર્યું સ્નેહથી,
વેર્યાં કુસુમ નવરંગ એમાં ઝીણઝીણા મેહથી.
શાંત એનું નિરખી મુખ મુજ સુખનદી નવ થોભતી,
નારંગી રંગે સાળુ સુંદર પ્હેરી સખી શી શોભતી !
ચકચકિત સહુ પ્હેલ ચ્હોડયો તારલો સખી ભાલમાં
લાડંતી અડકું એહને કદી આવી જઇ બહુ વ્હાલમાં.
એવી એવી રમત વિધવિધ સખી સંગ રમંતી હું,
પણ ભેટવા આવે મુને એ ત્યાહરે ચમકી જાઉં,—

કેમકે સ્હામેથી પેલી આવી કાળી રાક્ષસી—
મુઇ રાત્રિ—એણે દૂર સખિયો કીધી ક્રૂર વચ્ચે ધસી.
ઉડી ગઈ મુજ સખી ઝીણી પાંખ નિજ ઝળકાવીને,
ને મુજને વો રાક્ષસીએ પકડી લીધી આવીને,
રાખી કરમાં થોડી વેળા પછી મુને તે ગળી ગઈ,—
જાણે નહિં—હું અમર છું ને પેઠી મુજ મન્દિર જઈ! ૦

નરસિંહરાવ.

૩૭

દિવ્ય સુન્દરીઓની ગરબી.

૧

ગરબો. "તેજે ઘડયાં અમ—અંગ, અમોલાં તેજે ઘડયાં છે;
કરિયે ન તિમિરનો સંગ, તિમિર અમ વેરી ઠર્યાં છે.

સાખી. દિવ્ય લોકમાં ઘૂમતાં ફરિયે સહુ રસભેર,
ને પ્રેમે કંઈ રેડિયે મર્ત્યલોક અમીના સેર,
અમોલી સેર અમીની.' "તેજે ઘડ્યાં૦"

ચંદ્રા—
'પ્રેમીજોડાં કલહમાં રીસાએ ક્ષણવાર,
તેનાં હૃદયે રેડતી ચંદ્રા હું પ્રેમ અમીની ધાર,
રસીલી ધાર અમીની.' "તેજે ઘડ્યાં૦"
'મુગ્ધા સૂતી અગાશિયે ચિન્તનમાં ડ્હોળાય,
સીંચી ત્હેના હૃદયને ખિલવું પ્રેમકળી હું કાંઇ,
ઉજળીશી પ્રેમકળી હું.' "તેજે ઘડ્યાં૦"

શુક્રતારા—

'હાસ કરતું આકાશમાં નિરખે ન્હાનું બાળ,
ત્હેને હૃદયે રોપું હું શુક્રતારા કવિત્વ રસાળ,
અતિ ગૂઢ બીજ કવિતનું.' "તેજે ઘડ્યાં૦"
'હૃદય વિકસી કવિજન ઊભો નિરખે અનિમિષ નેન,
ત્યાં ઝરતી હું પ્રેમથી કાંઇ કવિતસરિતનાં વ્હેણ,
કવિતની દિવ્ય સરિતનાં' "તેજે ઘડયાં૦"

તારાસખી—

'ચિત્રકાર કવિમિત્ર જે ઊભો ફલકસમીપ,
તત્ત્વદર્શિ તેને હૃદય પ્રગટાવું હું પ્રતિભાદીપ,
પૂર્યો દિવ્ય દીપ અમીએ.' "તેજે ઘડયાં૦"

ત્રણે ગગનસુન્દરી—

"અમે તેજનાં બાળ સહુ, સીંચીને નિજ નૂર,
મનુજહૃદય ગુંગળાવતું હરિયે અન્ધતિમિરનું પૂર,
હર્ષરિપુ પૂર તિમિરનું. તેજે ઘડયાં૦"

૨

વનદેવી—

*ગરબી. સંગીતની અધિદેવી હું અલબેલડી,
વનમાં રાસ રમું સવિલાસ સમીરશું રે લોલ.
ચંદા, તારાયુગલ, ત્રણે અમીવેલડી !
ભલે આજ મુજ મંદિર અમીરસથકી રસ્યું રે લોલ.

---

* 'આસોમાસો શરદપુન્યમનો ચાંદ જો, કાગળિયા લખતાં રે ચંદન-ચોકમાં રે લોલ'–એ ચાલ.

સખી શુક્રતારા ! તું કવિતા રેડતી
તે હૃદયે મધુરરવની લહરી હુ ભરું રે લોલ;
ચંદા સખિ ! તું પ્રેમઝરણુ જે પ્રેરતી
ત્હેને ગીતધ્વનિ દઇ હું દ્વિગુણું કરું રે લોલ.
મનુજહૃદયમાં અદૃશ્ય કરથી છેડીને "
દૈવ જગાડે હર્ષશોકના ઊંડા સુરો રે લોલ,
તે સર્વેને મુજ વીણામાં રેડીને
ગીતધ્વનિ હુ મચાવું અદ્ભુત પૂરેપૂરો રે લોલ.
એ ધ્વનિના સુર ઝાંખા ઝાંખા પ્હોંચતાં
મર્ત્યલોકમાં માનવગાન બધું બને રે લોલ;
એહ ગાનનું મૂળ ઊંડું ઊંડું શોધતા
ધન્ય વિરલ કો મુજ ગીતધ્વનિ ઝીણો સુણે રે લોલ.
સંગીતની અધિદેવી હું છું ઉપાસમી,
મર્ત્ય દિવ્ય એ ઉભય લોકને જોડતી રે લોલ
ધીર સમીરશું રાસ રસેથી સદા રમી
મધુરા ધેરા સ્વરની માળ ગુંથું કોડથી રે લોલ."

નરસિંહરાવ.

૩૮

પંખીડાંને.

પધારો પંખીડાં પરદેશવાસી હો !
પધારો ! મોકળી છે અમ અગાસી હો !
કુશળ છે ત્યાં પ્રજા ને સૌ પ્રજાના પાલ ?
કુશળ છે રાજ ? ત્યાં મિત્રોની રાશિ હો ?

કુશળ વાયા અનિલ પન્થે પ્રભુપ્રેરેલ ?
કથા કંઈ તો કહો વ્હાલાં પ્રવાસી હો !
કહો, થાડી સખા ! કે પાતળી રજની ?
પ્રભા કેવી મધુરમધુ ત્યાં વિલાસી હો ?
પધારો આંગણા ઉઘડ્યાં અન્તરના !
વિરાજો દેવસંગે દિવ્યવાસી હો !
પૂજીશું દેવ સમ, પૂજીશું ફુલ સાથે !
વીંઝી પાંખો ઉડાવો રજ સુવાસી હો !
અને–કાંઈ ખબર દેશો સખી કેરી ?
ત્હમે આવ્યાં છતાં એ શું ઉદાસી હો ?
પધારો પંખીડાં મુજ પ્રાણવાસી હો !
પધારો, મોકળી છે ઉરઅગાસી હો !

ન્હાનાલાલ.

૩૮

કોકિલાને.

નીલ લીલમ સમાં લાલ ગાલે બેઠાં તમે જોતણે રે,
એવા રૂડા આંબલીયાની ડાળ મુકીને, કોયલ, કયાં ગયાં રે ?
ઉંચે સોહે પ્રભાતના રંગ રાતા રાતા આભમાં રે,
તેવા નાચે નીચે આના મ્હોર ! ...મુકીને૦
ફાલ્યો ફાલ્યો આંબલિયો આ કાળ વસંતસમીરમાં રે,
સુનો તોય તમો વિના આજ ...મુકીને૦

કાળા કાળા ભેદી જાડા મેઘ, કિરણુ શશિલેખાનાં રે.
હારે આંખ, ન લેખા જણાય ! ...મુકીને૦
ભેદી તિમિર તણાં પડ એમ ઉંડાં ગાણાં તમતણાં રે,
શુણે કાન, તમો ન દેખાવ ! ...મુકીને૦

× × × ×

શશિરેખાની સુંવાળી જાત નદીના તરંગમાં રે,
ઉંચી નીચી ન્હાની મ્હોટી થાય, ...મુકીને૦
નૈક લ્હેરીમાં નૈક જ થાય, પરપોટાના ઉરમાં રે,
બેસી વ્હેતી વ્હેતી સરી જાય:— મુકીને૦
તેમ આજ ઘણાં અમ ઉર તેમાં ગાન તમતણુંરે
એક લપસે બની શતકાય ? ...મુકીને૦
ઉંચી નીચી ઘણી વીચિમાળ ઉપર બાણુ સમ સરી રે
જોતાજોતામાં શફરી જાય, ...મુકીને૦
તેમ તિમિરતરંગની માળ ઉપર ગાન તમતણું રે
લીસું લીસું આજે સરી જાય ...મુકીને૦

× × × ×

અર્ધ નિદ્રાસમે પ્રિયસ્પર્શસમું કૂજ્યું તમતણું રે
ચમકાવે અમારાં ચિત્ત ! ...મુકીને૦
ભર નિદ્રા સમે પ્રિયસ્પર્શસમું કૂજ્યું તમતણું રે
અમ ઉરમાં ભરે સુખસ્વપ્ન. ...મુકીને૦

× × × ×

રૂડે ચાંદલે રમ્ય કલંક, તેવાં તમે સરઉરે રે
ચંચૂ ભરતાં ભાસો તે કાસાર. ...મુકીને૦

× × × ×

કળી કુસુમતણી! તમ વાસ આવે આ તિમિરમાં રે
 કુંળા પાંખડીઓ ન દેખાય. ...મુકીને૦
તેજ તારાતણું દેખાય ઝીણું ઉંચું આભમાં રે,
 તારો જોવાય ના, ન ઝલાય! ...મુકીને૦
તેવું ગાન તમારૂં, શુણાય ઉંડું ઉંડાણુમાં રે,
 તમો દેખાવ ના, ન ઝલાવ! ...મુકીને૦

ગોવર્ધનરામ.

૪૦

કોકિલ ગાન.

(સાખી-ગઝલ.)

એસી આંબાડાળ આ કરતી કોકિલ ગાન,
કુહુ કુહુ મૃદુ ટૌકાતણું આનંદે મુજ કાન.
 શુણું એનો મીઠો ટૌકાર,
 અહિં રેલે અમીની ધાર;
 શકે તાપો સમાવી શું!
 હૃદે વેરાન કરે લીલું!
અલૌકિક શો મીઠો ટૌકાર, ઉરે રેલે અમીની ધાર.
રીઝવવા ઋતુરાજને ગાતી મંજુલ ગાન,
કાર્ય સારવા કામનું, ભુલવે કામી ભાન.
 હશે તું કો પરી દિવ્યા,
 ન તો, ક્યાંથી મૃદુકંઠા;
 હવી પંખી ઋષિ શ્રાપે,
 ‘ તુહી ’ ‘ તુહી ’ સ્તવે ગાને;
શુણું એનો રૂડો ટૌકાર, ઉરે રેલે અમીની ધાર.

નારંગી પીળાં વળી કહીં ગુલાબી લાલ,
મોરે લીલું શોભતું રૂપડું રૂડું રસાલ,
રસાલે એ રમે નાચે,
ગીતે એના જનો રાચે.
લીલા સૃષ્ટિ તણી ગાયે:
પ્રિયા પ્રિયે ક્ષણે યોજે.
રસાલે એ કરે ટૌકાર, ઉરે રેલે અમીની ધાર.

મધુરી સોડમ મોરની, મધુરૂં કોકિલ ગાન,
છાયા શીત રસાલની, કરે હૃદય ગુલતાન;
સુણી ટૌકાર, ઉડું વ્યોમે,
રમું એ સાથ ઘણું કોડે;
ભુલું આધિ જરા માંહે,
શું આનંદો ઉરે વ્યાપે!
મીઠો એનો 'કુહી' ટૌકાર, ઉરે રેલે અમીની ધાર.

જમીયતરામ મીરજરામ વૈદ્ય

૪૧

મધ્યરાત્રિયે કોયલ.

(વિષમ હરિગીત.)

શાન્ત આ રજની મહિં મધુરો કહિં રવ આ—કુહૂ—
પડિયો ઝીણો શ્રવણે અહિં? શું હું સ્વપ્નમાં સુખ આ લહું;
મન્દ વાઈ સમીર આ દિશ જો વહે રવ એ ફરી,
નહિં સ્વપ્ન, એ તો ગાન ઘેલી ગાય કોયલ માધુરી.

મધ્ય રાત્રિ સમે તને અલિ કોકિલા ! શું આ ગમ્યું ?
હાં, મેહુલો વરશી રહ્યો તેણેથી તુજ મનડું ભમ્યું;
દુઃખ નવ સ્વપ્ને દીઠું ને સુખ મહિં તું રેલતી,
આ રમ્ય રાત્રિ મહિં અધિક આનંદગાને ખેલતી.
નીતરી રહી ધોળી વાદળી વ્યોમમાં પથરાઈ આ,
ને ચાંદની ઝીણી ફીકી વરશી રહી શી સહુ દિશા !
ગાન મીઠું અમી સમું તેણે ભર્યું તુજ કંઠમાં,
આ શાંતિ અધિક વધારતું તે જાય ઉભરી રંગમાં.
નગર બધું આ શાંત સૂતું, ચાંદની પણ અહિં સૂતી,
ને વાદળીઓ ચપળ તે પણ આ સમે નવ જાગતી,
અનિલ ધીરે ભરે પગલાં પળે શાંતિ રખે સહુ,—
ત્યાં ઉછળતી આનન્દરેલે કોકિલા બોલે—કુહૂ !
સૃષ્ટિ સઘળી શાંત રાખી મુજને જ જગાડતો
ટહુકો મીઠો તુજ પવન લહરી સંગ જે બહુ લાડતો;
ગાન તુજ સીંચે હૃદયમાં મોહની કંઈ અવનવી,
ભૂલી ભાન, તજી મુજ રમ્ય શય્યા, હઇડું દોડે તવ ભણી;
દોડી ખેલે મધુર તુજ ટહુકાની સંગે રંગમાં,
આનન્દસિન્ધુતરંગમાં નાચંતું એ ઉછરંગમાં;—
હા ! વિરમી પણ ગયો ટહુકો, હૃદય લલચાવે બહુ,—
ફરી એક વેળા, એક વેળા, બોલ, મીઠી ! કુહૂ કુહૂ !

નરસિંહરાવ.

૪૨

નિર્દોષ બાળ.

(ગઝલ.)

અરે ઓ ! બાળ બાળુડા-! બહિર્ ને અંતરે રૂડા !
ફરે તું ગેલ કરતો રે ! ઉરે આનંદ ધરતો રે !
સ્વ-પરનો ભેદ નહિં તારે ! કંઈ નહિ જોઇએ તારં !
ગમે ત્યાં જઈ ગમે ત્યાં રહે ! નથી કંઈ ભાન છું ક્યાં રે !
વડીલો જે સ્થળો નિંદે જઈ તું ત્યાંય પણ બેસે;
વડીલો જે સ્થળો વંદે કદિ તું ત્યાં નહિં બેસે !
પરંતુ લ્હેર આવી જ્યાં તને, જઈ બેસશે તું ત્યાં;
અહા ! નિર્દોષ શી ચેષ્ટા ? ખરે નિર્ગુણ માનું હા !
કદી જઈ શત્રુને હાથે, ચડી બેસે વિના શંકે,
કદી જઈ મિત્રને માથે, નહિં બેસે વિના શંકે.
કશો દુર્ગુણ કે શંકા નહિં લાવી ફરે વંકા !
રમે ત્યાં જઇ રમાડે જ્યાં, હસે ખેલે ફરે ત્યાં ત્યાં !
રમાડે કોઈ સાચેથી, રમાડે કોઈ દંભેથી,
રમાડે કોઈ વૈરથી, પરંતુ સર્વ સમ રીતિ !
નહિ લાવે કશું હૃદયે, અરે નહિં કાંઇએ જાણે !
હશે કંઇ જાણવાનું એ, કશી શંકા નહિં ઉરે !
હસે જે ભાવથી માતા અને પિતા તણી પાસે,
હસે તેવાજ ભાવેથી ખરેખર શત્રુની સાથે !
ખરેખર ખેલ છે ન્યારો ! જગત્ જંજાળથી તારો,-

જગતનો જેહ અભ્યાસી,—થવાનો તેહ જગવાસી.
પરંતુ બાલવયવાસી! ખરે છે જગત સંન્યાસી!
કથું શું તાતની તારા અને મારા તણી ખૂબી.
થવાનો જેહ જગવાસી, ખરે તે આજ સંન્યાસી!
અરે ઓ બાળ બાળુડા! બહિર ને અંતરે રૂડા;
તું શું એ કાંઇ જાણે છે? જગતને કંઇ પિછાણે છે?
જગત તુંને પિછાણે છે, જગતને તું શું જાણે છે?
તું જાણે છે? 'હું કયાં જઉં છું—અને હું કયાં જવાનો છું?'
નથી તું જાણતો ભાઇ! નથી કંઇ ભાન રહેવાનું!
ખરેખર એહની અથવા, નથી કંઇ તાહરે પરવા!
અહા સ્વાતંત્ર્ય શું દેખું? સુખી સંસારમાં લેખું:
દશા તારી વિચારી આ, કરૂં ઇર્ષ્યા હું તારી હા!
હઉં જો બાળ તું જેવો, ફરૂં આનંદથી કેવો?
હઇશ હું બાળ તું જેવો, હઇશ આનંદમય કેવો?
થયો આજે સુખી દુઃખી! થયો આજે ધની ભૂખી!
થયો આજે વડો નાનો! થયો આજે સમજવાળો!
પડી જગના પ્રપંચોમાં, શુભાશુભ કાર્યતંત્રોમાં;
થયો છું હું સુખી દુઃખી, થયો છું હું ધની ભૂખી:
અરે ઓ બાળ બાળુડા! દયાના પાત્ર ઓ રૂડા!
ગુરૂ વયમાં તું આવીને, થઇશ કેવો મને કહેને?
થઇશ કે બાળ! હું જેવો? રહીશ કે બાળ તું જેવો?

દેવચંદ રામજી.

૪૩

ફુલની સાથે રહત.

(ગરબી.)

(શીખ સાસુજી દેછે રે વહુજી રહો ઢંગે, એ ચાલ.)

આવો ફુલડાં મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક આનંદે રે ભેળાં રહી નિર્ગમિયે.
મ્હને મુખડું ત્હમારૂં રે સલૂણું લાગે વ્હાલું,
એમાં નિર્મળ પ્રીતિ રે વશી હસતી કાલું.
તમમાંનું હું પણ રે કુસુમ એક કોમળિયું,
રહી મનુજસમૂહે રે વદન કરમાઇ ગયું.
ન્હાશી ત્યાં થકી આજે રે આવ્યો તમ પાસ હું તો,
ત્હમે કોમળ હઇડે રે, મ્હને નવ ગણશો જુદો.
નહિં તમમાં કુટિલતા રે, નહિં વળી ક્રૂરપણું,
નહિં વચન કપટનાં રે હૃદય પ્રેમાળ ઘણું;
કદી હાસ કરંતાં રે તો નિશ્ચે આનંદભર્યાં;
કરમાઇ કદી સૂતાં રે તો સત્યે દુઃખે જ ગળ્યાં;
જેવું અંતર થાએ રે તેવું તમ મુખડું દીસે,
જેવું મુખ દેખાએ રે તેવું તમ હૃદય વિશે.
ત્યારે આવો મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક તો સુખમાં રે સાથે વશી નિર્ગમિયે.

નરસિંહરાવ.

૪૪

પંખેરૂ, જા વન ઉડી.

જા ઉડી, બંધન છુટી...પંખેરૂ! જા વન ઉડી.
તે તુજ ભૂમિ રસે ખુડી, પંખેરૂ! જા વન ઉડી-ટેક.

આ તન આવું, ગાન મધુરૂં,
ક્યમ રાખે પિંજર પૂરી? પંખેરૂ! જા વન ઉડી.

વ્યોમ વિશાળું, રંગ રસીલું,
ત્યાં ફર જા મનડું મૂકી...પંખેરૂ! જા વન ઉડી.

ગિરિ ઝરણે, નિરમળ સરવરનાં
સ્નાન લહે શીતળ ઝુકી...પંખેરૂ! જા વન ઉડી.

ત્યાં લચતાં તરૂઓ ફળથી કંઈ,
એની લહેજત અતિ મીઠી...પંખેરૂ! જા વન ઉડી.

ત્યાં પરજન્ય રહે પરવરતા,
રાગ રસિક લહે ઝુંટી...પંખેરૂ! જા વન ઉડી.

ઉડ અયિ લય થા નભ ગાતો,
દે દિક્પ્રાન્ત સુરે પુરી...પંખેરૂ! જા વન ઉડી.

સુણી સુણીને ધરતો ચક્ષુ ઉર,
હું એ ઝુકાવું હૃદય તુષ્ટિ...પંખેરૂ! જા વન ઉડી.

જીવણરામ.

૪૫

વસન્તગીત.

૧

કોયલડી ! ત્હારી મોરલી લલિત બ્હેનાં ! છેડી જજે !
હીંચે નમે તું બ્હેન ! આંબલિયાને ડાળ જો ! •
 કોયલડી ! ત્હારી મોરલી લલિત બ્હેનાં ! છેડી જજે !
 રંગ્યાં દિશાચીર વિધુની વિશુદ્ધિરંગે,
 અર્ચા પ્રભાવી અરચી દિનને દિનેશે;
 નવગન્ધકોપ કંઈ ગન્ધવતી ઉઘાડે;
ઉઘાડીને ઘૂંઘટ ગાવ, વસન્ત સખી ! પધારે.
 કોયલડી ! ત્હારી વેણુથી વસન્તદેવી સત્કારજે !

૨

કોયલડી ! ત્હારા વનમાં પ્રભાત આજ ઊંડાં ઉગે,
સોનારૂપાની મહીં રમતી રેખ અનન્ત જો !
લાંબી શિશિર તણી રજની વીરી ! આજ ડૂબી જતી.
સાત્ત્વિક પ્રકાશને પગલે પધારે વસન્ત જો !
 મીઠડી,
 સાન્ત્વની,
 ભાગ્ય સમ સંજીવિની,
 જગજ્જીવનમન્ત્ર શી ઉદ્ધારિણી,
 પ્રભુકિરણ સરિખી સકલસંચારિણી,
પ્રાચીપ્રતીચી, દિગ્ભુવનઃ સૌની પરમ કલ્યાણિની:
સાત્ત્વિક પ્રકાશને પગલે પધારે વસન્ત જો !
 કોયલડી ! ત્હારી વેણુમાં વસન્ત દેવી સત્કારજે !

૩

પડઘો ક્યાં પડયો ? રસબાલ !

ભેદી ભીષણુ જગના દુર્ગ અનિલ ક્યાં આથડયો ?
રસબાલ !

ઉપર જ્યાં અનહદ બાજે સાજ, દુહુરવ ત્યાં અહડયો ?
રસબાલ !

સંસ્કૃતિનાં સૈન્ય બ્યૂહો માંડતાં,
પૂર્ણિમા ને અમાંસ નેજા ખોડતાં,
યશકિરીટી ઇન્દ્ર પુષ્પ વધાવતા,
ગાન્ધર્વ જયના ગાન નિજ વેણુ ભરી વાતા જતા:
આછેરી પીંછીથી બ્રહ્માંડતીર્થ આલેખિયાં,
ઘૂમે પ્રશસ્ત તટે મન્દાકિનીનાં નીર જો !
સુરોઅસુરોની મેદની અખંડ ત્યાં રાસે રમે,
નૃત્યનેતા અમી મોરલી હલક સુધીર જો !
પદતાલી ભવ્ય ધમકે મહાગમ્ભીર જો !
કોયલડી ! ત્હારી વેણુથી અનેરી વેણુ વાગે ત્યહાં:
કોયલડી ! સઉ વેણુના વિલોલ શબ્દ જાગે ત્યહાં:
રમે-રચે ચૌદ ભુવનને દડે પરમ ભારતરણુ અબધૂત કાલ.
પડઘો ત્યાં પડયો, રસબાલ !

૪

ફુલડાંની આંખોમાં વસન્ત ! કાંઈ આંજ્યું તહમે,
આંજો જાદુગર આંજણુ એ મુજ નેન જો !

મ્હેકતું,
મ્હેકાવતું,
પ્રાણુને ચેતાવતું,
વિરલ સૌન્દર્યે કદી કદી ભાસતું,
પ્રિયનયનની કાન્તિમાં સ્થિર વાસતું,

સ્નેહના સોહાગ સમ સપ્રભ યશસ્વી વિલાસનું:
ફુલડાંને ફુલડાંને પગલે વસન્ત! પધારજો!
આવ્યાં વને તો દેવી! આવજો માનવ દેશ જો!
ચાંદાસૂરજ કેરી જ્યોતિ પામરીએ પરિમલે,
આપી જજો એ દેવપરિમલના આદેશ જો!
આવો વસન્ત! પ્રાણઆંગણના આભ અમે વાળી લીધા.

૫

કોયલડી! મ્હારે બારણે હો બ્હેન! કાલ બોલી જજે!
કાલે મ્હારે ઘેર પ્રભુજીનાં વરદાન જો!
કાલે મ્હારે ઘેર વસન્તદેવી મહેમાન જો!
કોયલડી! ત્હારી મોરલીનાં વીંધ બ્હેન! ખોલી જજે!
વીંધે વીંધે તે કહે વ્હાલમ કેરાં વેણ જો!
વીંધે વીંધે તે કહે વ્હાલમ કેરાં ક્હેણ જો!
કોયલડી! મ્હારે બારણે વસન્તમન્ત્ર બોલી જજે!

ન્હાનાલાલ.

૪૬

અનંત ફુલડી.

વ્હાલાં રમીએ ઉમંગે, ફરતાં ફુદડી અનંત,
શીતલ નિર્મળ, શ્વેત નયનહર, શાંત ચળકતી ચાંદની સુખકર
જામી રહી કેવી રમ્ય—વ્હાલાં૦

સાખી. સ્નાન પાન અમિનું કરી, લલિત ભવ્ય લ્યો લ્હાવ,
મીઠી આજની રાતડી, કડવી આવતી કાલ;
લુખા દિવસની રાતજ લીસી, ઉંડા નયનની આંસુની લીટી
લુછતાં લઇ અનુકમ્પ—વ્હાલાં૦
સ્કંધે સ્વજનને વિશ્રમ્ભને સ્થળ ભૂલી જઇ ગતવાતડી પળપળ
ગળતાં મહિં ભુજબંધ—વ્હાલાં૦

સાખી. સ્નેહ ધરી સુરભી ભરી, પર ફરતાં દગદ્વંદ્વ,
હેમે રસ બ્રહ્માંડમાં, પ્રિયજનમય કંઇ રંગ,
એ રંગમાં રસઓળ રહીને, ગુપ્ત કળા નીરખી પ્રિયજનને
સૂચવતાં કંઇ મર્મ—વ્હાલાં૦

લલિત.

૬૭

રમણીયતાજનિત શોક.

(વસંતતિલકા.)

એકાંત આ ગિરિતણા ઉદરે પડેલું,
સૂતું જ જાગતું સરોવર સ્વચ્છ પેલું;
આકાશ ભૂરૂં જળ નિર્મળમાંહિ ડૂબ્યું.
ઉંધે મુખે લટકતું તરૂવૃંદ ઊભું.
ડૂબ્યું સમસ્ત પ્રતિબિમ્બજગત્ સુરેખ;
હા ! કોણ એહ પઢશે અતિ ગૂઢ લેખ ?
ગંભીર આ તટતરૂ નિજ બિમ્બ સાથ
પ્રેમે થકી કરી રહ્યાં કંઇ ગૂઢ વાત.
સૂતું સરોવર હૃદે નભ ઉંડું પેલું
શોધે રહ્યા નભની સાથ હશી રહેલું.
દીસે શું ઊંડું જળમાં જગ અન્ય એક.
જેનું સ્વતંત્ર રહ્યું જીવન ભિન્ન છેક.
ગંભીર મૌન ધરીને તટવૃક્ષ પેલાં,
ઊંડી અલૌકિક સમાધિવિશે ડુબેલાં
શાં શોધળતાં હૃદયમાં કવિતાવિચારો !
ને દેખતાં અનુપ ભૂમિતણા ચિતારો ;

ઊંડું નિહાળી જળમાં સ્થિર લોચનેથી,
તેજસ્વી વિશ્વ પ્રતિબિંબતણું જ ભેદી,
તેની પછાડી રહી ઝાંખતી દિવ્ય ભૂમિ
તે દેખતાં તરૂવરો તટ આ ઝઝુમી.
ગર્જંત ઘોર કંઈ અમ્બુધિ ઉત્તરંગ
તેનો કદી નવ શુણ્યો ધ્વનિનો જ જંગ,
એવું સરોવર સદા રમણીયમૂર્તિ;—
તો કેમ આ હૃદય શોકની થાય સ્ફૂર્તિ ?
જોતાંજ રમ્ય છબી આ હૃદયે શું ઊંડા
કાં શોકના પ્રગટતા ધબકાર ગૂઢા ?
હા, જાણ્યું, આ સરતણા મૃદુ હાસમાંહિં
છુપ્યા અનેક અતિઘોર નિસાસ કાંઇ.
આ વારિને તટ રહી હૃદયે નિહાળું
આ મર્ત્ય જીવનનું વાદળ કાંઈ કાળું;
ને કારમી થતી ખડી ભવદુઃખ કેરી
નેનો સમીપ જ ભુતાવળ કાંઇ ઘેરી.
જો ! આ છબી સરતણી રમણીય એક,
તો છે છબી દુઃખભરી જગમાં અનેક.
ને કોઇ કાળ વળી આ છબી તો મધુરી
થાશે વિનાશકરથી જ વિલુપ્ત પૂરી.
માટેજ આ મધુર મૂર્તિ પછાડી છૂપ્યા
ઘેરા અનેક દુઃખરંગ દીસે જ ડૂબ્યા;
સતું મનોહર સરોવર આ સુણાવે
ગંભીર ગાન લયકાળનું ઘોર ભાવે.

નરસિંહરાવ.

૪૮

ઊંડી રજની.

આ શી ઊંડી રજની આજની ભણે ઊંડા ભણકાર !
ઘેરી ગુહા આકાશની રે માંહિ સુતો ઊંડા અંધકાર,
ઊંડા ઝુમ્મરા નભતારલા કંઈ ગૂઢ સંદેશ વ્હેનાર રે;
આ શી ઊંડી રજની !

શાંતિપૂર રેલી રહ્યું રે ઊંડું, અદ્‌ભુત, સહુ ઠાર,
એ પૂરને ઝીણું ઝીણું હલાવી છાનો અનિલ રમે સુકુમાર રે;
આ શી ઊંડી રજની !

ડુબી ઊંડી એ પૂરમાં રે તરૂવરકેરી હાર,
મોહમંત્રથી મૂઢ બની એ કાંઇ કરે ન ઉચ્ચાર રે;
આ શી ઊંડી રજની !

મૂઢ બન્યો એહ મંત્રથી રે સ્તબ્ધ ઉભો હું આ વાર;
ગૂઢ અસંખ્ય ભેદો કંઇ કરે ચોગમ ઘોર ઝંકાર રે;
આ શી ઊંડી રજની !

જાગી ઉઠી એ ઝંકારથી રે અનુભવું દિવ્ય ઓથાર;
ભરાયું ભેદ અસંખ્યથી રે મ્હારૂં હ્રદય ફાટે શત ધાર રે;
આ શી ઊંડી રજની !

ગૂંથાયું એ શત ધારથી રે એહ સ્તબ્ધ હ્રદય આ ઠાર,
શાંત, અદ્‌ભુત, ઉંડા કંઈ સુણે ઉચ્ચ ગાનના પુકાર રે;
આ શી ઊંડી રજની !

નરસિંહરાવ.

૪૮

એક સેનાપતિનું મધ્યરાત્રે ચિન્તન.

“આ શાં અણગણ તારાવૃન્દ રે દીપે શ્યામ નિશામાં
સહુ હળી મળી જાતાં સંગ રે દીપે શ્યામ નિશામાં.

ઘનતિમિરે નભ ઘેરિયું રે ધસતું પૂરવ પાસ,
તેજ રવિનું અસ્ત થયે તે ઊગ્યું, પશ્ચિમ કીધો આવાસ રે;
વસ્યું શ્યામ નિશામાં.

પવન પર્ણ હાલે નહિં, ને હાલે ન અંધારૂં ઘોર,
ગ્રહગણ પણ હાલે નવ ચાલે, હાલે ચોરગ્રાહક ને ચોર રે;
મ્હાલે શ્યામ નિશામાં.

પશુ પંખી બોલે નહિં; ને બોલે ન જળ સ્થળ કાંઈ,
મૃત અમૃત નિદ્રાએ ઘેર્યું, તમરૂં તમતમ કરતું આંહિં રે
તીનું શ્યામ નિશામાં.

એ અવસર અલબેલડી રે, હીંચા હિંચોળાખાટ,
આંસુ ઢાળે, ઉર સંભાળે, રણ પડિયા પિયુને માટ રે;
રોતી શ્યામ નિશામાં.

કોક મળે કો ટળવળે રે, કો રણ જાતી સાથ,
કોક સૂતી સ્વમામાં જોતી આવી અડિયો પિયુનો હાથ રે,
જોતી શ્યામ નિશામાં.

ઉડુગણ ચાલ્યા જીતવા રે ધાયું તિમિર ચોપાસ,
ઘશી ઘશીને કાઢ્યું પછવાડે, કીધાં કેસરિયાં તનુવાસ રે,
લીધાં શ્યામ નિશામાં.

ગ્રહમંડળ પડયું નીરમાં રે, ધરી તરુવરનાં શિર,
વીર જુવે ચિન્તામાં ફરતો સહુ શમિયું સરસ્વતીતીર રે,
સૂતું સ્યામ નિશામાં.
શાન્તિ વિશે ચૈતન્ય નહિં રે, ચૈતન્ય શાંતિ ન એક,
જ્ઞાન વિશે ગમ્ભીરપણું નહિં, પ્રભુ રાખે ક્ષત્રિનો ટેક રે;
આવી સ્યામ નિશામાં.
સત્ય સનાતન રાખવી રે કુલભૂમિની મરજાદ,
સહજ જતી સંભાળવી તે મોંઘી માતપિતાની લાજ રે,
ઊંડી સ્યામ નિશામાં.

ભીમરાવ.

૫૦

ચિત્રસંસાર.

(લાવણી.)

મચી રહ્યો કોલાહલ આજે, દશે દિશે ગાજે !
તે તળે સરે કો ભિન્ન ચિત્ર સંસાર ! જગત ના જાણે !
તરી રહે ઉપર વ્યવહાર,
સઉ સરી જતા જ પ્રવાહ,
સઉ દિવસ ભભુકતો તેજે,
રવિ સળગી રહે જગદેહે,
તે નીચે નિશા નિજ ખેલ જમાવતી, અંધ સોડીયું વાળી
સ્ત્રી ચરિત કરતી નિશા દિવસનું રૂપ ધરી આ જામી !
નભ ઉડુગણથી ઉભરાતું,
તિમિરોદર ઘણું ઉપસાતું,

ઉર ચિત્ર સ્વપ્ન ભણી ધાતું,
જગ મદનતન્ત્રી ધરી ગાતું:—
તે નહિ દેખું, નહિ શુણું, રજનિ જ્યાં રૂપ દિવસનું ધારે,
ઓ રજનિ! ઘુંઘટ ઉઘાડ! નીરખવા તને ચિત્ત લલચાયે.
ઓ રજનિ! ત્હારે કાજ
મુકીં દઇશ હું આ સઉ સાજ!
ઓ રજનિ! જોવા તુંને,
આ બુદ્‌બુદ ફોડીશ હું તે!
ગૃહજાળ, લક્ષ્મીની જાળ, રચી મુજ શિરે રહે બુદ્‌બુદને,
એ બુદ્‌બુદ ફોડી, તોડી બન્ધીના બન્ધ, જોઇશ હું તુને.
ઓ રજનિ! જોવા તુંને મુને અભિલાષ ઘણો છે આજે!
બહુ બહુ વર્ષ અભિલાષ ઉંડા ઉરમાં ધર્યો છે સાચે!
હું ચન્દ્ર! રજનિ, તું રજનિ! જીવ હું, તું જ જેમ પરલોક;
તુજ તિમિર વિશે તરી જોઇશ-"ઉભો તુજ સમો ક્યાં જ પરલોક?
તોડી જ સજડ આ બન્ધ,
હું જોઈશ, રજનિ, તુજ ફન્દ!
મુજ નવો થશે અવતાર!
નવું તેજ પ્રકટશે આંખ!
મુજ સરવા થાશે કાન!
શુણી શકીશ હું યમનું ગાન!
આ દમ્ભ થકી, આ ઢોંગ થકી સરી પડીશ રસાતળમાં હું!
આ નાટકના પટને ચીરી પેંસીશ—જ્યાં વણવેશ નિશા તું,

ગોવર્ધનરામ.

૫૧

અમર આશા.

(ગઝલ—ભૈરવી).

કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે !
ખફા ખંજર સનમનામાં રહમ ઉંડી લપાઈ છે !—કંઈ૦
જુદાઇ જીંદગી ભરની કરી રો રો બધી કાઢી,
રહી ગઈ વસ્લની આશા, અગર ગરદન કપાઈ છે—કંઈ૦
ચડી ના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી,
હજારો રાત વાતોમાં, ગમાવી એ કમાઇ છે—કંઈ૦
ઝખમ દુનીયાં ઝબાનોના, મુસીબત ખોફનાં ખંજર,
કતલમાં એ કદમબોસી, ઉપર કયામત ખુદાઇ છે—કંઈ૦
શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ,
અગમ ગમની ખરાબીમાં મઝેદારી લુટાઈ છે—કંઈ૦
ફના કરતું ફના થાતું, ફનામાં શાહ સમાઇ છે,
મરીને જીવવાનો મંત્ર, દીલબરની દુહાઇ છે—કંઈ૦
ઝહરનું નામ લે શોધી, તુરત પી લે ખુશાથી તું,
સનમના હાથની છેલી હકીકતની રફાઇ છે.—કંઈ૦
સદા દિલના તડપવામાં સનમની રાહ રોશન છે,
તડપતે તૂટતાં અંદર ખડી માશુક સાંઈ છે.—કંઈ૦
ચમનમાં આવીને ઉભો ગુલોપર આફરીં થઈ તું,
ગુલોના ખારથી બચતાં બદનગુલને નવાઇ છે—કંઈ૦
હજારો ઓલીયા મુરશિદ ગયા માશૂકમાં ડૂલી,
ન ડૂલ્યા તે મુવા એવી કલામો સખ્ત ગાઇ છે—કંઈ૦

મણિલાલ.

૫૨

આશાપંખીડું.

(સીતાજીના મહિનાની ચાલ.)

આશાપંખીડું મ્હેં તો પૂર્યું કનકમય પાંજરે,
રમ્ય રંગ ધરંતું અનેક, જેવો મેઘ સાંઝરે;
ઝીણી ચંચૂ સુવર્ણની મેખસમી શી ઓપતી !
ઇન્દ્રધનુંરંગધારી એક કલગી શિર શોભતી;
ધોળી બરફશી ડોકની મધ્ય સુનેરી કાંઠલો,
આસમાની પાંખની માંહિં પચરંગી ચાંદલો,
પીંછે કરમજી રંગ સોહાય, ને ચરણ સુવર્ણના,
હીરા સરિખાં બે ઝીણાં નેન ચમકચમકે ઘણાં;
સુંવાળું શું એનું શરીર ભર્યું દિવ્ય કાંતિયે !
પણ બદલી ઘડી ઘડી રંગ મ્હને નાંખે ભ્રાંતિયે;
વળી અમૃત શું મીઠું ગાન કરે દિવ્ય પંખીડું,
ત્યારે નાચંતું ભૂલી ભાન હઇડું મુજ મૂરખું.
પણ એક દિવસ એ તો, હાય ! ઉડીને ચાલિયું,
તોડી કનકનું પંજર ત્યાંય, રહ્યું નવ ઝાલિયું;
તોએ ગાન કરંતું જાય, પાછળ દોડ્યો જાઉં હું,
પણ એ તો નવ પકડાય, અધિક લલચાઉં હું;
ઉડી પેઠું એ એક દિવ્ય હતું વન તે મહિં,
હું પણ સ્વઅનુસારે ધાઇ પેઠો ત્યાં તો સહી;
દીઠું બેઠું ગુલાબને છોડ, ગયો હું ઝાલવા;
ઉડી બેઠું બીજે ઝાડ, ગાઇ લાગ્યું મ્હાલવા;
વૃક્ષે વૃક્ષે, છોડે છોડ, મુને ભટકાવિયો,
આવ્યું તોએ એ નવ હાથ, અધિક અકળાવિયો.

અંતે બેઠું ઊંચી ડાળ, પછી લાગ્યું બોલવા,—
"અરે મૂર્ખ મનુજના બાળ! ફાંફાં શાં આ મારવાં!
નવ આવું કદી ત્હારે હાથ, મૂરખ એ માનવી!
હું તો ધારી નવા નવા રંગ ધારૂં મૂર્તિ નવનવી;
પૂર્યું પાંજરે મુજને તેહ; ધારીશ નહિં મન વિશે,
એ તો ઘડિયું મ્હારે પ્રભાવ, ત્હને ઉલટું દીસે.
પણ મન નવ થઇશ ઉદાસ, કહું શુણ વાત તું,—
પ્હણે નાંખ નજર, પ્હણે દૂર, વ્યોમ જ્યાં ડૂબી જતું;
પેલી રૂધિરભરેલ કપાળે ઘડેલી કમાન જે;
અંતરિક્ષ ઊભી, જેના સ્તમ્ભ રચ્યા મ્હોટાં હાડકે;—
દીસે તુજને ભયંકર તેહ, તથાપિ એ રમ્ય છે,
બીજી બાજૂ કનકનો ઘાટ ઘડેલો ભવ્ય છે;—
આણી ક્હારે રાક્ષસ એક બેઠો છે બિહામણો,
મૃત્યુ એવું એનું નામ, તુને અળખામણો:
પણ તું જઇશ એને દ્વાર, પછી પેલી પાર તું
જઇ જોઇ પામીશ આનંદ ત્યહાં તે વાર તું;
ત્યારે ત્યાંહિ જો! ભેટીશ તુંને હું આનંદથી,
ત્યાં લગી થઇ ધીર તું થીર રહેજે મન શાંતથી."—
એમ બોલી ઊડી ગયું એહ પંખીડું ના રહ્યું,
ઊડતાં ઝળકંતી એની દેહ, ગાતું ગાતું એ ગયું;
જઇ લય પામ્યું ચન્દ્ર માંહિં, વશી ગાતું ત્યાં રહે,
શાંત અજવાળી રાતે કો વેળ સુણું એનું ગાન મ્હે.

નરસિંહરાવ.

૫૩

આશાદેવીનું ગાન.

(ગરબી.)

મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !—
સ્વર્ગતણી દેવી વ્હાલી હું તો અલબેલડી,
મ્હારૂં ભુવન બધું બ્રહ્માંડ વડું વખણાય;
મ્હારે મન આવે ત્યાં ઉડતી ઉડતી જાઉં હું,
મ્હારી સુન્દરતા દેખી જગ સહુ અંજાય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !
તારલિયા મ્હારે ત્યાં રોજ દિવાળી દીપવે,
મ્હારે આંગણ ચંદા ચોક પૂરીને જાય !
મ્હારે માંડવ જાય સુવર્ણ જ સૂરજ વેરતો,
તેને ઉંચકી લેતું હસતું જગત સુહાય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !
ઉગતા પ્રભાતના જેવી છું આશાદેવી હું,
મ્હારા સાળુડામાં વિધવિધ રંગ પૂરાય;
એવા રંગ જગતના હ્રદયે પૂરી દેઇને
તેની આગળ નવી ઉઘાડું હું દિન-કાય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !
જનઅંતરને કાળાં વાદળ આવી ઘેરતાં
તેનાં ભુવન ભુવનમાં અંધારૂં ઢોળાય,
ત્યારે તારલડા જેવી હું તેમાં ફૂટીને
કાંઇ નવાં નવાં તેજે ચમકાવું ત્યાંય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !
માનવ-ઉર ગુંચવાય નિરાશાની ગીચ ઝાડીમાં,

સહુ ઉલ્લાસ ઉડે ને અંતર શૂન્ય જણાય;
ચંદ્રકિરણશું ઝાડીમાંથી ત્યાં ડોકાવી હું
તેને ફરી જગાવી દોડાવું જગમાંય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

જોઉં પ્રેમભ્રમરને જગમાં ભમી ભમી ગુંજતો,
કોને ચટકો દઈને છૂપો ન્હાસી જાય;
તેને પાસે પાસે લાવીને હું ઉડાવતી
કદી પકડાવું કે કદી ન્હસાડી મૂકું ત્યાંય !
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

દુનિયાની સખિ થઈ આશ્વાસન તેને આપું હું,
મ્હારા માંડવનો બતલાવું બહુ મહિમાય;
કંઈ કંઈ સ્વપ્ન મીઠાં દેખાડું દૂર આકાશમાં,
એવું સખીપણું છે મ્હારૂં અતિ સુખદાય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

મ્હોટાં મ્હોટાં કામ કરાવું જનની પાસ હું,
એક ફલંગે પ્હાડ કુદાવું કરીને સ્હાય !
રાજારાણા રંક બધાનાં ઉરમાં હું વસું;
મુજ વિણ જગમાં જનનું જીવ્યું વ્યર્થ ગણાય !
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

મ્હારૂં ગાન સદા જન–ઉરને પોષે પ્રેમથી,
મ્હારૂં નાચ નચાવ્યું તે તો નાચ્યું જાય !
મ્હારી વીણામાંથી ટપટપ અમીબિન્દુ ઝરે;
જેને મુખ પડે તે હસી હસી હરખાય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

મ્હારે આંગણ પૃથ્વીથી મ્હેમાનો આવતાં,

તેનાં અંતર મ્હારાં મધુરાં ગીતો ગાય;—
મ્હારી વાડીમાંથી મીઠાં ફુલ લાવી આપું ત્યાં,
સુંઘતાં સુંઘતાં કદી નહિ તે તો લેશ ધરાય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !
કોને આવી આલિંગન દઈ પૂરૂં કોડ ને
કોથી દૂર ન્હાસી જઈને ઉચરાવું 'હાય' !—
મ્હારો મર્મ કદી નહિ આપું કોને, ને કરૂં
કોને હસતે કોને રડતે મુખ વિદાય !—
મ્હારી અંતરની ખરી વાત સુણો રે માનવી !
એવા કંઈ કંઈ ખેલ મચાવું જગમાં હું ઘણા,
માનવજીવન મીઠું કંઈ મ્હારાથી જ થાય;
એ બાળકડાંને શિર અમરકળીઓ ખોસું હું,
તેની સાથે એ તો ખીલતું રહે સદાય !—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !
પ્રભુના રંગમહેલતણી હું તો અધિદેવી છું:
તેનાં દર્શન કરવા જીવ સહુ ચિત્તમાં ચ્હાય;
પણ જે સત્ય પથે શુદ્ધ આવે ઉર ધારી મને,
પ્રેમે દ્વાર ઉઘાડી લઉં તેને જ હું માંહ્ય;—
મ્હારી મીઠી મીઠી વાત સુણો રે માનવી !

* * * *

તારલિયા મ્હારે ત્યાં રોજ દિવાળી દીપવે,
મ્હારે આંગણ ચંદા ચોક પૂરીને જાય,
મ્હારે માંડવ જાય સુવર્ણજ સૂરજ વેરતો:
આવો, આવો, ભલે પધારો મ્હારે ત્યાંય !
આવો, મીઠી મીઠી વાત કહીશ રે માનવી !

———

ખબરદાર.

૫૪

ચક્રવાકી.

“ રજનિ અધીય ગાળી ! શોકની સીમ ભાળી !
તિમિરની તતિ થાકી દૃષ્ટિથી જાતી આઘી !
અરુણ ઘણી કીનારીવાળી આ સાડી ધારી,
ઉભી શિશુ રવિ ધારી કેડમાં, વ્યોમનારી.
રમત બહુ રમાડે, ઘેલી ઘેલું લડાવે,
શિર ઉપર ચ્હડાવે, ઉંચ ઉંચો કુદાવે;
નીરખો ધરતી બાળા ક્‌હાડતી રાગ કાલા,
ઉંચી ઉંચી કરી દૃષ્ટિ સારતી હર્ષવૃષ્ટિ.
નિકટ, તુ રઢીયાળા, આવ, ઓ ચક્ર વ્હાલા !
ભુલી જઈ ક્ષણું પાછા દુઃખમાં ઝ્હેર ક્‌હાડ્યાં:
થયું ન થયું ન પુછે, જાગતું હોય ઉંઘે,
ઉંઘી ગયું જગ એ ! છે આપણે આપણુંયે !
ઉંચું, ઉંચું, પ્રિય જોની ! તેજ જોઈ હું મોહી !
ચલ ચલ ઉડીયે ત્યાં, પંખી બીજાંય છે જ્યાં.
“ ઉડે મેઘ, તેની પાંખોમાં પુરે રંગ રવિ તાજા !
ચાલ ! ચાલ ! આપણ પણ જઈએ રંગ આપણા લ્હાવા !
પુરે ઉપરથી તેજ સુનેરી રવિ, પીયળ સમ ફેલે
તે, તે સળગતી પુલિનવાલુકા જગત ઉડતું દેખે.
લલાટપટપર હોય રક્ત સૌભાગ્યચિન્હ, તે જેવાં,
ચાલ, ચાલ, પુલિને થઈ રહીશું ! તું જ કહેની તે કેવાં ?
રુપેરી જળભરી નદી આંખ સમી ભુવનની ઉઘડી પ્રકાશે,
તેની કીકીયો સમ થઈયે, પ્રિય, ઉડ સલિલમાં ન્હાતે.

ચાલ ! ચાલ ! નભશું નભબિન્દુ સમો ઉદધિ પણ સ્પર્ધા
કરે, તો શું આપણ કંઈ જઇએ ? એજ રંગના રસ્તાઃ—
મ્હોટાં ન્હાનાં વધુ મ્હોટાંમાં, તો ન્હાનાં પણ મ્હોટાં !
વ્યોમદીપ રવિ નભબિન્દુ, તો ઘરદીવડાં નહિં ખોટાં !
ચાલ ચાલ, પડીએ રસરસ્તે, નવું નવું જોવાશે,
ઉભી લાગતી ધરા તેય ખેંચાતી ને ખેંચાશે !
ખેંચાતાં પણ જવું જ તો તો જવું ન શીદ ખુશીથી ?
ચાલ, ચાલ, ઉડીયે જ અગાડી આનંદે વણ ભીતિ !"

ગોવર્ધનરામ.

૫૫

સરસ્વતીને.

(મધુભૃતા વૃત્ત.)

હા ! હા ! તે માણેક ખોવાયું ! રત્ન થયું બેતાલ !
સ્વદેશ પ્રીતિ સ્વતન્ત્રતાશ્રી સુખ સૌ થયાં અકાળ !
સરસ્વતિ ! તે હાય ! દિવસ નહિં ભરતખંડના હાલ !
તે શું આંસુ આ ઉન્હાં !
મુક્તાકારે સતત નિકળતાં તુજ કપોલની લાલી
હરે ! મ્હારૂં હરે હીર હા ! દૈવ વિપરીત ખ્યાલી !
હરે ! હો ! દૈવ વિપરીત ખ્યાલી !
હશે, હશે, પ્રિય ! વિસાર ક્ષણભર, ઉદય ઉદય થાશે,
પ્રકાશ અરૂણો ઝળહળશે કંઈ દીપે સુવિલાસે !
પૂર્ણ પ્રકાશ થાતાં મંગળ જય—ગીત ગવાશે !
ઉઠ ! ઉઠ ! ઉત્સાહે !

વીણા વ્હાલી લઇ ઉછરંગે શૃંગાર રસભરી
કોમળ મધુરી વાણી પ્રકાશ સુખદ વિશદ લહરિ !
હરે ! હો ! સુખદ વિશદ લહરી !
કૌમુદી પૂર્ણેન્દુ સુધામય, નિશિભવ મુક્તાપ્રાશી,
વિશદ નિશાએ વિકસિત કુમુદનું બિસ વિશદ ગ્રાસી,
શરદાગમથી મદકલ કલરવ શશિપદ વિન્યાસી,
માનસ સરવર તટે !
વિસામતા શુભ હંસ બેસી, ધવલ કુમુદ તારકથી
સ્વર્મન્દાકિનીતટ નિકટે રહી ભરત નિરખ હરખી !
હરે ! હો ! ભરત નિરખ હરખી !

હરિલાલ ધ્રુવ.

૫૬

માનસ–સર.

અંતર ઉછળ્યું હો—સહસા ધૈર્ય ગળ્યું હો,—ધ્રુવ.
ક્ષોભ થયો વૃત્તિમાં અતિશય, તરંગ જબ્બર ચાલે,
માનસસર મારૂં ડોળાયું, ખૂબ ચલિત જલ હાલે:
સ્થાનક ન મળ્યું હો ...સહસા૦

હાય ! વધે જલ, અલ્પ દિસે સ્થલ, છેવટ રે ! શું થાશે ?
નાજુક પાળ, પ્રચંડ ભરાવો, હા ! શી રીત સમાશે ?
જલબલ ન ચળ્યું હો ...સહસા૦

આવે ઉગ્ર ઉછાળા ઉપર, તોફાન ખરૂં જામે,
નાનું સર, દેખાવ ભયાનક; શાથી સદ્ય વિરામે !
પાછું ન વળ્યું હો ...સહસા૦

રંગ ગયો બદલાઇ ખરેખર ! નિર્મળતા પણ ઉડી.
જલસેના ઉભરાવા માંડી, પાળો પણ ગઇ બુડી,
સ્થલ સાથ ભળ્યું હો ...સહસા૦
ઉપર થઇ ઢોળાય બધેથી મસ્ત ધોધવા દોડે,
જંગ બરાબર થાતાં નિર્બળ પરિસીમાને તોડે,
આખર ન કળ્યું હો ...સહસા૦

મણિશંકર.

૫૭

ઝણકારા.

(મંદાક્રાંતા)

આઘે ઊભું તટકુસુમસ જેમાં દ્રુમો નીંદ સેવે,
વચ્ચે સ્વપ્નસ્મિતકિરણમાં શાંત રેવા સુહાવે;
ઉંચાં નીચાં સ્તનઘડકમાં હાલતાં સુપ્ત વારિ,
તેમાં ધીમે તલ સમ પડે ઉપડે નાવ મ્હારી;
માથે, જાણે નિજ નિરખતાં નગ્ન કાંતિ કદાપિ
જાગે સૃષ્ટિ, કુસુમવસને તેથી જ્યોત્સ્ના લપાતી;
ને બીડેલાં કમળ મહિં બંધાઇ સૌન્દર્યઘેલો
ડોલે લોટે અલિ મૃદુ પદે, વાય આ વાયુ તેવો.
ત્યાં સૂતેલો લવું નવલ અર્ધા અનાયાસ છંદ,
કે ડોલંતી ગતિ પર સજું બીનના તાર મંદ;
તેમાં ક્યાંથી, રજનિ ઉરથી, નર્મદાનીરમાંથી,
સ્વર્ગંગાની રજત રજ કે વાદળી ફેનમાંથી,
–પુષ્પે પાને વિમલ હિમમોતી સરે તેમ છાની,
આની વ્હાલી ફરી જ ફરી કાને પડે છે "સુહેની."

બલવંતરાય.

૫૮

મણિમય સેંથી.

૧

જગ ! ગજવજે ઘોર ગીતડાં;
ઘડી નચવજે કાન્ત ચિતડાં:
નમેરી છાયાનો વિકટ તુજ ઘેરો ઘટ થશે,
ચળાતી જ્યોત્સ્નાનો મણિમય પ્રીતિપન્થ દીપશે.

૨

ભલે પ્રિયે ! તો અનિલો ઘૂમે અને
ભૂરી સખે ! વાદળિયો વીંટે ત્હને;
ક્હોર ના માનવ દૃષ્ટિ નાંખશે,
સૌન્દર્યરેખા પ્રણયાર્દ્ર ઝાંખશે.

૩

ચુમ્બે પેલા શ્યામ અબ્ધિતરંગો
આછા જેવા પાતળા મેઘરંગો;
બ્રહ્માંડો એ સન્ધિકામાં રમે છે,
વ્હાલી ! ત્હારી રસદ્યુતિ ઝીણા પ્રેમમાં આથમે છે.

૪

ભલે પ્રિયે ! તો ઘડી સૌમ્ય ઝાંખશું,
રસેન્દુનું અન્તર સ્થાન રાખશું;
બતાવજે ઉજ્જવળ પાટ પાથરી
પ્રાણેશ ! સેંથી કહિ દિવ્યતાભરી.

૫

આછા પેલા શ્યામ અબ્ધિતરંગે
વ્હાલી ! ત્હારી મૂર્તિ જો ! મેઘ રંગે;

વિશ્રાન્તમાં, ગીત શાં ઘોર ગાજે!
વ્હાલી! ત્યાં યે પ્રણયરસીલું આત્મબિન્દુ વિરાજે.

૬

જગત! ગીત ત્હારાં ગજવજે:
કદિ વિમલ આત્માં લજવજે:
નમેરી છાયાનો વિકટ ઘટ ઘેરો ય મેટશે,
ચળાતી જ્યોત્સ્નાનો મણિમય પ્રીતપન્થ દીપશે.

ન્હાનાલાલ.

૫૮

ગ્રામ્ય માતા.

ઉગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં,
ભૂરૂં છે નભ સ્વચ્છ સ્વચ્છ, દિસતી એકે નથી વાદળી;
ઠંડા હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દિસે શુક ઉડી ગાતા મીઠાં ગીતડાં!
મધુર સમય તેવે ખેતરે શેલડીના
રમત કૃષિવલોનાં બાલ ન્હાનાં કરે છે;
કમલવત ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે!
વૃદ્ધ માતા અને તાત તાપે છે શગડી કરી,
અહો! કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દિસે!
ત્યાં ધૂળ દૂર નજરે ઉડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે;
ટોળે વળી મુખ વિકાસી ઉભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં!

ધીમે ઉઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુવે છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાન્ત બેસી રહીને
જોતાં ગાતો શગડી પરનો દેવતા ફેરવે છે.
ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઉઠી ત્યારે "આવો બાપુ" કહી ઉભો.
"લાગી છે મુજને તૃષા, જલ જરી દે તું મને" બોલી ને,
અશ્વેથી ઉતરી યુવાન ઉભીને ચારે દિશાએ જુવે;
"મીઠો છે રસ ભાઇ! શેલડીતણો" એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઈ ગઇ જ્યાં છે ઉભી શેલડી!
પ્યાલું ઉપાડી ઉભી શેલડી પાસ માતા,
છુરી વતી જરીક કાતળી એક કાપી;
ત્યાં સેર છુટી રસની ભરી પાત્ર દેવા
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી.
"બીજું પ્યાલું ભરી દેને હજુ છે મુજને તૃષા,"
કહીને પાત્ર યુવાને માતાના કરમાં ધર્યું.
કાપી કાપી ફરી ફરી અરે કાતળી શેલડીની,
એક બિન્દુ પણ રસતણું કેમ હાવાં પડે ના!
"શું કોપ્યો છે પ્રભુ મુજ પરે?" આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છુરી ભોકતી શેલડીમાં.
"રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
"નહીં તો ના બને આવું," બોલી માતા ફરી રડી.
એવું યુવાન સુણતાં ચમકી ગયો ને
માતા તણે પગ પડી ઉઠીને કહે છે—

"એ હું જ છું નૃપ. મને કર માફ બાપ!
"એ હું જ છું નૃપ, મને કર માફ ઈશ!
"પીતો'તો રસ મિષ્ટ હું પ્રભુ અરે ત્યારેજ ધાર્યું હતું—
"આ લોકો સહુ દ્રવ્યવાન નક્કી છે એવી ધરા છે અહીં;
"છે ત્હોયે મુજ ભાગ કૈં નહિં સમો તે હું વધારૂં હવે,
"શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહીં?
"રસે હવે દે ભરી પાત્ર બાપ,
"પ્રભુકૃપાએ નક્કી એ ભરાશે;
"સુખી રહે બાપ! સુખી રહો સૌ,
"તમારી તો આશિષ માત્ર માગું!"
પ્યાલું ઉપાડી ઉભી શેલડી પાસ માતા,
છુરી વતી જરી જ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
મ્હોળો વહે રસ અહો! છલકાવી પ્યાલું!

કલાપી.

૬૦

કૃતઘ્નતા.

(શિખરિણી.)

ભલે ફૂંકો ફૂંકો પવન! તમ જ્વાલા સળગતી!
ભલે વંટોળાની ગગનપડમાં ધૂળ ઉડતી!
સુસાટામાં છોને ગિરિશિખર મ્હોટાં ઢળી પડે!
ભલે સૂર્યે ઢાંકી રજ સહુ દિશા મેલી જ કરે!
ભલે વ્હેતાં વ્હાણે સઢ સહુ ચીરાઈ તૂટી પડે!
પ્રચંડોર્મિ છોને જલધિજલના ઉછળી રહે!

ભલે હોડી ડૂબી ગરક દરિયામાં થઇ જતી !
ભલે જનતી આખી જન સહ રસાતાલ પૃથિવી !
હવે તો હું વૈરી જગત સઘળાનો થઇ રહ્યો !
અહો ! જેને માટે મમ હૃદય બાળી દુઃખી થયો !
કૃતઘ્ની લોકોને કદર નવ કાંઇ હૃદયની !
ન જોવાની ઇચ્છા ! કદર કરવા સાધન નહીં.
તુફાની સત્વો આ કુદરતતણાંમાં મળી રહું !
અને તો વંટોળો થઈ જગત આ ઉજ્જડ કરૂં !
ગડડાટો મ્હોટા, કડડ કડડાટો વીજળીના,
મને વ્હાલાં વ્હાલાં પ્રલયભ્રમસાણો પવનનાં !
દયાના, પ્રીતિના, મૃદુ હૃદય ને માર્દવ તણા
તમે લોકો વૈરી, મમ હૃદય લે વૈર કયમ ના ?
હસો રોતાં દેખી ! હસીશ તમને આજ ચગદી !
અહો ! રોનારાં આ મમ નયનમાં જ્વાળ સળગી !
દયા રોનારાંની ઉપર નવ મ્હારા હૃદયને !
તમારૂં રોવું એ કપટમય ને ક્રૂર જ દિસે !
તમારાં લોહીમાં મમ હૃદય આ સ્નાન કરશે,
અને ત્હોયે સૌ એ ઘટિત જ થયું એમ ગણશે !
અહોહો ! આ મીઠી કુદરત તણી કેવી મૃદુતા ?
અરે ! તેમાં ક્યાંથી હૃદય તમ શીખ્યાં અજડતા ?
તમારે માટે કો હૃદય ભગવું જે કરી રહે,
અરે ! તેને ચીરો ? તમ હૃદય તો ચીરીશ હવે !
સખે ! તેં એ શું આ જિગર ચીરવા ખંજર લીધું !
હતું ખુલ્લું ત્હોયે હૃદય મમ તેં એ નવ દીઠું !
કહું શું લોકોને ? અરર ! સઘળાં પામર નકી !

વૃથા ઢોળું ત્યાં હું મમ હૃદયનો ક્રોધ જ નકી !
તને તો ના ઓહો ! મુજ જીગર કૈં એ કહી શકે !
મૂક્યું ખોળે માથું પછી કતલનો શું ડર રહે !
દગો ત્યાંએ ત્યાંએ પછી જગતને શું કહી શકું ?
વિના બોલ્યે કાંઈ પણ નવ હું મુંગો મરી શકું.
ભલે ફૂંકે ફૂંકે અનિલ અથડાયા વગર સૌ
ગિરિ તો આ રૂનો થઇ જઇ હવે પોલ ઉડતો !
ઘણા વ્હોની સામે અડગ રહીને ટક્કર લીધી,
હવે તે ખેંચાતો તૃણવત થઇ તાણની મહીં !
જવા સામે પૂરે સરપ સરખો યત્ન કરશે,
હજી એ ખેંચાતો પણ નવ ખુશીથી કદી જશે !
અરે ! આશા કિન્તુ જરી પણ રહી ના હૃદયને,
પડયો જે નીચે તે જગત કયમ ઉંચે લઈ શકે ?
સખે ! અન્યાયી તું મમ હૃદયને ને જગતને,
અરે રે ! તેં કીધું જગત કડવું આ હૃદયને !
કૃતઘ્ની તું થાતાં દિલ મમ કૃતઘ્ની થઇ ગયું !
પ્રભુની લીલાને વિષમ ગણતાં એ શીખી ગયું !
તને કૈં કહેવું એ દિલની નબળાઇ મુજ નકી,
વિના સ્વાર્થે પ્રીતિ મમ હૃદયથી ના થઇ શકી !
નકી આશા કાંઇ મુજ હૃદયમાં રાખી જ હશે,
ન તે પૂરી થાતાં મમ હૃદયને આ દુઃખ, સખે !
હશે ! ભાઇ ! કિન્તુ હૃદય ત્યજવું તે સુખથી શે !
ઉછેર્યું મેં તારૂં હૃદય કુમળું દુઃખી ગણીને;
હવે કાંટા લાગે ! અમર તુજ એ કંટક હજો !
પરન્તુ બીજાથી જરી વધુ હવે કોમળ થજો !

કલાપી.

૬૧

મજા ક્યાં છે?

(ગઝલ.)

ક્યાં છે મજા? ક્યાં છે મજા? કહે તું મુસાફર ખલ્કના!
દુનિયાં મહિં ક્યાં છે મજા? માની લઉં શામાં મજા?
છે ક્યાંઇ ખાણ ખુશાલીની આ ખલ્કને કોઇ ખુણે?
દેખાડી દે! જો હોય તો, ખોદી લઉં ત્યાંથી મજા!
આલમ શુણે લ્હેરી ન ગાણું જ્ઞાનનું દરિયાતણું!
તે દુઃખ પોતાનું રડે તો માની લઉં શેમાં મજા?
રોવે હસે અસ્થિર ભૂત શોધે ન 'શું ક્યાં સત્ય છે?'
દુઃખભાર લઇ મુંગી ફરે ધરતી, લઉં શેમાં મજા?
ત્યાં આસમાને આભલાં જુદાં જુદાં કંઈ ચકચકે,
સમજે, ન કો તેથી નિસાસા સૌ ભરે! શામાં મજા?
દરિયામહીં-ધરતી મહીં-ત્યાં આસમાન મહીં ઉંડે,
કહે તજ્ઞ ખુશાલીતણું,-શું કામની પણ તે મજા?
છે ત્યાં ગયાં ભૂત તો હજારો માણવા જ અખૂટ મજા
સાથે લઈ પાછાં ફર્યાં દીઠાં નહિ, તો ક્યાં મજા?
વર્ષાં બીચારી ગર્ભિણી સ્હેતી પ્રસૂતી વેદના
પછડાય ચીસો પાડતીને ગર્ભ જળ રૂપે પડે;
થીજાય શિયાળામહિં સીઝાય ઉનાળામહિં;
દુનિયાં બધી એમ જ પીડાતી દેખું છું;-તો ક્યાં મજા?
ખુબસુરતી આલમતણી હસતી ખીલે જે કારમી
દેખું છું, પણ કરમાય ક્ષણમાં! માનું તો શામાં મજા?

શુણુવા કહે, અવલોકવા કો, વાંચવા કોઈ કહે;
હું મ્હાવરો રાખું ઘણો, તેમાં ન આવે પણ મજા?
આલમતણી મેં ચોપડીનાં ફેરવ્યાં પાનાં ઘણાં!
માલિકના ડહાપણ થકી સમજુ થયો પણ ના મજા!
હું ગાન દુનિયાંનું શુણું અવલોકું સારી ખલ્કને!
જાણી લઉં છું ભેદ સઘળો હોય તેમાં ના મજા!
જીગર વિના તનહા ફરૂં તેથી ન આવે રે! મજા,
આ ઇશ્ક વિણ રોતું ન માને દીલડું ક્યાંઇ મજા!
ઉડી ગયેલા નૂરથી ઝાંખો ફરૂં જનમંડળે
ધારી ફકીરી હું પુકારૂં, "નૂર! ઓ! મુજ નૂર ક્યાં?"
શૂણે ન કો! રડવું જુવે ના મુજ હાલત આલમે!
દેખું જ તેને રડતી હું તો દુનિયામાં ક્યાં મજા?
દુનિયાંમહિં ભાઇ! નથી–ક્યાંઈ નથી–કાંઇ મજા?
ગમગીનીનો ભંડાર આ છે,–માનું તો શેમાં મજા?
જીંદગી છે જ્યાંસુધી સ્હેવું બધું રે! ત્યાંસુધી,
આ જીંદગી પૂરી થશે તો આવશે ઉંચી મજા!
સ્મરવાં ગયેલાં સ્નેહીને, રડવાં ગયેલાં સ્નેહીને,
ભમ્રાશ જીવિત મુજ એ છે! હાલ તો કહો તે મજા!
કહો તે મજા કે દંભ કે મૂર્ખાઇ ડહાપણ જે ગમે,
અવસાન સુધી હૃદય મુજ તેમાં જ માની લે મજા!
અવસાન બાદ ઉડી જતાં અકળિત અગમ્ય જ સ્થાનમાં
આ ખલ્કમાં નથી ક્યાંઈ એવી કરીશ ત્યાં સાચી મજા!

લલિત.

૬૨

એક આગિયાને.

(હરિગીત.)

તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચ્યાં,
બ્રહ્માંડને પોષી રહ્યા તે દૃષ્ટિ અહીં એ છે નકી;
તુજ ઉદરપોષણમાં તને તુજ રૂપ ઉપયોગી થતું,
તુજ નેત્ર આગળ દીવડો કૈં શ્રમ વિના દેખાડતું.
વળી કોઈ કન્યા પાતળી તુજ તેજ ઉપર મોહતી,
જે ભાલને ચોડી તને ત્યાં હર્ષથી ચળકાવતી;
વળી કોઈ વિસ્મિત સ્મિતભરી તુજ તેજ માત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી તુજ રજ રખે જાતી ખરી.
અદૃશ્ય ના ધનથી બને ના ધૂમસે મેલું થતું,
તુજ તેજ તે મુજ ઉપવને હું નિત્ય જોવા જાઉં છું;
મમ પ્યારીનાં ફૂલડાં અને મુજ વૃક્ષ જ્યારે ઊંઘતાં,
તું જાગતો રાત્રિ બધી ત્યારે રમે છે બાગમાં.
તું જાગજે, તું ખેલજે, ને પત્રપત્રે મ્હાલજે,
ચળકાટ ત્હારો એજ પણ તુજ ખૂનની તલવાર છે!
તું કેમ એ માની શકે! આધાર ત્હારો એજ છે,
એ જાળ તું જાણે નહીં, હું જાણું ને રોઉં, અરે!
રે! પક્ષી કોની દૃષ્ટિએ તું એજ ચળકાટે પડે,
સંતાઇ જાતાં ન્હાસતાં એ કાર્ય વૈરીનું કરે;
દ્યુતિ જે તને જીવાડતી દ્યુતિ તે તને સંહારતી,
જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી.

આ પ્રેમ સંસારીતણો તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બિન્દુ ભર્યાં વિધિએ નથી?
અમ એજ જીવિત, એજ મૃત્યુ, એજ અશ્રુ ને અમી,
જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી?

કલાપી.

૬૩

કિસ્મત!

(ભૈરવી ગઝલ).

કહીં તું જાય છે દોરી દગાબાજી કરી કીસ્મત!
ભરોસે તેં લઇ શાને? આ હરરાજી કરી કીસ્મત!
થવા નિજરૂપ દુનિયાંમાં ઉતરવાનું ઠર્યું કીસ્મત!
કરી તુજરૂપ રંજાડી લપેટી ઘા કરે કીસ્મત!—કહીં.
ચલાવી પુષ્પમાલા પર નીચે સર્પો ભર્યા કીસ્મત!
સનમદીદારમાં નાખી પલક જુદાઇની કીસ્મત!—કહીં.
લગાડી કાર્યકારણની બરાબર સાંકળો કીસ્મત!
ભરાવ્યા ત્યાં શી રીતે તેં ઊલટના આંકડા કીસ્મત!—કહીં.
પિછાની બે અને બેને કહીને ચાર હે કીસ્મત!
લખાવ્યા હાથથી શાને? તેં બે ને એક આ કીસ્મત!—કહીં.
ગણી મારૂં વળી મારૂં ભર્યું દિલ પ્રેમથી કીસ્મત!
તથાપિ ત્યાં ભર્યું શાને? શી રીતે? ઝેર તેં કીસ્મત!—કહીં.
ધરી આશાતણો પાયો ચણાવી તે ઉપર કીસ્મત!
કહીં? કયારે? લીધો તાણી એ પાયો તેં અરે કીસ્મત!—કહીં.

મૂકાવી ને મીંઠ ખોળે ભરોસે શીશ હે કીસ્મત!
કપાવી શત્રી રીતે ગરદન વહે ના ખૂન પણ કીસ્મત?—કહીં.
ઉઠાવી અસ્તિથી દિલને લગાડયું નાસ્તિમાં કીસ્મત!
દરદ્દિલ રોવું ત્યાંએ તેં વગોવાવું ભર્યું કીસ્મત!—કહીં.
વહે આંખો ગળી ધારે—ધુવે દિલદાગને કીસ્મત!
ખુદાઇની મીઠાઇમાં ભરી ખારાઈ કયાં કીસ્મત!—કહીં.
મુંડાવી કે રંગાવી ને કરાવ્યો ત્યાગ તેં કીસ્મત!
તથાપિ ત્યાં બઝાડી શી! ઉપાધિ એવડી કીસ્મત!—કહીં.
મુખે અદ્વૈત ઉચ્ચારી લહી મનથી પૂરૂં કીસ્મત!
કવિતા આ બકાવાનું કર્યું શેં દ્વૈત તેં કીસ્મત!—કહીં.
કહીં કહીં આ દગાબાજી કરે હા ના તું શું કીસ્મત!
મને માલીકના કાને પડે ભણકાર ત્યાં કીસ્મત!—કહીં.
રમાડયો આ દગાબાજી વિષે બહુ છું ખુશી કીસ્મત!
મળ્યો માલીક વેચાયો:—કરી લે ચાહે તે કીસ્મત!—કહીં.

મણિલાલ.

૬૪

ચાલ, સખિ! ઉડીએ.

(લાવણી.)

સખિ! સહ્રદયતાના ખરા ભેદ સમજે જ્યાં ન કોઇ મૂઢ,
તે જડ જગમાં કદી ગમે કેમ વસવુંય;
મારાં સહુને ગણી સરલ થઇ મળું ભળું સહુમાં કોડે,
સખિ! ત્હોય વ્હેમથી ભર્યાં મને તરછોડે.

જે થએલ મારાં ઉડયાં તેથી ઉર–ફકીર તનહા ભમતો,
ડુબતા દિલનો કર સખિ ! તેં જ તો પકડયો.
તુજ શુદ્ધ પ્રણયનું પ્રિયે આચમન દઇ નૂર વળી ચળકયું,
આ વિરક્ત મુખડે ફરી સ્મિત કંઈ ફરકયું.
સખિ ! તિમિર તેજના અગણિત થર અવનિ તળમાં મેં ખોદ્યા
માનુષી શક્તિએ રોતાં નિજ નખ ખોયા.

માટીનાં ઢેફાં જડે,
સોનાની રજ ચકચકે,
પણ સ્પર્શ થતાં તે ઉડે,
ભરભર થઇ નીચે પડે.

કંઇ પડ ઉખેળતાં અગમ્ય વિધિનાં સૂત્ર ગૂઢ ઉકેલ્યાં,
નવ ત્યાંય જડ્યાં કંઈ ઇષ્ટ સુખડાં ઘેલાં.
છવિ રમ્ય, રસિક રવિ હૃદય સૃષ્ટિની અવનિપટ પર પાડે
પણ પાછી ધ્રુજાવી અનિલ લીસોટા રાખે.
ચંચળ વિધિની વાટિકા મહિં આ ભમે નિત્ય ચંચળતા,
કરમાય કુસુમડાં ખીલે રમે પળ ત્યાં હા !
દુનિયાં ફાનીના ક્ષણિક જીવનમાં રંગ સાકર કંઈ ઉડે,
સુખ દુઃખની પ્યાલી પીતાં વિરહ–પીડ સ્ફૂરે.

પ્રિય સખિ ! **रजस्तमसावृत** પુતળાં રમે હસે ને જીવે,
ત્રિવિધ તાપથી ફડફડી સૂતાં સૌ ઉઠે.
અસ્થિર મન તેનાં ભમે, વિધિ વ્હેમ થકી તે ભરે,
નવ હૃદય ખેલ શીખવે, સૌ વિરસ બિચારાં રહે,

એ ધૂર્ત વિધિના પેચ ચળકતા અતિ તીક્ષ્ણ વળવળા
બેસે ખૂંચે કદિ નહિં નીકળવાના, હા !
વિંટળાય પરિચય થકી પેચ પર રક્ત નીકળતાં સુધી
લવણુ અડયે બળાતાં રડે, જાય રડી સૂઇ;
સખિ ! અભેદને સ્મરસિદ્ધ અધમ સાધક કરી સિદ્ધિ સાધે
એ ક્ષુદ્ર રીત ઉચ્ચ હૃદયને કયમ છાજે.
એ અજવાળાના કીડા એમ ખદબદે સ્થૂલ વ્યવહારે,
અંધારામાં દ્રગ દીન મીંચાઇ જાય.
તિમિર તેજની સંધિ ક્ષિતિજે પરવશ ભૂતડાં દીન નાચે
અનુભવી શકે સત્વનું સ્વપ્ન કદી ના તે.

પ્રતિકૂળતાથી તે ખીજે, અનુકૂળતાથી તે રીઝે,

રીઝ ખીજમાં જીવે મરે, મૃદુ ભાવ ન હોય જ હૃદે

સખિ ! ન હોય નિર્મિત સ્થાન આપણું અસાર આ સંસારે
નક્કી પ્રણય અંશનો વાસ અન્ય સૃષ્ટિએ.
પ્રકૃતિજ પીંજરાં બાળી સૂઇ બીડી બાથ ચિતાશય્યામાં,
ભૂત ભભૂત ચોળીએ ચાલ પ્રણય–વેદીમાં.
અગણિત ગોળા પર થઇ રચી અદ્વૈત લોઢમાં ભમશું,
ત્યાં વિશ્વ–યંત્રની ચીસ દૂર સુણીશું.
રસ નીતરેલો ભવ ત્યજી, સરલતા સજી, સખિ ! ઉડીએ !
આ અનન્તતાના ઉદધિ મહીં રસ છણીએ.

લલિત.

૬૫

ત્યાગ.

(ગઝલ)

હું જાઉં છું ! હું જાઉં છું ! ત્યાં આવશો કોઇ નહીં !
સૌ સૌ દિવાલો બાંધતાં ત્યાં ફાવશો કોઇ નહીં !
ના આંસુથી, ના ઝુલ્મથી, ના વસ્લથી, ના બન્ધથી,
દિલ જે ઉઠ્યું રોકાય ના ! એ વાત છોડો કેદની !
સૌ ખુશ રહો જેમાં ખુશી ! હું જ્યાં ખુશી તે હું કરૂં !
'શું એ હતું ? શું આ થયું ?' એ પૂછશો કોઇ નહીં !
કૈં છે ખુશી ! કૈં છે નહીં ! દિલ જાણતું જે છે તે છે !
જ્યાં જ્યાં ઠરી દિલની ખુશી ત્યાં ત્યાં ખુશી દિલ છે નક્કી !
પેદા કર્યો 'તો ઇશ્ક ત્યાં ના કોઇને પૂછ્યું હતું !
એ ભૂંસવા જો છે ખુશી તો પૂછવું એ કૈં નથી !
છે ઇશ્ક જોયો ખૂબ તો જોવું હવે જે ના દીઠું,
કિસ્મત બતાવે ખેલ તે આનન્દથી જોવા સહી !
આ ચશ્મ ઝુરજે છે ચડ્યું આલમ બધી નિહાળવા,
તે ચશ્મ પર પાટો તમે વીંટી હવે શકશો નહીં !
મ્હારી કબર બાંધી અહીં ત્યાં કોઇને સુવાડજો !
હું જ્યાં દટાઉં ત્યાં ફુલોને વેરશો કોઇ નહીં !
છે શું ફુલો, શું ઇશ્ક, ને શું સૌ તમે જાનારને ?
આ માછલું દરિયાતણું તે ઉર્મિઓ ગણતું નહીં !
મુજ ઉર્મિ એ તમ વારિધિ ! તમ વારિધિ મુજ ઉર્મિ છે !
જે હિકમતે આ છે બન્યું તે જાણશો કોઈ નહીં !
શું પૂછવું ! શું બોલવું ! ખુશ છો અને રહેજો ખુશી !
વ્યર્થ આંસુ ખેરશો તો લૂછશે કોઈ નહીં !

કલાપી.

૬૬

એકાંત.

(પૃથ્વી છંદ.)

'રહે પડી શું એકલો ? ચલની વાડીની મોજમાં,
જમો, રમત ગાન ધૂમ મચશે જ ગપ્પાંતણી.
ઉઠ એ ! નહિં શું આવ તું ? અરર, કોણ તું જેહવો ?
બળેલ ! દિલ લ્હેજતો તુજ સરીખ માટે નહિં.'
ગયા. વિષયકીટ એ દિલ લહેજતો શું લહે !
ભરે પવન મસ્તકે, નહિં વિચાર મિત્રો મળે.
ભલે રમત એમની, મુજ કને મહા ખેલ શા !
અને ટિણટિણીતણું મળતું શુષ્ક કો કંઠમાં
સુણી વહન, ગાન એ ગણી, મને ઘણું રાચતા,
ક્ષમા સદય દેવી ! ધૃષ્ટ જનનાં જ અજ્ઞાનને !
પધાર, નિજ ભક્તનું હૃદય તારૂં સિંહાસન
મિલાવ ગુણ, પૂર સૂર, બહલાવ તુજ બાનીને:
સુણે, ગ્રહી રહે પ્રસાદ, તુજ પ્યાસી આ મોરલો,
અને વિધુ સુધાથકી, ત્યમ ધરે કલાઓ બધી.

બલવંતરાય.

૬૭

આત્મબોધ.

(પૃથ્વી છંદ.)

ગઈ ઋતુ વસંત, ગ્રીષ્મ વળી જશે પરવરી,
કિશોર વય ગઈ વહી, ભર જુવાની ચાલી પળી:

—દીસે નહિં દીસે તને, પરમ એક કર્ત્તવ્ય કે ?
સમર સ્વામ, ઘરની હામ, સફર લાંબી છે મસ્તકે.
નડે પ્રકૃતિ પ્રીત આશ ગત કાલ કેરી ઘડી
જડો જુની ઉખેડતાં ખટકા જાય ઉલટી ઉડી:
—દીસે નહિં શું દૂરનું સુભગ શાંત કર્ત્તવ્ય કે ?—
સમર સ્વામ, વમળ વામ, સફર લાંબી છે મસ્તકે.
નડે પશુપણું, નડે સપરિવાર પાપો જુનાં,
રહ્યાં ઘર કરી, હસે ફુટ કરી, વળી ડંખતાં:
—નવીન બલ દે નહિ વિમલ સાધુ કર્ત્તવ્ય કે ?—
સમર સ્વામ, સજની મામ, સફર લાંબી છે મસ્તકે.
નડે વિતથ કલ્પના, ભમતી ચક્ર ખાતી મતિ,
અધૈર્ય, ચલ ભાવના, ઉડું ઉડું જ શ્રદ્ધા થતી:
—દીઠું નવ દીઠું ખરે સતતજ્યોતિ કર્ત્તવ્ય કે ?—
સમર સમર સમર સ્વામ, સફર લાંબી છે મસ્તકે.

બલવંતરાય.

૬૮

બોધ.

(ગઝલ.)

ગુજારે જે શિરે ત્હારે, જગતનો નાથ તે સ્હેજે
ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારૂં ગણી લેજે.
દુનીઆંની જૂઠી વાણી વિશે જો દુઃખ વાસે છે
જરાએ અંતરે આનંદ ના ઓછો થવા દેજે.

કચેરી માંહિં કાજીનો નથી હિસાબ કોડીનો
જગત૰ કાજી થઇને તું વહોરી ના પીડા લેજે.
જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિં ભાસે
નૃ સારા કે નઠારાની જરાએ સંગતે રહેજે.
રહેજે શાંતિ સંતોષે સદાએ નિર્મળે ચિત્તે,
દિલે જે દુ:ખ કે આનંદ કોઇને નહિં કહેજે.
વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાયે ભલાઇની મહા લક્ષ્મી ગણી લેજે.
રહે ઉન્મત્ત સ્વાનંદે ખરૂં એ સુખ માની લે
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી પીજે.
કટુ વાણી સુણે જો કોઇની વાણી મીઠી કહેજે
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.
અરે પ્રારબ્ધ તો ઘેલું રહે તે દૂર માગે તો,
ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.
રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,
જગત્ બાજીગરીનાં તું બધા છલ્બલ્ જવા દેજે.
પ્રભુનાં નામનાં પુષ્પો પરોવી કાવ્યમાલા તું
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે;
કવિ રાજા થયો શી છે પછી પીડા તને કાંઈ,
નિજાનંદે હમેશાં બાલ મસ્તીમાં મજા લેજે.

બાલાશંકર ઉલ્લાસરામ.

૬૯

અમો મસ્તાન.

(ગઝલ.)

જીગરનો યાર જુદો તો અમો સંસાર જુદો છે.
અમો સંસારથી એ યાર બેદરકાર જુદો છે.
ગણું ના રાવ રાયાને ગણું ના આખી દુનિયાંને,
પરંતુ જાન આ પર પ્યારીનો અખ્ત્યાર જુદો છે.
હજારો બોધ મંદિરો મહીં નિત્યે ભલે થાજો,
અમો મસ્તાનના ઉસ્તાદનો દરબાર જૂદો છે.
બધા પરકાર તુફાને થઈ ચંચલ ચુકે નિશાન,
અમારા ચિત્તનો ચારૂ અચલ પરકાર જુદો છે.
ઘડીભર એશ બતલાવું, શીખાવું પ્રેમનો જાદુ,
અમો જાદુગરોનો યાર જો બાઝાર જૂદો છે.
શીખે જો પ્રેમ પૂરો તો જ અચલ અભેદ પામે તું;
નથી જ્યાં પ્રેમ જ્યાં છે ભેદ, એ વ્યવહાર જુદો છે.
ભલે ને માહરા પંથે બધાએ દુઃખને દેખે,
મને તો સુખ સાગર લ્હેરીનો કંઈ ખ્હાર જૂદો છે.
થયો જે પ્રેમમાં પુરો થયો છે મુક્ત સરવેથી
મહા મસ્તાન જ્ઞાનીના મગજમાં તાર જૂદો છે.

બાલાશંકર ઉલ્લાસરામ.

૭૦

વીરાંગના.

સખિ ! મ્હારા વીરના જો ! ગઢ ઉંડા આકાશમાં રે,
સખિ ! મ્હારા છેડલાની કોર શેષ ભીંજે છે જો;
સખિ ! મ્હારી આંખડીમાં કોટિ કોટિ ભાનુ ભર્યાં રે,
સખિ ! મ્હારી નણદલનો વીર હીર સીંચે છે જો:
સખિ ! કુંળી રાજપુત્રી ત્હોય હું તો વીરાંગના રે.
સખિ ! મ્હારા ઓઢણાંમાં ભાતડી કંઈ યમની ગૂંથી રે,
સખિ ! મ્હારી છાંયડીમાં ઝેર લીલું ઊગે છે જો:
સખિ ! મ્હારી કાન્તિમાં જો ! જોગણીનાં ખપ્પર ઝીલે રે,
સખિ ! મ્હારાં કંકણોમાં પ્રલયગીત ગાજે છે જો;
સખિ ! કુંળી રાજપુત્રી ત્હોય હું તો વીરાંગના રે.
સખિ ! મ્હારા નાથની સમશેર કાંઇ હુલે ઝુલે રે,
સખિ ! મ્હારી તેજીલી કટાર તેજ પીએ છે જો:
સખિ ! મ્હારા વીરની ભડ મીર ગઢે રૂમે ઝુમે રે,
સખિ ! મ્હારી સહિયરનાં શસ્ત્ર હીચ લીએ છે જો:
સખિ ! કુંળી રાજપુત્રી ત્હોય હું તો વીરાંગના રે.

ન્હાનાલાલ.

૭૧

એક અબળાની વિનંતિ.

અહો પ્રભુ! મને હૃદય દીધું તો શાને નથી કરતો સબળા ?
રંગભવન મુને નથી ભાવતું, નથી રોચતી અલંકૃતિ;
આમ દેશી જન દુઃખી થાય ને અહું સુખ શું હું જ રતિ ?
ઉંહો, ઉંહો, તમે શૂરવીર બે, દુઃખ કાપોને દેશીનાં !
ભોગ ચમન તજી ધુમો ધુમો ધણું હૃદય કરી શૂર કેસરીનાં.
સરસ્વતી તમે બહુ આરાધી ને આરાધ્યો યુદ્ધપતિ;
સમો થયે નહિં કામ આવશે શું તેમાંનું કોઈ રતિ ?
શોધો શોધો વસુંધરા કયમ, વસુ નથી દેતી લોકોને ?
તિમિર લોકનાં મનનાં ટાળી જ્યોતિ બધે પ્રકટાવોને !
બુદ્ધિઅભ્ર તમ મનમાં ગાજે તો તેને વરસાવોને !
દુષ્ટ અસુર બહુ ફરે ફાટી, તે બાહુભાર દર્શાવોને !
જુઓ જુઓ ઘર બ્હાર નીકળી અસુર ફાટી ફરતા કેવા ?
રંક લોકને દળી દળી બહુ રગદોળે ભૂમિ ભેગા !
અરે તમે ઘડી ઘડી પુછોછો "કહેની તું જ કરવું શું તે ?"
નહિં પ્રશ્ન એ ચાલે, ઉત્તર તમે લ્યોની શોધી પોતે.
ઉગ્યો ભાનુ વિદ્યાનો તમમાં પુછો પછી બીજાને શું ?
નહિં ચાલે એ, નહિં ચાલે એ રોઈ રોઈ આખર મરશું !

ગોવર્ધનરામ.

૭૨

યુદ્ધ સંગીત.

(લાવણ્યમયી.)

જય ઉદય વિજય શિવસમય અભય સંભારો—અભય સંભારો
હર હર હર હરે રણુનાદ ગાજિ ઉચ્ચારો૦—ટેક.
અતિ ઉદાસીન ભવ વિભવ ભાવ સંહારી—ભાવ સંહારી
લયવૃત્તિ પ્રલય કાલીન—સુનિદ્રાધારી:
બહુ કાળ સ્યાળ પ્રિયમાળ હાલ નિવારી—હાલ નિવારી
ઝટ અપટ ઝટપટો દશા જાગૃતિ સારી,
ખડ ખડ ઉત્કટ અટહાસ સરસ વિસ્તારો ! જય૦
ભારતી કળાનિધિ ઉદય સુભગ રાજે છે—સુભગ રાજે છે.
રતિ સતી નીતિ મતિ ઉમા લ્હેર છાજે છે.
ઝળહળ તરંગકળ પ્રબળ વિમળ મન મોહે—વિમળ મન મોહે
રસ તર્ક કલ્પના સુરતરંગિણી સોહે.
બુધ કમળ-ભેદિ ગજ બ્હેમદનુજ સંહારો ! જય૦
કુડ કપટ અવિદ્યાવતી અનીતિ સમસ્ત—અનીતિ સમસ્ત
તે ત્રિપુર દાહ કરિ કરો અસુર કુળ અસ્ત !
વિષ વિશ્વ વિનાશન હરો હળાહળ ઝેરી—હળાહળ ઝેરી !
પ્રેમળ ઉજ્વળ વિસ્તરો નજર અમિ લ્હેરી !
નવ શુદ્ધ વિબુધ ગણુ આર્ય બાળ ઉદ્ધારો ! જય૦
રણુતૂર શૂર રણુવાદ્ય પૂર બળ જગવો—પૂર બળ ગજવો !

ઉદ્ધાર હેતુ સંગ્રામ સઘ્ર આ સજવો !
નાગર નર ગણુ બળ વીર રસ ઝીલો—વીર રસ ઝીલો !
હડ લપટ સંકટ કટ વિકટ ઝટ્ટ કરણી લો !
કર નિડર વાવરો હરિ ! કરી સુપ્રહારો ! જય૦

હરિલાલ ધ્રુવ.

૭૩

વિકરાળ વીર કેસરી.

(સ્રગ્ધરાવૃત્ત.)

૧

ધુ ધૂ ધૂ ધૂ ધુઘવતી ! ગહનગિરિ, ગુફા, કાનને ગાજિ ઉઠે !
બ્હાંડાએ ત્રાંડ તોડી ગગન ધુમિ જતી, આભના ગાભ છૂટે !
ઊભી છે પિંગળા શી ચટપટિત સટા ! પુચ્છ શું વીજ વીંઝે !
સ્વારી એ કેસરીની ! ત્રિભુવન જયિની ચંડિકા એથી રીઝે !

૨

એ તે શું નાદ કેરો અવિરત ઝરતો ધોધ આફાટ ફૂટયો !
કે એ શું ગર્જનાનો ત્રિભુવન દળતો ગેબી ગોળો વછૂટયો !
વર્સે શું વન્હિ કર્શે નયન પ્રજળતાં ! વજ્ર પંજે અગંજે
હા હા શું રંજ ? અંજે હૃદય ભડકતાં શૂરનાં ચૂર ભંજે ! !

૩

ઝંઝાવાતે ધુમાવી અતળ વિતળ સૌ એક આકાશ કીધું !
ઉલ્કાપાતે ધુમાવી તિમિર મિહિર સૌ ઘેરિ એ ઘોળિ પીધું !
શસ્ત્રાઘાતે ચલાવ્યું શર વહનિ ઝરે લોહિનું સ્રોત સીધું !
ડોલ્યું સિંહાસને રે ! નૃપ મુકુટ પડયો ! ક્રાંતિએ રાજ્ય લીધું !

૪

કો'કો' કોની સહાયે ! સહુ ભય-વનમાં ભ્રાંતિમાં ભીરૂ ભૂલ્યાં !
સંરક્ષે કોણ પક્ષે ? મરણ શરણમાં લક્ષ લક્ષ્યે ડૂલ્યાં ?
તે' તે' તે' કેસરી તે' તડુકિ તળપિ તે' છિદ્ર છિદ્રે વિંધાવી !
સંકોડી અંગ અંતે રૂધિર ઝરણમાં ભીષ્મ-વૃત્તિ સુહાવી !

૫

(અનુષ્ટુપ છંદ.)

વીરશ્રી ધન્ય એ ભક્તિ ! ધન્ય પ્રૌઢ પરાક્રમ !
અખંડાદંડ સામ્રાજ્ય કેસરી વન-વિભ્રમ !

હરિલાલ ધ્રુવ.

૭૪

જન્મભૂમિનું જયમંગલ.

જયમંગલ પ્રિય જન્મભૂમિનું ગજાવીયે;—ધ્રુવ.
રઘુવીર સમ વિરલ વીર, ભારતી સુભટ સુધીર,
ઉરસમુદ્રને હિમાલયે ઉછાળીયે—જય.
જનનીઅંક ઝૂલીયે, ઝનૂની રંગ ઝીલીયે,
આત્મબળ-ઉજાસથી બધું ઉજાળીયે—જય.
સત્ય અર્થ સજ્જ થાઓ, વિજય વાવટો ઉડાઓ,
વીરધર્મથી ધરા સદા ધ્રુજાવીયે—જય.
સત્વથી સચવાય સ્વત્વ: સમજી એ થઇ પ્રવૃત્ત:
ઘૂમીયે ઝઝૂમી, જંગ તો મચાવીયે—જય.
ભૂતળ ઝાડા ફેડીયે, ઉંડા જડો ઉખેડીયે,
દોર ને દમામ દેશનો જમાવીયે—જય.

સ્થિતિ સમય સ્વીકારીયે, પ્રવૃત્તિયજ્ઞ યોજીયે,
જાતને સ્વદેશ કાજ કાં ન હોમીયે ?—જય.
માતુ દીન દુભાય છે, સપુત ! પીડા પીછાનીયે,
દુધ દીપાવીયે, ઉમંગને વધાવીયે—જય.
દેશસેવના સ્વધર્મ, અન્ય ન કર્તવ્યકર્મ,
આંત્મભાવથી બધું પ્રભુમય પીછાનીયે—જય.

લલિત.

૭૫

લાવણ્યમચી.

(રાગ–કલ્યાણ.)

અરુણ તરુણ આ ઉદય થયો સહુ જાગો સૂતા લોક,
આળસ તજિ શુભ સુવ્રતવસ્ત્ર સજિ હરખે મુકવો શોક.
સૂર્યઉદય આ ભાસે.

વિભુવર્ણન ઉપકારસ્મરણ કરિ નમન મનન દિનરાત,
જનસુખકારક ભવઉદ્ધારક ઉદય ઉદય વિખ્યાત,
કાર્ય સફળ શુભ કરતો.

સદ્દગુણધારણ સત્કૃતિકારણ વિમલ હૃદય વર્ણાય,
ધીરજ દઢપણ સત્યવિવેકે સંપ સજેથી થાય,
મહદ્દયશનાં મહાકર્મો.

જગદ્વ્યોમ સંતતસ્થિતિમાં પરિપૂર્ણ પ્રેમ સાક્ષાત,
દયાગુણે ભરપૂર ભરી તું ધર ગરવી ગુજરાત,
વસન ઉપવન મન હરતાં.

સમનિયમે સદ્દવૃત્તિ વધારી ધારી જીવની દાઝ.
ઉદ્દભવ કરતો દુઃખ સંહરતો પ્રગટયો ધર્મસમાજ,
કલેશ કલહ લય કરતો.
દુરાચાર બહુ ત્યાગ કરી કરિ વિનય નિરંતર પુણ્ય,
તિમિંર વિદારી કુત્સિતપટ ફ્હાડી પ્રદીપ્ત કરવા શૂન્ય,
જ્યોતિ સકલ જયંમ શિવના.
ધર્મ વધારો શુભ ગુણ ધારો તારો દિન અતિ રંક,
સંદાચરણપ્રતિપાલનસમયે નિશ્ચય થવું નિઃશંક,
એજ વચન ગુરુ ઉચરે.
નામ સમાન મહાન કરી બહુ હામ ધરી ધરિ કામ,
ઉજ્જવલયશ પૂર્વનો અધિક કરિ ધુવો દુરિત સહુ સ્યામ,
અધમ મતિ તજિ ધરમુળથી.
પાપ થયે ક્ષય સત્ય વિષે જય દયા સુકૃત કહેવાય,
સમવૃત્તિ પરમાર્થ ન્યાય એ, એજ ધરમ શ્રુતિ ગાય,
કર્મ બિજાં સહુ ખોટાં.
આ અવસર આકાશ સ્વચ્છ સંપૂર્ણ સ્વભાવે શાન્ત,
મધુર વાયુ નદિયો નિર્મલ વન મોહન કામ વસંત,
નિરાશા નિંદ્ય નકામી.
ઉઠો ઉઠો અજ્ઞાન નિવારણ શૌર્યબળે ભડવીર,
ભય કરિ દૂરજ ધૈર્ય ધરો તો તેથિ થવું તરિ તીર,
સુધીર સુલક્ષણ નરનું.
ડુબ્યું ડુબ્યું જન આવિ ઉગારો ધર્મ વિશે કશિ ઢીલ,
વિદ્યા સંપત વીર્ય વધારી પુરુષ સ્ત્રીયોનાં શીલ,
એ નાગરની વિભુતિ.

એકલપેટા સ્વાર્થ તજી તજિ ઇર્ષ્યાને અભિમાન,
એક દિલે હંગામ કરી ફરિ લુંટા લુંટાતું માન,
માન સમાન ન કાંઇ.
ઉદ્યમ વાડી લહિ નરનારી ફુહાડી દુર્મતિશૂલ,
પરમકૃપા છાયે મળી રમતે ગ્રહો સુગુણનાં ફૂલ,
સુવાસિત દેશ વિદેશે.

ભીમરાવ.

૭૬

ભરત-વીર-જાગૃતિ.

(લાવણી.)

નહિં બ્રાહ્મણ, નહિં ક્ષત્રિય, ન વૈશ્ય ન શૂદ્ર, આર્ય આપણ તો;
“**स्वर्गादपि गरीयसी**” જનની, ભરતભૂમિ બાળક હો !
વીરા જાગી ઉઠો !
અરૂણ ઉદય અજવાળે,
વીરા ગાજિ ઉઠો !
ભાનુ પ્રેમ-શૌર્ય પ્રજવાળે ! વીરા૦ નહિં૦—ધ્રુવ.
ઉચ્ચ નીતિથી, ઉચ્ચ રીતિથી, શુદ્ધ હૃદય, આત્માથી
પ્રકાશતા પરિપૂર્ણ સુધાંશુ શું તમથી ગ્રસાઓ ? ક્યાંથી ?
દીવો દીપી રહો !
કળાથી કાં કુમળાઓ ?
દેવો દિદીપી રહો !
બળેથી કાં ગુંગળાઓ ? દીવો૦ નહિં૦

ઘેરાયા ચોપાસ બંધાયા, શત્રુ થકી વિંટાયા !
બાહ્ય તથા અંતરથી રૂંધાયા ભલે બધે લપેટાયા !
ત્યારે તો બમણા ખિલો !
સમરમાં ઝાઝા ઝુઝો,
ત્યારે તો તો તેમાં ઝિલો !
જખમ કરિ લેઈ ઝુઝો ! ! ત્યારે તો૦ નહિ૦
વંકારવા બીજાને પડશે વખાણવા એ અવરને-
બરદાવિયે શું તમને બળિયા કેસરિયા નર વરને !
ચાલો ચાલો હવે !
ઢબી કાં રહેવું નકામું !
છલંગે ઉછાળો હવે
લાગ ક્યાં સુધી તકાવું ? ચાલો૦ નહિ૦
તમે તથાપિ ન નિજ કર્ત્તવ્યે કુદી પડશો અભાગ્યે !
જળ મુક્યું હરિ ધર્મ જગતથી ઉડી ગયો વૈરાગ્યે !
આર્યપણું અસ્ત થયું !
હૃદય જખમી રડશે !
આર્યપણું નષ્ટ થયું !
રૂધિર અશ્રુ પડશે ! આર્ય૦ નહિ૦

હરિલાલ ધ્રુવ.

૭૭

તત્કાલ મહિમા.

(હરિગીત.)

બહુ ગૂઢ તરૂમાં બેસીને જે ગાય મીઠું કોયલ,
ચાલે ઘડી તે એક ને પછી બંધ તે અદ્‌ભુત સ્વર;

ગાનાર ના દેખાય ને તે જાય સઘળું સ્વપ્ન શું,
એ એક ક્ષણનું મંજુ ગાયન ના સુણ્યું તે ના સુણ્યું.
કદિ કુસુમ કોમલ ખીલી રહે નાજુક લતા શોભાવતું;
રંગે લલિત ને ગંધ મીઠા સહુ દિશ ફેલાવતું;
કંઇ કાલ રહિને ખરી પડે ને જાય ધૂળમાં એ બધું,
એ અંતરે મીઠું કુસુમ એ ના સુંઘ્યું તે ના સુંઘ્યું.
આકાશમાં ઉંચે થકી તારો ખરે કદી રાત્રિયે,
સળગી ઉઠીને મધ્યમાં પળ એક જ્યોતિ પ્રકાશી રહે;
ઝટ પછી પડે તે કયાંય ને ના ચિન્હ રહે એ તેજનું,
દુર્લભ પળે એ વિરલ દર્શન ના દીઠું, તે ના દીઠું.
કદી દીઠી નદી લાવણ્યની, અનુભવી વરસતી ચાંદની,
આશા તણી છાયા દીઠી કળી પુષ્પની જ્યાં નીકળી;
કે દીઠી વીજળી ચમકતી સ્મિત નીરખી કો યુવતીતણું
ને ભાવઉદ્દીપન તરત ત્યાં ના થયું તે ના થયું.
તરૂણી સ્વહૃદયરહસ્ય કહેતી દૃષ્ટિ નીચી રાખીને
ત્યાં ગાલપર તે સમય સુરખી ઉછળી રહી રાતી જે;
તે ચિત્ર પામે નાશ જ્યાં ઉત્પન્ન થઇને ક્ષણ ટકયું,
તે પર તહિં તત્કાલ ચુંબન ના લીધું તે ના લીધું.
જાતે જ જે ખરી કીર્તિ છે બહુ હર્ષ ને સુખનું ભર્યું,
ઊંચું સહુથી શૃંગ છે જીવનતણા પર્વતતણું;
અનુભવ કરાવી વિવિધ જે ક્ષણમાં જતું રહે દોડતું,
યૌવન, મિઠી ! તે સફળ જલદી જ ના કર્યું તે ના કર્યું.

રમણભાઇ.

૭૮

એક ઘા.

(મંદાક્રાંતા)

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો !
છૂટયો તે ને અરરર ! પડી ફાળ હૈયા મહિં તો !
રેરે ! લાગ્યો દિલ પર અને શ્વાસ રૂંધાઇ જાતાં
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતાંમાં.
મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મ્હારાજથી આ !
પાણી છાંટયું દિલ ધડકતે ત્હોય ઉઠી શકયું ના !
કયાંથી ઉઠે ? જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો
કયાંથી ઉઠે ? હ્રદય કુમળું છેક તેનું અહોહો !
આહા ! કિન્તુ કળ ઉતરીને આંખ તો ઉઘડી એ,
મૃત્યુ થાશે ! જીવ ઉગરશે ! કોણ જાણી શકે એ !
જીવ્યું આહા ! મધુર ગમતાં ગીત ગાવા ફરીને,
આ વાડીનાં મધુર ફલને ચાખવાને ફરીને.
રેરે ! કિન્તુ ફરી કદિ હવે પાસ મ્હારી ન આવે,
આવે ત્હોયે ડરી ડરી અને ઇચ્છતું ઉડવાને;
રેરે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાલે ન આવે !
લાગ્યા ઘાને વિસરી શકવા કાંઇ સામર્થ્ય ના છે !

કલાપી

૭૯

કુમુદસુંદરીનો સરસ્વતીચંદ્રને પત્ર.

અવનિપરથી નભ ચ્હડયું વારિ પડે જ પાછું ત્યાં ને ત્યાંઃ
હુંકું કર્મ હુંકું રહેવાને સરજેલું આ ધરતીમાં.
નભવચ્ચોવચ રંગીન થાતાં ગરુડરાજની પાંખ થકી
સુભગ ઘડિક એ બન્યું; નવાઇ ન, એ દશા જો નાજ ટકી.
પણ ઉંચા નભમાં સંચારી પક્ષિરાજ, તું આવ્યો આ
ધરતીપર ત્યાંથી ઉડ પાછો; પક્ષ-હીનનો દેશ જ આ.
ફફડાવી પાંખો સોનેરી, રચ રસયંત્ર તું રસધરમાં !
વિશાળ વ્યોમ માપી લે, ને ન્હા સૂર્યકિરણના સરવરમાં !
ગિરિશિખરે, ઘનમાં, ને નભમાં ઉંચો તું ઉડશે જ્યારે,
સૂર્યબિમ્બથી સળગી ઉતરતા કર-અંબાર વિશે જ્યારે;
સુવર્ણપક્ષની જશે ભભક ભળી તે સમયે તુજ કીર્તિને
જોઇ જોઇ પૃથ્વીપરથી પૂજીશું-ઉરમર્મથી અનુમોદીને.
નહિં ઉડાયે પોતાથી-પણ પ્રિયની વિમાનગતિ જોઇ
રાચવું એટલું રહ્યું ભાગ્ય તે રાખ ! નીકર રહીશું રોઇ.

ગોવર્ધનરામ.

૮૦

હમારી પિછાન.

(ગઝલ.)

હમે જોગી બધા વરવા સ્મશાનો ઢુંઢનારાઓ !
તહીંના ભૂતને ગાઇ જગાવી ખેલનારાઓ !

જહાં જેને કરી મુર્દું કબરમાં મોકલી દેતી,
હમે એ કાનમાં જાદૂ હમારૂં ફૂંકનારાઓ !
જહાંથી જે થયું બાતલ અહીં તે છે થયું શામિલ !
હમે તો ખાકની મૂઠી ભરી રાજી થનારાઓ !
જહીં જખ્મો તહીં બોસાતણો મરહમ હમે દેતા,
બધાંનાં ઇશ્કનાં દર્દો બધાં એ વ્હોરનારાઓ !
હમે જાહેરખબરો સૌ જિગરની છે લખી નાખી,
ન વાંચે કોઇ યા વાંચેઃ ન પરવા રાખનારાઓ !
ગરઝ જો ઇશ્કબાજીની, હમોને પૂછતા આવો,
બધાં ખાલી ફિતૂરથી તો સદાએ ન્હાસનારાઓ !
જહીં સ્પર્ધા તણી જગની દખલ ના પ્હોંચતી ત્યાં ત્યાં,
જમીં ને આસમાનોના દડા ઉડાવનારાઓ !
ગમે તે બેહયાઇને દઈ માથું ધરી ખોળે
હમે આરામમાં ક્યાંએ સુખેથી ઊંઘનારાઓ !
સનમની બેવફાઇથી નથી સુખ કાંઈ એ ડરતાં,
હમે જાણ્યું, હમે માણ્યું, ફિકરને ફેંકનારાઓ !
જખમથી જે ડરી રહેતાં, વગર જખમે જખમ સ્હેતાં;
હમે તો ખાઇને જખમો ખુબી ત્યાં માનનારાઓ !
બની ઉસ્તાદ આવો તો થશો આંહીં તમે ચેલા,
મગર મુરશિદ કરો તો તો હમે ચેલા થનારાઓ !
હમારાં આંસુથી આંસુ મિલાવો, આપશું ચાવી;
પછી ખંજર ભલે દેતાંઃ નહીં ગણકારનારાઓ !

કલાપી.

૮૧

અમે.

દિવ્ય છન્દ.

અમે દિવ્યગીતો ગાનારા, સ્વર્ગીય અમારો સૂર;
અમે પીયુષ પી પાનારા કંઇ સ્વર્ગતણું સુમધુર;
અમે દિવ્યઝરણ ન્હાનારા દાખવતા નવલું નૂર;
અમે કુદરતને ચ્હાનારા, અમે ઘડી ન રહિયે દૂર.
અમે એકાંતે જઇ વસિયે, કરવા કુદરતનું ગાન;
અમે ધાંધલમાં પણ ધસિયે, ધરવા દુનિયાનું ધ્યાન;
જગ વસિયે, જગથી ખસિયે, કસિયે અમ ઉરની તાન;
અમે કદી કદી ખુબ હસિયે, કદી રડી દઇયે સહુ પ્રાણ!
અમે અંધારામાં ઉડિયે બુલબુલશું ગાતા ગીત;
અમે રસસાગરમાં બુડિયે, બુડતા તરતા શુભ રીત;
કદી મેઘસમાન ગડુડિયે, કદી શાંતિ ધરિયે શીત;
અમે સત્ય બધેબધ ઢુંડિયે, છે સત્ય અમારી પ્રીત.
અમે સરિતાકાંઠે બેશી કરિયે ઘડી કૈંક પસાર;
અમે સાગરહૃદયે પેશી ભરિયે અમ રત્નપટાર;
આકાશ પતાળ પ્રવેશી કરિયે સ્વચ્છંદ વિહાર;—
અમે સર્વ ખલકના ખેશી, વળી સેવક ને સરદાર!
અમે સૂરજ સાથે ફરિયે, કદી ચંદાનો ધરી હાથ,
કદી તારકમાંહિ વિચરિયે, કદી ભીડિયે નભશું બાથ,
કદી સખી ઉષાને કરિયે, કદી રમિએ સંધ્યા સાથ:
અમે વિશ્વ બધું ઉર ભરિયે,—છે સ્હાય ત્રિભુવનનાથ!
અમે આશ નિરાશે જડિયે, આંસુ ઝરતો અમ પ્રેમ;

અમે સુખને દુઃખમાં ઘડિયે, અમે દુઃખને ગણિયે ક્ષેમ !
છાયા તજી તડકે પડિયે, અકળિત અમ ઉરની નેમ;
અમે હસતા હસતા રડિયે, વળી રડતા હસિયે તેમ !
અમે રસ ઝરતા ફૂવારા, અમે તેજભર્યાં ભવ્ય ભાણુ,
અમે ઝગઝગતા જગતારા, અમે ચૌદે રત્નની ખાણુ;—
જગમાં ને જગથી ન્યારા, માનુષી ને દૈવી પ્રાણુ;
અમે અણુગમતા ગમનારા, અમે જાણીતા અણજાણુ !
અમને નહિ દેશો દોષોઃ અમે કુદરતનાં હથિયાર;
અમે તો કુદરતના કોષો; ભવરણશીંગાં ફુંકનાર !
કદી હસશો કદી રોશોઃ અમે ભાવિદર્પણકાર;
અમ હૃદય અજબ કંઈ જોશો—અમે એક અનેક પ્રકાર !

ખબરદાર.

૮૨

એક પત્ર.

(ગઝલ.)

રૂમ ઝુમ ઝરણાં—સાથે નીકળ્યાં,
હસતાં નાદ કરંતાં રસળ્યાં,
ડગલે ડગલે ઢળતાં આગળ,
સાથી ઓ મ્હારા !
અંગ ધરા નત ઉન્નત કરતી,
પાછે પગ, ખોળો પાથરતી,
ઝળી લળી આકર્ષી ગઇ આગળ,
સાથી ઓ મ્હારા !

હૃદય ગભીર વિશાલ બન્યાં જ્યાં,
દૃષ્ટિ તણો વિસ્તાર વધ્યો ત્યાં,
મૂલ વિમલતા ગઈ પણ રહી ત્યાં,
સાથી ઓ મ્હારા !
તે પછી સંગમ, પ્રફુલ્લ કેવો !
ભાવિ કે સૃષ્ટિક્રમ જેવો !
કે એ ઇશપ્રસાદ કહેવો,
સાથી ઓ મ્હારા !
અને હવે ? ઉત્તર ઉચ્ચરજે !
ગતજીવન ઘડિ તો ઉર ધરજે !
ભલે પછી ઇચ્છા અનુસરજે,
સાથી ઓ મ્હારા !

બલવંતરાય.

૮૩

પ્રેમ અને સત્કાર.

(ગઝલ.)

લખ્યું તે પત્રમાં પ્યારા ! "નથી સત્કાર મેં કીધો,
ખબર વિવેકની મુજને, નથી તો તું ક્ષમા કરજે."
અહો ! સત્સ્નેહને અંગે, સુહૃદ ! એ બોલવું છાજે ?
ચહે જો પ્રેમ આદરને નહિં એ પ્રેમ પ્રેમીનો.
અખંડિત પ્રેમને, બંધુ ! જરૂર શું હોય આદરની !
'પધારો, આવજો, બેસો' વૃથા એ વાદ શા સારૂ ?

હૃદયસત્કાર જ્યાં થાતો ઉભય ઉરમાં વિના માગ્યો.
નયનસત્કાર નવ ઇચ્છે, વદનસત્કાર શાને તો ?
વિનય રસનાતણો એવો બતાવે પ્રેમમાં ખામી,
પ્રપંચી કાજ રહેવા દો, ન ઇચ્છે પ્રેમનાં પાત્રો;
હસે દિલ પ્રેમનાં ભરિયાં રહે જુદાં છતે સંગે,
વિનય સત્કારને એમાં નથી અવકાશ મળવાનો.
'પધારો' એમ કહેવાથી પધારે તે પધાર્યા ના,
નિમંત્રણ પ્રેમીને શાનાં ? અનાદર પ્રેમીને શાનો ?
મળ્યાં છે ચિત્ત વિણ યત્ને, શરીર તો જોડવાં છે ક્યાં ?
કરે કર આપનો શાનો ? મને મન જ્યાં મળેલાં છે.
સુહૃદનું આગમન થાતાં ઉઠે સત્કાર કરવાને,
અરે એ તો જનો જુદા, ખરેખર બાહ્ય પ્રેમી તે !
ભલે એ થીગડાં દેવાં હને અતિ ઇષ્ટ શિષ્ટોને,
સ્પૃહા સત્પ્રેમના ભોગી જનો તે તેની કયમ રાખે ?
વિનયની પૂરણી માગે, અધૂરી તેટલી પ્રીતિ,
પ્રતીતિ પ્રેમની કરવા નથી અધિકાર આદરને.

દા. ખુ. બોટાદકર.

૮૪

અગતિ ગમન.

(શિખરિણી.)

બધા ઝાંખા તારા: વિધુ પણ મહિં તેજ ન મળે;
થયેલું અંધારૂં, પથિક તરુ છાયાથી સઘળે:
નહીં ચાલે તેમાં ચરણ, દિલ તો દૂર ફરતું—
સખે, બીજે તો ક્યાં ? પ્રિય હૃદયની પાસ સરતું.

નથી ત્હેં શું ક્યારે, ક્ષણ વિરલ એવી અનુભવી ?
સ્ફુરંતી ઉંડાણે, અસર સહસા અદ્‌ભુત નવી:
વિચારો રેલીને, પ્રણય રસ સર્વત્ર ઉભરે,
અને ન્હાતાં ન્હાતાં હૃદય હૃદયાલિંગન કરે:
અને ત્યારે આંખો મૃદુલ શિશુનાં સ્વપ્ન સમ ને
જતી ભાસે સ્વર્ગે, સહજ શિરનાં સ્વલ્પ નમને.
ફરી પાછું હૈયું ક્ષણ અવરમાં વાસ વસતું,
અને અંધારાથી ચરણ સમજી શીઘ્ર ખસતું.

મણિશંકર.

૮૫

કલ્પના ને કસ્તુરીમૃગ.

સુર સદન તણી જે વાડીઓમાં રમે છે.
હૃદય થકી નિહાળી આપને જે નમે છે.
પ્રમદવન તણો એ અપ્સરાઓ જ સાથ.
નમન સહ મને આ મોકલે પ્રાણનાથ
આવ્યો હતો પરમ યોગ થકી પ્રસંગ,
જામ્યો હતો સકળ વૃત્તિની માંહિ રંગ.
શબ્દો પડ્યા ઉપર અમૃતધાર જેવા.
તાજા થયા હૃદય સાથ તરંગ તેવા.
માથું ઉંચું કરી નયનને સ્વલ્પ ઉંચું કરૂં છું,
જોવા જેવું નિરખી મનને હું સુધાથી ભરૂં છું;
અંગે અંગે ખુબી નિરખીને આંખ તો જાય ચોટી,
સાચું માને નહિ હૃદય ને વાત દેખાય ખોટી.

એક અદ્‌ભુત વસ્ત્રોમાં અપ્સરા નજરે પડે,
વૃત્તિઓ થાય છે મૂઢ મુગ્ધાની મોહની વડે.
અધર મધુર તેનો જોઉં પામે વિકાસ,
વિવિધ કુસુમની ત્યાં નીકળે છે સુવાસ,
મુજ નયનની સાથે યોગ્ય જોડું રચાય,
ખબર નહિં પડે ને કીકીઓથી નચાય.
હૈયાના હોજમાંથી આ શું પાણી છલકાય છે.
પ્રેમ છે એ નહિં બીજું પ્રતીતિ એમ થાય છે.
બોલે પછી પ્રણયથી નવરાવતી એ,
વાણી સુધારસ બધે છવરાવતી એ;
જાણ્યું હશે હૃદય એમ મને કહે છે,
કે આપની અમર લોક વિશે રહે છે.
કવિતા દેવીની તેથી, અમે દાસી જ આપની,
દેખી એ દિવ્ય ચક્ષુથી, બીના આપ પ્રતાપની.
આવો નહિં વિપદ આપ સમી જ રાય,
રાજી રહો અમર એ કવિતા સદાય,
જેની કૃપા થકી થયો સુર લોક વાસ,
સાહિત્ય જ્યાં સુખદ કોટિ જણાય પાસ.
રચના દુનિયાંની હું, દેખાડું સરદારને,
પાંખ ઉપર બેસીને, જુઓ દેશ હજારને.
આહા ! એવું વચન વદતાં અન્ય દેખાવ થાય,
પાસે ઉંચો ગિરિવર અને શ્વેત શોભા જણાય.
ધોળાં પોળાં ઝરણુ ટપકે વાદળાંઓ ધસાય,
આજુબાજુ ગહન વન આ એક ઉંચું જ થાય.

રહો એ કાંઇ જોવાનું, દિસે છે આ દિશા મહિં,
આવે છે કોઈ પ્રાણી એ, તેમાં સંશય છે નહિં.
છે મંદ મંદ ગતિ આ જ પ્રદેશ સામી,
આંખો થકી કહી શકાય અપૂર્વ કામી,
કસ્તુરિકા મૃગ સમાન વપુ જણાય,
દેખાવને નિરખતાં મન ત્યાં તણાય.
જાણે કોઇ શર શિર વિશે તીક્ષ્ણ લાગેલ હોય,
ટોળું છોડી પરમ દુ:ખથી જેમ ભાગેલ હોય;
તેવી રીતે ઘડી ઘડી પછી એ અગાડી ધસે છે,
વૃત્તિની કૈં ખબર ન પડે એ પ્રમાણે હસે છે.
અચાનક મને એનું, અનુમાન થઈ ગયું,
વાદ્ય અદ્ભુત અસ્પષ્ટ, સંભળાય અહિં કયું ?
ઉંચે બધાં શિખર શ્વેત થયાં જણાય,
નીચે નદી વહનમાં તરૂઓ તણાય;
વચ્ચે જગ્યા વિકટ ઉપર એક ચાલે,
ગારૂડિ કોઇ નજરેથી ગુફા નિહાળે.
અસામાન્ય છટાથી એ, બજાવે હાય ? બીનને,
ચાલે તે ચિત્તના તંતું, જ્ઞાન ક્યાં બુદ્ધિહીનને.
દેખે છે કાળને સામે, તોય પાછો નહિં વળે,
જવાની તો કહો કેમ, આજ્ઞા સંગીતની મળે.
અશ્રુ પડે નયનથી બહુ ખિન્ન લાગે,
છે મૃત્યુની ખબર તોપણ બદ્ધ રાગે;
દેખી સમાન હળવે ડગલાં ભરે છે,
અત્યંત હર્ષ સહ ચિન્હ બીજાં કરે છે.
આવે ચંડાળની પાસે, સુણે એકાગ્ર ચિત્તથી,

લુબ્ધ લુબ્ધકનું ચિત્ત, થાય કસ્તુરી વિત્તથી.
ધીમેઃ તેથી કંઇ પડી ગયો બીનનો એહ નાદ,
રે રે કેવો શબરપતિ આ થાય તારો પ્રમાદ!
ઝાંખું તેથી મુખ થઇ ગયું એમ જોતાં જણાય,
ધીમા તો એ સ્વર સમજવા નાડીઓ ફુલ્લ થાય.
કહે કરૂણ ચોસામાં, અરે રે આમ શું કરે?
પ્રાણદાન કરૂં તોયે, તૃષ્ણા અત્યંત શું ધરે.
અરે ખુની સામે મૃગવર બિચારો ટળવળે,
તથાપિ પારાધિ હૃદયતણી પીડા કયમ કળે.
કરે તૈયારી એ શરતણી ફરે ચિત્ત મુજનું.
ખરે! પાપી પ્રાણી નિધન કરૂં હું દુષ્ટ તુજનું.
આપે છે શસ્ત્ર તેજસ્વી, સખી એ અપ્સરા મને.
દોડું ચાંડાલની સામે, રાખીને ખડ્ગને કને:
મારૂં જઈ શિર વિષે તલવાર એને,
નીચે પડે અરર! બીન–બચાવું કેને?
તે જોઇનેજ મૃગ મૂર્છિત થાય, હાય!
આવું થતું નિરખતાં જ મિજાજ જાય.
અપ્સરા અહિં કયાં લાવી, કહી હું ક્રુદ્ધ થાઉં છું,
કલ્પના જાય છે ઉડી એકલો રહી જાઉં છું.

મણિશંકર.

૮૬

સ્નેહનિદાન.

(હરિગીત.)

મુજ વૃત્તમાં નથી કો નવાઇ, શીવાય પણ હું શું કહું ?
પૂછ્યું તથાપિ તમે જ તો હું નકાર પણ શી રીતે ભણું ?
મુજ જેવું વૃત્ત ઘણાંકનું શુણશો પુછ્યે આ દેશમાં;
પરદેશી સજ્જન ! હીન્દુઓ ગાળે જ જીવન ક્લેશમાં !
નરજાત સુખી હશે અહીં કદી મ્હાલતી સ્વચ્છન્દથી;
પણ નારીને રોવા વિના નહિં કર્મમાં બીજું કંઈ.
પણ્ડિત પિતા તણી આત્મજા ભણી કંઇ હું તાતપ્રતાપથી;
મન વિકસીયું, ઉર વ્હોટીયું સદ્‌ગુણ વિશે બહુ ભાવથી.
હું ન્હાનપણથી આશ આથી ઘણી ધરી મન માણતી,
પણ હાય ! હીન્દુતણે લલાટ લખ્યા ન લેખો જાણતી.
શૈશવ વિશે કર પીડીયો અજ્ઞાત એક શિશુજને;
ઉદ્વાહના જ કરારમાં સહી કીધી મુજ મુજ ગુરુજને;
તાતે કહ્યું "તુજ કાન્ત આ, બહુ ભાવ એ પર રાખજે;
"પ્રિયપતિ ગણી એ સાથ ત્હારો જીવ જોડી રાખજે."
હું બોલી: "કાન્ત ગણાય છે ઉરવારિધિના ચંદ્રમા;
"મુજ ચિત્તમાં આના પ્રભાવથી વીચિ જાગે કેમ ના ?
"સન્ધિ થયો નથી, છે નહિં, નક્કી ન કે થાશે જ તે,
"અમ ચિત્તનો; તો શીખવો, પ્રિય તાત, કયમ મુજ કાન્ત એ.
"તમ પાસ ભણતાં હું ભણી–મન જોડવાં વિધિહાથમાં;
"વિકસે જ પદ્મિની એકલા દિનનાથ કેરા સાથમાં.

" સંસારમાંહિ પ્રયાણ કાજ જ પાન્થ ચેતન સર્વ છે;
" એ એકથી જ ભલાં પ્રવાસ વિશે વળીઃ કહ્યું એવું વે.
" એ મિત્રતાનો હેતુ, પણ રસઐક્ય વણ નહિં મિત્રતા;
" નહિં ગ્રહે ઉરપારો વિગુણ ચિત્તસ્થળી પર સ્થિરતા;
" રસઐક્ય વણ મન ઐક્ય નહિં એ સૂત્ર શીખવ્યું તે દિને,
" મનઐક્ય વણ નહિં મિત્રતા પ્રભવે, ગુરુજી, કો રીતે.
" સ્ત્રી પુરૂષ કેરૂં લગ્ન એવી મિત્રતાનો હેતુ છેઃ
" ઘણીવાર આપની પાસથી મ્હેં, તાત, એવું જ શુણ્યું છે.
" અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દમ્પતી;
" વિનિમય કરે નિજ રસતણો ઉર ઉર આગળ ઉછ્રડી.
" સંસાર સ્વાર્થ અભિન્ન થાતાં ભેદનું કારણ નહિં;
" સ્ત્રીપુરૂષની તેથી જ સઉમાં મિત્રતા ઉત્તમ કહી.
" એ મિત્રતા વા સ્નેહ કહો, તે હાર્દ દમ્પતી-ભાવનું
" રસઐક્યથી ઉત્પન્ન થઇ રસઐક્યને જ વધારતું.
" રસઐક્ય તો નહિં હોય ત્યાં કયમ મિત્રતા એ સંભવે ?
" રસઐક્ય વળી વિધિવણ નહિં કદી ઇતર કો સરજી શકે.
" હે તાત ! તે સૃજવાતણી આજ્ઞા કરી આપે મને;
" તો કેમ કરી કરવું અશક્ય જ એવું તે શીખવો હવે.
" હું કિંકરી છું તમતણી, કરૂં હોય શક્તિસાધ્ય જેઃ
" શિર વેચી પણ તમ વચન પાળું-શક્તિ એટલી સાધ્ય છે.
" વિધિહસ્તગત ઉરતન્ત્ર પણ કયમ કરી કરૂં ગતિવાળું હું ?
" મુજ ઉરતાણું પરઉર સાથ શી રીત લગ્ન કરાવું હું ? "

ગોવર્ધનરામ.

૮૭

પ્રેમ–વિકાસ.

પ્રેમની મટકી ચાખી હૃદય દ્રવતું બન્યું;
સૂક્ષ્મ પ્રીતિની જ્યોતિ નિર્મળ પ્રકાશ કરી રહી.
પ્રકાશ વધતાં વધતાં હૃદય ઉભરાતું બની રહ્યું,
છલકતે હૈયે શોધી સહધર્મચારિણી સખી પ્રિયા !
હૃદયનાં અદ્વૈતે વધતું ચાલ્યું પ્રેમપીયૂષ,
સૂક્ષ્મ હૃદયને વળગી રહેતાં–રહ્યાં સ્થૂલ હૈડાં,
પરસ્પર પ્રીતિના યજ્ઞમાં થયો ભસ્મ સ્વાર્થ,
વિકસી વૃત્તિ સૂક્ષ્મ બનતી, વિકસ્યાં હૈયાં–દેહ વિકસ્યાં;
ભીંજાયેલી પૃથ્વીતણા કુંડ નાવા વિષે
હૃદય બીજ રોપાયેલું ઉગતુ ચાલ્યું પ્રચંડ વીર્ય!
મૂળ ઉગ્યાં, દૃઢ બાઝયાં, ઉતર્યાં ઉંડાં પાતાળમાં
પૃથ્વીનાં અંતરપટ સર્વને મૂળ શાખાઓ બાઝી રહી.
વૃક્ષ ઉગ્યું, વધ્યું વધ્યું ઉચ્ચ સ્વર્ગ નભમાં,
દિશાઓમાં સર્વે અનન્ત વિભાગો વધી રહ્યા.
દૃઢ સૂક્ષ્મ પ્રીતિએ વૃક્ષ કંઠ વળગેલ રમ્ય વેલી
વિકસી વિકસી ફાલી ફાલી પિયુ વિકાસમાં;
વૃક્ષ વેલના છાંયા નીચે શાન્તિ લેતાં
લોક પશુ પક્ષી જડ ચેતન પદાર્થ સઘળાં;
વેલીનાં મધુરપુષ્પો સુવાસિત કરતાં સહુ વિશ્વને
કલ્પવૃક્ષનાં અખૂટ ફુલડાં ખાતાં વધતાં, પ્રાણી સઘળાં;

હૃદય વેદી વધતી વધતી વિશ્વમય બની રહી
સૂક્ષ્મ પ્રેમની જ્વાલા ઉઠી રહી અખિલ બ્રહ્માંડમાં.

મૂલજી દુર્લભજી વેદ.

૮૮

સંયોગજન્ય રતિ.

જોતેંજોતામાં સરી ગિરિથી, મુજને પણ તેં તુજ સાથ લીધો
શી નીરખી પ્રિય તેહ સમે અયિ કુદરતમાંહે અપૂર્વ રતિ?
ગંગા અને બ્રહ્મપુત્રા ધરી નિજ બાહુલતા મોતીમાળ સમી
હિમગિરિના કંઠ પરે ગજવદનની પત્નીસમી દીપતી.
તે દ્વય પત્નીતણી છુટી બાહુલતા ઉદધિ ગમ શી ધસતી?
ને ઉદધિની અન્તર ઊર્મિએ શી તુજને નીરખી હસતી?
તે ગિરિ ને તે ઉદધિ ઉરે તુજ રૂપ સમું મીઠું હાસ્ય હતું;
એ જ મીઠાશતણું રસ લાણું હતું અનિલે રસથી મચવ્યું.
ના અનિલે કે ન વારિધિએ, નહિં કેવળ હિમગિરિ ઉરમાં,
એજ ઉદારતા ગાજી ઉઠી હતી વન વને વર ધારી છટા.
સાગરશૈલ, સુગન્ધિ વનસ્પતિની, વરહાસ ગિરિમુખનું,
ઘૂઘવતો વરસ્નેહ સરિતનો, એણે મચાવ્યું'તું ગાન રૂડું.
એ જ સુગાન થઇ અનિલારૂઢ પ્રાણિના રોમવિશે સરતું,
ઇન્દ્રિયનો સહુ થાક ઉતારી અન્તર અમૃતથી ત્રપતું.
વ્યાપું હતું ઔદાર્ય સ્થળેસ્થળ વ્હારા સુધાદૃગપાત સમું,
નીંદ ભૂલી હતી ના એ પળે દીનદીનની શાન્તિદા પત્ની થતું.

દિશા નમી નમી યોગમથી હતી ચાંપતી સ્નેહથી ભૂઅંગને,
જ્યાં હતી ધોમ ધખી કુંળી પાંખડી ત્યાં હતું શૈત્ય વસ્યું જ દીલે.
આહા! મનોહર હર્ષ હતો વસિઓ સહુ શો તે દિશાવદને?
અન્ય સુખે સદ્યત્ન ફળે મન કોણનું ના આનંદ ઝીલે?
કુંજ સકલ કાશ્મીરની, ને કલ્લોલ સહુ વારિધિ પરનાં,
ગુહા સહુ ગિરિની જહાં ખેલન્ત ઝમ ઝમ રવ દડતાં ઝરણાં;
એણે મચાવ્યું'તું ગાન રૂડું ગમ્ભીર હૃદયરસથી ભરતું;
જેનું અન્તર તુજ ભૂમિતણા પદ ઉંડા ઉંડું ઊંડું નમતું.
શાન્તિ વિહારતી જે હતી સૌ સ્થળ; ગાન જે ગર્જતું વિશ્વવિશે,
સ્નેહ વિલાસતો જે પ્રતિવ્યક્તિ, આનન્દ કૂદી રમતો સૌ દિશે;
શાન્તિ તે ગાયન તે વળી સ્નેહ અને આનન્દની તે રતિમાં,
એવું મધુર પવિત્ર હતું કંઇ જાવું પડે ન છુપી વસતિમાં.
આવો ઉદાર પરસ્પર સંગીત ભાવ નિહાળી પવિત્ર જગે,
એ મહિમા મૂળ જાણવા બાઝી લગાવી મેં આ દૃગ તારી દૃગે.

ત્રિભુવન પ્રેમશંકર.

૮૯

'હું છું શંકર.'

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

હું છું **શંકર** તું સતી શિર**મણી** સૌન્દર્ય ધારાવતી
તું છે પ્રેમળ મારી નિશ્ચલ સખિ! પ્રેમે સમાધિ સ્થિતિ;
તારે છે મુખ ચંદ્રમા મુજ શિરે ચંદ્રાર્ક સારસ્વતી—
હાંહાં જોડ સમોવડી મળી પ્રિયે વિદ્યાપતિ શ્રીમતી.

જેણે એકજ બિન્દુપાન કરિયું સૌન્દર્ય ધારા થકી,
રે ! તે પ્રાણીતણી ગતિ અવર શી તર્શી સદાયે ગતિ;
રે ! ક્યાં કાંતિ પટાંચલે લપટિને સંસારમાંહી રમે,
રે ! ચંદ્રાનનદર્શનાર્ત્ત સ્વમતિ ચારૂ ચકોરી ભમે.
તે સ્યામા અલકાવલી સઘન કુંજે રમ્ય ગુંન્તરવે,
આ ચિત્ત ભ્રમર પ્રકામી તુજનો ભ્રાન્તિ વિના જે રમે.
અહા ! દૈવવશાત્ વિયોગી જીવ એ ભોગી ભ્રમે ભ્રાન્તિમાં
રે ! એકક્ષણ પુષ્પ ગુમ્ફિત લટે દે લેટવા શાન્તિમાં.
ધારા ઉપર હું પદે પદ સખિ ! તારા વિચારે ધરૂં,
આધારે તુજ મૂર્તિના નયનથી સંસાર માંહી ફરૂં;
ભાનુ રોહિણીનાથ તારી નજરે બોલાતું જો સાક્ષિયે
સાક્ષિ અંતર શુદ્ધની ખરી પુરે **सत्यं ब्रवीमि प्रिये.**
ભાનુ દ્વાદશ ચંદ્ર કોઈ દિવસે જો પાંશુમાં રોળશે,
વારિ માંહિ વસુન્ધરા કવચિદપિ સ્નેહેથિ અંગોળશે;
ના ના સજ્જન પ્રેમ નાવ તરણી કિંચિત્ કવચિત્ ગર્કશે,
મારી ટેક શુચિ ધ્વજા પ્રલયના પાથોધિમાં ફર્કશે.
સૃષ્ટિના શ્રમથી વિનિદ્રિત પરબ્રહ્મ પ્રશાન્તિ ગ્રહે;
સંસારી જીવમાત્ર નામ રૂપમાં ના ભેદ કાંઇ રહે;
કાંતે ! કોઇ દિને દિનેશ કિરણો જ્યારે તમે તર્જશે ?
મારો નાદ "તુંહીતુંહી" સઘન જો શૂન્યાત્મમાં ગર્જશે.

બાલાશંકર ઉલ્લાસરામ

૯૦

પ્રેયસીલીલા.

(શિખરિણી).

થયું મારૂં તારૂં મિલન શુભ એ દૈવી ભુમીમાં,
પ્રતાપી દેવીના નવ રસભર્યાં પ્રાંગણુસુમાં,
રહીને એકાંતે તુજ ધવલ મેં રંગ નિરખ્યા,
વ્યભિચારી તારા વિવિધ મુજ શું ભાવ પરખ્યા.
ક્વચિદ્ રંગે ઘેરે સરવર લહેરે ઠમકતી,
ક્વચિત્ જ્યોત્સ્નામાંહિ સ્વરણમયી કાન્તિ ઝમકતી,
ક્વચિત્ પ્રાચી માંહિં શિરમણિ ધરીને રીઝવતી.
ક્વચિત્ અંધારામાં, પ્રણુતલય ખેલે ખીજવતી.
વસંતી સાલુડે ક્વચિદપિ સુલીલા લહરતી,
ક્વચિદ્ વાયુ લ્હેરે વ્યજન સુરભિ એ મહકતી,
અભિસારે તારા પરખી મુજ દાક્ષિણ્ય નબળું,
કટાક્ષે તાકીને મુકતી ચપળા બાણ રમતું.
ક્વચિદ્ રૂડા રૂપે નવપ્રણુત શાલી અવયવે,
ક્વચિત્ કુંજે કુંજે ક્ષુભી નયન કેરી અભિનવે,
ક્વચિત્ તારા તારા જરકશ દુશાલે મન હર્યું,
અહા! તારા પ્રેમે નિરમળ મ્હારૂં મન ઠર્યું.

બાલાશંકર ઉલ્લાસરામ.

૯૧

પ્રેમીની મૂર્તિપૂજા.

(તોટક.)

કર તું કંઇએ, કર તું કંઇએ,
મધુ તેથી બને વધુ શું કદીએ?
તુજ કાર્ય સહુ દિલ નિત્ય સ્મરે
વધુ નિર્મળ શું ઉર પૂજી શકે?
કંઇ બોલ અને દિલ ઇચ્છતું કે,
કંઇ બોલ તું બોલ સદા જ પ્રિયે!
તુજ વાણી સદા સુણતો જ રહું,
ઝરતાં ફુલ એ વીણતો જ રહું.
તુજ એ સ્વર ગાયનના સ્મરતાં,
વળી ઓર જ ધૂન મચે ઉરમાં;
તુજ યાચક આ ઉર થાય પ્રિયે!
ફરી ને ફરી એ સ્વર માગી જ લે.
ઉર ઇચ્છતું કે હજી ગા તું પ્રિયે!
નવ બોલ કશું પણ ગા જ, પ્રિયે!
કંઇ દે કંઇ લે સહુ ગીત મહિં,
વ્યવહાર બધા કર એ સ્વરથી;
હુકમો સહુ ગાયનથી કરજે;
મુજ જીંદગી એ સ્વરથી ભરજે.
તુજ નૃત્ય સ્મરૂં? ભુલું ભાન, પ્રિયે!
કંઈ પ્રશ્ન કરૂં સ્મરી નૃત્ય, પ્રિયે!
ક્યમ ઉર્મિ બની ન તું વારિધિની
બસ નાચત દિવસ ને રજની:

ઘુઘવાટ વળી તુજ હું બનતે,
હસતો નક્કી તાલ દીધા કરતે.
કર તું કંઇએ, કર તું કંઇએ,
કરૂણાર્દ્ર પ્રભુ પ્રતિ કાર્ય પરે;
તુજ શું તુજ શુંથી મધુતર છે?
વળી નિર્મળ શું તુજથી શું? પ્રિયે!
સ્મરતાં સ્મરતાં સ્મરણે ચડયું જે,
બસ પૂછશ પૂછશ તે જ પ્રિયે!

કલાપી.

૯૨

પ્રેમી હૃદયની વાંછના.

(સગ્ધરા.)

નીચો ભૂમિ પ્રમાણે તલપદવત હું જો થયો હોઉં નીચો,
ને તું, આકાશ જેવો, રમણિ-ઉરતણા પ્રેમ! તું થાય ઉંચો;
તો એ મ્હારા વિચારો પવન રૂપ ધરી ઉડીને ત્યાંજ આવે!
ઉંચે ઉંચે ચઢે તે વિહગગણ પરે ભેટવા સદ્ય ભાવે!
જો હું આ ભૂમિ માથે અતિશય જ ઉંચો હોત જો એ પ્રમાણે
ને તું વ્હાલી રસીલી! ઘણી જ ઘણી નીચે, વ્યોમથી એમ જાણે,
જેવી દીસે જ ભૂમી, ઉદધિ તલ ઉંડો, તેવી તું થાત નીચી
તોએ ત્હારી જ પાસે, સલુણી! મન ભમે પ્રેમનું સૂત્ર સીંચી.
રામા જો હોય તું તો મહી નીચી મહિલા, હોઉં જો વ્યોમ રૂપે
તોએ મ્હારો હમેશાં, રમણિ! દશ દિશે, પ્રેમનો સૂર્ય ધૂપે;

ત્યાંથી તુંને નિહાળું દશશત નયને ભાનુનાં કિર્ણ પેરે,
આચ્છાદું વ્હાલી! ત્હારી ધરતી મન તણી પ્રેમ જ્યોતે નિઃશંકે.
સૃષ્ટિ અંજાઈ જાએ અતુલ અરકની કાન્તિથી આ સદા રે,
વિયોગાંધી જ નાશે જળાહળ ઝગતું! પ્રેમના તેજ પાસે!
જ્યાં જ્યાં કાંતે! તું જાએ, ઉંચી જ નીચી જ કે
વ્યોમ કે ભોમ માંહે,
ત્યાં જ્યાં ત્યાં ત્યાં જ મ્હારૂં હૃદય પ્રણયથી તાહરી પાસ આવે.

જન્મશંકર વૈદ્ય.

૯૩

પ્રિયતમની ઉક્તિ.

(હરિગીત.)

યદિ હોત હું વર્ષાદબિન્દુ ને તું કોમળ પાંદડું,
વાદળ વિશેથી આવી તુજ ઉર ઉપર આવી વસત હું,
ને લેત વિશ્રાન્તિ તહીં મીઠી અનુપમ સુખભરી,
હું ન્હાત તુજને ન્હાત આનન્દે અને ઉત્સાહથી.
તું હોત સુંદર કમળ, ને, જો ભ્રમર હું વ્હાલી! કદી,
તુજ હૃદય આવી રહત હું કંઈ ખોળ કરતો તાહરી;
હું ચુસત પ્રેમે ચુસત ત્હારા અધરનું મીઠું અમી,
ને ચુમત, તુજને ચુમત હું બની હર્ષઘેલો સુખ થકી.
'જો હોત મૃગ હું મમ પ્રિયે, તું હોત નિર્ઝર નિર્મળો'
કાન્તા કહે 'શું કરત તું, વિચાર કર તું તેહનો;
નીચો પડીને તુજ કિનારે તૃણુભીને, હે સુન્દરી!
હું પીત લલના! પીત મીઠાં પાણી તુજ પ્રીતિથકી.

ડાહ્યાભાઈ લક્ષ્મણ.

૯૪

" કયમ ના મોહું તે મુજ પ્રિયા સંગે જો. "

(ઓધવજી સંદેશો. એ રાહ.)

ચળક ચળક રહી શી આકાશે તારલી.
હાસ્ય કરંતી નિર્મળ મુખડે ઘેલી જો,
વેંત અંતરે ચંદા પાસે જે ઉભી,
સ્પર્શ અડપલું કરવા જાયે પેલી જો.
ખડકાઇ ઝીણી શી સઘળી વાદળી,
નદી રેત સમ આછી સઘળે વ્યોમ જો;
સંધ્યા પણ જળ પીવા મંદાકિનીનું,
લટકે નાચંતી ઉર ધારી જેમ જો;
સંધ્યા, ચંદા, તારલી ને વળી વાદળી
ગેલ કરંતાં હર્ષ ધરી નિજ મુખ જો;
જન કો જગમાં એવો જન્મ્યો જે હશે,
જોતાં આ નવ ઉપજે તેને સુખ જો.
અહિં જન મંડળમાં શોધંતાં નિર્મળી,
મળવી મુસ્કેલ તમ સમ સઘળી નારી જો:
પણ મુજ હૃદયે છબીલી એક વસી રહી,
તે તમ સદ્દગુણ થકી શોભંતી સારી જો.
તારલીની પેઠે ઉચ્છૃંખલ છે છતાં,
ડહાપણ ને ગાંભીર્ય ધરે તે હૃદયે જો;
કલંક વિણ ચંદા સમું તેનું મુખડું,
શાંતિ અમીમય પ્રેમળ કરતું ઉર જો.

સંધ્યા રંગ સમી અસ્થિર છે આંખડી,
પણ સ્થિર તેમાં પ્રીતિ કરૂં જોર જો;
વાદળી પેઠે નૂતન વસ્ત્રો તે ધરે,
પણ તે સઘળું બનવા પતિચિત ચોર જો.
તારલીને આંખોમાં ચમકાવે ખરી,
સંધ્યા ચંદાને નિજ મુખના રંગે જો;
વાદળી પેઠે નમ્ર હૃદય તે ધારતી,
કયમ ના મોહું તે મુજ પ્રિયા સંગે જો.

અંબાલાલ માણેકલાલ.

૯૫

બન્યો હું પ્રેમનો બંદો.

(ગઝલ-સાખી)

બન્યો હું પ્રેમનો બંદો—બીજો રૂચે નહીં ધંધો ! !
કામકાજ સૂઝે નહીં, મન પ્રેમે મશગુલ;
તું મુજ સુંદર ગીતડું, હું તારૂં બુલબુલ;
મધુરા નાદથી આજે, અમળ મુજ પ્રેમને કાજે;
લવું તાનો મિઠાં રાજે, રસિક જન ખુબ આનંદો ! ! બન્યો૦

મુજ મુખ વાદ્ય સમારીને, ઠાઠ મેળવી યાર;
સુર અલાપી તાહરૂં, ગાન ભજન કરૂં સાર;
અહા બીજું અહીં શું છે ? સરવમાં શ્રેષ્ઠ તું તું છે !
સદા પ્રેમી દીલે ખુંચે, વિયોગે, તું શું છે ચંદો ? બન્યો૦

રસબસ પ્રેમે માહરૂં હૃદય થયું દિલદાર;
ભલે જીવાડે કે હણે, પ્રેમ એક આધાર;
બીજા જન ચાહ્યું તે બોલે—ગણે જીવ તૃણને તોલે;
કપટ વિના હૃદય ખોલે—મને ખળ દુષ્ટ છો નિન્દો.!! બન્યો૦

મુજ મન ઘાયલ પ્રેમથી, નિન્દા શું કરશેજ?
મરી રહેલું બાપડું, કહો શું ફરી મરશેજ?
અમળ શુભ પ્રીત શું જાણે, ઉંચી રસ રીત શું માણે?
ભલે મત દુષ્ટ જન તાણે, વિવિધ જન દુષ્ટના ફંદો! બન્યો૦

આશંકા જગની તજી, મનડું બનીયું મસ્ત;
પ્રેમ વગર દેખે નહીં, જગ ખાલીજ સમસ્ત;
તુને દિલદાર ધ્યાઊં હું, સુરૂપે લીન થાઉં છું;
બની અલમસ્ત ચહાઊં છું, નયન બે ધ્યાય આ બંદો!! બન્યો૦

ઘાયલ દિલ પ્રીતિરણે, તલસે જે તરશેજ;
ચિત્તમાં મરવું આદરે, મોતે શું ડરશેજ?
લીધી દિલ ઢાલ મેં રૂડી, જગત છો વાત કહ ભુંડી;
મને સરખી રૂડી કુડી, ગણું જગના નહિં ફંદો! બન્યો૦

જોકે આ દિલ માહરૂં, હોય થયેલું ખાખ:
પ્રેમભજન ભુલે નહિં પ્રેમ! પ્રેમ! કહે રાખ;
ખરે મુજ ખાખ કહેવાની, રૂડું તુજ નામ દેવાની;
હૃદયમાં આશ રહેવાની "થઈ રહું પ્રેમનો બંદો"!! બન્યો૦

તુજ કારણ મુજ પ્રેમની, મૂર્તિ જોકે આજ;
હણવા તત્પર થાય કો, સેવક ના કહે નાજ;

મીઠી તુજ કારણે મરવું, હૃદયમાં દુઃખ ના ધરવું;
હઠી પાછું નહિ ફરવું, મને પ્રિય પ્રેમના છંદો! બન્યો૦

સૂળી સન્મુખ રાખીને, પૂછે મુજને કોય;
તું તું એકજ માહરે, મને વસેલી હોય;
પ્રીતિ એ બોલ સૌ પહેલો, લવું તુજ નામ હું ઘેલો;
ભણું હું તેજ સૌ છેલ્લો, બીજું બોલે નહીં બન્દો!! બન્યો૦

હા હા સમ ખાઈ કહું, "પ્રેમ ધર્મ મેં લીધ";
તે વિણ માનું નહીં કશું, પણ મેં એવું કીધ;
પ્રભુ એ પ્રેમ માનુંછું—ગમે તે જાતિ જાણું હું;
હૃદય રળિયાત થાઉંછું, ચરણ જગ પ્રેમને વંદો!! બન્યો૦

ડાહ્યાભાઇ દેરાસરી.

૯૬

મન–પંખીને.

ગઝલ.)

ઉડી જા તું! પ્રિયા પાસે, ભલા જા રે! તું મન–પંખી!
ખબર તું લાવ, એ દિલના, પક્ષી પૂજું હું પંખીડા!
ન ગોઠે તું! ન બેસે તું! થઈ સ્થિરને કદી હેઠું!
બગાડે કાજ સૌ મ્હારૂં, કરે નહિં કાંઈ પંખીડા!
વિકટ વ્યવહાર દુનિયાંના, ન દેખે તું! ન લેખે તું!
પ્રિયાના પ્રેમની ધૂનમાં, બન્યો તું મસ્ત પંખીડા!
અદબ નહિં આબરૂ વ્હાલી, નહિં આજીવિકા વ્હાલી,
પીધી જ્યાં પ્રેમની પ્યાલી બધું વિસર્યો તું પંખીડા!

ન રાખે ઝાડની પરવા, નહિં કંઇ બીક પડવાની,
અધર ઉડે તું આકાશે ભર્યો શ્વાસે તું પંખીડા !
શરીર–માળો જ ત્હારો આ વિખાએ તેની નહિં પરવા:
ઉડે નાચે કુદે જાવા પ્રિયાની પાસ પંખીડા !
ભલું બુરૂં જનો જે કહે છતે કાને સુણે નહિં તે !
જકિલો થઇ જપે પ્રિયને અજબ એ રીત પંખીડા !
ધરમ ને ધ્યાન કીર્તિમાનથી વિશેષ માનીને,
ન રાખે ભાન ને પ્રેમે બન્યો ગુલતાન પંખીડા !
લખે બોલે વિચારે તું ! 'પ્રિયા' 'વ્હાલી' જ એ શબ્દો
ઇતર કાને, જીભે, આંખે, સુજે ના કાંઇ પંખીડા !

જન્મશંકર વૈદ્ય.

૯૭

વર વહુ અમે.

(શિખરિણી.)

જતાં'તાં સાંઝે જ્યાં, વર વહુ અમે ધાન્ય લણતાં,
ન જાણું જે શાથી, વર વહુ અમે તો લડી પડ્યાં;
લડ્યાં, રોયાં પાછાં વર વહુ અમે આંસુ ચુમતાં,
હતાં જેવાં તેવાં વર વહુ અમે તો થઇ રહ્યાં.
અરે કેવી મીઠી,
લડાઇ તે દીઠી,
કરે હૈયાં ખાલી,
અને આંસુ ઢાળી,
હતું તેથી જ્યાદે પ્રણયિ જનનું ઐક્ય જ કરે,

જ્યહાં આંસુ સાથે અધરરસ પીયૂષ જ ઝરે !
પછી પ્હોંચ્યાં જ્યારે વર વહુ અમે તે નદીતટ,
જ્યહાં સૂતું'તું જે ગત સમયમાં બાલક હતું;
ત્યહાં તેની નાની—
અરે ! તેની નાની કબર કુમળીની જ નિકટ,
થયું પાછું આંસુ અધરરસપીયૂષ ઝરતું.

બલવંતરાય

૯૮

દિવ્ય રથ.

વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !
  ચમકે રવિનાં તેજ સમો ચમકાર !
અમીશાં અજવાળાં ઠારે અંતરની આંખડી,
  ચૌદ રત્નતણો શો ભીડભંજન ભંડાર !
    વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

આવો, પ્રિયતમ ! એ રથમાં અંતર પધરાવિયે;
  મનહર, મહિમાવાન મહા એ જગમોઝાર;
ઋષિ મુનિ સંતજનોની નિર્મળ ઉરજ્યોતિ દીપે,
  તેમાં આવો, ફરિયે કરતાં આત્મવિહાર !
    વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

પુણ્યપ્રકાશિત પ્રભુનો મણિમંડપ રળિયામણો,
  તેનાં સૂર્યપ્રભાશાં દિવ્ય ઝળકતાં દ્વાર;
વિશ્વવિરાજિત એ શોભાની છાંયે મ્હાલવા

ચાલો, વ્હાલા ! એ રથમાં કરિયે સંચાર !
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

ઘૂ ઘૂ ઘોર ગરજતા ગંભીર જગસિંધુતટે
અમૃતસ્મિત ઝરતાં ખીલે કુસુમો સુકુમાર;
તેનો નિત્યવસંતસુગંધ રસે ભરવા ઉરે,
હૃદયો ગૂંથી ચાલો જઇયે પ્રાણાધાર !
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

જીવનદેવ ! પ્રયાણ નથી જ સુકર ને સોહ્યલું:
જંગલ, ઝાડી, કોતર, ડુંગર, ખાડ અપાર !
મોંઘો, કોમળ, પુણ્યપ્રભાભર રથ ત્યાં આપણો
નિર્વિઘ્ને અણિશુદ્ધ ચલવવો પ્રભુઆધાર !
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

કંટકમાર્ગ કઠોર વિકટ છે એક પ્રયાણનો,
અનિલો ઘૂમે ને આકાશ વહે અંધાર;
તેમાં સાચવજો, પ્રાણેશ્વર ! પાર ઉતારજો,
દિવ્ય, સુરમ્ય, અમૂલખ રથ એ સર્વ પ્રકાર !
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

ચાલો, વ્હાલા ! ધીરા, શૂરા, મુખ મલકાવતા !
ઊંડા ઊંડા છે હૃદયોના અમીઉચ્ચાર !
હૈયાંહેત ઝરંતી આંખલડી આ આપણી
મધુરાં અજવાળાં કરશે કંઈ ડારોઠાર ?
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

પ્રભુના પુણ્યવિલાસગૃહેથી કદિ કદિ આવતા
  સુમધુર મંગલ સ્વર્ગગીતોના કંઈ ભણકાર;
રસભીનાં તે ગીતોનો રસ પૂરણ ઝીલવા
  હસતાં જઈયે એ રથમાં, હૈડાના હાર !
    વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

આવો, પ્રિયતમ ! મંગલ ઘડી છે સુખસૌભાગ્યની:
  આકાશે છે શા નવરંગ સજ્યા શણગાર !
એવા રંગ વિશે શો વિલસે છે રથ આપણો !
  પ્રભુના મંગલ આશિષ વરસે છે શતધાર !
    વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

હસતો રમતો રુડલો રથ એ, પ્રાણ ! ચલાવશું,
  ઝગઝગ જગમાં એનો ઝલકાવી ઝલકાર;–
ધીરી, શૂરી તમ વાંસલડી, પ્રાણ ! વગાડજો !
  હું પણ પૂરીશ સાથે ગાનતણા લલકાર !
    વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો !

ખબરદાર.

૯૮

પ્રેમસ્વરૂપ.

(હીંડી.)

પ્રીતિ પ્રેમ વદું જય જય જય વાણી,
ભર્યાં પ્રેમથકી પવન આભ પાણી,
શીતલ પ્રાણસા'ય આપતો સમીર,
સુરજ ચંદ્રતણો પ્રેમ શો ગભીર !

પિતા પુત્ર માત પત્ની ને સંસાર
દીસે પ્રેમવડે દીપતો ઝગાર,
તુટ્યો પ્રેમ ફીટી જાયછે સંસાર;
પર બ્રહ્મતણી યોજના અપાર !
પુરો પ્રેમી અંશ પ્રેમનું જ અંગ,
સદા ઝીલતો પ્રીતિતણા તરંગ
મળે સાથ કદિ લાખમાંથી એક,
ગહન પ્રેમ અકલ યોજના અભેદ.
શકે અમૃતતણું પાન કર્યું છેક,
શીતલ સેક રોમરોમમાં અનેક,
અદ્ભુત પ્રીતિપાનનો ઠર્યો વિવેક,
ગહન, પ્રેમ ! તારી યોજના અનેક.
પશુ પ્રાણી સમૂહ સંઘમાં ફરેછે,
વિવિધ ઘાટતણી યોજના કરે છે.
મનુષજીવ મનુષજીવશું તણાય,
પ્રકટ, પ્રેમ ! તારી કલ્પના જણાય.
પ્રિયા પ્રીતમતણે કંઠ લીન થાય,
પિતાકંઠ વિષે બાલકો ભરાય,
ભિન્ન ઠામ ભિન્ન ભિન્ન રૂપ ભાસે,
બધે પ્રેમ ! તું જ એકલો પ્રકાશે.
નથી દુઃખભેદ્ય, પ્રેમ ! શક્તિ તારી,
તિમિરદુઃખ પ્રેમતેજ દે વધારી,
બધે બ્રહ્મરૂપ બ્રહ્મપ્રેમ જાણું
કૃતિ રીતિ ગતિ ભિન્ન ના પ્રમાણું.

મણિલાલ.

૧૦૦

અસ્થિર અને સ્થિર પ્રેમ.

(ચોપાઇ.)

ઉજડ એક ગિરિકેરી કરાડ, જ્યાં જનનો નહિં પગ-સંચાર;
તોપણ ત્યાં આગિયા અનન્ત લટકાવે દીપક ચળકન્ત;
ને ત્યાં એક અતિ લાજાળ ગુલાબકળી નાજુકડી બાળ,
લલિત વસન્તાનિલને તેહ લલચાવંતી કુમળી દેહ.
" અનિલ તું ચંચળ જાતે દિસે, સ્થિર રહી કો સહ નવ તું વસે;
અનેક કળીયો ચૂમી આજ આવ્યો આંહિં તું ઠગરાજ.
વળી તજી મુજને તું જશે, જ્યાં કળીયો બીજી ખીલી હશે;
માર્ગ જતાં સહુને તું ચૂમે, નિર્લજ તોપણ હરખે ઘૂમે."
"કોમળ કળી ! તું કાં રીસાય ? તુજ સરિખી નવ દીઠી ક્યાંય;
અનેક અનિલો આવી ભમે, અહિં તુજશું તે રંગે રમે.
નવ તરછોડયો તેં કોઇને, સૌરભ સહુને દીધું મોહીને;
હા, હું ચૂમું કળી અનન્ત, જ્યારે હું માર્ગમાં રમન્ત;
પણ સૌરભ સઘળી એ તણું, નિજ અંગ ધરી હરખું ઘણું,
સુગન્ધ સ્મરણ હું ધરૂં એમ, પણ તું તો નવ જાણે પ્રેમ;
અનિલ અનેક ગયા અહિં વહી, તું તેવી ને તેવી રહી,
સ્મરણ ન રાખ્યું કોઇતણું, પ્રેમાલી તુજને કયમ ગણું ?"
"રે ઠગ ! મુજને કાં તું વ્હાય ? નહિં એ જૂદા અનિલ બધાય;
જૂદાં જૂદાં રૂપજ ધરી, તુંનો તું આવે ફરી ફરી.
હું જાણું સઘળા તુજ ફંદ, કો ઘડી ચંડ તું કો ઘડી મંદ,
કો ઘડી ઝીણા સ્વર કરી ગાય, કો ઘડી ગાજી તું ધુંધવાય.

તું જાતે છે એકજ એક, ધારે રૂપ અનેક અનેક;
કહે હવે મુજમાં શી ખોડ ? કપટ મહિં નવ તારો જોડ."
સુણી આ બે જણની ગોઠડી, હું ચાલ્યો મન ખેદ જ ધરી;
આગળ "ગમ્ભીર રસશૃંગાર–પ્રતિમા" સારસ દીઠા સાર.
ઉભો નિજ કાન્તાની સંગ, નિરખે ઝીણા નંદી તરંગ,
કમળતન્તુ લઇ તેને દિયે, પ્રેમસુધા તે વેળા પીયે.
બોલ્યો તે નિજ કાન્તા ભણી,–"જો, આ લહરી સરિતાતણી,
તેમાં આપણ બેની છાય, મળી એકઠી શી મકલાય!
જીવ આપણા એમજ મળ્યા, મરણ લગી નવ ટળશે ટળ્યા."
એમ કહી ઉંચા નભ મહિં, સારસ જુગ ઉડી ગયું તહિં.
ઉડતાં ભૂખરૂં દીપે અંગ, પાછળ વ્યોમજ ભૂરે રંગ;
ને મધુરે સ્વર ગાન કરન્ત, ઉડતું જ્યાં આકાશ અનન્ત.
આ સઘળું નિરખીને તહિં, શાન્તિ વશી રહી મુજ મન મહિં,
ને ચાલ્યો સુખ હૃદયે ધરી,—ઉપર નભ નિરખે સ્મિત કરી.

નરસિંહરાવ.

૧૦૧

વીણાનો મૃગ.

ઉગતા સૂર્યની સામે આવે છે મૃગ દોડતો,
ઉતરે બાગમાં હાવાં ફલંગે ગઢ કૂદતો.
વીણા તણો નાદ તહીં સુણાય,
આનન્દલ્હેરે અનિલો ભરાય;
ઝુલે ફુલો એ કંઇ તાલમાં ત્યાં,
વસન્તલીલા સ્વર બેવડી રમા.

ભીતિ કશી એ મૃગને દિસે ના,
પિછાન જુની સ્થલની નકી આ;
નમાવી શૃંગો ચળ પીઠમાં કરે,
યથેચ્છ પર્ણો તરુનાં જરા ચરે.
ઉડી રહ્યો છે જલનો ફુવારો,
હોજે તરે રંગીન માછલીઓ;
ત્યાં કાન માંડી મૃગ તે ઢળે છે,
જરા નમીને જલ એ પીએ છે.
પાસેથી ત્યાં તો સ્વર દિવ્ય આવ્યા,
વાયુ તણી લ્હેર મહીં ગૂથાયા;
કૂદી ઉમંગે ચમકાવી કર્ણો,
સ્વરો ભણી એ મૃગ દોડતો ગયો.

હીંચકે ખાટમાં બેઠી કુંજમાં દિવ્ય સુન્દરી,
બીનની મીંડ મીઠીમાં એ છે છેક ગળી ગઈ.
દિસે અંગો ન્હાનાં હૃદયમય કે તાનમય શાં !
લતા શા ડોલે છે કટિ ઉપરીના સૌ અવયવો !
અહા ! કાળા ઝુલે કમર પર એ વાળ સઘળા !
દિસે તારા જેવાં ચકચકિત શાં સ્નિગ્ધ નયનો !
મળી છે શું આંહીં જગત પરની સૌ મધુરતા !
અહિં વેળાનું ના કરવત ઘસાતું નકી હશે !
અહો, તારા, ભાનુ, જરૂર ક્ષણ આંહીં અટકતા !
સ્વરોની દેવીનાં નમી નમી અહીં દર્શન કરે !
દૂરથી આવતો દોડી વ્હાલો એ મૃગ જોઈને
કન્યા તે હસ્ત લમ્બાવી હેતથી આવકાર દે.

આનન્દભીનાં નયને નિહાળી,
પમ્પાળતી તે મૃગને કરેથી;
દાસત્વ મીઠું મૃગમાં દિસે છે,
પ્રેમાળ ભીનાં નયને વસે જે.

પછી વીણાતારો મધુર સ્વર દૈવી જગવતા,
હવામાં નાચન્તી સ્વરની કંઈ મૂર્તિ ખડી કરે;
જડી જાણે રાખે નયન મૃદુ કન્યા મૃગ પરે,
અને એ ચ્હેરામાં નવીન કંઇ ભાવો પલટતા.
મૃગે એ ભાસે છે વશ થઈ જતો કે ગળી જતો,
જરા ડોલે શૃંગો વળી અરધ મીચ્યાં નયન છે;
નિસાસા લેતો એ મૃગ હૃદય જાણે ઠલવતો,
અને કન્યાશિરે રસમય અભિષેક કરતો.
અહો! ક્યારે ક્યારે થનનથન નાચી કૂદી રહે,
વળી એ કન્યાના ધડીક પદ ચાટે જીભ વડે;
ફરે વીણા તેવાં હૃદય, નયનો, અંગ ફરતાં,
દિસે બન્ને આત્મા અનુભવી રહ્યા એકમયતા.

પ્રભાતકાલે મૃગ આમ આવતો,
વીણા સુણીને વનમાં ફરી જતો;
સ્વરો ન મીઠા મૃગ વિણ ઉઠતા,
સુખી થતી ના મૃગ વિણ કન્યકા.

લગની કો લગાડે છે ઉરોની રસએકતા;
પશુ આ માનવી આ એ કાંઈ ભેદ ન પ્રેમને.
દિનો કૈં આનન્દે રસભર ગયા આમ વહતા,
સદા રહેતાં ધૂને મધુર સ્વરની આમ દિલ આ;

પ્રભાતે કોઈએ પથિક ગઢ પાસે અટકતો,
ઘડી સુણી વીણા નિજ પથ જતો આશિષ દઈ.

*   *   *   *

તહીં ઉગ્યો છે હજુ અર્ધ ભાનુ,
નવીન રંગે નભ છે ભરેલું;
શુકો ઉડે ગીત હજાર ગાઈ,
સહુ સ્થળે છે ભરપૂર શાન્તિ.
ઉદાસ શાન્ત સ્વર બીન છેડે,
ઉદાર ભાવો મૃગનેત્ર રેડે;
મચી રહી આર્દ્ર સ્વરોની હેલી,
મહાન આનન્દની રેલ રેલી.

સરરર સુસવાટો થાય ત્યાં બાગમાં કૈં,
અરરર ! મૃગ બિચારો ઉછળીને પડે છે;
થર થર થર ધ્રૂજે કન્યકા ત્રાસ પામી,
શિથિલ કર થતાં એ બીન તૂટે પડીને.
મૃગહૃદય મહીં છે તીર લાગ્યો અરેરે !
ખળખળ ઢળતું હા ! રક્ત ભૂમિ પરે એ !
નયનજલ વતી એ કન્યકા ઘા ધુવે, ને
મૃગ તડફડ થાતો હાંફતો શ્વાસ લે છે.
બિચાઈ એ જાતાં નયન દરદે બે ક્ષણ, અને
ઘડી કન્યા સામે રુદનમય એ શાં નિરખતાં !
અરે ! છેલ્લે યાચે નિજ પ્રિય કને એક નજરે,
વદે છે કે આતું નયન મૃદુ ચોંટી રહી હવે:—

"કરીને શીર્ષનું તુમ્બું, નેત્રની નખલી કરી,
"બજાવી લે, બજાવી લે, ત્હારૂં બીન હજી હજી !
"કૃપા હોજો, દયા હોજો પ્રભુની બીનની પરે !
"અનુકૂલ સ્વરો મીઠા હજો આ તુજ હસ્તને !"

કન્યા બિચારી દુઃખણી થઇને
એ શીર્ષ ખોળે મૂકતી રડે છે;
ત્યાં પાછળેથી નર કોઇ આવે,
વાત્સલ્યભાવે વદતો જણાયે:

"અયિ પુત્રિ ! શિકારી તો પાપી છે તુજ આ પિતા !
ભૂલી જા એ ! બજાવી લે ત્હારૂં બીન હવે જરા !"
હૃદય સ્થિર નથી એ કન્યકા બાપડીનું,
નજર નવ કરે તે, કોણ આવ્યું ન આવ્યું;
પણ દૃઢ થઈ અન્તે અશ્રુમાં તે ગળન્તી
દરદમય છતાં એ કાંઇ મીઠું લવે છેઃ—

"તુમ્બું તૂટી પડ્યું ! અરે ! જિગરના ચીરા થયા છે, પિતા !
"રે ! આ સાંભળનારના જગતમાં એવું થયું છે, પિતા !
"વીણા બન્ધ થયું ! સ્વરો ઉડી ગયા ! ખારી બની ઝિન્દગી !
"સાથી ના જગમાં રહ્યો ! પ્રભુતણી આશિષ એવી મળી !
"મૃત્યુને વશ આ કલા થઇ ગઇ ! હું એ બની મૃત્યુની !
"આ સંસાર અસાર છે ! અહહહા ! એ શીખ આજે મળી !
"વ્હાલાં હાય અરે અરે ! જગતમાં, વ્હાલાં ઉરો ચીરતાં !
"ભૂલોની જ પરમ્પરા જગત્ આ, એવું દિસે છે ! પિતા !
"ક્યાં શ્રદ્ધા ? અહ ! પ્રેમ ક્યાં ? જગત આ, આખું અકસ્માતનું !
"જે પ્યાલું મૃગને મળ્યું મરણનું તે હુંય માગું ! પ્રભુ !

"જોઇ એ ઘડી આ લઉં મૃગ અને વીણા તૂટેલું, પિતા!
"એ નિર્માણ અનન્તના જલ મહિં ડૂબું પછી હું, પિતા!

*　　*　　*　　*

દિનો કૈં કન્યાના દરદમય ઓહો! વહી ગયા,
ફર્યાં છે એ ગાત્રો, મુખ પણ ફર્યું છેક જ અરે!
હવે જો કોઇએ પથિક ગઢ પાસે અટકતો,
શિલા ત્યાં આ વાંચી કંઈક દુઃખમાં તે ડૂબી જતોઃ—
" કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કલા નહીં!
" કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહીં!"

કલાપી.

૧૦૨

અભાનોર્મિ.

(કાફી.)

ગગને આજ, પ્રેમની ઝલક છાઇરે, ગગને આજ–પ્રેમની—ટેક

પૃથિવી રહી છવાઇ,
પરવતો રહ્યા નાહી,
સચરાચરે ભરાઈ રે. ...ગગને૰

×　×　×

વાદ ને વિવાદ ગળ્યા,
ઝેર વિખવાદ ટળ્યા,
જુદા સઉ ભેગા મળ્યા રે. ...ગગને૰

×　×　×

ધન્ય ભાગ્ય તેનાં જેણે,
પ્રેમ પી નીહાળ્યો નેણે,
સુખને શું કહેશે વેણે રે. ...ગગને૰

સાંભળશે કોણ કહેશે,
શા થકી વખાણી લેશે,
ન કહ્યે કહેવાઇ રહેશે રે. ...ગગને.

પ્રેમ જે કહી બતાવે,
પ્રેમ જે કરી બતાવે,
મણિ તેને મન ભાવે રે ...ગગને૦

મણિલાલ.

૧૦૩

સારસી.

મીઠા દીર્ઘ ધ્વનિ વતી વન બધું હર્ષે ભરે કોકિલા,
ઝીણી વાંસળી શા સ્વરો સુખભર્યાં ચંડોળ આલાપતાં;
ખિસ્કોલી તરુના મહાન વિટપે ઝૂકી રહી ત્યાં કૂદે,
ને રંગીન શુકો ઘણા મધુરવા આકાશ ઉડી રહે!
આવી આનન્દવેળાએ બિચારૂં કોણ આ દુઃખી?
હશે એ પ્રેમનું માર્યું હૈયું કોઈ રહ્યું તપી!
ગંભીર નાદ કરતી સરિતા વહે છે,
સીંચી જલે પુલિન શીતલ એ કરે છે;
ત્યાં દીન સારસી ઉભી જલપૂર નેત્રે,
સતી, અરે! શિર નમાવી રહી રડે એ!
અહોહો! પાંખ પ્રીતિની તેની તૂટી ગઇ દિસે,
આવું આ પક્ષી, તેને એ આવી પીડા ખરી! અરે!
રેરે! તેનો પ્રિયતમ તહીં પાદ પાસે પડ્યો છે,
વ્હાલી પાંખો શિથિલ બની છે મૃત્યુનો હસ્ત લાગ્યે;

પારાધીએ હૃદય પર હા! તીર માર્યો દિસે છે,
ખૂંચ્યો છે ત્યાં રુધિર વહતું બંધ હાવાં થયું છે.
જીવતું જીવ લેઇને આહિં એવી દિસે રીતિ !
કોઇને દુઃખ દેવાથી તૃપ્તિ કેમ હશે થતી?
મૂકી ગયો કયમ શિકાર હશે શિકારી?
આવી હશે દિલ દયા કંઇ સારસીની?
બચ્ચાં અને પતિપ્રિયા તણી એ ઘડીની
નાસ્યો હશે હૃદય ચીરતી ચીસ સુણી!
ગાળે છે પ્રેમનાં અશ્રુ વજ્ર જેવાય દિલને,
કો વેળા પારધીને એ પ્રેમનો દંશ લાગતો.
આવું આવું નિરખી દિલમાં કાંઇ કેવુંય થાય,
કેવો છે રે રુદનમય આ ક્રૂર દેખાવ, હાય!
ન્હાનાં બચ્ચાં ટળવળી રહી માત સામું જુવે છે,
ને પંપાળે નિજ જનકને કંઠને ચંચુથી એ.
હજુ તો ખેલવા પૂરૂં શીખ્યાં આ નથી બાલુડાં,
રે! તે શું મૃત્યુને જાણે ભોળાં આ લઘુ પંખીડાં!
દુઃખ સહુ ઉડી જાશે કાલ આ બાલકોનાં,
રમતગમત માંહી હર્ષ લેશે ફરી આ;
પણ ઝુરી મરશે રે સારસી બાપડી તો,
જખમ નહિં રુઝાશે પ્રેમનો કારી લાગ્યો.
પ્રેમીએ પ્રેમી જાતાં કો બીજાથી પ્રેમ જોડવો,
આવું કાં ન કરે સૌએ પ્રેમી જોકે મળે ખરો.
જોડવી એક જોડીને બે કો ખંડિત થાય તો,
બન્નેનાં એકબીજાથી ઓછાં જેથી બને દુઃખો.

અઢેલી બાઝીને તરુ સહ રહે ખીલતી લતા,
દઈ પુષ્પો પ્રેમે લઇ રસ જીવે છે પ્રણયમાં;
સુખી આવા દહાડા સરકી કંઇ જાતા રમતમાં,
અને એ વેલીને મરણપડદામાં લઇ જતાં.
મરેલી, વેલીનું સ્મરણ નવ ભૂલે તરુ કદી,
અને પ્રેમી ગાળે દિવસ દુઃખના કૈં રડી રડી;
પરન્તુ ચાંપે છે હૃદય પર બીજી લઈ લતા,
અને પ્રેમે રેડે મધુર રસ તેના હૃદયમાં.
ધીમે ધીમે આવું તરૂ થઈ જઇ વૃદ્ધ મરતું,
અને વેલી વીલી રૂદન કરતી કૈં દુઃખભર્યું;
છતાં ટેકો બીજા તરૂ પર લઇનેય જીવતી,
અને આપી પુષ્પો જીવિત નિજ તે પૂર્ણ કરતી.
ન કિન્તુ સારસી આ તો આવો માર્ગ કદી ગ્રહે,
એકને દિલ અર્પ્યું તે બીજા કોનું નહિં બને.
પ્રેમને કારણો સાથે સમ્બન્ધ કાંઇ એ નથી,
કારણ પ્રીતિનું પ્રીતિ: પ્રેમીની લક્ષ્મી તે બધી.
ઝુરી ઝુરી મરવામાં સ્નેહ સન્તોષ માને,
નહિ કદિ રસ શોધે સારસી અન્ય સ્થાને;
રસ દઇ લઈ લીધો ઈશ્વરે છીનવી તો,
હૃદય હીણુ બીચારાં પ્રેમીને મૃત્યુ આપો.
પ્રેમીનો હોય બેલી કો તો આનું કૈં થવું ઘટે,
પામે છે ત્રાસ મ્હારો તો આત્મા આ દુઃખ જોઇને.

ત્યાં કાંઈ આ વન મહિં હીલચાલ થાય,
પક્ષી બધાં ઉડા ઉડી અહીં શાં તણાય!
સર્પો, હરિણ, સસલાં, સહુ દોડી આવે,
લાંબો ધ્વનિ ભયભર્યો શ્રવણે પડે છે.
ઉલ્કાપાત થયો કાંઇ હશે આ વનની મહિં,
પ્રતીતિ થાય છે એવી જોઈ આ ગતિ સૌતણી.
હા ! અગ્નિ ત્યાં સળગી ઘાસ પ્રજાળતો રે !
વૃક્ષો તણાં કુંપળ બાળી ઉડાડતો તે;
ભૂખ્યો ધસી જીવ અનેક ગળી જતો તે,
દિશા બધી ધૂમવતી છવરાવી દે છે !
વ્હાલો છે જીવ પોતાનો વ્હાલાંથીય વધુ ! અરે !
ન્હાસે છે સિંહ પેલો ત્યાં સૂતી સિંહણ છોડીને.
પણ અડગ સમાધિ સારસીની ન તુટે,
મરણશરણ જાવું હર્ષ તેને દિસે છે;
ભડભડભડ થાતી અગ્નિની ઝાળ આવી,
બળી મરી પ્રિય સાથે સારસી પ્રેમઘેલી.
દર્દીના દર્દની પીડા વિધિનેય દિસે ખરી,
અરે ! તો દર્દ કાં દે છે, ને દે ઔષધ કાં પછી ?

કલાપી.

૧૦૪

વસંતવિજય.

"નહિ નાથ ! નહિ નાથ ! ન જાણો કે સવાર છે;
"આ બધું ઘોર અંધારૂં—હજી તો બહુ વાર છે."
હજારો વર્ષો એ વચન નિકળ્યાને વહિ ગયાં,
ખરે ! વક્તા શ્રોતા નથી તદપિ એ વિસ્મૃત થયાં;
સહુ માદ્રી પાંડુ તરત જ પિછાને ઉચરતાં,
વટી જેંક વેળા અસીમ શતશૃંગે વિચરતાં.
ગિરિના પ્રાન્તમાં કોઇ બાંધી પર્ણકુટીદ્વય
બન્ને રાણી તથા રાજા કરતાં કાલ ત્યાં ક્ષય.
નિદ્રા પ્રશાન્ત જરીએ ન હતી થયેલી,
દુઃસ્વપ્નદર્શન મહિં જ નિશા ગયેલી;
ખુલ્લા પ્રદેશ પર જૈ ફરૂં થોડિ વાર,
ઊઠયો નરેન્દ્ર મનમાં કરી એ વિચાર.
ધીમે શયનને છોડી જરા એ બ્હાર જાય જ્યાં,
"નહિં નાથ ! નહિ નાથ ! શબ્દો એ સંભળાય ત્યાં.
"પ્રિયે માદ્રિ ! શું છે ? નથી નથી જતો સ્નાન કરવા,
"વહી નિદ્રા, માટે અહિં તહિં જરા જાઉં ફરવા;
"મટયું આ અંધારૂં તરત નથી રાત્રિ પણ બહુ,
"હમેશાંને સ્થાને પછી કરીશ હું આહ્નિક સહુ."
ન જવાનું કહી દેવી નિદ્રાવશ થઈ હતી;
જાગૃતિ ક્ષણ રોકાઇ ફરી પાછી ગઇ હતી.
સારૂં થયું પ્રિય સખી થઈ છે પ્રસુપ્ત,
સાચી બિના નહિં જ રાખી શકાત ગુપ્ત;

સંતોષથી નૃપતિ થાય હવે વિદાય,
જે અંધકાર, પણ, ભૂલ જરા ન ખાય.
કંસારી તમરાંઓના અવાજો આવતા હતા:
સ્થલ–કાલ છતાં શાંત બન્નેને ભાવતા હતા.
વહે થંડો વાયુ કરી દઇ બધે શાંતિ વનમાં
ઘણા થોડા આજે ઉડુગણુ પ્રકાશે ગગનમાં;
હજી એક પ્રાણી ગિરિમહિં નહિં જાગૃત દિસે;
વધે અંધારામાં નરવર અગાડી વન વિષે.
ત્યાં, જતું હતું તે આવ્યું સર સુંદર પાસનું,
આપ્યું હતું પુરા જેને નામ "માદ્રીવિલાસ"નું.
ઝાંખી ભરેલ જલની સ્થિરતા જણાય,
જોતાં જ તર્ક નૃપના કયંહિંએ તણાય;
બેસે શિલા ઉપર ચાલી સચિંત રાય;
ઉંડા વિચાર મહિં છેવટ મગ્ન થાય.
અનિદ્રાશ્રમથી તેનો ધૈર્યભ્રંશ થયો હતો;
પૂર્વના સ્મરણોમાં જ ઘણો કાલ ગયો હતો.
થવા માંડ્યાં ત્યાં તો રવિઉદયનાં ચિહ્ન સઘળે,
ઉઠેલી સૃષ્ટિના વિષમ સ્વર સાથે સહુ ભળે,
જવા માંડ્યું સર્વે સ્થળ મહિંથી અંધારૂં ઝટ જ્યાં
પુરાયો પ્રાચીમાં નવીન સરખો રંગ પણ ત્યાં.
કોલાહલ થવા લાગ્યો અરૂણોદયથી બધે;
પૂર્વની રક્તિમા સાથે સહુ આ ક્ષોભ એ વધે.
વૃક્ષો અદૃશ્ય સઘળાં નજરે પડે છે,
ધોળાં અનેક ગમથી ઝરણાં દડે છે;

એ દેશ ચક્ષુ તજી ઉપર જ્યાં ચડે છે
ઉંચાં પ્રચંડ શિખરો નભને અડે છે.
"અરે શું આટલો કાલ નિષ્કારણ વહી ગયો,"
સદ્ય એવું કહી રાજા સ્વસ્થાનેથી ઉભો થયો.
ઉઠી જોતાં શોભા બહુ જ બદલાયેલ નિરખી;
ડગ્યું પાછું ધૈર્ય સ્મરણ મહિં આવી પ્રિય સખી:
"નિહાળું છું શું હું મનહર વસંતપ્રસરને!
અરે રે! શેની, શી અનુભવ કરૂંછું અસર એ!"
સૃષ્ટિસૌન્દર્યને જોતાં કૈં રોમાંચ થયું હતું.
ઘણા દિવસનું પેલું યોગાંધત્વ ગયું હતું.
ઉડે દોડે એવી જલચર કરે ગમ્મત ઘણી.
નિહાળી તે જોયું વળી પછી જરા પર્વત ભણી:
ગમી ના એ વૃત્તિ હૃદય રસથી સંયમ ચડયો,
"થઈ ન્હાવા વેળા" નૃપતિ કહી એવું મહિં પડયો.
સ્નાનથી થઇને શાંત પડયો એ નિત્ય કર્મમાં;
જતાં રાગ બની વૃત્તિ પાછી તદ્રૂપ ધર્મમાં.
પૂરૂં કરી તરત તે સ્થલને તજે છે,
ઇચ્છાવિરૂદ્ધ દૃઢ આગ્રહને સજે છે,
"શાને થવું પતિત આશ્રમધર્મનાથી,
"સૌન્દર્ય શું? જગત શું? તપ એ જ સાથી."
જઇ આશ્રમમાં લે છે નિત્ય માફક ભોજન.
ઇચ્છયું પછી જરી નિદ્રા પૂર્ણ વિસરવા વન.
ઉઠયો થોડી વારે નૃપતિ જ્યમ નિદ્રા કંઈ લઇ,
મનોવૃત્તિ તેવી સ્થિર વિમલ ને સાત્વિક થઇ;

જઈ થોડે છેટે પછી અનુભવે શીતલ હવા,
પડે દૃષ્ટિ માટે વન તરફ લાગે નિરખવા.
અક્ષુબ્ધ હૃદયે જોઈ રચના એ ઋતુ તણી;
મળવાને પછી ચાલ્યો બીજી પર્ણકુટી ભણી.
માદ્રી જ ફક્ત હતી હાજર એહ વાર,
કુંતા ગયેલ કંઇ કારણથી બહાર;
માતા સતી નકુલ ને સહદેવની એ,
હા ! તાપસી નૃપની સાથ હતી બની એ.
ઝીણા વલ્કલને આજે એણે અંગે ધર્યું હતું;
નહિં લાવણ્યને ઓછું વનવાસે કર્યું હતું.
"નથી શું કુંતાજી ? નહિં અરર આંહિં રહી શકે,
"પ્રિયે ! તું એકાકી, સ્વજન વિણ વૃત્તિ ક્યમ ટકે ?
"ખરે ત્યારે આનો અનુભવ જરા આજ કરીએ."
"જરા આ પાસેના ઉપવન વિશે કાંઈ ફરીએ."
પ્રસંગ બદલાતાં એ સિદ્ધાન્ત વિસરી ગયો;
મટી તાપસ એ પાછો ભર્તા—સ્વામી ખરે થયો.
શાન્તિ મહિં નહિં થયો કંઇ ફેરફાર,
એથી જ હાલ નૃપતિ વિસર્યો સવાર;
માદ્રી નહિં કરી શકી કંઇએ નકાર;
જાણેલ હોય કદિ શું વિધિના પ્રકાર ?
પૂર્વાશ્રમ તણી બુદ્ધિ પાછી આવી ગઈ હતી:
ફરે સાંપ્રતને ભૂલી વનમાં સાથ દંપતી.
વહી જતાં ઝરણાં શ્રમને હરે,
નિરખતાં રચના નયનો ઠરે;

મધુર શબ્દ વિહંગ બધાં કરે;
રસિકના હૃદયો રસથી ભરે.
વસંતે સ્થાપેલું પ્રબલ નિજ સામ્રાજ્ય સઘળે,
નવાં લીલાં વસ્ત્રો તરુવર ધરે છે સહુ સ્થળે;
બધી સામગ્રી એ મદનરસથી સૃષ્ટિ ભરતી,
જનોના જુસ્સાને અતિ ચપલ ઉદ્દીપ્ત કરતી.
ઉછળ્યું લોહી તેથી એ સાવચેત થયો નહિં;
સ્ત્રીસંગે નર્મગોષ્ઠીમાં વધે છે વનની મહિં.
ઉત્તુંગ નમ્ર સહકાર દિસે ઘણાય,
લાખો વળી અગરૂ ચન્દન ત્યાં જણાય;
વૃક્ષો લતા–સકલ–કંઈક અપૂર્વ રંગ,
જામે ન કાં પ્રબલ મિત્ર વડે અનંગ !
ફરતાં ફરતાં આવ્યો એક માલતીમંડપ;
પ્રવેશ સતીની સાથે કરે છે તે મહિં નૃપ.
ધીમે ધીમે છટાથી કુસુમરજ લઇ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લીઓથી પરિમળ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે ક્યહિં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાખે હલાવી રસિક હૃદયને–વૃત્તિથી દાબ જાય.
" સાંભળ્યું મોહ પામીને હવે કોકિલકૂજન;
" પ્રિયાપંચમવૃષ્ટિથી ન્હાવાનું થાય છે મન."
જરા શંકા પામી તદપિ નહિં કાંઇ કહી શકી,
વળી એવી બીતિ નૃપવદન જોતાં નહિં ટકી:
નહીં રાજાજીનો હુકમ પણ પાછો કદિ ફરે,
વિચારી એ બાલા તરત જ જરા કૈં શરૂ કરે.

દિવ્ય રાગ શરૂ થાતાં બન્યું શાન્ત બધું વન;
લોહચુંબકથી જાણે ખેંચાયાં સર્વનાં મન.
માધુર્ય એ ઉછળતું ક્યહિં ના સમાય;
હા ! કેમ આ હલક અંતરથી ખમાય !
સાથે મળ્યાં તરત દંપતી સર્વ દોડી,
ભેટી રહ્યાં સ્વર વિશે દઇ વૃત્તિ જોડી.
ઘેલી બની બધી સૃષ્ટિ રસમાં હાલ ન્હાય છે,
હાય ! એક જ પાંડુના હૈયામાં કૈંક થાય છે !
સંગીતામૃત વર્ષતાં પ્રથમ તો આનન્દ વ્યાપી ગયો,
સાથે-એક-કરૂં પ્રિયા હૃદયને આવેશ એવો થયો;
ખેંચાયું પણ વેગ પૂર્ણ કરતાં-આવી સ્થિતિની સ્મૃતિ,
રાખે અંકુશ તોય સ્પષ્ટ વપુમાં દેખાય છે વિકૃતિ.
નિહાળી નૃપને રાણી જરા ગાતાં રહી ગઈ;
હાય રે ! ઉલટી તેથી તેની શાંતિ વહી ગઇ ?
“પ્રિયે ! માદ્રી !-આહા !-સહન મુજથી આ નથી થતું,
“નહિં મારે જોયે તપફલ ભલે એ સહુ જતું;
“ચલાવી દે પાછી મધુર સ્વરની રમ્ય સરિતા,
“છટાથી છોડી દે, અરર ! ક્યમ રાખે નિયમિતા !”
વૃત્તિઓ પરથી તેનો અધિકાર ગયો હતો;
અપૂર્વ ધ્વનિથી છેક મદોન્મત્ત થયો હતો.
“સખી દેવી-વ્હાલી ! સ્વરૂપ તુજ આજે બહુ દીસે,
“ખરે રંભા જેવી રસમય અહીં-નંદન વિશે;”
નિહાળે વર્ષાવી પ્રણયરસ બન્ને નયનથી,
જરા ધાસ્તી પામે સતી પણ હવે હાય ! મનથી.

ગીત પૂર્ણ થતાં રાજા જાય છે પાસ કૈં મિષે;
"ક્ષમા" "પ્રાણ" નહિ" બોલી લેછે એને 'ભુજાવિશે.
" રે હાય ! હાય ! નહિ નાથ ! નહિ !" કહીને,
છૂટી જઇ કર થકી અળગી રહી તે;
હા ! દીન દૃષ્ટિ કરી એ નિરખી રહે છે,
દુ:ખે ભર્યાં નયનથી નૃપને કહે છે.
"ડરૂં છું–ભય પામું છું જોઇને આજ આપને,
"અરે કેમ વિસારો છો ઋષિના ઉગ્ર શાપને?"
બહુ બ્હીતી બ્હીતી થર થર થતી એ કરગરે,
નથી ઓછી થાતી તદપિ નૃપની વિકૃતિ અરે !
"ઘટે છે શું દેવી !–હૃદયપર આ નિર્દય થવું !
અરેરે ! આ આવું પ્રબળ દુ:ખ–મારે ક્યાંહિ જવું !
"પ્રિયા–પ્રિયા–પ્રિયા ! તારા હાથમાં સર્વ હાય રે !
ત્વરાથી દેહ જોડી દે, આ તો નાંહિં ખમાય રે !
"જાણું બધું, પણ, દિસે સ્થિતિ આ નવીન,
"મારૂં નથી બળ બન્યો જળ બ્હાર મીન.
"દેવી ! વિચાર કરવા સઘળા તજી દે,
"રે હાય ! સ્પર્શસુખ પ્રાણસખી ! હજી–દે."
વિચાર કરવા જેવો હવે વખ્ત રહ્યો નહિ;
ઝંપલાવી પડે માદ્રી નરેન્દ્રભુજની મહિં.

* * * *

નહિં ચાલે આથી ગત વખતમાં દૂર હૃદય,
પણ્યા શબ્દો છેલ્લા શ્રુતિ પર બહુ મન્દ સદય:
જરા તૂટ્યાં વાક્યો કંઈ કંઈ થઇને રહી ગયાં,
હજારો વર્ષો એ પણ પછી હવે તો વહી ગયાં.

મણિશંકર.

૧૦૫

નાયકનું પ્રાયશ્ચિત્ત.

(શાર્દૂલવિક્રીડિત.)

પાંખો નૂતન લાગતી સ્ફુટિત તે જોતો હશીને ઘડી,
ને જોતો ભવવ્યોમ ઉંડી નજરે જાણે ઉડું આ ઘડી,
જાણે અંબર મસ્તકે ચળકતા રંગો વડે વાદળી
આશાએ સરજી, ઉડી, સુભગતા પાંખો વિષે તે ભરી,
ઓળંગું વળી એહ પણ પલકમાં, ને લોક સર્વ સ્થલે
ઉંચાં નેત્ર કરી વખાણ વદતા જોઈ રહે વિસ્મયે.
હા! એ સ્વપ્ન! હતું શું સુંદર! ન એ પાંખો, ન એ વાદળી
ને એ લોક વખાણ—બીપણ પડે છે કર્ણયુગ્મે હજી.
એ મૂર્ખાઈ વિષે ત્હને અવગણી—દીઠો ન રે સ્નેહને!
તોયે ધૈર્ય ધરી તું તન્મય રહી, કેવી તું વ્હાલી મને!
'ભાવિમાં નહિં થાય એવું,' ક્યમ એ આપી શકું કોલ હું
ભૂત જ્ઞાનથી ખિન્ન છેક થયેલો,—માટે કહું એટલું,
કે પ્રીછું તુજ પ્રેમ કોમળ સખિ! ને આ ઉરે હોય જે
ગાંભીર્ય દૃઢતા અને સરળતા, ત્હારા જ તે લેખજે.

બલવંતરાય.

૧૦૬

વધામણી–નાયિકાનો પત્ર.

(મંદાક્રાંતા)

વ્હાલાં મારા, નિશદિન હવે થાય ઝંખા તમારી,
આવો, આપો પરિચિત પ્રતીતિ બધી ચિત્તહારી.
દૈવે જાણે જલ ગહનમાં ખેંચી લીધી હતી તે,
આણી સ્હેજે તટપર ફરીથી મને છોળઠેલે;
ને આવી તોપણ નવ લહું ક્યાં ગઇ, કેમ આવી
—આયુર્દોરી તુટી ન ગઈ તેથી રહું શીર્ષ નામી.
ને સંસ્કારો ગત ભવતણા તે ફની સર્વ, વ્હાલા !
જાણું સાચા તદપિ દીસતા સ્વપ્ન જેવા જ ઠાલા;
માટે આવો, કર અધરની રમ્ય સાક્ષી પુરાવો,
મીઠા કંઠ પ્રણયિ નયનો, અમૃતાલાપ લાવો.
બીજું, વ્હાલા, શિર મૂકી જ્યહાં ભાર લાગ્યો શું? કહેતા,
ત્યાં સુતેલું વજન નવું વીતી ઋતુ એક વ્હેતાં;
ગોરૂં ચુસે અખુટ રસથી અંગુઠા પદ્મ જેવા,
આવી જોઈ, દયિત ! ઉચરો, લોચને કોણ જેવા ?

બલવંતરાય.

૧૦૭

આપની યાદી.

(ગઝલ.)

જ્યાં જ્યાં નજર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહિં એ આંખથી યાદી ઝરે છે આપની;
માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની !

જોઉં અહિં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !
તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !
આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની !
આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની !
દેખી બૂરાઇ ના ડરૂં હું, શી ફિકર છે પાપની ?
ધોવા બુરાઇને બધે ગંગા વહે છે આપની !
થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાંએ આશના;
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની !
જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેશાનમાં દિલ ઝુલતું, રહેમત ખડી ત્યાં આપની !
પ્યારૂં તજીને પ્યાર કોઇ આદરે છેલ્લી સફર :
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઇ આપની !
રોઉં ન કાં એ રાહમાં બાકી રહીને એકલો ?
આશકોના રાહની જે રાહદારી આપની !
જુનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું
જુની નવી ના કાંઇ તાજી એક યાદી આપની !
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી;
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની !
કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની !

કલાપી.

૧૦૮

વદાય.

(વસંતતિલકા.)

હા! આવિયો દિવસ આખર આજ એ તો,
આ ખિત્ત કેરી ચિર શાંતિ હરી જ લેતો;
ચાલી હવે સખિ ! તજી મુજને વિદેશે,
શોક ભર્યું હૃદય આ કયમ ભાર સ્હેશે ?
સંધ્યા સલૂણી થઇ લુપ્ત સુષુપ્ત થાએ,
નેને રમે તદપિ રંગ રૂડા બધા એ,
આનન્દ દેતું મૃદુ ગાન વિરામ પામે,
તોએ ભમી શ્રવણમાં ધ્વનિ રમ્ય જામે;
ખીલી હસે કુસુમ તે કરમાય જ્યારે,
તોએ સુગંધ મનમાં કરી વાસ મ્હાલે;
હા ! તેમ આજ તુજ દર્શન લુપ્ત થાએ,
ત્હારા ગુણો સ્મરણમાં રમશે સદાએ.
થાજો પ્રયાણ સુખરૂપ તને સખિ ઓ !
નિદ્રા મીઠી જ વસજો મૃદુલોચને જો !
સ્વપ્નો અલૌકિક રસે ભરિયાં મધુરાં,
એ નીંદરે રમી રહો સુખ દેઇ પૂરાં.
મ્હારી ઉંડી હૃદયને મથતી વ્યથા જે,
ગંભીર શોકસરિતાપૂર માંહિ ગાજે,—
હા ! તેવી તુજ સુકુમાર હૃદે કદી એ
મા રેલશો અસહ્ય શોક તણી નદી—એ,

દેઇ વદાય સખિ ! આટલું યાચતો હું,-
થાઉં વિલુપ્ત ભવચિત્રપટેથી જો હું,
કર્ણે પડે ખબર એ તુજ કોઇ કાળે,
એ આંસુડાં મધુર નેનથકી તું ઢાળે.

નરસિંહરાવ.

૧૦૯

વિપ્રયોગ.

આકાશે એની એ તારા:
એની એ જ્યોત્સ્નાની ધારા:
તરૂણ નિશા એની એ;
 દારા ક્યાં છે એની એ ?
શું એ હાવાં નહિં જોવાની ?
આંખડલી શું નહિં લ્હાવાની ?
ત્યાં એ ત્યારે-શું રોવાની
 દારા એની એ ?
છે જ્યાં છે સ્વામીની દારા:
સ્વર્ગોની જ્યોત્સ્નાની ધારા:
નહિં જ નિશા જ્યાં આવે,
 દારા ત્યાં છે એની એ.
છે ત્યારે એ ત્યાં જોવાની:
આંખડલી એ ત્યાં લ્હાવાની:
સ્વામી સાથે નહિં રોવાની—
 દારા એની એ.

મણિશંકર.

૧૧૦

સ્વપ્ન-વાટિકા.

(મંદાક્રાંતા.)

(૧)

વ્હેની ! લેતી અહિં તું ધરથી દૂર નિદ્રા સદાની,
શાંતિ ન્યારી રજનિ-દિવસે પામતી આ જગાની,—
નેત્રોને જો નહિં તું દિસતી પૃથ્વી નીચે સૂતેલી,
સ્મૃતિ ત્હારી નિશદિન થતી ત્યાં ગઈ છે તું મેલી.

*　　*　　*　　*

(૨)

લીલા કેવી મધુર-લસતી સ્વર્ગ જેવી સુભાસે,
દેખું હું તો વિમલ બધું ત્યાં તુજ વિશ્રાંતિ પાસેઃ
લાગે કાંઈ તરલ ઝુલતી લાગણી આ હવામાં,—
આહા ! એવી અસર વિરલી રે હશે દિવ્ય શામાં ?

(૩)

દેવાંશી ! તું અકલ ફરતી ના મળે જીવતી ત્યાં,
ના જો પામે નજર, ઉડતી, હોય જ્યાં તું, ગતિ ત્યાં,—
રે આ વેલા તરુવર વચે પામું હું ત્હારી હસ્તી,
જાણે ત્યાંથી કુલ ત્રિભુવને હોય ના તુજ વસ્તી !

(૪)

વ્હેની ! ત્હારાં મધુર વચનો ત્યાં થયાં બંધ જો કે,
ને જો ત્હારા સ્થૂલ શરીરને આ શિલા શ્વેત રોકે,—
જેવી મીઠી ઉપર ધરતી જીવતી તું હતી ત્યાં
તેવી મીઠી અમ ઉર મહિં જીવશે તું સતી ત્યાં !

(૫)

તું જ્યાં સૂતી, કુદરત વચ્ચે શાંતિ જેવી છવાઈ,
તેમાં દેખું ગગનપરની શાંતિ મંજુ સમાઇ:
નિદ્રા લેતી રતન–ગિરિમાં સ્વપ્ન તું જોય મીઠાં,
જેવાં ક્‌હાની જગપર કદી માનવીએ ન દીઠાં.

* * * *

(૬)

વાયુ ! જેવો અનુભવ અહિં પામતો ત્યાં વહે તું,
ધીમે ધીમે સકલ વસુધા વ્યાપતો તે રહે તું !
કે સૌ તેનું શ્રવણ કરતાં શાંતિ પામે સદાનાં,
ચાખે તેઓ અમર સુખ આ સ્વપ્નની વાટિકાનાં.

પે. ખ. વારાપીરવાળા.

૧૧૧

તું ગઇ.

ત્યારે ગઈ શું અહિંથી પ્રિયા તું ?
મૂકી ગઇ આ હ્રદયું રીબાતું !
હવે મીઠું તે મુખ તાકી તાકી,
નિહાળવાનું નહિ શું કદાપિ ?
ચિંતા અને દુઃખ થકી પીડાતા,
આ ચિત્તને ટેકવવાની આશા
તારા પ્રિયા પ્રેમથી આવતી જે
હવે પછી શું સહુ મૂકવાં તે !
શરીરને ને મનને જરૂરે,
આવા પ્રદેશે ફરતાં હતું જે,

સ્વસ્થાન પાછું બળ ખેંચનારૂં,
શું તે વિના દૂર હવે જવાનું ?
અહો ફરે છે રવિ આસપાસ,
છાયા ફરે જ્યાં વચમાં પદાર્થ;
પ્રદક્ષિણા એ પ્રિય કરી સર્વે,
ક્યાં હું ફરૂં રે ? તુજ વિણ મધ્યે ?
તારાની પેઠે સ્થિર એક ઠામ
દુઃખો સુખો સૃષ્ટિ વિશે તમામ:
જોઇ રહી ક્ષોભ વિના જરીએ,
રહું જડાઇ ?—ન બને કદી એ.
શરીર મારૂં સ્થિર રહે કદાપિ,
આ ચિત્તને તો ન શકું જ રાખી;
સ્વચ્છંદ તે તો ભમતું ફરે છે,
રે ! તું ગઇ ને સ્થિર કેમ રહે તે ?
શું કોઇ શોધું કહિં ધૂમકેતુ
જેને અગાડી વધતો જ દેખું;
જેને ન મધ્યે કંઇ ખેંચનારૂં;
પાછો ફરે જે નહિં કોઇ સારૂ ?
ને છોડી સર્વે સુખ શાંતિ પ્રીતે
સ્વીકારીને સંગત તેની નિત્યે;
નવા નવા રોજ પ્રદેશ ભાળું ?
જાઉં અહિંથી—અહિંથી જ જાઉં ?

રમણભાઇ.

૧૧૨

રેખાશૂન્યતા.

જેવી ફરંતી શરદભ્રછાય,
પડે પડે ને વળી ઉડી જાય;
ન છાય—અભ્રો કંઇ રેંજ અંતે,
જતાં રહે સર્વ અદૃસ્ય પંથે;
પ્રતીતિ ચિત્તે ન રહે કશાની,
સ્મૃતિ ન એકે ભ્રમણા વિનાની;
હતું કયું ને ન હતું કયું તે,
જુદું પડે ના સ્મૃતિ—ભ્રાંતિ—પુંજે;
પ્રકાર તેવો તુજ ધ્વંસ કેરો,
પ્રમાણમાં સંશય માત્ર તેનો;
છાયા હતી તો ગઇ અભ્ર સાથ,
અભ્રો હતાં તો નહિં તે—ન છાય.
હતો શું તું બાલ ! અને ગયો છે ?
કે ના હતો ને નથી તું ગયો રે ?
કે તું હતો ને હજી એ રહ્યો છે ?
એ સર્વ શંકા મુજ કોણ તોડે ?
સમુદ્ર નીચે રવિ લીન થાય,
જ્યોતિર્ગણે તે દ્યુતિ મૂકી જાય;
તે સૌ કરાવે રવિની પ્રતીતિ,
ચિત્તે રહે ના ભ્રમ કેરી ભીતિ.
વર્ષાંઘનો જાય—ફરે ન પાછા,
હિમાલયે જે હરતા સદાના;
પછાડી મૂકે નિજ આરપૂર

ત્રનો રહે તે સ્મૃતિથી ન દૂર.
જાયે ધસંતી સરિતા સમુદ્રે,
ત્યાં જે મળી તે રહિ લુપ્ત રૂપે;
લાવે પછાડી સતત પ્રવાહ,
ને તે ગઇ તે ગઇ ના જણાય.
આદર્શ બીજા કંહિંથી લિધો તેં,
ન આજ રેખા રહી તું ગયો તે ?
શું આ ધરો યોગ્ય તને ન લાગી
તેથી ન તારી પદપંક્તિ સ્થાપી;
બીજી ધરા છે, નથી મૃત્તિકા જ્યાં,
ન ધ્વંસી આકારની વંચના જ્યાં,
ન ચક્ષુ ભીનાં વિરહે થતાં જ્યાં,
અખંડ રૂપે તું વસ્યો સદા ત્યાં;
તે દિવ્ય રાજ્યે ફરતો ન કાળ,
ન લુપ્ત થાતાં કદિ વૃદ્ધ—બાલ,
અન્યૂન રેખા તુજ ત્યાં જણાશે,
પ્રતીતિ માંહે ભ્રમ ત્યાં ન થાશે.
તથાપિ અત્રે નહિં અંક—ચિન્હ,
છાયા ન, રેખા ન, ન દૃષ્ટિલક્ષ્ય;
ચક્ષુ ઉઘાડે નહિ તું જણાય,
ચક્ષુ મિચ્યાથી નહિ ફેર થાય.
મનુષ્ય કાયા શકી ના જ રાખી.
ન સ્નેહ—આશા તણી પાશ ચાલી;
ને યુગ્મ દુઃખી રહ્યું જોતું જોતું,
ગયો ગયો બાલ ! ગયો ગયો તું !

રમણભાઈ.

૧૧૩

માળીને ઉપાલંભ.

(ગઝલ.)

અરે માળી ! અકાળે કાં, કળી કાચી ચુંટે, તું આ ?
પડી એ પત્રના અંક, કર્યો શો દોષ તે રંક ?
નથી ફાટી, નથી ફુલી, હજુએ પત્રમાં ઝુલી,
નિમિલ ચક્ષુ, એ જેની ! દયા તું લાવને તેની.
નથી જોયાં હજુ પ્યારાં, સહોદર પુષ્પ રૂપાળાં,
સુવાસે ખૂબ એ મ્હેંક, હિલે છે વાયુના લ્હેંક.
નિહાળે એ કૃતિ તારી, બનાવી રમ્ય તેં માળી !
કળી કાચી ચુંટી લે તું, ફરી થાશે કહે એ શું.
બગીચો આ બનાવ્યો છે, ચતુરે તેં ઘણી પ્રીતે;
ઉગાડ્યાં ચિત્ર વૃક્ષો જ્યાં, હવે આ શી કૃતિ છે ? ત્યાં.
ખીલે ના એ ન એ ફૂલે ! પ્રમોદે એ નહિં ડૂલે !
હસે ના એ, રમે ના એ, સુવાસે ના જ એ મ્હેંક.
જુવે ના એ કૃતિ તારી, પૂરેપૂરી ચમત્કારી;
ચુંટાએ તેટલામાં તો બગીચાનો શો હેતુ છે ?
કહે તું એ વધારે છે કળીઓ બાગમાંની તે;
કહે શું કામ વાવ્યાં તેં વધારે વૃક્ષ લાવ્યાં જે.
વળી એ છે કઈ જાતિ, ગુણીની એ કઈ રીતિ ?
કળી કાચી ચુંટે તું કંઈ ખરે બીજી સુકાઈ જઈ !
ખીલેલાં પુષ્પ જે ટોચે, ન તારો હાથ ત્યાં પ્હોચે !
નીચે નીચે મરોડી લે, કળીને પુષ્પ તોડી લે !
બનાવ્યો તેં જીગરથી જો, મનોહર બાગ હર્ષે તો
કળી કાચી ન તોડી લે, પ્રફુલ્લ પુષ્પ થાવા દે.

નથી એમાં તને હાનિ, સુહૃદ મારા તું વિજ્ઞાની !
સુગંધી પુષ્પ ફુલેલાં, નિહાળી તું સહર્ષ થા !
કળીને લ્હાવ લેવા દે, ખીલી જુવે બનાવી તેં;
કૃતિ આ ચિત્ર આરામે, નિહાળી સુખ તે પામે.
લઘુ મોટાં બધાં વૃક્ષ, તને આધીન છે વૃક્ષ,
બધાંને રાખ સંભાળી, વડાઇ તેહમાં તારી.
ખરે કાળે ચુંટાયે વા, ખીલી પાછાં જ કરમાતાં;
બગીચાનાં ફુલો તારાં, ઉદાસી ના દિલે મારા.

ઇન્દ્રજીત જેષ્ઠારામ.

૧૧૪

પ્રાર્થના.

(અંજની ગીત.)

રોનારૂં ભીતરમાં રોતું:
લ્હોનારૂં ભીતર ના લ્હોતું:
દૂર સખાનું હૈયું—
સાથે રોતું ને જોતું !

વ્હાલાંઓ, વ્હાલાંને કહેજો:
"સાગરમાં તો સાથે વ્હેજો:
સ્હેવાનાં એક બીજાનાં—
સાથે સૌ સ્હેજો"

મણિશંકર.

૧૧૫

વિધવા બ્હેન બાબાંને.

(મંદાક્રાંતા.)

વ્હાલી બાબાં ! સહન કરવું એય છે એક લ્હાણું !
મ્હાણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું !
મૃત્યુ થાતાં ત્રપણ કરવું ઇષ્ટનું એય લ્હાણું !
આશા રાખી મરણ પછી ને જીવવું એય લ્હાણું !
સમ્બન્ધીના મરણ પછી ના સર્વ સમ્બન્ધ તૂટે,
બ્હેની ! આંહીં વિરહ જ ખરો ચિર સમ્બન્ધ ભાસે:
તે પ્રેમી જે પ્રણયમયતા જોઇ મ્હાણે વિયોગે,
મીઠું કિન્તુ ક્ષણિક જ નકી સ્વપ્ન સંયોગ તો છે.
છે વૈધવ્યે વધુ વિમલતા બ્હેન ! સૌભાગ્યથી કૈં !
છે ભક્તિમાં વધુ વિમલતા, બ્હેન ! શૃંગારથી કૈં !
બાબાં ! ત્હારાં મૃદુ હૃદયને ઓપ વૈધવ્ય આપી,
ઊંચે ઊંચે તુજ દિલ જશે લેઇ ધીમે ઉપાડી.
ના બોલું આ તુજ હૃદયનાં અશ્રુ હું લૂછવાને,
શાને લૂછું હૃદયશુચિતા આંસુડાં દાખવે જે ?
વ્હાલી બાબાં ! કુદરતકૃતિ સર્વદા હેતુવાળી,
ઇચ્છે દેવા અનુભવ પ્રભુ સર્વને સર્વ વ્હાલી !
બાપુ આ સૌ સુખ દુઃખ તણી વેઠ નાખી નથી કૈં,
આ તો બોજો કુદરતતણો માત્ર કલ્યાણકારી;
આ ખ્હાડો જે પથિક સહુને આવતા માર્ગમાં ત્યાં
ચક્ષુવાળાં શ્રમિત ન બને કિન્તુ સૌન્દર્ય જોતાં.
આ કૂંડાળું કુદરતતણું કોઇ જોઇ શકે, તો
ના ના જોશે કંઇ વિષમતા કિન્તુ સીધાઇ લીસી;

ટૂંકી દૃષ્ટિ જનહૃદયની અલ્પ ખંડો જ જોતી,
ને તેથી આ સુઘટ સરણી દિસતી ડાઘવાળી.
બાબાં ! જોને નયન ભરીને આંસુથી એકવાર !
બાબાં જોને સુપ્રભ રચના વિશ્વની એક વાર !
વ્હાલા સાથે નિરખતી હતી આજ જે એકલી તું,
બાબાં ! ખુલ્લું હૃદય કરી જો, એ જ ઇચ્છ્યું હરીનું.
જોને, બાપુ ! તુજ જિગરનો મિત્ર તો ત્યાં વિલાસે,
તારો મ્હેરો ગત હૃદય એ ત્યાંય ઉભું વિમાસે !
એ રેલાયું ઉદધિ સઘળે કિન્તુ તું બિન્દુ તેનું,
આડું આવ્યું પડ નયનને ત્હોય એ વારિ ત્હારૂં.
મ્હેની ! આવાં પડ પછી પડો આવતાં જાય આડાં,
અન્તે ગાઢાં પડ ચીરી દઇ પાર જાતાં સહુ ત્યાં;
તુંને મ્હારી પ્રિય સખી ત્યજી હુંય જાઉં કદાપિ,
એવું એ કૈં શુભ જ કરવા ઇશ ઇચ્છે કદાપિ;
રે ! તો સાથે તમ હૃદયનાં ગાળજો અશ્રુ બન્ને;
જે બાકી તે ભણી લઇ તમે આવજો સાથ બન્ને;
બાબાં ! તું એ શીખીશ ફરી આ પાઠ ઔદાર્યનો, ને
મ્હારી ભોળી પ્રિય અણુઘને દોરજે આ જ માર્ગે.

કલાપી.

૧૧૬

વિદ્ધ મૃગ.

(હરિગીત.)

સંગીત, લુબ્ધક ! સુખદ ત્હારૂં આમ નવ અટકાવ તું,
રસમાં મને મરવા દઇ રસિકત્વ પૂર્ણ બતાવ તું;
આ મોક્ષથી મોંઘું અને સાકરથકી વધતું ગળ્યું,
તુજ બાણના સંપાતથી પંચત્વ આ સમયે મળ્યું.
શર લક્ષ બીજાં ફેંક વા તલવારનો કર ઘા ભલે,
પણ ગીતના અવરોધથી નવ વ્યથિત કર મુજને અરે !
રસની ધુની હૃદયે વહે રસમાં અધિક છું મગ્ન હું,
રસ રૂપ જગત જણાય આ રસને વળી વરસાવ તું.
આને ભલે મૃત્યુ ગણી આણે દયા દિલ માનવી,
પણ વૃષ્ટિ પ્રેમામૃતતણી મારે હૃદયથી માનવી:
પ્રેમાબ્ધિ આ ગરજી રહ્યો, રસમેઘ પણ વરસી રહ્યો,
મીંચી નયન, અવલોકતાં આજે કૃતારથ હું થયો.
વસુધા વિષે બહુધા ફર્યો ગિરિશૃંગ ઉપર આથડ્યો,
પણ હર્ષવર્ષણનો પુરંદર આજ તું મુજને મળ્યો.
મારી વ્યથા અવલોકિને દિલ નવ દયા લાવીશ તું,
અવસાન સમયે ગીતનો ન નિષેધ મન માનીશ તું.
મુજ માંસને માટે અધીરો એક પળ ન બનીશ તું;
સારંગી રંગભરી ઘડી કરથી ન દૂર કરીશ તું.
દઇ તાલ સાયકપાતથી કર ગાન એ પણ ઇષ્ટ છે,
આ પ્રેમ પારાવારમાં ન્હાતાં મરણ પણ મિષ્ટ છે.

દા. ખુ. બોટાદકર.

૧૧૭

મ્હારા મયૂરને.

(ગઝલ.)

પીડાતણી પરંપરા માંહે પડી રહેવું,
મુંગે મુખે આવી પડયું સ્હેજે સહી રહેવું; ધ્રુવ૦
આનન્દનું વાયું નહિં વ્હાણું કદી વહાલું,
તાપે ત્રિવિધ સુતાં સદા, ઉઠતાં બળી રહેવું; ...પીડા૦
શાને વિધિ ! શિખાવ તું ચ્હાવું અને સ્હાવું ?
છાજે ન એ સુખ સ્વર્ગનું: એને લખ્યું સ્હેવું. ...પીડા૦
તુંયે તજી વ્હાલા ઉડયો, મ્હારા મયૂર બાપુ !
વ્હાલાં પીડે વિયોગથી એ યે સહી રહેવું. ...પીડા૦
ભગવા જીગરમાં આ, રમ્યો ! મ્હારા મયૂર બાપુ !
બાખી ગયો રાખી જ, તો સ્હેજે સહી રહેવું. ...પીડા૦
તેં લૂંટના લ્હાણાં મજાની જે કર્યાં બાપુ !
કારી જખમ તેમાં સહ્યા તે તો ગણી રહેવું ! ...પીડા૦
બંદો ખુદાનો ઇશ્કનો તું ઓલીયો બાપુ !
કેકાથકી મંત્રો સર્યાં તે તો જપી રહેવું ! ...પીડા૦
વ્હેતા વણો ચુમ્યા ન ચાટયા તુજ વ્હાલાં એ
ગાયાં છતાં એનાં જ ગીતડાં: એ સ્મરી રહેવું ...પીડા૦
જુદી જહાંનો તું ફીરસ્તો ખોળીઉ બદલી,
આવી ઉડયો ઝળકાવી પાંખો: જોવું અને સ્હેવું ...પીડા૦
માની મજા જ્યાં તેં કવિતા કોતકે ત્યાંની
ધોશે જ આંસુ લ્હોય તે જબમાં લખી રહેવું ...પીડા૦

તૃપ્તિ તથા મુક્તિ ધરી વ્યાપ્યો સદા વિશ્વે
તુંને સદાય અનંતતામાં કલ્પતાં રહેવું ! ...પીડા૦
માળા અમારે આંસુની અર્પી સદા રહેવું !
પીતાં પ્રસાદી તેં દ્રવી જંપી જરા રહેવું ! ...પીડા૦
શિવમય થજે તું શાંત શક્તિને સુતાં અંકે,
એવું હવે ત્વદ્રૂપને ઇચ્છી સદા રહેવું ? ...પીડા૦

લલિત.

૧૧૮

અશ્રુપ્રભાવ.

(મંદાક્રાંતા.)

વ્હાલાં કેરાં દુઃખ શ્રવણથી પીગળે હૈયું ભીનું ?
વ્હાલાં કેરાં દુઃખ મનનથી ભાન તો થાય તીનું.
એ ભાને તો ભવ અટનનું કૈંક ભૂલાય વીત્યું,
ભૂલાવાના દૃઢ અનુભવે કૈંક સ્ફુરે અચિંત્યું.
વ્હાલા ! તારૂં ગજબ ગતિનું દુઃખ દારૂણ શુણી,
જૂની વીતી સ્મરી શરીર આ કમ્પી ઉઠે છ ધુણી,
આક્રંદે તો દ્વિગુણ દુઃખમાં આંખ દીસે છ ખુની,
કિંતુ અંતે મૃદુ થઈ દ્રવે આંસુની ધાર ઉની.
નાહી લેજે, કંઇ ભીંજવજે, અંજલિ એય લે જે !
પોતા વીતી કહી સ્વજનનું દુઃખ ભૂલાવી દેજે.
લૂછાવંતાં તું પણ લુછજે સ્નેહીનાં આંસુડાંને;
આંસુડાંના વિનિમય મહિં જન્મ સાફલ્ય હા ! જે.

પામી પીડા ' અરર ' કરવું એય ઉંચી મજા છે,
વ્હાલા ! રોવું સહન કરતાં એય ઉંચી મજા છે;
રોતાં રોતાં મનથી કથવી એય ઉંચી મજા છે,
અંકે સુવું પછી સ્વજનને એય ઉંચી મજા છે,
વ્હાલા ! મોટું મનુજ બળનું એ જ છે કર્મ ઉંચું,
વ્હાલા ! આવા મનુ જગતમાં એ જ કર્તવ્ય ઉંચું;
વ્હાલા ! વિશ્વે મનુ હૃદયનું એ જ આતિથ્ય ઉંચું,
વ્હાલા ! આવું મનુ મનતણું ' આપ લે ' ભાન ઉંચું.
ઉંડા ઉંડા કંઈ સમયના કીટ જે કોતરે છે,
તેના અંતે સ્વજન હીનની કોણ સંભાળ લેશે ?
આવી ઘેલી મનુ મન કરે કોટિ શંકા સદાયે,
ને આંસુડાં અમુલ અરપી કંઇક સંતોષ પામે.

લલિત.

૧૧૯

મૃગલીને.

(હરિણી.)

પીકી રહી ધરા, નીચે ! ઉંચે તપે રવિ તીવ્ર ને
બળબળતી લૂ ચારે પાસે રહે વરસી ભવે;
વિજન રણની ઉની રેતી ઉડે ! કરી અંધ દે !
લખ લખ કરી લ્હાતી જ્વાલા ફરી વળતી બધે !
તડપી ફફડી રૂંધાતાં તો ન ભાન કશું રહે !
ફીકર ફડકે આ હૈયાને વિરામ ન કૈં વળે !

વિરહ દવમાં હોમાએલી સખી બળતી હશે !
મુજ અધમની ચિંતાથી એ ઉભી સળગી જશે !
તૃણજલ ઠરી સૂતેલીને તૃષાર્ત દઈ સુવા,
મૃગજળ પીવા જાતાં હાર્યો ! પડી વિખૂટાં ગયાં !
મધુર મૃગલી મારી સ્હેતાં અચાનક આ બધું,
તરફડી સીઝી રહેતાં થાશે શું ભસ્મનું પુતળું !
પ્રિય વિરહિણી ! સ્હાજે શાંતિ તને મળું ત્યાંસુધી
તલસી ટટળી સોસાજે માં દુઃખે મુજ ઘેલડી !
સતત સુખના લ્હાવા લેવા કસાવું ઘડી ન કાં?
અવનતિ સહી લેવી શાણી ! ન ઉન્નતિ માટ કાં ?
બળી વિરહમાં જાશું ત્હોયે હુતાશનનાં હવિ
જન જગતની કૈં કૈં સેવા જશું કરતાં સખિ !
યુગતણી લીલા લીલી થાતી જશે રસથી ભરી !
ભવ મહિં ખુબી ખીલી રહેશે અનંત વસંતની !

લલિત.

૧૨૦

મૃત્યુવશ મૃગ.

"મૃત્યુ વશ છું આજ જીવ અરે ! જાતો નથી,
દૃષ્ટે પડતાં કાજ આંગળ પાછળનાં બધાં."
"અહો આ ઉદ્યાને અવર મુજ સમ નૈં નિરખતો
ખરે આ મધ્યાન્હે નિડર થઇ ક્રીડા કરી રહ્યો;
હતાં માન્યાં મ્હારાં તરણુ જળને આ મૃગલીઓ,
અને તેનો ભોગી અવર અવનિમાં નવ હતો.

સ્વચ્છંદે આનન્દે અધિક રસકંદે રમી રહ્યો,
વળી નારીવૃંદે નવિન સુખકંદે ગળી ગયો;
કુદંતો ખેલંતો મદ મત્ત ભરી ગેલ કરતો,
લીલા અંકુરોના રસ ભરિત કૈં ગ્રાસ કરતો.
અહીં આ વાડીમાં અવર મૃગ આવી નવ શકે,
શિશુ ન્હાનાં મ્હોટાં નવ ફરી શકે આ વન વિશે;
ઘણાં માર્યાં મ્હારાં કૃપણ નિજ સ્વાર્થી ઉર વિશે;
મૃગોને સંહાર્યાં અવનિતળ ઢાળ્યા બહુબહુ;
નહિ રહેવા દીધા મુજ વિભવમાં લુંટ કરતા.
પ્રિયાના ટોળામાં ઘણીક તરુણી દાખલ કરી,
પછી પ્રીતિ ભીતિ જબરજસ્તીથી વશ કરી.
કહું કે ચાહું છું જીગર કંઇ ચાહે નવનવું,
ન ચાહે એ મુને પણ નહિ વિછૂટી જરી કરૂં.
રમાડી રીઝાવી વળી કંઇક વિસારી મૃગલીઓ
નસાડી ખીજાવી વળી કરી પુરી ઝુરી મરવા.
નિશંકે ઉમંગે મનમથતણી સેલ કરતો,
નહિં ભીતિ નીતિ નવીન જ રીતિ એ પ્રણયની;
અહો! આવી રીતે વન ઉપવનોમાં પરવર્યો,
અને મૃત્યુ જેવી ગલત નહિં વાતો મંહિં પડ્યો.
હતો એ મસ્તીમાં યુવતિ યુથમાં આંહિં જ અહો!–
શિકારીને હાથે અરર! શરઘાથી અહિં પડ્યો.
આહો! આ શું! આ શું! રૂધિર સઘળેથી વહી જતું!
અહો! આ શું! આ શું! જિવન જળમય થૈને સરકતું!
ગઇ ગોળી ચાલી વ્રણ પણ પડ્યા બહુ વિષમ તો,

કરી ઝોળી લીધો અવર ક્ષણુ પહેલાં ઝલપતો;
અહો! આ શું! આ શું! યવન જૂથ મારા ભણી ધસ્યું
અહો! આ શું! આ શું! મૃગલી યુથ પાછું કયમ વળ્યું?
"હતી હાથમાં વાત, જાવા દીધી તે તકો;
"પડયો શિકારી હાથ, હાથ હવે કંઇ નવ બને."
"મને થોડા દી'થી અધિક તરકો કૈં મુંઝવતા,–
અને એની સાથે નવનવ વિચારો ઉપડતા,
કહે છે કે–"પ્રેમી અવર દુઃખ દેખી નવ શકે,
પરાઈ પીડામાં નિજ શરીર તે અર્પણુ કરે;
નહિ આશા રાખે બીજી નિજ ઇચ્છા પૂર્ણુ કરતાં,
નહિ યાચે ઇચ્છિ વિષમ દુઃખ છાને પજવતાં;
લુંટાવે પોતાનું ન લુંટી શકે સ્વાતંત્ર્ય વળી એ–
જનોના હૈયામાં વ્રણુ પણુ કદીએ નવ કરે."
કહે છે કે–"પ્રેમી શૂરવીર તણી શુદ્ધ પ્રતિમા,
હજારો ખડ્ગોમાં અડગ ટકી રે' ન્યાય થડમાં.
દબાવી દે જુસ્સા, અવર પરના ક્રોધ કરતો,
સુધારી લે ભુલો પર પર નહિ રોષ ધરતો."
દાઝયા વિણુ લાગે નહિ, વ્રણુ વિણુ વ્યથા ન થાય;
જો પ્રભુ આપે પ્રેમ–બળ થયું અન્યથા થાય.
અહહ પાપ મેં બહુ પ્રભુ કર્યાં!
અરર ગ્નાન આ શું સ્મશાનનું!
હવે અરે મને સાંભરે બધું,
નવ હતું અરે સુખ ત્યાં જરી.
મથી મથી મુવો પ્રેમ પોષવા,

અરરર શું મળે મૃગજળો વિશે ?
અરપ્યું મેં હશે તો જરી જરી,
અરર મેં લીધું સૌનું સામટું.
જન હૃદય વિશે ઇશ તો વસે,
અરર મેં દુભ્યા કૈં મસે મસે !
ત્રણની વેદના કારમી ખરે !
વ્રણ કર્યાં તયેં જાણ્યું ના હતું !
ગોળીના સમું દુઃખ થતું હશે,
શ્રૃંગ મારતાં જાણ્યું ના હતું !!
ચર્મ આ ત્રુટે વ્રણ ચિરાય છે !
હૃદય ચીરતાં જાણ્યું ના હતું !!
નથી નથી ભર્યાં આ શરીરમાં,
શુદ્ધ સત્વનાં કાંઇએ અણુ !
ભક્ષ માહરો જે કરે અરે,
મ્લેચ્છ બુદ્ધિથી મ્લેચ્છ અવતરે !
નિજ જનો મને દૃષ્ટિએ પડે,
કર પ્રસારીને મારી માગું હું;
અરર જો પ્રભુ ! એ પળો મળે,
રૂધિર આ થકી ધોઉં જનપદો !!
પણ પ્રભુ હવે એટલું ચહું,
ચર્મ માહરૂં પ્રેમી પાથરે.
અવર સૌ વૃથા ચિત્ત ન અન્યમાં,
ખરૂં વૃથા થશે પુનર જન્મમાં.
હરણી તરણી નાથ છે, કરણી તરણી સાર;
પરણી ધરણી ક્યાં રહી, સરણી તું કિરતાર !

ર. હ. ઓઝા.

૧૨૧

પશ્ચાત્તાપ.

(મંદાક્રાંતા)

હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે !
પાપી તેમાં ડુબકી દઇને પુણ્યશાળી બને છે !
ઓહો કેવું સ્મરણ મધુરૂં પાપનું એ ધરે છે !
માફી પામ્યું કુદરત કને એમ માની ગળે છે !
રાજ્યોથી કે જુલમવતી કે દંડથી ના બને જે
તે પસ્તાવો સહજ વહતાં કાર્ય સાધી શકે છે !
હું પસ્તાયો, પ્રભુ ! પ્રણયીએ માફી આપી મને છે.
હું પસ્તાયો, મુજ હૃદયની પૂર્ણ માફી મળી છે.

કલાપી.

૧૨૨

શિકારીને.

રહેવા દે ! રહેવા દે ! આ સંહાર યુવાન તું:
ઘટે ના ક્રૂરતા આવી: વિશ્વ આશ્રમ સન્તનું.
પંખીડાં, ફુલડાં રૂડાં, લતા આ, ઝરણાં, તરુ,
ઘટે ના ક્રૂર દૃષ્ટિ ત્યાં: વિશ્વ સૌન્દર્ય કુમળું.
તીરથી પામવા પક્ષી વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો ના ના કિન્તુ સ્થૂલ મળી શકે.
પક્ષીને પામવાને તો છાનો તું સુણ ગીતને,
પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે તને.
સૌન્દર્યો વેડફી દેતાં ના ના સુન્દરતા મળે;
સૌન્દર્યો પામતા પ્હેલાં સૌન્દર્ય બનવું પડે.

સૌન્દર્યે ખેલવું, એ તો પ્રભુનો ઉપયોગ છે;
પોષવું, પૂજવું એને એ એનો ઉપભોગ છે.
રહેવા દે ! રહેવા દે ! આ સંહાર યુવાન તું;
બધે છે આર્દ્રતા છાઈ તેમાં કૈં ભળવું ભલું.

કલાપી.

૧૨૩

સરિત્સંગમ.

(સીતાજીની મહિનાના ચાલ.)

ગાન મધુરૂં કરી ઉછરંગે હર્ષનદી નાચતી,
ઘોર શોકસરિત ગંભીર ધુધાટે વહી જતી,
એ બે સરિત તણાં જ્યાં નીર ભળે એકમેકશું,
ન્હાની પર્ણકુટીમાં તે ઠામ નિરંતર હું વસું.
મુજ વાસ નિરંતર ત્યાંહિ ભલે હરીને રહે,
પ્રિય ! તુજ સંગ બેશી હું ત્યાંહિ નિરખું નદિયો વહે.
વહી ચાલતી નિરખું દૂર દૂરથી બે આવતી,
ભિન્ન એના પ્રવાહનું પૂર અહિં ખેંચી લાવતી.
એક સ્મિતમય ક્ષેત્રોની ભૂમિ મહિંથી ચાલતી,
હાસમય રચનાની મધ્ય વહીને મ્હાલતી;
બીજી આવે વહી ગંભીર ઘોર ગિરિ ભેદતી,
ચીરી કઠણ કરાડોનાં મધ્ય પડંતી ઉંચે થકી.
શીળી ચંદામાં ચળકંતી એક કદી કદી શી હસે !
વ્યોમ મધુર રંગ નીચે ક્યાંહિં રંગ લેતી એ ધસે;
બીજી ઘન ગંભીરો છાયો વ્યોમ તે નીચે વહે,
ઘોર રંગ અધિક અધિક અંગે નિજ એ લહે.

એક તટકુંજ કુસુમો અનેક નચાવે તરંગમાં
મીઠી કોયલરવ વહી આવે સમીર તે સંગમાં:
બીજી શુષ્ક અરણ્યનાં પર્ણ ધરે જળપટ પરે,
ઝંઝાવાત એ સરિતનું પૂર ઘુઘવી અદકું કરે.
એવું સરિતયુગલ વ્હેતું આમ આમ આવે મુજ ભણી,
તેને નિરખું રહી આ ઠામ શાંતિ ધરીને ઘણી;
મુજ મનડું ઠરેલું શાંત ડગે નહિં કો ભણી,
જાય આમ નહિ, નહિં આમ, ગભીરૂં રહે બની.
મન શું ડગે! વસુંછું હું જ્યાંહિ સરિત બંને ભેટતી
મિશ્રગાન કરી મુજ વાસ તળે નાચીને જતી:
હર્ષજળમાંથી કરૂં પાન કદી શોકનીરનું,
શોકજળમાંથી હર્ષનું નીર મીઠું પીઉં ધીર હું.

નરસિંહરાવ.

૧૨૪

થોડેક છેટે બળતી ચિતા.

મૂર્ખ મનુ! માયાને રોતો! મૂર્ખતાની નહિં સીમા!
માયા-ઇન્ધનથી માયાને બાળું આ જ અવનિમાં.
સતેજ દિવસે અંધનિશામાં, આણુ અખંડિત મ્હારી!
બાળેલા માયા અણુ નભમાં ધૂમવલ્લરી લઇ જાતી!

× × × ×

બાળ, તરૂણુ, જરારૂઢ, પુરૂષ ને અબળા આહુતિ
બની પડે મુજ મુખ–યજ્ઞમાં; એવી મ્હારી વિભૂતિ.
બાળુંને બળતી દેખાઉં, બળતી બાળતી ખાઉં,
મૂર્ખ મનુ તોએ ના સમજે માયાનું ભોપાળું.

× × × ×

વિયોગીને યોગી કરવાનો મ્હેં આ પ્રયત્ન માંડયો,
જુવે તું તે સઉ ત્હોય મૂર્ખ બની આમ રૂવે છે પાછો.
માયાગ્રહથી મૂકાવી વિભુ શું મેળવવા કર સ્હાયો,
જુવે તું તે સઉ ત્હોય મૂર્ખ બની આમ રૂવે છે પાછો.

ગોવર્ધનરામ

૧૨૫

વ્હાલાંઓને ઉપદેશ.

(ઓધવજી સંદેશો. એ રાહ.)

સાંભળજો, વ્હાલાંઓ ! વચનો દીનનાં:
દીનપણું છે પરમ દયાનું પાત્ર જો !
મોટો એ અધિકાર તમારો માનવી:
અધિકારી છો જેનાં માનવ માત્ર જો !
એક પિતા પરમેશ્વર જાણો આપણો:
નિકટ સગાંઓ સમજો ભાઇ બહેન જો !
નીકો ન્હાની મોટી જે જીવો તણી:
વહતું તેમાં એક અખંડિત વહેન જો !
હસનારાંઓ સાથે હસવાનું ઘટે:
રડનારાંની સાથે રડવું તેમ જો !
એક બીજાંનાં આંસુડાંઓ લૂછતાં
ઊંચાં ચડશો સ્ત્રીપુરુષો સૌ એમ જો !
ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં:
સઘળાએ સન્તોનો એ ઉપદેશ જો !
દિવ્ય દયાસાગર, યાચંતાં આપજો:
દીન જનોને અમને એનો લેશ જો !

મણિશંકર.

૧૨૬

એક ઇચ્છા.

પડ્યા જખમ સૌ સહ્યા, સહીશ હું હજુ એ બહુ,
ગણ્યા નવ કદી, ગણું નવ કદી, પડે છો હજુ;
અપાર પડશે અને જિગર હાય ! આળું થયું,
કઠિન ન બનો છતાં હૃદય એજ ઇચ્છું, પ્રભુ !
પડી વીજળી તે પડી સુખથી છો, બળું છું સુખે:
અનન્ત ભભુકા દહે, બહુ દહો, ગળું છું સુખે;
ન દાહ વસમો કદી, જિગર બૂમ ના પાડતું,
કઠિન બનજો નહિં હૃદય એજ ઇચ્છું પ્રભુ !
બહુય રસ છે મને હૃદય છે હજુ તો, અહો !
અરે ! હૃદય જો ગયું રસ ગયો પછી તો બધો;
ભલે મૃદુ રહી સહી જખમ છેક ચૂરો થતું,
કઠિન ન બનો કદી હૃદય એજ ઇચ્છું, પ્રભુ !

કલાપી.

૧૨૭

ચેતન.

નથી નેત્ર, શું તેજ પીવાય, સખે !
નથી પાંખ, શી વિધ ઉડાય, સખે !
નથી ચેતન કેમ લવાય, સખે !
કંઈ બોલ, સખે !
ઉર ખોલ, સખે !
રસ ચેતન કેમ લવાય, સખે !
નથી સાજ, કશું પછી ગાવું સખે !

નથી આદર ને કયમ આવું, સખે!
નથી વ્હાલ, તને શું વધાવું, સખે!
નવ ખીજ, સખે!
નવ સીઝ, સખે!
પણ વ્હાલ વિના શું વધાવું, સખે!
સુમધુર ઘડી પળ હાસ્ય, સખે!
કદી કોડ ભર્યું જરી લાડ, સખે!
મુજ નેત્ર વિશે પ્રીત આજ, સખે!
સીંચ આશ, સખે!
રમ રાસ, સખે!
રસ ચેતન ખેલી ખીલાવ, સખે!

ન્હાનાલાલ.

૧૨૮

સખા પ્રત્યે ઉક્તિ.

વદને બહુ નીર ભરાય સખે!
તનુ ચેતન માત્ર હરાય સખે!
જલને પડદે સઘળે નીરખું,
નિરખું નહિં નેહ જરાય સખે!
કર વ્હાર સખે!
કંઇ સાર સખે!
હૃદયામૃત માર્દવ ધાર સખે!
ભવમાં તવ એક સહાય સખે!
નયનો હૃયને જ ચહાય સખે!
નવ ઐહિક આશ હદે સહજે!
હૃદયે થકી સિંધુ વહાય સખે!

મણિશંકર.

૧૨૯

દિવ્યમંદિર તથા લેખ.

(રોળા વૃત્ત.)

માનવરાજે રચ્યાં મન્દિરો કીર્તિ કાજે,
કાળમહોદધિમહિં કહિં લુપ્ત થયાં આજે;
કરતા કીર્તિસ્તમ્ભ ઉભા અમર નામ કરવા,
સહસા તે ભૂકમ્પ ગળી લઇ જાતા ગરવા;
ન રહે નામ નિશાન, રાનમાં રહે રખડતા
શિલાખંડ થઇ ચૂર્ણ જગોજગ મૃતસમ પડતા;
અચળ કીર્તિને કાજ કોતરી રાખ્યા લેખો,
ઘસાઇ ભૂંસ્યા આજ દટાયા ધૂળમાં દેખો.
એક અચળ ને ભવ્ય વિશ્વમન્દિર ભાસે,
અનુપમ ઘુમ્મટ વ્યોમ જેનો ચોપાસે,
એક પુરૂષ મહાન તણી એ કીર્તિ ગાએ—
નિરખી શકે રૂડી પેર અહિં જન કો વિરલા એ.
વિધ વિધ લખિયા લેખ દિવ્ય ભાષામાં ભારે,
એક પુરૂષ મહાન તણા એ ગુણ ઉચ્ચારે;
અનુપરૂપ એ લેખ દિસે જગ રચના માંહિં;—
નભપટ પર તારક-લેખ ચળકંતા ક્યાંહિં,
કહિં કહિં સંધ્યા—અભ્ર—રંગના લેખ સુહાતા;
કો ઘડી ઇન્દ્રધનુષ્ય—વર્ણના લેખ જણાતા;—
એમ નિરંતર વિવિધ લેખ રચના રહે દીપી,
વાંચી શકે કો વિરલ દિવ્ય અદ્ભુત એ લીપી.
દેશાટન કરી ભવ્ય મન્દિરો ભલે ન નિરખું,
ગૂઢ લેખ લીપિભેદ ભલે હું ઉકેલી ન શકું;

મહાન મન્દિર એક નિરખવા દૃષ્ટિ ચાહું,
દિવ્ય પુરૂષના લેખ માગું શક્તિ ઉકલવા હું.

નરસિંહરાવ.

૧૩૦

સ્વર્ગીય સંગીત.

સ્વર્ગીય સંગીત રમ્ય મચ્યું ! વાહ !
મધુર મંજુલ સૂર ભર્યું ! વાહ !—ધ્રુવ—સ્વર્ગીય૦
ખરજ પંચમ ટીપ તણા સૂર
છેડે દર્દુર મયૂર કોકિલ
ઝરમર ઝરમર પ્લુત સમ રવમાં
વ્યાપી ઓર ધ્વનિ અનહદ રહે ! વાહ !—સ્વર્ગીય૦
સૃષ્ટિતણાં સૌંદર્ય–કુંજ મહિં,
બજે દૂર કંઇ અગમ્ય બંસી;
વાયુ–નચવ્યા રસ–પડદાની,
ઘૂઘરીઓ ધમકી જ રહી ! વાહ !—સ્વર્ગીય૦
અનંતતાના પડદા પાછળ,
વિધિતબલચીના કર આગળ;
ગૂઢ તાલથી મૃદંગ ચંચળ,
ચેતવતું ગાજી જ રહે ! વાહ !—સ્વર્ગીય૦
ભિન્ન પ્રવેશે ભિન્ન વેષધર
સ્વપાઠ ભજવે પુતળાં વિધિવશ;
એજ સરળતા સહૃદયતાની,
આ સંગીતમાં બજી રહી ! વાહ !—સ્વર્ગીય૦

લલિત.

૧૩૧

તુલસી.

(મંદાક્રાંતા.)

છૂપી ઉંઘે ઘનપડ મહીં તારલા વ્યોમઅંકે,
નિદ્રા મીઠી ગિરિ નદી અને વિશ્વ આખુંય લેછે;
ને રૂપેરી અમિત દિસતી વીજળી એક સ્થાને,
સૂતી સૂતી હસતી મધુરૂં સ્વપ્નમાંહીં દિસે છે.
આવી રાતે ધ્વનિ કરી મહા સ્યામ વ્હેતી યમુના;
તેનાં વ્હોળાં જલ ઉપરની ભેખડે કોણ છે આ ?
કૂદી નીચે જલ સમીપ તે માનવી આવી ઉભું,
ને શોધે છે કંઇ પણ કશું હાથ તેને ન આવ્યું.
એવામાં ત્યાં શબ જલપરે કોઇ આવે તણાતું,
હોડી તેને સમજી જલદી જોરથી ઝાલી લીધું;
ને આ ચાલ્યો પુરુષ તરતો ઉપરે તેની બેસી,
હર્ષે બોલ્યો " પ્રિય, નકી થશે આજ તો આશ પૂરી."
ત્યાં તો અભ્રે ધવલ ભડકા વીજળીએ કર્યા શા,
તેથી સર્વે તરૂ નદી અને પ્હાડ તેજે છવાયાં;
ગાજી ઉઠયું ચમકી વન આ મેઘની ગર્જનાથી.
નિદ્રામાંથી મયૂર ટહુક્યા હર્ષથી જાગી ઉઠી.
છો ઉઠીને મયૂર ટહુકે પ્હાડ ગાજે ભલે ને-
તેમાંથી તે મગજ નરનું કોઇથીએ ન જાગે !
દષ્ટિ તેની શબ પર હતી તોય જોઇ શકે ના,
છોને આખું જગત સળગી વીજળીથી બળે આ !
તેની પાસે જીગર ઘસડી જાય છે લેઇ હાવાં,
તેની પ્યારી હૃદયવિભૂતિ સ્નેહની જે સરિતા,

આલેખાયું હૃદયપટમાં ચિત્ર વ્હાલીતણું છે,
અંગોમાંથી જીવન સઘળું ત્યાં જ આવી રહ્યું છે.
દોરાતો આ પ્રિય જન કને આમ આશા ધરીને,
પ્હોંચ્યો ઉભો શબ ઉપરથી ઉતરીને કિનારે;
પાસે મૂકી મૃત શરીરને મસ્ત પ્રેમી વદે છે:—
"દીવા મ્હારી પ્રિય સખીતણા ઓરડાના દિસે તે."
અંધારામાં ત્વરિત પગલે ડોલતો ચાલતો આ,
આવી પ્હોંચી પ્રિયગૃહ કને જોઇ ઉંચે ઉભો ત્યાં:
ગોખેથી ત્યાં લટકી ઝુલતું કાંઈ દોરી સમું છે,
ઝાલી તેને ઉપર ચડીને ગોખમાંહિં ઉભો તે.
દીઠી તેને—હૃદય ધડકે જેમ ચીરાઇ જાતું!
દીઠી તેને—અવયવ બધા પીગળી જાય છે શું!
દિસે તેને ચક્કર ફરતો કંપતો ઓરડો એ,
કામી–પ્રેમી અનિમિષ રહી પ્યારીને નીરખે છે!

જોઇ લેજે ફરી ફરી સુખે પ્રેમનું સ્થાન પ્રેમે,
આવી મીઠી સુખની વખતે કોઇ વેળા ન આવે:
આવી પ્રીતિ તુજ ન વખતે હોય કાલે પ્રભાતે,
આ આશાનું મધુર સુખ તો આજ ઉડી જ જાશે.
જોઇ લેજે ફરી ફરી ભલે દૂરથી જોઇ લેજે,
ઇચ્છે તેવું સુખ અનુભવી આજની રાત લેજે;
તારે માટે દિવસ ઉગતાં કાંઈ જૂદું જ ભાગ્ય,
તારો નિર્મ્યો કરૂણ પ્રભુએ કાંઇ જૂદો જ માર્ગ!
જોને તારી યુવતી રમણી શાન્ત નિદ્રસ્થ આ છે,
ને વેલી શું શરીર સુખમાં શાન્ત શય્યા પરે છે;

નિદ્રા મીઠી કર સુખભર્યાં ફેરવે છે કપાલે,
શું મૃત્યુથી કબજ થઇને અંગ સર્વે ઢળ્યાં છે!
નિદ્રાનું આ સુખ ત્યજી દઇ ઉઠીને સુન્દરી! તું,
ચાંપી લેને હૃદય હૃદયે મિત્રનું, સુંદરી! તું;
એ હૈયાનો રસ તુજ પરે ખુબ વર્ષી રહ્યો છે,
રાત્રિના એ પ્રહર સુખમાં પૂર્ણ માણી હવે લે!
આ રાત્રિમાં તુજ પ્રિય કને મીઠડાં ગીત ગાવાં,
ત્હારે તેની જરૂર કરવી આજ તો તૃપ્ત આશા;
ત્હારે કાંઇ મધુર સુખમાં આજ છે ઝૂલવાનું,
કાલે તો કો નવીન રસના સિન્ધુમાં ડૂબવાનું.
પેલો કામી પુરૂષ હજુ ત્યાં ગોખ માંહિ ઉભો છે,
તેનાં કામી પ્રણયી નયનો પ્રેમીને નિરખે છે:
ત્યાં દીવામાં ચડચડી મર્યું એક ભોળું પતંગ,
જોવા લાગ્યો સ્થિર નયનને ફેરવી ત્યાં યુવાન!
બોલી ઉઠયો, "અહહહ પ્રભુ! સ્નેહની આ દશા શી?
"ઓહો કર્તા! તુજ કરણીમાં આવી તે ક્રૂરતા શી?
"પ્રેમી ભોક્તા પ્રણયી હૃદયે ભોજ્યની પાસ આવે,
"તે ભોક્તાનું જીગર કુમળું ભોજ્ય તે કેમ બાળે?
"કાંઇ મીઠું સુખ નક્કી હશે પ્રેમીને બાળવામાં,
"ને કૈં તેથી વધુ સુખ હશે પ્રેમીને દાઝવામાં;
"બાળી દે તો—પ્રિય સખિ—મને!" એટલું બોલી દોડી,
સૂતેલીના હૃદય સહ તે ધ્રૂજતી છાતી ચાંપી!
જાગી બોલી ચમકી લલના, "જીવના જીવ મ્હારા!
"શું અત્યારે તુજ સખી કને આમ આવ્યો જ વ્હાલા!"

ને બન્ને એ હૃદય ધડક્યાં સાથ સાથે દબાઈ,
ભાને ભૂલી પ્રણયી સુખિયાં શાન્ત પામ્યાં સમાધિ.
આ બન્નેની દૃઢ ક્ષણ મહિં છૂટશે ગ્રન્થિ હાય!
કેવો મીઠો સમય સુખનો ત્હોય કેવો ક્ષણિક!
જૂનાં થાતાં મધુર સુખડાં ચિત્ત શોધે નવાંને,
ને આશામાં વખત સઘળો આમ પ્રેમી ગુમાવે.
સ્થાયી ક્યાંયે સુખ નવ મળે સ્થાયી આશા ન ક્યાંએ,
રે સંધ્યાની સુરખીવત સૌ સ્નેહના રંગ ભાસે;
ને આશામાં મધુર સુખ તે તૃપ્તિમાં કેમ છે ના?
રે ત્હોયે સૌ હૃદય ધરતાં તૃપ્તિની કેમ આશા!
જે છે તે છે સુખ દુઃખ અને તૃપ્તિ આશા અહિં તો,
જે પામો તે અનુભવી સુખે સ્નેહી લેજો તમે તો.
સંયોગી આ સુભગ દિલડાં તૃપ્તિનું આજ લ્હાણું,
ઉંડાં ઉંડાં અતિ સુખ મહિં ભાન ના ભૂલવાનું.
ધીમે અર્ધી રવિ કરવતી પોયણી જેમ ખીલે,
બન્ને તેવી મૃગનયનીની આંખડી ઉઘડે છે.
એ આંખો તો પીયૂષ પિયુનાં અંગને લેપી દેતી,
એ આંખોથી વશીકરણશી પ્રેમમૂર્છા વહેતી.
ને ઘેરાતાં નયન પિયુનાં ઉતર્યાં દીર્ઘ સ્નિગ્ધ,
અર્પી દેતાં હૃદય પ્રિયના પાદમાં જેમ હોય;
પી લેઇને શરીર પ્રિયનું નેત્રથી નેત્ર ચોટયાં
મીઠા ભાવે રતિમય તહીં પૂર્ણ સત્કાર પામ્યાં.
એ દૃષ્ટિના અમીઝરણમાં ગાન દૈવી ગવાતું,
બન્ને આત્મા રસમય થતાં ઐક્યનું પાન થાતું:

એ દૃષ્ટિમાં લય થઈ ગઈ વિશ્વની સૌ ઉપાધિ,
વેળા વ્હેતી સતત ગતિએ તેય ત્યાં સ્થંભી ઉભી.
ના ના રે રે વખતનદ તો જાય ચાલ્યો સપાટે,
તે રોકાતો પલ પણ નહિં પ્રેમીનાં કાર્ય માટે.
બિચારાંની સફલ ઘડીઓ લેશ ના દીર્ઘ થાતી,
ઓહો ! એ તો જલદી જલદી આવી કે ઉડી જાતી.
જ્યારે બન્ને રસમય દિલો સાથ સાથે દબાયાં
ત્યારે તેના ગૃહ ઉપર કૈં વાદળાં દોડતાં'તાં:
ને હાવાં તો ઘનદળ સહુ વિખરાઇ ગયાં છે,
તારા સાથે શશી ચળકતો પશ્ચિમે ઉતરે છે.
ઓહો મીઠું જરૂર દિસતું તૃપ્તિનું આજ લ્હાણું,
કેવું ઘેલું કૂદી કૂદી ઉડી ગીત ગાતું ચકોરૂં !
કેવાં નાચી પ્રતિવીચિ ઉરે ચંદ્રનું બિમ્બ ધારે
ને વાયુના અધર ફરકે પુષ્પના ઓષ્ઠ સાથે.
હિમે ઢાંક્યા ગિરિવરતણાં શૃંગ શૃંગે શશી છે,
ને ગુલ્મોના પ્રતિ ફુલઉરે ભૃંગ બાઝી રહ્યા છે:
આજે ક્યાંએ વિરહ દુ:ખનાં મ્લાનિ કે અશ્રુ છે ના,
ક્યાં એ છે ના જગત પરની સર્વવ્યાપી કટુતા.
પૂર્વે લાલી ચળકતી દિસે આભમાં કેસુડાંશી
જે જોઇને કલરવ કરી ઉડતાં કૈંક પક્ષી.
પિયુ સાથે શયન કરતી સાંભળી સુંદરી તે
બોલી "મ્હારા પ્રિયતમ ગઈ રાત્રિ ચાલી ! અરેરે !"
આહા ! અંતે જન હૃદયને બોલવાનું "અરેરે"
કંપી રહેતાં જીગર સુખમાં ઉષ્ણ નિશ્વાસ આવે.

આંસુડાં જ્યાં નયન પરથી હર્ષનાં ના સૂકાયાં,
ત્યાં તો નેત્રો દુઃખમય બને આંસુની ધારવાળાં !
ચોંટી મ્લાનિ પિયુ હૃદયને સાંભળી તે "અરેરે"
ને અંગોમાં દુઃખમય અરે ! મ્લાનિની સુસ્તી આવે;
ફેંકી દષ્ટિ અતિ દુઃખ ભરી પ્યારીના નેત્ર સામે
જે દૃષ્ટિમાં દુઃખમય અમી વ્હાલનું વર્ષી રે છે.
બંને ઉઠી શિથિલ પગલે ગોખમાં આવી ઉભાં
ભારે હૈયે કુદરતતણું શાંત સૌંદર્ય જોતાં.
ઉગે છે ત્યાં જળહળ થતો પૂર્વમાં લાલ ગોળો,
નાચી રહે છે કિરણુ સલિલે રેડતાં રંગ રાતો.
"કેવું વ્હાલા ખુબસુરત છે વિશ્વનું રૂપ ભવ્ય !
"નાચે કેવો સુખમય તહિં ઢેલ સાથે મયૂર !
"અશ્રુ ઝીલે પ્રિયતમ કને હેતથી તે મયૂરી,
"ને તે દે છે મયૂર પ્રણયી પ્રેમની ચીસ પાડી.
"ચુમ્બી અશ્રુ તુજ પ્રિય સખે ! ગાલથી લૂછી નાખું,
"જાતું ના ના મુજ સહ રહે, એટલું નાથ યાચું;"
બોલી એ ત્યાં નજર યમુનાતીર પાસે પડે છે,
ને ત્યાં પેલું શબ નિરખતાં નાથને એ પૂછે છે.
"જોને વ્હાલા ! મૃત શરીર કો કેમ ત્યાં છે પડેલું !
"રે રે ! શું ના જગત પર છે કોઇએ મિત્ર તેનું ?
"રોવા તેને જગ પર નથી કોઇ ના દાહ દેવા !
"વ્હાલા ! તેનું સુખમય હશે મૃત્યુ કેવું થયું હા !"
જોઇ તેને પ્રણયી વદતો શાન્ત ગંભીર વાણી;–
"હું આવ્યો છું ઉતરી યમુના રાત્રિએ હોડી માની;

" વ્હાલી ! તે એ શબ જરૂર છે, મિત્ર તેનો બનું હું;
" ચાલો તેને નદીતટ જઈ અગ્નિનો દાહ દેશું."
આભારે કે પ્રણયઉભરે શીશ નીચું નમાવે,
ને પ્યારાના હૃદય સમ એ સુંદરી ગાલ ચાંપે;
ત્યાં તો " વ્હાલા, સરપ લટકે ગોખની બારીએ છે,"
બોલી એવું કૂદી પડી નીચે સુન્દરી ગાભરી એં.
જોઈ તેને પ્રિયતમ કહે ઉરથી ઉર ચાંપીઃ—
" આવ્યો હું તો ઉપર ચડી એ સાપને દોરી માની."
સુણી આવું ચકિત થઇને મૌન્ય વિચારતી કૈં,
ચિંતાવાળા સજળ નયને સ્વામિને જોઈ રે'તી.
ત્યાં ઓલાએ છત ઉપરથી ઝુલતો એક દીવો,
હાંડીમાંથી સરકી નીકળ્યો ધૂમ્રનો શ્યામ ગોટો.
તે જોઇને દ્દઢ થઇ જરા ઉચ્ચરે આમ શ્યામા
" મ્હારા વ્હાલા હૃદય તુલસી ! દાસ તું રામનો થા.
ફાની છે આ જગત સઘળું અંત આ જીવવાને,
જે છે તે ના ટકી કદિ રહે સર્વદા કાળ ક્યાંએ.
શોધી લેને પ્રિય પ્રિય સખે સર્વદા જે રહેશે,
આશા તૃપ્તિ વિભવ સુખની તુચ્છ સૌ છોડી દેને.
હું તારી ને મુજ પણ સખે પ્રેમી આ દિલ તારૂં,
તે જાણીને હૃદય મુજ તો આજ ચીરાઇ જાતું.
તારૂં તે ના તુજ રહી શકે તૂટશે સર્વ મ્હારૂં,
માટે છોડી "તુજ" "મુજ" હવે દાસ થા રામનો તું.
આ દીવો જો તુજ ગૃહ બધું તેજથી પૂરી દેતો,
દીસે ક્ષીણો તિમિરમય છે ધૂમ્ર તો અંત તેનો.

ભોળા તારા હૃદય સહ આ પ્રેમનું જે શરીર,
તે તો વાયુ વતી ઉડી જતી આખરે અંત ખાક.
શું છે હુંમાં? સુખરૂપ તને દેહ આ ના થવાની,
વ્હાલા, તેને મરણ પછી તો કાષ્ટમાં બાળવાની.
ટેકો જ્યારે તુજ હૃદયનો કોઇ કાંઈ ન રેશે,
રોતાં ત્યારે જીવિત સઘળું પૂર્ણ તે કેમ થાશે?
તૈયારી તું પ્રિયતમ કરી મૃત્યુની લે અગાડી,
ને મ્હારો તું કર ગૃહ મને સાથ લેને ઉપાડી;
તોડી ભીંતો તિમિર ગઢની દિવ્ય સ્થાને ઉડી જા,
ને તે માટે હૃદય તુલસી! દાસ તું રામનો થા.
તેં શીખાવ્યો રસ ઉર ભરી પ્રેમ સંસારનો જો,
દોરી જા તું મુજ ઉર હવે દૂર સંસારથી તો.
શું શીખાવું? શીખવ મુજને પ્રેમ વૈરાગ્યમાં તું,
જાગી ચેતી ઉઠ ઉઠ હવે ઉંઘ વા સર્વદા તું."
ઉંડું ઉંડું હૃદય ઉતરી સાંભળી આ રહ્યું 'તું.
ને પ્રેમીના મગજ ઉપરે ઉષ્ણ લોહી ફરંતું.
નિદ્રામાંથી દિવસ ઉગતાં ઉઠતો જેમ હોય,
રાતું તેનું મુખ ત્યમ દિસે શાંત ગંભીર ભવ્ય.
દૃષ્ટિ ફેંકી પ્રિયમુખ ભણી પ્રેમ ઔદાર્ય ભીની
બોલ્યો વાણી ગદગદ થઇ મેઘની ગર્જનાશી.
"રે કલ્યાણી! સખી! ગુરૂ! પ્રિયે પ્રેમની દિવ્ય જ્યોતિ!
"તારે પંથે વિહરીશ હવે જાળ જંજાળ તોડી.
"સંસારીને શીખવીશ હવે સ્નેહ, વૈરાગ્ય, ભક્તિ,
"ને અંતે હું મરીશ સુખમાં રામનું નામ બોલી;

“ ચાલો ચાલો નદી તટપરે ઝુંપડી બાંધશું ને
“ વ્હાલા મારા રઘુપતિતણાં ગીત ગાશું જ પ્રેમે.
“ શૃંગારી હું તુલસી તુજ ક્યાં ? શાંત વૈરાગ્ય તે ક્યાં ?
“ સંસારી આ તુજ હૃદયમાં જ્ઞાનનું ઉગવું ક્યાં ?
“ શું વિચારૂં ? મુજ મગજ તો વ્હાવરૂં આ બને છે,
“ શું વિચારૂં ? મુજ હૃદયમાં આંસુડાં ઉભરે છે.”
જન્મ ને જીવનાં કૃત્યો આકસ્માતિક સૌ અરે,
પાસા ફેંકે જનો સર્વે દા દેવો હરિહાથ છે.
“ કરૂં છું ” ને “ કર્યું છે મેં ” જૂઠું એ અભિમાન હા,
કરી તે શું શકે પ્રાણી આ અનન્ત અગાધમાં ?

કલાપી.

૧૩૨

બાહુક.

ધપતી ધપતી વેગે રાત્રિ ધીમા પડી જાય છેઃ
  ઉડુગણભરી પાંખો પ્હોળી કરી ઉડી જાય છેઃ
અનહદ ધ્વનિ ઉંડે ઉંડે ગભીર સુણાય છેઃ
  ધીમું વિકસતું શીળું વ્હાણું શિશુસમ વાય છેઃ
  અણસમજુ એ બાલુડું તો અબોલ હસ્યા કરે;
    બટુક ગભરૂ પાવો ગેબી બજાવી રમ્યા કરે;
  બની રમકડું હીંચે ઝૂલે ઉપારવિને કરેઃ
    સ્મિતથી સૂચવેઃ “મોંઘા લ્હાવા કસોટી પછી મળે.”
  હૃદય સરસાં રાખી શાંતિ અને સુનકારને,
    હસતી રમતી ગાતી ગાતી નદી વહી જાય છે.
  સુરખા નભની હાથેલીમાં વધાવી નચાવતી
    મુદિત મુખડેઃ બાલા ઘેલી વધે કુદી નાચતી.

સ્થિર નજરને ન્હાના ધોધે નચાવતું આ સમે:
  અહિં ઉભું હશે ઉત્કંઠાથી ઉષા સમ કોણ એ?
તીર પર ઝૂલે આરાવાળી અલૌકિક વાટિકા:
  ભવન વચમાં: ત્યાંથી આવે ઉજાસભરી શું આ?
વિમલ વસનો ધોળાંવાળી સુમંગળ મૂર્તિ ને
  ઝલક, વદને નિરાશાની કરૂણ છવાઇ છે;
ઉર ઉછળતી ઉંડી આશા છતાં સ્મિત છાય ને
  પ્રણય પુતળી ગાતાં રૂવે, રડી વળી ગાય છે:—

હો ભલા ભગવાન: દેવા!
          હો ભલા ભગવાન:
          દુઃખીના વિશ્રામ: દેવા!—હો૦
ભૂલી એ 'ગઇકાલ' જાતાં વ્હાણાં ઉડ્યાં કૈંક વાતાં
          ત્હોયે આવી 'આજ' આ કાં?—હો૦
દારૂણ દુઃખના પ્રતાપે કૈં વળે અંધારાં આંખે
          ના સૂઝે ભવને ભૂલાવે:—હો૦
વૃત્તિ ઉઠતાં તો, વહાલાં તજી દે વિસારે વ્હાતાં
          ત્હોયે એ ન મટે મનમાન્યાં?—હો૦
વ્હાલાં ને વિચારવાની ઉરની અમી–સરવાણી–
          જીવતી ન સુકાવાની?—હો૦
ભીના મર્મ સ્વજન ભોળાંના કૈં ઘટે સતેજ થાવા
          ઉરાડી અમીના છાંટા—હો૦
કૈં વિચાર્યું ન જાય એવું, દુઃખડું આ કોને કહેવું?
          ક્યાં સુધી અમારે સ્હેવું—હો૦
બાળકડાંની બાંહ્ય ધરોને ઉગારી નિભાવી લ્યોને,
          સ્હામે અમારી જુવોને.—હો૦

પ્રતિ સમય આ, નાહી આવું સ્તવી નમી તેજને—
તટ—પગથીયે ઉન્હા ઉંડા નિસાસથી એ ચંદ;
ઉર ધડકતે ભાની આંખે રહે નિરખી અધે:
જડ સમી દીસે સૃષ્ટિ નિત્યે છતાં ઉભા કાં રહે ?
મુખ ગરીબડે રોવા જેવે કરે કંઇ શોધ ત્યાં—
લહરી શ્રવણે છાનું કૂજી ગઇ સખીકૃત્ય ત્યાં;
પીગળી પુલકે વ્હીલી મુગ્ધા "વિભુ દીનના"—લવી:
વિરહિણી ગઇ ભૂલી રોતું સુણી કંઈ બ્હાવરી.
ચપલ ચતુરા એવું એ શું હશે ચમકે ભલા;
પરિચિત સ્મરે પૂર્વાવસ્થા ચકિત જ ચંચલા:
"સ્વજન-સુર એ: એનો એ હા! ખચિત મધુર એ:"
વદી ઉમળકે, આવે ત્યાંથી, જવા વધી, સુર એ:
ચારી સમીપની ઉંડી ખીણો ભયાનક ભેખડો—
પતિત જનની પીડાનો શું અવાજ હશે થતો ?
ખડક સમી એ કાળી કાળી કઠિન જ ભેખડે—
કંઈ સમયનું કોએ જોતું ઉભેલ લવ્યા કરે ?
સ્મિત રુદનના ભૂલી ભેદો ગઈ હતી આંખ એ:
તહિં લીસરડા ઝાંખા આશા ઉડેલ તણા ત્રસે:
વિતક વરસ્યા કૈં કૈં તેથી ફરી ગઇ આકૃતિ:
સ્વજન પરખે એવી મુદ્રા ન જેની ય તે લવે:—
"શું ઉડી ગયું એ ? પંખી મ્હારા ! ઉડી ન જઈશ તું:
લલિત મધુરી આ લીલાના અમાનુષી સત્ત્વ તું !
કરુણ ગીતડાં ગાને, ગાયાં ન કાં કર તું હજી ?
મુજ ગરીબની ઓછી ઇચ્છા ન કાં કર તું પુરી ?

વિદય નવ થા, છૂપી ગાજે ભલે સ્વર મૂર્ત્તિ! તું
　　સહચરી ઉડી: સ્વપ્નું ઉડયું: જશે પણ ઉડી તું?
સ્મરણ ઉખળ્યા તું ગાશે તો વ્રણો શમશે કંઇ:
　　વ્યથિત જનની તૃપ્તિ ટાળો ન સાંત્વન કાં દઇ?
પ્રતિપળ દિને કે રાત્રિએ સુતાં ત્યમ જાગતાં—
　　તરવરી રહે વસ્તુ વ્હાલી તણી પ્રતિમા સદા;
મુજ અધમતા કેરાં ચિત્રો ચીરે ઉર ત્હોય—ત્યાં—
　　સુખ અધિક હું માનું: છાજે ઘડીક ન એ છતાં!
પ્રિય સ્વજનના મીઠા સ્વપ્ને મથું શમવા ય ત્યાં—
　　સઉ પજવતાં ત્રાસે પ્રાણી ભવે અળખામણાં:
અજબ સુર એ ઉંડા ગેબી સમીપ સુણાય ક્યાં?
　　પરિચિત સમી સિંચી શાંતિ ગયો શમી એય ક્યાં?
રહી હદ હવે આવી! ત્રાહિ! સહી ન શકાતું કૈં:
　　પ્રિયજન વિના હૈયું ખાલી કરી ન શકાતું કૈં:
પ્રણયીજનને વ્હાતાં પાછું જુવે નવ પાતકી—
　　ઘટતી જ દશા આવી એવા કઠોર નઠોરની!
કંઇ સમજતાં શીખ્યો ત્યાંથી તવાય જ્વરે તનુ:
　　અનુભવ મને વ્હાલાંઓના વિયોગ તણો બહુ:
નથી વિરહ કે ઉંડી પીડા ખમાતી જરી હવે:
　　રતિ નથી રહી, નીચોવાતાં ભવે કંઇની મને.
વળી હદ વિધિ! જોને બાપુ! દયા કરી દે ક્ષમા:
　　ઘસડી ઘસડી છોલે છુંદે છતાં તું જુવે ન કાં?
નવ ઘસડ તું, અંધી આવે અશક્તિ અકાળથી:
　　વિવિધ દમને શાંતિ સ્વપ્ને દીઠી ન કદી જરી!

“ વિધિ ! ઘસડતાં વ્હાલાંઓને જરા સ્મરવા જ દે:
 પ્રણય સુખની યાદી મીઠી પળેક છજાવ ને:
મુજ અધમને આવી ઓછી વસે ઉર વાસના–
 કૃપણ કયમ થા બાપુ ! તેને ઘડીક નિભાવવા ?
“ કંઈ નહિ, ભલે, વ્હાલાં સત્વો અલૌકિક વિશ્વનાં
 રમત રમજો ગાતાં નાચી અજાયબ રાસમાં !”
કુસુમસ્મિતનાં લીલા લીલી ધરે તમને જ ત્યાં–
 ઉર–ઉકળતાં આંસુ ઉન્હાંની અંજલિ અર્પું કાં !
“ સમજ સરતાં મ્હેરી બુદ્ધિ કરે કકળાટ તો
 સહૃદય થઇ, ભોળાં વ્હાલાં ! ન તેય વસાડજે:
પણ શિખવજો ગાતાં મીઠું દ્રવી રસ તૃપ્તિનો:
 સમ વિષમ એ ઉંડા ભેદો ભવે સમજાવજો:
“ કંઈ નહિં કથું ! મુંગા મારે દ્રવીશ ન આંસુડાં
 વિગત ભૂલવા કૈં કૈં મિષે મથું ત્યમ હારૂં કાં ?
હૃદય ઉકળે: રોમે રોમે વરાળ ઉન્હી વહે:
 શરીર થીજતાં વાયુ થંડે, જવાય લવી મુખે:
“ ગભરૂ વયની ભોળી આંખે કુટુંબ પ્રજા વસી:
 અવર ન હતી આશા, સેવા વિના મુજ એ તણી:
જનસમૂહમાં સિંચી શાંતિ કૃતાર્થ થતાં થતાં–
 સુખદ સમયે વર્ષો કેવાં વહીય જતાં હતાં ?
“ જીવિત જગને રિદ્ધિ સિદ્ધિ પ્રવૃત્તિ સદા રચે:
 સ્મિતભર મૃદુ તૃપ્તિવાળી નિવૃત્તિજ ભોગવે:
રમી ઉર રહે સ્વપ્નામાં યે પ્રજાહિત રોજ ત્યાં–
 શમતી સુખમાં એના, મ્હારી પ્રવૃત્તિની વાસના.

"હૃદય ફુલતું આનન્દે આ પવિત્ર વિચારમાં
ખબર ન હતી સ્હેવાની છે ભૂલોની પરંપરા;
ખમતું વસતાં વ્યષ્ટિમાં કાં સમષ્ટિની ભાવના?
જનસમાજમાં ના આવે કાં અભેદ અનેકતા?
"જનની વસુધા કેરે અંકે સુગંધ-રસે-ભરી—
વળતી, રમતાં અંતે સૂતાં, નિરાંત હસાવતી:
ગુણવતી પ્રજા સ્વપ્ને સ્વપ્ને મનેજ વધાવતી:
નિરખી રહી એ સંતોષે, કૈં સ્મરૂં સ્થિતિ પૂર્વની.
"ચળકતી ઝ્હુડે લીલી લીલી લતા સર સુન્દરી—
તટ–તરૂ પરે; ધીમી ધીમી છવાય અબે રતિ:
પ્રિયજન નીચે નાચે ઉંચે ઉડે કલહંસ કૈં
કુસુમ કુમળાં માળા રૂપે લચી સ્મિત છાય કૈં.
"હૃદય વસતી વેલી વ્હાલી તણા સહચારમાં—
સહચરી બને આત્મા મ્હારાં સુવૃત્તિ વિચારમાં:
અહિં રચી, લીધા લ્હાવા, લ્હાણું દીધાં, સુખ સ્વર્ગનાં:
વળગી વળગી ફૂલ્યાં ફાલ્યાં વસંતની છાંયમાં.
"ગુણીયલ સખિ: ગૌરી શાણી! ગણું પરિણામ આ—
સુખદ તુજ સૌ ઇચ્છાને હો અધીન થતાં સદા:
સ્થિતિ અવનવી એ કયાં? આ કયાં? જડી વિકૃતિ જગે:
સમજી ન શકું આ ત્રાસેથી અનુગ્રહ શું થશે?
"સ્મરૂં છું દિન એ: કલ્યાણીને જરી કચવાવતાં—
વિપરીત દશા વ્હોરી લીધી: પડયાં દુઃખઝાળમાં:
જગ–કપટમાં ભોળે ભાવે ભમાઇ જરા જતાં—
અધમ જનના સંગે પામ્યો અધોગતિ ખેલતાં:

"સમૂજ વિફરી: પોતાનાંને પીડા દીધી સામટી:
શતમુખ ગતિ આ પાપીના થઇ વિનિપાતની.
વિષ જગતના દંશે વ્યાપ્યું: ફરી મુજ આકૃતિ
જીવિતભરમાં જાણે કોઇ ન બાહુકને કદી;
"પ્રિય પ્રિયતમા દેવી! આ શું? સતી મુજ સાધવી!
કળી ન શકતું બૂઠું હૈયું અજાયબી આજની:
પૂછવું પણ કાં? મેં તે શું શું અકાર્ય નથી કર્યાં!
વિપરીત બને બુદ્ધિ વ્હેરી વિનાશ કરાવતાં.
"કંઇ નહિં ભલે! ઘેલાં લોકો ગમે ત્યમ છો ગણે:
મુજ મનગમી હેતુ ઇચ્છે બીજો ન કદી મને:
ન વનવગડે મેલી મેં શું? કઠોર થયો ન શું?
દુ:ખી મુજ દુ:ખે એવીને મેં દુભાવી ન એમ શું?
"સહૃદય પ્રિયે! તારા જેવી તું મ્હારી અરૂંધતી:
તુજ વ્રતથકી હું જેવાને વસિષ્ઠ બનાવતી:
ફુલ તુજ સમી આ લીલાનાં ધરીશ: સુલક્ષણી!
ચરણરજને વંદી ત્હારી, લઇશજ નિરખી:
"લઇ તુજ રજા, જોતાં રોતાં પળીશ સ્થળે કંઇ
કમનશીબને સારૂં છે કે શકીશ ન ઓળખી:
નળ તુજ ભમી પુણ્યશ્લોકી અબોલ અજાણ આ
જીવિત કરશે પૂરૂં, ઝાંખી કરી તુજ આજ, હા!
"મુજ જીવસમાં બાલુડાં! હો સહુંજ ભૂલી જતું:
ઉર શમવજે, હેતાં દેવી! ક્ષમા, દમયંતી! તું.
જીવન મુજ છે નીચે નીચેજ ભૈરવજાપ શું!
મલિન જીવને પ્રાયશ્ચિતે નથી નિજ પાપનું!
મૃદુ, ઉર! બને શાને કર્મો કઠોર કર્યાં છતાં?
બળી સળગી જા! ત્હારી રાખે સમાધ ચણાય કાં?

સ્મરણ રસળે વ્હાલાંઓનું ! ઉરે પડ ઉખળે !
 શરણ તુજ લે ! મૃત્યુ મીઠા ! ન આશ હતાશને ! ! ”
પથિક વદતાં આવી રીતે નિરાશ અતિ થયે
 શિર ખડકમાં કંટાળાથી અફાળી પડે નીચેઃ
શિર થકી વહે લોહી ઉન્હું ! ચ્હડે ચકરી–છળેઃ
 સહૃદય ઉરે ભૂલોના ઘા રૂઝાય ન આ ભવેઃ
કુદરત અલી ! આવી કાં તું અજાણ સમી ઉભે ?
 હૃદય–ભગિની ! ત્હારે ના હો નમેરી થવું ઘટે.
ગરમી ભરતાં દર્દી દીલે ઘટે હુંફ આણવીઃ
 શરણહીનને પંપાળી, લે સ્વઅંક, દયા ધરી !
લહરીપર કૈં વેળા વાધેઃ સવાર વળી ધપેઃ
 પ્રિયમય થવા ધીમે ધીમે વિકાસ ઉષા ધરેઃ
કુદરત સમું સ્પર્શી ત્યાં કો ઘવાયલ વીરનેઃ
 વળગી વળગી જોતાં રૂવે, ન બાહુક તે સુણે.

(કાલીંગડો.)

“ શાંત થાવઃ સ્વસ્થ થાવઃ
 સ્વામી મ્હારા શ્યામ ! હો !—ધ્રુવ.
વિતર્કને વિસારીયે–વાંક નવ વસાડીયે
 વિસરીયે વિભુને નહિં, નાથ ! હો—શાંતઃ
દુઃખને પ્રજાળવા–ઉરને ઉજાળવા
 ઉગે જુઓ આશાનો ઉજાસ ! હો–શાંત ”
ઉકળી ઉછળ્યું હૈયું: ગાતાં છળી દમયંતી એઃ
 વિનવી વિનવી ડુભાયેલા જગાડતી કંથનેઃ
અશરણ સતી હૈયાસૂની અધીરી બ્હીતાં રૂવેઃ
 કંઈ ન સમજે ! ઘેલી એ તો લચેલ લવ્યા કરેઃ—

“ રસ જીવનના ! વ્હાલા ! વ્હાલા ! ન આમ ઘટે કદી !
  અધીન નજરે ના જુઓ કાં ? ઉભો તુજ આ સખા !
પ્રિય ! ટળવળે ત્હારી આ જો બળીઝળી વેલડી:
  ઉભય બળતાં મુગાં મારે ! ન ભસ્મ ઘટે થવી !
“ તુજ હૃદયની ઉંડાઇનો મનેજ ઉકેલ છે:
  પ્રકૃત જીવિતે લાગ્યા ઘાનો ઉકેલ મનેજ છે:
મુજ વિણ ન તું એ વ્હાલા, એ ! ન નૈષધ વિણ હું–
  ધીરજ નથી હો ! જાગો વ્હાલા ! હવે ન ઘટે સુવું ”
કરૂણ રસને અબ્ધિ ઉંડે પડ્યાં પણ ના ડુબ્યાં !
  કલહ વીચિનાં, વ્હાલા ! કેંક્યાંય આમ ફરી મળ્યાં !
કંઇ નીતરતાં આંસુડે તે પ્રકાશભર્યાં થયાં !
  પ્રણય પ્રભુની એ સેવાનાં અહો ! ફળ આ મળ્યાં !
સ્વજન સ્મરણે દૃષ્ટિયોગે પ્રદર્શન પ્રેમનાં
  પ્રતિપળ થતાં તે વ્હાલા ! તે જગે પ્રકટાવવાં:
અનુભવ ધર્યાં અંગે સિદ્ધિ ભરી પ્રભુતા વધે:
  બસ વિહરિયે, ચાલો ! વ્હાલા ! જગર્જ્જનસેવને.
પરિચિત થતાં ઝંખેલું એ રસાયન સ્પર્શનું
  રૂધિર થડકો થંભ્યાં ! શાંતિભર્યું શિર તો થયું:
નયન ફરકયાં તે સાથે કૈં ઉડી પડ્છાય ને:
  નળ વિમળ એ એનો એ તો નમે દમયંતીને !
ભૂલ સમજતાં સર્જેલી કૈં રૂઝાવ વ્રણો ઉંડા:
  સહૃદય ઉરે સંધાશે કૈં સળે સળ સામટા:
પટપર ખીલો કૈં કૈં રંગો અનંત વસંતમાં:
  લલિત ફુલડાં મધ્યે નાચો વિભ્રમય વીરલાં.

લલિત

૧૩૩

ઉત્તરા અને અભિમન્યુ.

અનુષ્ટુપ્. " ધાઓ, ધાઓ, અરે નાથ! ઉગારો અગ્નિઝાળથી."
લવતી ઝબકી જાગી નવોઢા આંસુ ઢાળતી.

વસંતતિલકા. "મોંઘી કળી હૃદયની સુકુમાર મ્હારી!
કોણે ત્હને મધુર નીંદરમાંહિં ડારી?
સૂતો સમીપ અભિમન્યુ પતિ પ્રચંડ
તે ભૂલી કોણ રમતો અહિં મૃત્યુ સંગ?"
એવું વદી જ રણધીર નવીન નાથ
દાબે ધીરે ધબકતું ઉર ઉર સાથ;
ખીલી ગુલાબકળી ઝાકળબિન્દુ ધારે,
એવા કપોલ પર આંસુ ધીરે સમારે;
ને સ્પર્શી ત્યાં અધરથી મૃદુભાવ ધારી
પૂછે ફરી ફરી પ્રિયાવદને નિહાળી;—
" શું છે? મીઠી! થયું શું? આવડી કેમ કાંપી?"
મુગ્ધા ફરી હૃદયસાથ ધિરેથી ચાંપી.

અનુષ્ટુપ્. ઉખેડી ભૂમિથી નેનો રોપિયાં પતિનેનમાં,
લસતાં દીર્ઘ પક્ષ્મોમાં આંસુડાં ગૂંથીને નવાં.
કરી કંઠ ઊંચો કાંઈ અબોલા ક્ષણ એ રહે;
પછી દીન બની સ્વપ્નાતણી વાર્તા બધી કહે.—

ઉધોર. " આજે નાથ! બન્યું વિપરીત,
તમને તે કહું શી રીત?
જાણે પુરુષવેશ જ ધારી
મ્હેં અશ્વે કરી છ સવારી;
ધારી ધનુષબાણ હું ચાલી

મૃગયાકાજ વનપથ ઝાલી;
સુન્દર એક ત્યાં સહકાર,
તે પર બેઠું છે સુકુમાર.
જુગલ કપોતકેરું મીઠું,
કરતું પ્રેમકેલિ દીઠું.
મૂર્ખી હું ખરે બની કાંઈ,
બીજું કાંઈ સૂઝયું નહિ;
ને શર ફેંકી નર તરુડાળ–
પરથી પાડિયો તત્કાળ;
સહસા ત્યાંહિં અગ્નિજ્વાળ
ઉપની કપોતી કેરે ભાળ;
કુદતો એહ અગ્નિ કરાળ
આવ્યો મુજકને ભરી ફાળ;
જિહ્વા તીવ્ર નચવી અનેક
મુજને વીંટી વળિયો છેક.
છોડી સર્વ બીજાં અંગ
અંબોડો ધર્યો નિઃશંક;
છળીને એકદમ ચકી જાગી
કરવા રુદન હું તો લાગી."

સોરઠો. એમ વદીને નાર સહસા આંસુ રેડતી;—
"સ્વપ્નાનો શો સાર હશે કારમો નાથ આ?
અભાગણી હું મોઇ! ઊંધી મતિ શાણે સૂઝી?
બીજું જડયું નહિં કોઇ? કપોત પ્રેમી શેં હણ્યો?"

વસંતતિલકા. "શાને મીઠી! તું ગભરાય અરે અતીશે?
આ સ્વપ્નમાંહિ નવ વાસ્તવ કાંઈ દીસે.—

જો ! પેલી વાગી રણદુંદુભિ રમ્ય ઘોર ?—
રે ! અશ્વ ! અશ્વ !—સખિ કંઠ હવે તું છોડ."

ઉધોર. "વ્હાલા ! ન્હોય ! દુંદુભિનાદ,
એ તો મેઘ ગાજ્યો આજ;
બંધન કંઠનું ક્યમ છોડું;
મુજને ભય નથી કંઇ થોડું:
પેલી અગ્નિકરી ઝાળ
આવે ઓ ! જુઓ. શી કરાળ !"—

શિખરિણી. "અરે ઘેલી ! એ શું બકતી ?
બધી એ સ્વપ્ન ભ્રમણા.—

દ્રુતવિલંબિત. તુરગ જો ! મુજ કાંઈ ખુંખારતો,
'રણ ચઢો' કંઈ એમ પુકારતો:
નહિ વિલમ્બ હવે કરવો પ્રિયે !
કદિ જ ધર્મ તજ્યો નથી ક્ષત્રિયે."

ઉધોર. "ક્ષત્રિયધર્મ જો પ્રિય થાય,
તો તો કરી કોટિ ઉપાય
સર્વ સંકટોથી નિત્ય
અબળા રક્ષવી એ રીત;
પેલી તીવ્ર અગ્નિજ્વાળ
મુજ પૂંઠળ ભમે ચિરકાળ,
ત્હેનાથી બચાવો નાથ !
અબળાનો તજો નવ હાથ."

વસંતતિલકા. "છે એક જો ! સબળ નિર્બળનો જ પાતા;
વ્હાલી ! હવે સ્થિર થઇ ધર ચિત્ત શાતા.—

જો! દેખું આ અસિ ફ્લણે ચમકે અનંત,
ને ચિત્ત આ ચમકીને બન્યું વેગવંત."

દ્રુતવિલંબિત. અધર વેગથકી અધરે અડી,
નૃપકુમાર, પ્રિયા અળગી કરી,
ત્વરિત અશ્વ પલાણી પળ્યો રણે;–
તુરગનાં પગલાં યુવતી સુણે.

અનુષ્ટુપ્. દૃષ્ટિપાર થયો કાન્ત, પદઘોષ ગયો ડુબી:
ભૂલી ત્રિકાલને મુગ્ધા અનિમેષ રહી ઊભી.

નરસિંહરાવ.

૧૩૪

દેવયાની.

"રજનીથી ડરૂં તોયે આજે એ લેખતી નથી;
ક્યાં છે? કચ, સખે! ક્યાં છે? કેમ હું દેખતી નથી?"
લંબાવેલા સ્વર મધુર આ વ્યોમ માંહે તરે છે,
પુષ્પે પુષ્પે વિટપ વિટપે નૂતન શ્રી ભરે છે;
ન્હાનાં ન્હાનાં વપુ ધરી શું કે શોધતા એ દિશામાં!
રેલંતા એ રતિ વિવિધ શી કૈં શશીની નિશામાં.
દિવ્ય પ્રભા નિરખી ઉત્સુક જે થયેલી
દેખાડવા સુહૃદને પ્રણયાર્દ્ર ઘેલી,
તે આ સ્વભાવસરલા કરી દોડ નાની
બોલાવતી ધસતી બાલક દેવયાની.
તરે જે શોભાથી વન વન વિષે બાલ હરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;

કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ, ભ્રમણે જ્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો !
તરૂઓ અભિનંદે આ અંગો લલિતને નમી;
સમગ્ર નભ વર્ષે છે આહા ! ઊપરથી અમી.
થંડો મીઠો કુમુદ વનનો માતરિશ્વા વહે છે,
ક્રીડન્તો જ્યાં તરલ અલકશ્રેણિ સાથે રહે છે,
બાલાને એ વ્યજન કરતો દાખવે આભિજાત્ય
પ્રેરે નૃત્યે પદ રસિકનો અગ્રણી દાક્ષિણાત્ય;
જેવી તરંગશિખરે જલદેવી નાચે,
વક્ષસ્થલે શિશુસમી ગણી સિંધુ રાચે;
અજ્ઞાત તેવું રમણીય નિહાલી લાસ્ય
પામે પ્રમોદ વસુધા ઉભરાય હાસ્ય.
હવે તો મેદાને વરતનુ દિસે છે વિચરતી,
વિલોકે સામે ત્યાં ત્વરિત ચરણોની ગતિ થતી;
રહ્યાં બન્ને બાજુ તરૂવર નહી કોઇ વચમાં,
વસેલું આવીને પણ સકલ સૌંદર્ય કુચમાં.
રોહિણીપતિના માથે રશ્મિઓ રમતાં હતાં;
તુહિનાચલનાં જાણે શૃંગમાં ભમતાં હતાં.
શોભિતા શા સહુ અવયવો સ્નિગ્ધ, ગોરા, ભરેલા,
યોગાભ્યાસ પ્રબલ થકી શા યોગ્યતામાં ઠરેલા;
ગાલે, નેત્રે, સકલવદને, દીપ્તિ સર્વત્ર ભાસે;
જ્યોત્સ્નાને એ વિશદ કરતો સ્વચ્છ આત્મીયહાસે.
આકાશમંડલ ભણી દૃગ એ નથીજ;
વિશ્રામ આજ નથી ભૌતિક કોઇ ચીજ;

નેત્રો નિમીલિત થતાં હૃદયે તણાય,
અધ્યાત્મ ચિન્તન નિમગ્ન થયો જણાય,
હવે તો આ આવી સમીપ ગુરૂકન્યા કચતણી,
અવસ્થાને જાણી નહિ, અગર જાણી નહિ ગણી;
"નિહાળે શું? હા: તો સફલ સમજુ આ ગમનને,
નહિ; નીચી દૃષ્ટિ—અરર! અવમાને ગગનને."
કર સાહી કહે મીઠું: "વ્યોમ સાગરને તટે,
મુખ તો વિધુલક્ષ્મીનું જો સખે, આમ ના ઘટે."
પાડી નાખે તનુ પર પડ્યું બિન્દુ જે હૈમ આવી,
ઝાડીમાંથી મૃગપતિ જરા યાળ જેવો હલાવી,
કીધો નીચે સુતનુ કરને એ પ્રમાણે કચે જ્યાં,
ઝાંખાં જેવો શશી પણ થયો દૈન્ય દેખી નભે ત્યાં.
સાશંક ભીરૂ નિરખી રહી આસપાસ,
ન્હાનું દિસે મુખ અનાદરથી ઉદાસ;
ધીમે હવે કચ ભણી જ્યમ એ વળે છે,
તેવુંજ હા! ઉતરતી દૃગને મળે છે.
જરા જોયું ત્યાં તો અતિશય દિસે છે પ્રસરતી;
કુમારીને લજ્જા, નયન પણ નીચાંજ ધરતી;
રહી વેળા થોડી કચ પણ હવે આમ ઉપરે,
હતું ધીમું તોયે, પરિચિત છતાં એ બહુ ડરે.
"અવસ્થા ભેદનું દેવી, તને ભાન, દિસે નહીં;
મુગ્ધ, શું સમજે છે તું બાલભાવ બધા મહીં?"
રે! રે! એને શ્રવણ ન કદી વાક્ય એવું પડેલું,
હૈયું એનું મૃદુલ વિરલું ગર્ભમાંથી ઘડેલું,

આંસુ આવ્યાં નહિ પણ બની બાલિકા છેક ઝાંખી,
ઊભી યત્ને વિવશ ચરણે મર્મ નિશ્વાસ નાંખી.
આ તે ઉભી કુમુદિની સરખા નમેલી,
જે ચંદ્રની વિકૃતિને ન કદી ખમેલી:
લાવણ્યને વિવશ જોઈ નહીં શકે જે,
ચિત્તે બહુ વખત રોષ કયહાં ટકે તે?
સ્વસા જેવી જેને દિલગિર કરેલી નહિ કદી,
રહી સાથે જેની શિશુ સમ બનેલો પણ સદા,
કરી આવી તેની સ્થિતિ નિજ કઠોર પ્રવચને,
થયો પશ્ચાત્તાપ પ્રબલ મનમાં તુર્ત કુચને.
શબ્દ સાંત્વનને માટે શોધે પણ મળે નહીં;
વિચારે બહુધા તોયે કંઈ ચેન વળે નહીં.
રોતી હોશે અવનત મુખે એમ શંકા કરીને
ઉંચી લીધી તનુ કટિ કને બાહુ સાથે ધરીને;
'બાલે શું છે વદ નભવિષે? સજ્જ છું સર્વ જોવા
તારી સાથે, અધિક રડશે તો પછી સાથ રોવા."
રોકેલ અશ્રુદલ જે હૃદયે જડીને,
ભીંજે કપોલ કુચના હવણાં પડી તે;
છાયું હતું ઘનપટે મુખ ખેદના એ
ત્યાં એ સુહાસ્ય વિધુના સમ અલ્પ થાયે.
ધરી હૈયા સાથે સદય મૃદુ આલિંગન કર્યું
વળીને ઓષ્ઠેથી મધુરં વદને ચુમ્બન ધર્યું;
ઠરી નીચી હોવાં સજલ નયને એ નિરખતો,
છવાયેલું હર્ષે વદન દિસતાં હર્ષિત થતો.

સ્ફુરે લાવણ્યનું શું આ પરિવર્તન અંગમાં !
રમતી રમણી ભાસે દિવ્ય નૂતન રંગમાં !
શોભે જેવી શુચિ નિસરતી માનસેથી મરાલી,
વર્ષા કેરા વિમલ જલમાં નાચતી વા મૃણાલી,
ઓચિંતી વા તનુ ચમકતી મેઘથી જેમ વીજ,
બાલા તેવી બની ગઈ ખરે ! અદ્દ્ભુત સ્પર્શથી જ.
વૃત્તાન્ત પૂર્વ સઘળું વિસરી ગઇ એ,
દ્રષ્ટવ્યમાં દ્વિગુણ બદ્ધ હવે થઈ એ;
સ્નેહોર્મિથી સહૃદયની થઈ આંખ ભીની,
જોતો રહ્યો સરલતા કચ સુંદરીની.
તરે જે શોભાથી વનવન વિષે બાલહરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી,
કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ, ભ્રમણે ત્યાં અટકતો
શશાંક, પ્રેક્ષીને સુભગમણિ સેંથે ઝબકતો !
વિશુદ્ધ સ્નેહનું જોડું વિશ્વ સૌંદર્યમાં વહે;
વિલાસી વિધુને તારા નભથી નિરખી રહે !

મણિશંકર

૧૩૫

સ્નેહનું સ્વપ્ન.

'હા ! હા ! આજે રવિની સુપ્રભા વિરમી સિંધુખોળે,
ને ભાનુ એ પ્રિયની પ્રતિભા શોધતો રશ્મિ ઢોળે,
ધીરી રેલી જલધિ ફલતા ઉજ્વળે વિશ્વ સીમા:
મોંઘા પેલા પરમ સુખના વાસ બીજી ભૂમિમાં !'
ગહન કો ઉરના પટ ખોલતું,
અતુલ મંજુલ માર્દવ બોલતું,

જલધિમાં કંઇ ઉંડું શું શોધતું
કરુણ કો ફરતું હતું ચેતન.
'વિશાલા વ્યોમની શોભા ઉગે ને આથમે અહિં;
તેજ સૌંદર્યના ભેદો રમે ને વિરમે અહિં.
પેલું વ્હણે ઝરણ ગાન લલિત ગાય,
ઉંચે ઝઝૂમી રહી ચંદ્રકલા જણાય:
સંક્રાન્તિ તે ગીતની, ચન્દ્રકલાની વ્યાપી
કુંજે સખે ! ત્યહિંથી પ્રેમપ્રતીતિ આપી.'
શ્રમતણા દુઃખભાર વહ્યે કરી
ચરણપંકજ મંદ જ ચાલતા:
ઝરણની તટકુંજ સ્મૃતિ ભરી
નિરખતી સ્થિર તે હતી બાલિકા.
રૂપેરી રશ્મિતંતુને હિંદોળે મંદ ઝૂલતો
ઘેરી લીલી તરૂકુંજે ઝરો સ્વચ્છન્દ ખેલતો.
આછું ધીમું તિમિર રમતું રેલતું ત્યાં છવાય,
ત્હેને ઘેરી શશીનું ઉજળું તેજ ઉંડું સુહાય;
શોકાર્તિમાં ડુબતી ડુબતી બાલિકા મન્દ થાય:
'વ્હાલા ! સ્થાનો પરિચિત બધાં આજ ઝાંખાં દિસે છે.'
પ્રાણેશનાં સ્નેહસ્થળો વિલોકે,
ને અશ્રુ ભીનાં કીકી કાળી રોકે;
અસંખ્ય આંખે નભ સૌ જુવે તે,
બાલાતણાં નયન ચન્દ્રસુધા લ્હુવે છે.
શોક પ્રેમભર્યું હૈડું સહસા ગીતમાં દ્રવે;
મન્દ આર્તિતણા સૂરો ભળે નિર્ઝરને રવે.

'પ્રિય ક્યાં હશે ?
જન–વન વિશે ?
ના, ના, નથી પ્રિય દશ દિશે:
પ્રિય ! જ્યાં તું હો ત્યાં પ્હોંચજો મુજ સ્નેહ પૂર્ણ પ્રણામ આ,
ઓ સ્નેહના સ્વપ્ના ! કદી મુજ ઉરથી ના દૂર થા.
વિલસતી અયિ સખિ ચન્દ્રિકા !
નર્તતી વિકસિત લહરિકા !
અયિ કુંજ ! સ્નેહની મુદ્રિકા હૃદયે મૂકી તમ દેખતાં
–ક્હેજો પ્રભુને–તે રહી છે હૃદયમાંહિ અખંડિતા.
ઓ વ્યોમ ! સૌ જોતું, રહસ્યો વીણતું !
બ્રહ્માંડના ઇતિહાસ કાલ ! ઓ ! જાણ તું,
પ્રિયના વિખંડિત આત્મને કંઇ સાંત્વના ઉંડી આપજો,
મુજ ભીષ્મ અવિરત પ્રેમયોગની સાક્ષિ સર્વે પૂરજો.
પ્રિય ક્યાં હશે ?
નથી વન વિશે,
નથી જલ, ગગનની દશ દિશે:
પ્રિય ! જ્યાં તું હો ત્યાં પ્હોંચજો મુજ બાલસ્નેહિની વંદના,
ઓ સ્નેહના સ્વપ્ના ! કદી મુજ ઉરથી ના દૂર થા !'
વિસ્તારેલું નીલ–ધવલ તે વ્યોમ જ્યોત્સ્ના ભરેલું;
ને ગંભીરૂં યુગયુગતણું નીર ઉંડું ઉભેલું;
ગુંજી ત્હેમાં ધીમી ગઈ શમી ઘોષણા મંદમંદ,
આઘે આઘે તટકુહરમાં એક યોગી વસે ત્યાં.
'અસ્ફુટ શોકનાં ગીતો વાય છે વાયુનાં દળ;
આવી વિશ્વઉદાસી કો શોધે છે નિર્જનસ્થળ.'

વાત્સલ્ય છાયા નયને ઠરેલી,
રેખા ઉંડી ચિંતનની પડેલી;
તે રેખ ધોઇ સ્થિર નિશ્ચય કાંઇ લેતો
યોગી ઉઠયો, જલકિનારી જ્વલંત જોતો.
હસતી કોમલ રાત્રિ દિગન્તમાં,
વસતી સિંધુની ઊર્મિ વિલાસમાં;
લસતી કૌમુદી વિસ્તૃત કાન્તિમાં,
વરસતી પ્રભુની વસની ઝણયો.
'રાત્રિની લલિતા શોભા વિરાજે વ્યોમને વિશે;
વિશ્વની માધુરીને યે રસંતી સખી ક્યાં હશે ?'
મોતી ભરેલ અનિલે અમી પાઇ વીંખ્યો
તે કેશપાશ ગુંથી પુષ્પકલા સરીખો
શીર્ષે સુહાગમણિ શો શશિરાજ સોહે,
ઉભી પ્રકાશી મુખ મેદિની મુગ્ધ મોહે;
મંજુ પેલી અનિમિષ ઘટા કુંજની મન્દ ઘેરી
ઝીણું વીંઝે સુભગનયના શાંતિ પાંખો રૂપેરી;
યોગી ચાલ્યો ઉંડું નિરખતો પત્રગ્રન્થિ સુહંતી,
શ્યામોજ્જ્વલ તે ઝરણપટ ને ચંદ્રિકા ત્યાં વહંતી.
'પ્રેમદિક્ષા લીધી તે હા ! પુણ્યભૂમી હમારી એ;
તે જ તેજ ભરી તોયે શૂન્ય શોકાર્દ્ર શી દીસે !
ગગનમાં શશિમંડલ રાજતું,
જગતને અમી રેલી વધાવતું;
પ્રિય ! ચુમી તુજ આંખડી ઓપતી—
રસિકડી ! થઇ તે હતી ના હતી.'

સરી ઝર્ઝર નાદ સમીર કરે,
તરીને તટમાં લહરી પ્રસરે;
ધરી ઉજ્જ્વલ તેજ, ધીરી મધુરી
નીતરી રવમાલ કંઇ અધુરી.
'સ્નેહગીતે સુહાવી તે વનશ્રી આંસુડાં દહે !
આત્મજલ સિંચી પોષ્યું તે અશ્રુધાર શે સહે ?
એ કુંજ દ્વાદશ વસંતવિભૂતિ લાવી,
સાનંદ દ્વાદશ શરત્‌શશિએ સુહાવી;
મેઘે સુરમ્ય „જલ દ્વાદશ' વેળ સિંચ્યું:
તોયે સખિ ! ન ખીલ્યું હા ! મુખપુષ્પ મીચ્યું;
જ્યોત્સ્ના તરંત શુચિ મેઘ નભે નમેલો,
લીધી વિદાય સખિ ! ત્યાં ઉર ચુંબી ચુંબો;
ત્હારી પછાડી ઢળી વેલડી લુંબી ઝુંબી,
મ્હારી અગાડી પ્રસર્યો જલસિંધુ પેલો.'
રમ્ય તે કાલનાં સ્વપ્નો લોચનોમાં રહ્યાં રમી;
ઝંખવ્યો ભીંજવ્યો ચંદ્ર તેજ ઉંડાં ઝમી ઝમી.
'જલધિના જલમાં સખિ ! આથડ્યો,
અવનિના વનમાંય જઇ રડ્યો;
દહન સૌ સ્મૃતિ કીધ વીણી વીણી,
શતશરે ફુટી સર્વ ઝીણી ઝીણી,
સહુ ભુંસી સખિ ! તે ચરણાવલિ
ખણી સુહા ઝરીને નયનાંજલિ:
જલવને ઉંડી પાથરી આંખડી
પ્રિય ! હવે નિરખું તુજ વાટડી.'

સ્મૃતિને ગુંજતો આવ્યો યોગી નિર્ઝરને તટે,
સમદુઃખી દીઠું કોઇ સ્નેહની શોચના રટે.
પત્રો પુષ્પો લળી લળી ચુમે રમ્ય તે ભૂમીછેડે,
ધીરૂં ઢોળી ઝરણ નિધિના નીરમાં નીર રેડે;
રોતું સહુ નિરખતું નેત્ર કો ત્યાં ઉભેલું,
ઘેરૂં, ગોરૂં, વિકલ, વિધુરૂં, આંસુડાથી ભીંજેલું.
એકાન્ત સ્તબ્ધ દૂર ચેતન કો ઉભું છે,
છાયા વિશે કંઇક ત્યાં જઈ યોગી પૂછે;
"બાલે ! શું સુખ જગમાંહિં ન દીઠું કાંઈ!
કે સિંધુને જલ તું શોધછ એવું આંહિ ?"
મેઘવાયુ સમા શીળા ઘટ્ટ શબ્દો ઉરે ઢળ્યા:
અશ્રુરૂદ્ધ મુખે કાંઇ ઉત્તરો પણ ના મળ્યા.
તિમિરને દ્યુતિનાં ગુંથી વાદળો
ક્ષિતિજ તે જલની રચતું સીમા;
ગહન કો સુખસાંત્વનનાં સ્થળો
નયન ભાળતું ત્યાં ઉંડી ભૂમિમાં.
"બાલે ! નથી જગતની, જલની સીમા એ
જ્વાલા પ્રચંડ નહિ દુઃખની ત્યાં વિરામે;
આવાં અઘોર નીરગર્જન ગર્જતાં ત્યાં,
આવી જ દુઃખ સુખની ભૂમિકા વિકાસે.
અન્ત બાલે ! નથી એ તો, ધૂમ્ર શી ભ્રાન્તિકાર છે;
કલ્પિતા એ કમાનોની અનન્ત શ્રેણિ ઘોર છે."
આઘી આઘી ભૂમિમાં વિષમ વન વિશે, વૃક્ષના પુષ્પ ભારે,
શીળા જ્યોત્સ્નાવિહારી ઝરણની ઝીણીશી ઘોષણાના વિહારે,

ધારૂં ગાંભીર્ય ઢોળી, કુહર કુહરમાં કાલનાં ગીત ગાતો,
ઘેરૂં ઘેરૂં અનેરૂં ગહન ધુધવતો, સિન્ધુ ડોલે સુહાતો.
વીંધી નમેલું નભ તે પ્રભાભર્યું,
વીંધી શશિમંડલ મેઘ નીતર્યું,
વિશાલ તે રાત્રિઉછંગમાં રૂડા
અમ્ભોધિના અતુલ નાદ શમે ઉંડા ઉંડા.
તે કાલે ચંદ્રિકા સારૂ સ્થિર ભાવે ભવે ભરી હસે:
બાલાના વદને લ્હેનું મૃદુ ગાંભીર્ય વિલસે.
"હિમ વિશે વસી કાંચનવેલી શી
તનુપ્રભા અયિ! શે સુકવે હલે!
વિરલ કો પરભોમની કેલિ શી
સુખકલા કંઇ શોધછ આ જલે?"
ચોપાસેથી ગગનભરતાં તેજનાં પૂર ગાજે,
લ્હેને તીરે વિમળ વિધુરી ચંદ્રલેખા વિરાજે;
લ્હેવી શોભે જલધિતટમાં સૌમ્ય સંકીર્ણ બાલા;
નાચે આવી ચરણ સમીપે સિંધુની ઊર્મિમાલા.
શોકબ્હીલી વદી; "ત્યારે સાંભળો યોગીરાજ હે!
સુણી ઉરે દુઃખી થાશો સ્નેહોચ્છેદની વાત એ.
પૂજી મૂર્તિ શિશુત્વમાં ઉર ઢળી, કૌમાર ખેલી બધું.
આશાહાર સમર્પી યૌવન વિશે સર્વસ્વ ઝૂકી દીધું;
હા! હા! સાગર પાથર્યો પલવટી સોહે ઉંડા દેશ તે:
શોધું છું સુપ્રસન્ન આ જલ વિશે યોગેન્દ્ર! સ્નેહેશને.
રે! એકદા અવગણ્યો હઠપાશ બાંધી,
હાવાં રીઝાવું રસિલો રસયોગ સાધી;

શોધું ઉથાપી જગના જડ અંધકારો,
હા ! તે સુશીલ સુકુમાર કુમાર મ્હારો."
શોકમુગ્ધ ઉભાં બન્ને, યોગી ને યોગબાલિની;
એવે બાલા વદી પાછી સ્નેહશીલા, પ્રભાભીની.
"યોગેન્દ્ર ! ગાય ગભીરાં ગીત આજ સિન્ધું,
શીર્ષે સુહંત અભિષેક પીયૂષ ઈંદુ;
વ્હાલાની સ્નેહઅમીકિરી કલા સ્મરાવે,
ને દૂર દૂર ભૂમિના—મધુરા—ભણકાર લાવે.
ભવભવે પ્રિય એ મળજો પ્રભો !
અતુલ યોગ હવે ફળજો, વિભો !
વિધુકલા ! જલસિંધુ સુહાગી ઓ !
ચરણમાં પ્રિયના લઇ મૂકજો !"
"હાં, હાં" યોગી વદે તેવે કુદી બાલા જલે ત્યહાં;
ને સૌ જોતાં રહ્યાં; યોગી, તારા, ભુખરી ચંદ્રિકા.
સરી ઝર્ઝર નાદ સમીર કરે,
તરીને તટમાં લહરી પ્રસરે;
ધરી ઉજ્જ્વલ તેજ કિનાર ઉભા,
નીતરી રહી તારકનીય પ્રભા.
"શોધી ભમી વિધુમુખી વિધુના વનોમાં,
શોધી પ્રિયા પ્રણયના અમી મંડપોમાં;
સ્હોયો સુહાગ, રમી ના રમી ડુબી આલી,
શોધું હવે જલધિના જલમાંહિ વ્હાલી.
પ્રિય ! પ્રાણસખી ! લેજે સ્નેહાંકે રસથી ચુમી"—
સાગરના તટમાં આવી લહરી ભાગી–હસી–રમી.

લાંબા કાળ ક્ષિતિજ ભિંજતા નર્તતા તે તરંગો,
સિંધુ ખોળે સુહૃદ વિરમ્યા, ધારી અજ્ઞાત રંગો;
ઉંચે ચંદ્રા સહુ નિરખતી, શોધતી વ્યોમશોભા,
ને તારાઓ પરમભૂમિમાં આંખડી માંડી ઉભા.
વિસ્તારેલું જ્યોત્સ્ના જેવું,
કુમુદ ઉર ત્હેં એકદા ખીલવ્યું'તું,
વ્હાલી ! કિન્તુ હાવાં સંધું
ગતસમયનું–સ્નેહનું–સ્વપ્ન વીત્યું;
આશિષોથી હા ! વાગ્-શ્રી'તી
મમ ગીત તણી પ્રાણ ! સંપૂર્તિ વિશ્વે,
કિંચિત્ ત્હેના અર્પું અંશો
અયિ પ્રિયતમે ! ચંદ્ર સ્વીકારી લેજે.

ખા. હિ. દેસાઇ.

૧૩૬

ચક્રવાકમિથુન.

પ્રસરી રહી ચોપાસ શાખાઓ શૈલરાજની:
ન જણાય જશે ક્યી સંધ્યા એ મધ્ય–આજની.
સરિતનાં જલ કૃષ્ણ જરા થયાં,
કિરણ સૂર્યતણાં શિખરે ગયાં:
સભય નાથ પ્રિયા હૃદયે ધરે,
વિરહસંભવ આકુલતા કરે.
ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ,
વર્ષાં કાલે જલધિજલના હોય જાણે તરંગ !
પાસે સામે તમ પ્રસરતાં એક ઉદ્ગ્રીવ જોય,
ભીરૂ શ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લ્હોય.

વિહગયુગ્મ કિશોર રસજ્ઞ એ,
રસ મહીંજ પરસ્પર મગ્ન એ,
નિભૃત અત્ર અહર્નિશ આવતું;
રમણ આચરવા મન ભાવતું.
ઊંચે બેસી રવિ ઉદયને જેહ સાથે વિલોકે,
વ્હેલાં જેવાં ક્ષણ સ્મૃતિ થતાં જે દિસે હર્ષશોકે;
ઘાટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ,
માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ.
હરિત નીલ સુદૂર વનસ્થલી
પર મળી સુકુમાર મૃગો રમે;
ઉપવનો તણી સંવૃત આવલી
મહિં જવા પ્રણયી તરુણો ભમે.
ન્હાનાં ન્હાનાં ક્યહિં શુચિ સરો ક્વચ્છ ઉત્તાન રમ્ય,
સ્નેહે જોવા થકી ઉપજતી ભાવના કૈં અગમ્ય !
આઘું આઘું મુદિત રવનું ચિત્ર સંગીત થાય,
શાનો ક્યાંથી કંઈ નિસરતો મિષ્ટ આમોદ વાય.
અસર સુંદર અદ્ભુત રંગની;
સકલ સૃષ્ટિ નવીન ખરે બની.
રવિ મરીચિ બધે હિમને હરે,
ગહનમાં તદનન્તર ઊતરે.
શાખાઓમાં તરુવર તણી ચક્રવાકી છુપાતી,
શોધી કહાડયે, દયિત નયનો જોઇને હૃષ્ટ થાતી:
ચંચૂ ચંચૂ મહિં લઇ પછી પક્ષને પક્ષમાં લે,
ક્રીડા એવી કંઈ કંઇ કરે મૌગ્ધ્યમાં દંપતી તે.

સુયુત એ ચરણો થકી ઊડતાં,
પવનથી પડતાં, કંઇ બૂડતાં;
વિમુખ એકલી ન્હાતી પ્રિયા શિરે
પતિ જઇ અભિષેક કદી કરે.

કાંઠે બેસી નજર કરતાં આત્મછાયા જણાય,
બીજાંની ત્યાં પ્રતિકૃતિ ભણી એક દૃષ્ટિ તણાય;
પૂરાં અંગો નહિં કંઇ દિસે પ્રેમ તો તો તોય વાધે,
જોતાં જોતાં મુખ અવરનું ગાઢ આસ્લેષ સાધે.

પ્રણયની પણ તૃપ્તિ થતી નથી,
પ્રણયની અભિલાષ જતી નથી;
સમયનું લવ ભાન રહે નહિં,
અવધિઅંકુશ સ્નેહ સહે નહિં.

હાવાં રક્ત દ્યુતિ ઉડી જતાં થાય વૃક્ષો સરોજ,
હાવાં થંડી મૃદુ વહનથી સૂચવે છે પ્રદોષ;
આકાશે જ્યાં હતી વિચરતી દેવતાઓ ત્યહીંથી;
જાગ્યાં પ્રેમી વિરલ સુખની મોહનિદ્રા મહિંથી.

વિરહ સંભવને વિસર્યાં હતાં;
અની નિરંકુશ ધ્યેય ફર્યાં હતાં,
જવનિકા ત્રુટતાં સ્મૃતિનાશની
સમીપ મૂર્તિ ઉભી વિધિપાશની!
અનુભવે, ન છતાં, ક્ષણ એક તે,
વિવશ મૂઢ નિરાશ જ છેક છે;
સહુ થનારઃ ક્રમે નજરે વહ્યું;
રૂદન અન્તરમાં ઉછળી રહ્યું.

અંધારાના પ્રલય જલથી યામિની પૂર્ણ ઘોર;
સ્વેચ્છાના વા કુટિલ કૃતિના મંદ્ર અવ્યક્ત શોર;
ઊંડાણોમાં પડી સુઇ જતો નિષ્ઠુરપ્રાણ કાલ;
આભાસોથી થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ.
થઇ તથાપિ વિમુક્ત પ્રયાસથી,
લઇ વિદાય નદીતટ પાસથી;
મિથુન એહ ચડે અવકાશમાં,
સ્થિતિ કરે દિનતેજ સકાશમાં.
અવર કાંઇ હવે નથી દેખતાં;
અવર કાંઇ હવે નથી લેખતાં;
ચપલ આખરની ક્ષણ એ છતાં,
ઉભય જીવન એક થતાં દીસે.
ધીમે ધીમે ગતિ કરી જતો પશ્ચિમે સૂર્ય જેમ;
ઊડી બન્ને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ,
દૃષ્ટિ પ્રેરે વિતત ગગને કાંતિ કૈં ના જણાય:
આછી આછી રસરહિત ત્યાં વાદળીઓ તણાય.
ઉદધિને રવિબિંબ હવે અડે,
અતિ સમુચ્છ્રિત તેય હવે ચડે.
ક્ષણ લગી પરિરંભ કરી રહે,
હૃદય કંપિત સાથ ધરી દહે.
રોમે રોમે વિરહભયની વેદનાથી બળે છે,
છૂટી છૂટી સહન ન થતાં મત્ત પાછાં મળે છે.
વેળા થાતાં વિધિદમનની ગાત્ર ખેંચાય સામાં,
પ્રેમી બન્ને ધૃતિ અતિ છતાં થાય સંમૂઢ આમાં.

ટળવળે નિરખી રચના વને,
તરફડે સમજી રચનારને
—શ્વસન દુઃખિત છેવટ સારતી
પ્રિયતમા વચ આમ ઉચ્ચારતી:
"પાષાણોમાં નહિં નહિં હવે આપણે નાથ રે'વું,
શાને આવું—નહિં નહિં જ રે આપણે હાય સ્હેવું;
ચાલો એવા સ્થલ મહિં, વસે સૂર્ય જેમાં સદૈવ—
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ."
પ્રવદતાં અટકી ગઇ એ અહીં,
અધિક ધીરજ ધારી શકી નહિં:
થઇ નિરાશ હવે લલના રૂવે,
મૃદુલ પિચ્છ થકી પ્રિય તે લ્હુવે.
પણ હજી દિન શેષ રહ્યો જરા
નજર ફેરવી જોઇ બધી ધરા,
પ્રણયવીર લહી સ્થિરતા કહે,
અગર જો રૂઝ અંતરમાં સહે:—
હા ! શબ્દો આ સરલ સરખા મર્મને તીવ્ર ભેદે
ગર્ભાત્માને સ્ફુરિત કરતા ધૈર્યને છેક છેદે.
—"લાંબા છે જ્યાં દિન પ્રિય સખિ ! રાત્રિએ દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય આશા જ કેવી.
અવર કાંઈ ઉપાય હવે નથી,
વિરહ, જીવન, સંહરિએ મથી.
ગહનમાં પડિએ દિન દેખતાં,
નયન મીચિ કરી દઇ એકતા."

* * * *

પાછું જોતાં દ્વિજયુગલને અન્યથા થાય ભાસ,
ઊંડું ઊંડું દિનકર સમું કૈંક દેખાય હાસ.
—"આહા ! આહા ! અવર દુનિયાં ! ધન્ય" એ બોલતામાં
નીચે નીચે ઉતરી પડતું વેગથી દંપતી ત્યાં.
અધિક એહ પ્રકાશ થતો જતો:
જવ જનાર તણો વધતો જતો.
અમિત એ અવકાશ તણી મહીં,
ક્યહીંજ ચેતન એક દીસે નહિ.

મણિશંકર.

૧૩૭

અસ્વસ્થ ગૃહિણિ.

શાન્ત છે, બન્ધ છે આંખો કાંઇ દર્દ કમી દિસે;
તોય છે તપ્ત ને ઢીલાં કોમલાંગો હજુ જ્વરે.
ખુલ્લા રહ્યા છે મૃદુ ઓષ્ઠ ન્હાના,
નિદ્રા મહિં છે સુકુમાર બાલા;
ન અંગ એકે જરી એ હલાવે,
ઉઠે ન ઉઠે ફરી, કોણ જાણે ?
ધ્રુગેલા એ બિછાનાની પાસે કોઇ યુવાન છે,
'રખે તે જાગતી,' તેવી ભીતિ તે મુખ ઉપરે.
યુવાન શ્વાસે ડરતો લીએ છે,
ચિંતા ઊંડી એ ઉરના ઉરે છે;
છે નેત્ર એ મ્હોં ઉપરે ઢળેલાં,
ક્ષણે ભીંજાતાં, ક્ષણમાં સુકાતાં.
" મધુર ફુલડાં ! આવી આવી પીળાશ ધરીશ ના !
" તુજ ભ્રમરને એ હૈયેથી ન દૂર કરીશ, હા !

" તુજ નયન આ મીચાયેલાં જરીક ઉઘાડજે ! "
પ્રણયી ડરતો કાંઇ આવું મુખે નિરખી અરે !
નથી એ સાંભળ્યા શબ્દો, ન્હોય આંખ ઉઘાડતી;
ટાંગેલું ચિત્ર કો સામે, ત્યાં તે દૃષ્ટિ લગાડતી.
તહીં ચિત્રે કો એ રમત કરતાં બાલક દીસે,
ગુલાબો શાં બન્ને મધુર વદનો એ સ્મિત કરે;
રમાડે તેઓને કમલવદની કોઇ લલના,
મૃદુ કુંળી તાજી મુખ પર હસે યૌવનદશા.
ઝરા પાસે ઝુંડો તરુવર તણાં દૂર દિસતાં,
લતાને ગુલ્મોની વિટપ પર પુષ્પો ઝૂકી રહ્યાં;
કુણો સન્ધ્યાભાનુ સુરખી ભરતો સૌ સ્થલ પરે,
ડુબન્તો ભાસે ત્યાં જલધિવીચિથી સિક્ત બનતો.
દેખતાં રંગ એ રાતા આકાશે ચિત્રમાં રૂડા
બને નેત્રો કંઇ ભીનાં, ઘેનમાં લવતી જરાઃ—

" અહહહહા ! હશે ચિત્રના સમું
" ગૃહની બ્હાર આ વિશ્વ કૈં રૂડું !
" નવ દીઠું કદી એમ ભાસતું !
" નિરખવું ન તે કોઇ દી હવે !
" મધુર પુષ્પ ઓ ! વેલડી સખિ !
" પ્રણયથી તને હું ઉછેરતી !
" નવ કદી હવે સિંચવી તને !
" મધુર પુષ્પ ના ચૂંટવાં હવે !
" મધુર પુષ્પ ઓ ! એ જ બાગનાં !
" મુજ બિછાતની પાસ કૈં પડયાં !

“ અરર ! પ્રેમની ગ્રંથિએ જકડ્યાં,
“ મુજ જીવરે અરે ! ક્ષીણુ સૌ બન્યાં !
“ પ્રણયી પુષ્પ ઓ ! ખીલતાં રહો !
“ મુજ પિયુ તણા હારમાં વસો !
“ નવીન રંગ તું વિશ્વ ધારજે !
“ ન તુજ લ્હાણુ હું પામતી ભલે !”
“ પ્રિય પ્રિય સખિ ! આ શું ? આ શું ? ન આમ ઘટે થવું !
“ કરુણુ હરિએ ત્હારે માટે હજુ સુખ છે ભર્યું !
“ તુજ કર વતી ચૂંટાયેલાં ફુલો કરમાય ના,
“ મધુર ફુલડાં તે આ કંઠે હજુ બહુ ધારવાં !”
નયન પર છવાતાં અશ્રુનું એક બિન્દુ,
અટકી ચૂપ થયો એ કંઠ રૂંધાઇ જાતાં;
દરદ કંઈ કમી એ થાય છે સુંદરીનું,
મૃદુ નયન ફરીથી શાંત મીંચાઇ જાતાં.
નિદ્રા શી ગાઢ શાન્તિમાં ફરી એ ગૃહ ડૂબતું,
પડે ત્યાં પાંચ વાગ્યાની ટકોરી ઘડીયાળમાં.
ફરી નયન ઉઘાડી સુંદરી ચિત્ર જોતી,
અરર ! નયનમાંથી અશ્રુની ધાર વ્હેતી;
ટપટપ ટપકન્તાં બિંદુડાં લૂછી નાખી,
કરુણુ સ્વર વળી એ ધ્રૂજતો નિકળે છે:—
“ અરર ! બાલુડાં ! બાપલાં ! અહો !
“ જનની આ હવે સ્વર્ગમાં જતી !
“ સમજશો નહિ શું થઇ ગયું !
“ રમકડું કયું હાથથી ગયું !

" વિસરી શે જશો છાતી બાપડી
" ઉપર જે તમે કૂદતાં સદા ?
" વિસરી ના શકે બાલ માતને ?
" રમત તો હવે રોઇને કરો !
" તમ પિતા સદા વ્હાલ રાખશે !
" પણ ન માતની ખોટ ભાંગશે !
" નહિ નહિ મળે મા ગઇ ફરી !
" જગતમાં નકી મા બને નહિ !
" દિવસ એ સહુ લાડ પૂરશે !
" દિવસ એ દયા સર્વ રાખશે !
" પણ ન છાતીએ કોઇની તમે !
" રઝળતાં હવે એકલાં રહો !
" બહુ કરી શકી વ્હાલ હું નથી ?
" કદી રડાવતી હું ઘણી હતી !
" તમ દિલો ક્ષમા આપશે મને !
" પણ ન માતને ચેન કૈં પડે !
" અરર ! બાપલાં ! આલુડાં ! અરે !
" તમ પરે હવે ઢાલ ના રહી !
" રડતી દૂર જે એ ઘડી થતાં
" અરર ! તે હવે દૂર સર્વદા !
" ત્યજી દઉં નકી સ્વર્ગ, બાપલાં !
" ઘડીક તેથી જો હર્ષમાં રહો !
" સહુ હવે સદા બોલશે રડી,
" જનની છે જરા ગામ કો ગઇ !' . .

" અરર ! એ તમે કેમ માનશો ?
" રડી રડી મુખો ના સુકાવજો !
" નવ જવું ગમે ગામ એ મને !
" પણ ન ઠેલી એ સાદ કો શકે !
" અરર ના શકું શાન્તિમાં મરી !
" હૃદય ઝીલતું ભાર આ નથી !
" પ્રભુ તણી કૃપા પામજો સદા !
" સહુ અનાથનો એજ નાથ છે !
" જરીક મ્હોં હવે જોઇ તો લઉં !
" ક્યમ ભલા નથી આવતાં અહીં ?
" કદી ન ખેલમાં ખોટી હું કરૂં !
" તમ કને નહિ કોઇ દી રહું !
" પણ મને તમે દેખતાં જ કાં
" મૃદુ મુખો જરા ગાભરાં કરો !
" દિવસ એ હવે હર્ષથી રમો !
" પછી સહાયમાં માતની દુવા ! "
થંડીએ કમ્પતાં ગાત્રો શબ્દો બન્ધ થયા, અને
પિયુ એ લૂછતો અશ્રુ દૃઢ છાતી કરી કહેઃ—
" અરે ! વ્હાલી ! વ્હાલી ! રુદન તુજ ભેદે હૃદય આ,
" ન કૈં રોવા જેવું, પણ ન મુજ હૈયું સ્થિર રહે;
" પ્રભુની સામે જો, તુજ જિગરને શાન્ત કરજે,
" ત્યજે શાને આશા ? પ્રભુ તણી અહીં જે પ્રતિકૃતિ."
દુબળો હસ્ત એ ઊંચો થઇને પિયુને ગ્રહે,
છાતીથી ચાંપતી છાતી સુન્દરી ડુસકાં ભરે.

ફરી નયન ઉઘાડી સુન્દરી ચિત્ર જોતી,
અરર ! નયનમાંથી અશ્રુની ધાર વ્હેતી;
ટપટપ ટપકન્તાં બિન્દુડાં લૂછી નાખી,
કરુણ સ્વર વળી એ ધ્રૂજતો નિકળે છેઃ—
" વ્હાલા તુજ હૃદયને ચીરનારી થઇ હું !
" તે બાલાના મૃદુ હૃદયને રેસનારી થઇ છું !
" બચ્ચાં તો તે પ્રભુ અનુગ્રહે ઉછરી કાલ જાશે !
" કિન્તુ ઘા આ મુજ જિગરથી કેમ ભૂલી જવાશે ?
" એ તો મારી સરલહૃદયા મેંજ તેને ઉછેરી !
" મીઠી ત્હારી હૃદયઝરણી નાચતી ત્યાંજ ચાલી !
" વ્હાલા ! મ્હારૂં જીવિત લઘુ આ મોહ તેમાંજ પામી
" છૂરી તીખી પ્રણયી દિલડાં ઉપરે કાં ઉગામી !
" જૂદાં કીધાં ! કદી ન મળશો ! જીન્દગી રોઇ રહેશો !
" રેરે ! કોની હૃદય બળતાં વિશ્વમાં સહાય લેશો !
" ભોળા વ્હાલા ! તુજ જિગરનું સોબતી કો રહ્યું ના !
" ને હું તો આ જખમ દઇને જાઉં છું દૂર વ્હાલા !
" વ્હાલા છેલ્લે મુજ કઠિનતા માફ પસ્તાઈ માગે,
" માફી દેશે પણ વિસરશે નાથ ! તું કેમ ઘા તે ?
" કેવી રીતે મુજ બળતરા શાન્તિ પામે, અરેરે !
" કેવી રીતે તુજ હૃદયનો દાહ હોલાય, રેરે !
" પાપી મ્હારૂં હૃદય ગણતું નાથ ! પાપી તને તો !
" રેરે ! જોયું તુજ જિગરના પ્રેમમાં પાપ મેં તો !
" તું તો તારો ગગનપડદે સર્વદા ખેલનારો !
" વ્હાલા ! હું તો જગત પરના સ્વાર્થનો છેક કીડો !

"ત્હોયે ઢોળ્યો તુજ રસ સદા સ્નેહથી હું પરે રે !
"ધિક્કાર્યો મેં ! નવ કદી ગણ્યું થાય છે શું તને તે !
"'અર્પુ છું' એ કદીય સમજી અર્પનારૂં શકે ના,
"ને ઔદાર્યે મુજ હૃદયને સાચવ્યું તેં જ વ્હાલા !
"પ્રેમી બાલા ! કરવત બની પ્રેમ હું કાપનારી !
"યાચ્યું શિક્ષા કુદરત કને ક્રૂરની ક્રૂરતાની !
"રેરે ! વ્હાલાં ! તમ હૃદય તો મૃત્યુમાં મ્હાલનારાં !
"ને એ મૃત્યુ મરતી સખીના હસ્તથી પામનારાં !"

થંડીએ કમ્પતાં ગાત્રો શબ્દો બન્ધ થયા અને,
પિયુ એ લૂછતો અશ્રુ પમ્પાળી પ્રિયને કહેઃ—

"વ્હાલી ! પ્રાણ ! અરે ! અરે ! હૃદય આ ત્હારૂં જ ત્હારૂં સદા !
"તું દેવી, તુજ પ્રેમના ઝરણમાં છે જીવતો જીવ આ !
"તે એ છે તુજ આ મહાન દિલના સિન્ધુ તણી માછલી !
"વાતો કિન્તુ વીતેલ સ્વપ્ન તણી ના હાવાં ઘટે બોલાવી !
"શું હું માફ કરૂં ! અરે ! પ્રિય સખિ ! શું માફ હું ના કરૂં ?
"આપે ઇશ મને અહો હૃદય આ ત્હારૂં સદા પૂજવું !
"ઓહોહો ! મતભેદની તૂટી પડી આજે દિવાલો દિસે !
"તો વ્હાલી ! સુખથી ગયા સમયની વાતો કરીશું હવે !"

નયન પર છવાતાં અશ્રુનું એક બિન્દુ
અટકી ચૂપ થયો એ કંઠ રૂંધાઈ જાતાં;
દરદ કંઈ કમી એ થાય છે સુન્દરીનું,
મૃદુ નયન ફરીથી શાન્ત મીચાઈ જાતાં.
નિદ્રા શી ગાઢ શાન્તિમાં ફરીથી ગૃહ એ પડે;
કાચના દ્વારમાંથી ત્યાં સન્ધ્યાનાં કિરણો ઢળે.

કલાપી.

૧૩૮

અતિજ્ઞાન.

ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે,
ઝાંખી દિશા પણ જણાય અનિષ્ટ પાસે;
જામી ગઇ તરત ઘોર કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુરમાંહિ વાત.

ઇન્દ્રપ્રસ્થે જનો આજે વિચાર કરતા હતા,
એક બાબતને માટે શંકા સૌ ધરતાં હતાં.

સુયોધન પ્રેષિત દૂત એક,
દેખાવમાં ઘાતક દુષ્ટ છેક,
જતો હતો અંધ થતી નિશામાં,
સુગુપ્ત રાજગૃહની દિશામાં.

શાને આવ્યો હશે તેની કલ્પનાઓ ચલાવતા,
ભય સંદેહ દર્શાવી શિર કોઇ હલાવતા.

નિગૂઢ શંકા પુરવાસીઓની આ !
જરાય નિષ્કારણ તો નહોતી હા !
કરેલું આમંત્રણ ધર્મરાજને
રમાડવા દ્યૂત અનિષ્ટ ભાજને.

હા—કહીને રજા આપી યશસ્વી જ્યેષ્ઠ પાંડવે
બોલાવ્યા ત્રણ બંધુને મળવાને પછી હવે.

શિશુ સમાન ગણી સહદેવને
ખબર આ કંઇએ ન કર્યાં હતા;
અવર સર્વ ગયા નૃપની કને,
પરમ દુઃખિત અંતરમાં થતાં.

કનિષ્ઠ દ્રૌપદી સાથે પોતાના વાસમાં હતો,
સતી ખેદ હતી જોતી વદને વધતો જતો.
ત્રિકાલનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નિરખે થનારને;
સ્વપક્ષનો દ્યૂત વિષે પરાજય,
વળી દિસે દ્રૌપદી મનનો ક્ષય.
જાણે બધું તથાપિ કૈં કહેવાની રજા નહીં,
શમાવી ન શકે તેથી મુંઝાય મનની મહીં.
"નહી શકું છેક બચાવી કોઇને,
અશક્ત જેવો રહું બેસી રોઇને;
ખરે ! દિસે દુ:ખદ શાપ આ મને—
નિહાળું છું ભૂતભવિષ્ય જે કને,
"હા ! ધિક્ હા ! ધિક્ કૃતઘ્ની હું આમ મૌન ધરી રહું,
આવતું વાદળું દેખી મુખથી ન કંઈ કહું"
વિચારતાં નેત્ર જલે ભરાય છે,
શરીરનું ચેતન ત્યાં હરાય છે;
લઇ જઇને પ્રિય વક્ષની સમી,
ગ્રહી કરે મસ્તકથી રહ્યો નમી.
રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી—
પ્રિયે, સ્પર્શ કરૂં શું હું ? અધિકાર જરા નથી.
" કરાય શું નિષ્ફલ જ્ઞાન સર્વ આ:
થનાર ચીજો નવ થાય અન્યથા:
સદૈવ ચિન્તા દિલમાં વણ્યા કરૂં,
અનેક હું એકલડો સહ્યા કરૂં.

રજની મહિં સખી ઘણીક વેળા,
નયન મળે નહિં ઊંઘ જાય ચાલી;
કરી તુજ શિર કેશ સર્વ ભેળા,
વદન સુધાકરને રહું નિહાળી."
આવું કહ્યું ત્યાં શિર શૂળ ચાલ્યું
રહ્યું નહિ મસ્તક મત્ત ઝાલ્યું,
મારી કુમારે અતિ આર્ત્ત–હાય,
કહ્યું "હવે એકજ છે ઉપાય,"
ચાલી જરા ને ગ્રહી એક શીશી,
પ્યાલી ભરી દંતથી ઓષ્ઠ પીસી;
ખાલી કરી કંઠ વિષે ત્વરાથી,
ગયો બધો એ બદલાઇ આથી.
સતી બેભાન શય્યામાં ગંધથીજ પડી ગઇ;
સુતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઇ !

મણિશંકર.

૧૩૯

સ્મરણાંજલિ.

(ભુજંગી.)

ગયો ગુર્જરીભૂમિનો આજ હીરો,
ખર્યો પંડિતોની સભામાંથી તારો.
ચડયો "પ્રેમ–આનંદને" આજ બહાણે.
વિરામી ગયો રાજયોગી કટાણે.
હવે કોણ મારે જડાસુરને રે ?
હવે આર્જુની આર્ષવિદ્યા તણે રે

સુકાજે કહો કોણ ધારો જવા રે ?
હવે અજ્ઞના સંશયો કો નિવારે ?

* * * *

તુજ ભુજ કલમેથી પ્રેમનાં વ્હેન વ્હેતાં
તુજ ભુજ કલમે તો બોધબિન્દુ રહેતાં;
તુજ ભુજ કલમે તો બીજી ગંગા બનીને,
કલિમલ બહુ ધોયો પુસ્તકોએ પડીને.
વળી જ્યારે તારા ધ્વનિ રહિત કંઠેથી પડતા,
ભળી સુસ્વાટોમાં મૃદુ મૃદુ બની મંદ ખરતા,
પ્રવેશી, દાઝેલાં હ્રદયતણી ઉષ્મા બુઝવતા
ખરે ત્યારે શબ્દો હિમજલતણી અંજલિ થતા.

* * * *

દુર્વાસનાને ટાળનારૂં દિલ દહનને હારતું,
મંગલ વદન ક્યાં દેખતું કાપર્ણ્યને ઝટ ટાળતું ?
દુર્વા મુનિની પાછળે લાગ્યું હતું જ્યમ ચક્ર એ,
ત્યમ લાગ્યું તારૂં પત્ર પણ એ નાસ્તિકોની પાછળે.
શોકને રડવું તજીને શાન્તિ મનને જો કરૂં
તું બ્રહ્મમાં હું બ્રહ્મમાં એ વાત તો ના વિસ્મરૂં;
શોક કરતાં રૂદન કરતાં લાભ હુંને શું અરે ?
ગુણ ગાન તારૂં કંઇ કર્યાંથી લાભ તો સાચો મળે.

* * * * *

દુ. રે અંજારિઆ.

૧૪૦

એક મહાત્માનું સ્મરણ.

(મન્દાક્રાન્તા–સ્રગ્ધરા.)

સીંચ્યું તેંને જગપર અમી, મીઠડાં વેણુ વાઇ
ભેદ્યાં ગાઢાં જીવનતિમિરો–અન્તરો દુઃખછાયી;
શાળી ફૂંળી પ્રણયલહરી ઉરકુંજે સુહાતી,
રેલે લાલિત્ય વિશ્વે, દ્યુતિઝરણિય જ્યાં વ્હેતી કલ્લોલ ગાતી:
ઝૂલ્યાં ઘેરાં જગતઝુલડે આશભાતિ અનેરાં,
જીવ્યાં વર્ષો સુખદુઃખભર્યાં જીંદગીનાં ઘણેરાં;
પ્હેર્યાં પ્રેમે રજનિવસનો અન્યનાં પાપભીનાં,
ને સૌજન્યે ન્હવાડ્યાં મનુજ દુઃખદગ્ધાં, પ્રીતિકુંડે હ્રદેનાઃ
યાત્રા પૂરી કરતી સરિતા સિન્ધુઅંકે પળાય,
સન્ધ્યા ચુમ્બ્યા રવિસમ મીઠી જીંદગી શાન્ત થાય;
ફાલી વાડી નિજ, ફુલલતાપલ્લવે;–તેય કાળે
સન્તો કેરાં પ્રયાણો સુરભુમિપથનાં સોહ્યલાં વિશ્વ ભાળે;
ઊડ્યું મોંઘું સલૂણું જીવન, તદપિ જો! આજ તેના સુવાસે
ખેલે પ્રીતિપ્રભુતા, અમર કિરણની ઝાંખી મંજુલ થાશે!

સુમન્ત.

૧૪૧

કવિ નર્મદનું મંદિર.

(ત્વનિત)

વીર નર્મદ! તું જગમાં લડી જંગ ગયો;
તુજ વીરછબી નિરખી ચખ અશ્રુ ભરે!
કંઇ પુષ્પ નવાં ખીલતાં તુજ પ્રેમ–કરે
સ્થળ સર્વ વિખેરી દઇ કૃતકૃત્ય થયો;

તુજ પ્રેમ-ઝરો નિશદિન અખંડ વહ્યો,
ભરી બંધુ-ઉરે ભૂમિ કારણ દાઝ ખરે,
જહિં તેહ અમાસ પછી જ્યમ આભ-ઉરે
ચડતો અમીચંદ્ર દીપે ત્યમ દીપી રહ્યો !
તુજ પુષ્પ સુવાસિત છે હજી નૂતન લાં,
દિનદિન નવીન સુભાવ હૃદે જગવે;
તુજ લેખ સ્વદેશની ભક્તિનું મંદિર છે,
જહિં દેશપૂજા પ્રીતથી કરવા શિખવે,
વળી **પ્રેમ સુશૌર્ય** બન્યું વીરજીવન જ્યાં,
ગુરુ નર્મદ ધન્ય ઉભો તહિં તું વીર છે ?

ખબરદાર.

૧૪૨

કલાપીને વિજ્ઞાપના.

કલાપી ! કેકા મધુરરવ રેલ ! કલાપી–ધ્રુવ.
મીઠી મધુ–ઝરણી તુજ કંઠની
વારિદ ઉર એ વસેલ. કલાપી.
ધીકી રહી છે ધરા; ધમતી લુ;
બાફે બફાય જગવેલ. કલાપી.
ગરજ, ગરજ, ગરજવ વારિદ, નભ–
શૈત્ય સુધાથી ગળેલ. કલાપી.
ધન ગરજે: જગજાળ બુઝાએ;
ઉપકૃતિ એ અકથેલ. કલાપી.
ગરજ; સુભાગી વિહગમ, ભોગવ
જીવિત મિષ્ટ મળેલ. કલાપી.

જી. બ. દવે.

૧૪૩

કલાપીને સમ્બોધન.

સુરતાની વાડીના મીઠા મોરલા !
ઉછળતા શા ઉરસાગર ઉલ્લાસ જો,
નિર્ઝરતી સૌભાગ્ય સુહાગન જ્યોત્સ્નિકા,
નયને ઝળકે નમણું નિર્મલ હાસ જો !
સુરતાની વાડીના મીઠા મોરલા !
આંજે ને અજવાળે આંખડલી સખી:
અન્તર ઉપર ઉઘડે આલમ નૂર જો !
"હેત હૈયાંનાં વહતી વાજે વાંસળી" !
ઉડે સ્વર આકાશે અન્દર દૂર જો !
સુરતાની વાડીના મોંઘા મોરલા !
નન્દન વનના પ્રાસાદોની ટોચથી
મધુરી કેકા આજે શી ઉભરાય જો !
સુરભિઓની સાથે સંસારે સરી,
અન્તર્ધારે ગીતા શી અથડાય જો !
સુરતાની વાડીના મીઠા મોરલા !
"તત્ સવિતાનું ભર્ગ વરેણ્યં ધીમહિ"
ગાયત્રીનો જૂનો ભેદક મંત્ર જો !
આજે અન્ય પ્રકારે આ માથું નમે:
નમતો સાથે આત્માનો એ તન્ત્ર જો !
સુરતાની વાડીના મોંઘા મોરલા !

મણિશંકર.

૧૪૪
મઢૂલી.

("કાનુડો ન જાણે મારી પીડ" મીરાંના એ પદની ધૂનમાં.)

મઢૂલી મઝાની પેલે તીરઃ સંતો વ્હાલાં !
અનેરી અમારી એ લગીર ! ધ્રુવ૦
વૃક્ષો વેલડીયોવાળાંઃ કુમળાં ફળફુલ રસાળાંઃ
લઇ જાઓ લ્હાણું એ લગીર ! સન્તો૦.
સામે સંસારી વિલસે વચ્ચે જીવન સરિતા વ્હેઃ
રેલવિયે ત્યાં રસરંગ લગીર ! સન્તો૦.
મનની કંઇ મોજ મઝાઓઃ ઉર સહૃદયનો કંઇ લ્હાવોઃ
લેવાને આવજો લગીર ! સન્તો૦.
ઉડવાય સફર સૈયારી—સુખ દુઃખની કંથા ધારીઃ
આનન્દ ઓર એ લગીર ! સન્તો૦.
લગની સ્હેવા સ્હાવાનીઃ ગીતડાં વિભુનાં ગાવાની
લાગે તે આવજો લગીર ! સન્તો૦

લલિત.

૧૪૫
આલેક.

હમે તો જઇ ગજાવીશું બધી આલમ
ખુદાના નામના જ્યાં ત્યાં કરી આલેક !
કદી રોશું, કદી હસશું, કદી ગાશું—
અહીંની બેવફાઇને કરી આલેક !

શરાબે ઇસ્કનાં પ્યાલાં પીતાં ઢોળી
પિવાડી શું મિઠી સુધા કરી આલેક !
તજી દઈ જહાંગિરી જુઠી ફકીરીમાં
ખુદા શું દિલ લગાડીશું કરી આલેક !
દિવાની દુનિયાંની આ ઘડી એની
સુણી લેશું રહી દરબાર કરી આલેક !
ચહે દિલ ત્યાં લઈ નિશાન ને ડંકા
અડિંગા જઈ મચાવીશું કરી આલેક !
મચાવી ધૂનને મસ્ત થઈ રહેશું
સદા ઉસ્તાદની સાથે કરી આલેક !

ઓઝા.

૧૪૬

બારણે પુકાર.

(ચામર.)

અક્ષરો અનેક વાર ચક્ષુએ દિઠા હતા;
શબ્દ એ અનેક વાર કર્ણથી સુણ્યા હતા;
અર્થ એ અનેક વાર ચિત્તમાં ધર્યા હતા;
તર્ક એ અનેક વાર બુદ્ધિમાં વસ્યા હતા.
'બારણે પુકાર' વાકય એ અજાણ્યું ના હતું;
ગીત એ 'પુકાર'નું રચ્યું હતું નહિં નવું;
ગાન એ પ્રબન્ધ કેરૂં આદ્ય કાંઇ ના હતું;
ભક્તિભાવથી હતું ન ચિત્ત છેક વેગળું;
તોય મેં અપૂર્વ ને અનન્ય વૃત્તિ ભોગવી,
રમ્ય હારિ ત્યાં સુણી પરંપરા સ્વરોતણી—

ગીત તે મનોહરે શ્રુતીન્દ્રિયે ભર્યાં ધ્વનિ,
જે વિચિત્ર કમ્પ સાથ ચિત્તમાં રહ્યા રમી;
ભાવતર્ક કેરી સીમ ચિત્તસ્થાનથી તુટી,
ને શરીર સર્વમાંહિ વ્યાપી શક્તિ માનસી;
ગીતકાવ્યભક્તિવાહિ રક્ત અંગમાં વહ્યું,
વ્યર્થ જાત તે વિનાં અધાર્ય પૂર હર્ષનું.
ચક્ષુ આદિ ઇન્દ્રિયે દિઠું નવું જ દર્શન,
ચિત્તને સ્મૃતિપ્રમાણ લાગ્યું નિષ્પ્રયોજન;
જ્ઞાતપૂર્વ જે નહિં પ્રતીતિ તે થઇ નવી,
શ્રાવ્ય સૌખ્ય કેરી જ્યાં ઝરી નદી રહી વહી.
'બારણે પુકાર' ગીતની મહીં ઉંડો સુણ્યો,
દ્વારમાં પુકારતો જ ભક્તકંઠ ઓળખ્યો;
'બારણે' જ પ્હોંચી શબ્દ તે 'પુકારું' નીકળ્યો,
દીર્ઘસૂરબંધ, દીન દૂરગામિ ઉપડ્યો.
ચક્ષુની સમીપથી જ અક્ષરો ખસી ગયા;
શબ્દ એક તે થઈ ગયો જુદા ન બે રહ્યા—
અર્થ તર્કના વિભાગ ભાવમાં મળી ગયા;
ગીતરાગથી દીઠી અખંડ એક કલ્પના.
હાર્દ જાણ્યું ગૂઢ 'બારણે પુકાર' વાક્યમાં;
ગીત કાવ્ય બેની સંધિ જોઇ ચિત્તક્ષોભમાં;
અદ્‌ભુતત્ત્વ ગાનનું નવું દિઠું પ્રબન્ધમાં;
સ્વર્ગદ્વાર પ્હોંચતો દિઠો પ્રભાવ ભક્તિમાં.
ભક્તનો પુકાર સૂણી સ્વર્ગદ્વાર ઉઘડ્યાં,
સાધુ એ અતુલ્ય ઇશ પાસ છે જઇ વસ્યા;

• ગીત ધન્ય જે મુક્યું અહીં સદૈવ જીવતું,
દીનબંધુ—આરણાં પુકારિ તે ગજાવિશું.
દીનકંઠ આ ભણી જ ગાનદ્વાર બંધ છે,
વાઙ્મયી ન વ્યક્તિ તો પુકારું શું હું બારણે ?
નાથ ! ભક્તપાળ ! આત્મ આ પરે કૃપા કરી,
અન્ય ગાન સાથ ભેળી મૂક વાણી લો સુણી.

રમણભાઇ.

૧૪૭

આસ્વાદોર્મિ.

(ગરબી.)

એવું બતાવે કોઈ આજ, મને કોઇ એવું બતાવે.
જેથી આવે અભેદનું રાજ, મને કોઇ એવું બતાવે. ધ્રુવ.
મંત્ર અભેદ જપું અમો, પંથ અભેદ અભેદ,
ભેદ અભેદ વિશે ગળ્યા, એ અભેદ અમારો વેદ.—મને૦
પ્રેમ પુણ્ય પરમાર્થ એ, વિવિધ નામવિસ્તાર;
સ્વારથસરણિ એ બધી, છે અભેદ અનામી વિચાર.—મને૦
હું—તું—ભેદ—પટે પૂર્યા, વિવિધ ચળકતા રંગ,
દીઠા, વેઠ્યા, ને ગયા, નવ દીઠો અભેદ અભંગ.—મને૦
ધર્મ કર્મ આચાર્ય ગુરુ, સંત મહંત અનેક,
ભેદથકી જ બન્યા રહે, તે શું આપે અભેદવિવેક.—મને૦
લાગે તો ઘડી એકમાં, ક્ષણમાં, પલમાં આજ:
પ્રેમપદારથ પારખે, તેને લાધે અભેદનું રાજ.—મને૦
પ્રીતિ મૈત્રી પ્રેમને સ્નેહ દયા રસ રંગ;
દીઠાં તે વેઠ્યાંજ એ, એ તો ન્હોય અભેદનું અંગ.—મને૦

હુંમાં તુંમાં સર્વમાં, અણુમાં રજમાં એહ;
તું હુંમાં હું તુજમાં, એ અભેદ વિના જુઠો નેહ.—મને૦
હુંમાં તુંમાં એમ નહિં, હું તે તું, તું હુંજ;
હું તે સર્વ ને સર્વ હું એવી ઉંડી અભેદની ગુંજ.—મને૦
હું ભુલું જો હુંપણું નિત્યે તું થઇ જાઉં;
તોપણ પ્રેમ કૃતાર્થ આ, નિત્ય ગાન અભેદનું ગાઉં—મને૦
ખેલ અનેક અનંત છે, કર્મ, વચન, મનથીજ,
વિષ સાકર કહી પાઇએ, એમાં સાકરસ્વાદ નથીજ.—મને૦
હોય અભેદઉપાસી તે, આવો ભેટો આજ;
તે સાચાં, હું તેમનો, બીજો પ્રેમ એ વ્યર્થ અવાજ.—મને૦

મણિલાલ.

૧૪૮

પ્રભુમયજીવન.

મુજ જીવન આ પ્રભુ! તુંથી ભરૂં,
બલ દે, અભિલાષ હું એહ પુરૂં.
મુજ દેહ વિશે, વળી આત્મ વિશે.
જડ ચેતનમાં પ્રભુ વાસ વસે.
મુજ રક્ત વિશે, મુજ નાડી વિશે,
મુજ દૃષ્ટિ વિશે, મુજ વાણી વિશે,
મુજ તર્ક વિશે, મુજ કર્મ વિશે,
પ્રભુ! વાસ વસો મુજ મર્મ વિશે.
શિરમાં, ઉરમાં, મુખમાં, કરમાં,
પ્રભુ વ્યાપી રહો મુજ અંતરમાં.
મુજ જીવન કેરૂં રહસ્ય ઉંડું
બન પ્રેરક ચાલક શાસક તું.

ધરીને ઉરમાં રસની પ્રતિમા–
જહિં ઉન્નતિનો સ્થિર છે મહિમા–
સ્મરી આકૃતિ એ નિજ પીંછી ધરે
અનુસાર જ ચિત્ર પછી ચિતરે;
જેયમ ચિત્રક એ મન-મૂર્તિ વડે
બહુ સુંદર ઉત્તમ સૃષ્ટિ રચે;
ત્યમ જીવનના પટની ઉપરે,
મુજ લેખન તે તુજ સાક્ષી પુરે.
પ્રભુ ! મુદ્રિત અંકિત તું હૃદમાં,
કૃતિઓ બધી તન્મય હો જગમાં;
મુજ વર્તનથી છબી જે બની રહે
તુજ ઉજ્જવલ રૂપની ઝાંખી દિયે.

રમણભાઈ.

૧૪૯

અહાલેક.

પ્રભો ! તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મેં અહાલેક:
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મેં અહાલેક–પ્રભો !
નથી લીધી પ્રભો ! દીક્ષા, નથી અંગે ધરી કફની:
નમી તુજ પાય છું તેવો જગાવ્યો મેં અહાલેક–પ્રભો !
કમંડલ માહરૂં ખાલી, ભર્યું તુજ અક્ષય પાત્ર:
દીઠી ભંડારમાં ભિક્ષા, જગાવ્યો મેં અહાલેક–પ્રભો !
ઘટા ઘેરી પડી નભની, ન મુજ નયનો ભેદે:
શ્રવણ તે ભેદશે તારાં ? જગાવ્યો મેં અહાલેક–પ્રભો !

વિરાજે છે તું દિલદરિયાવ, આર્ય વીરવર યજમાન !
અણુશું તો અમીકણ દે, જગાવ્યો મેં અહાલેક-પ્રભો !
ઘડાવી પાવડી મેં રાજ ! પ્રવૃત્તિ કેરી:
ચ્હડી તે પર જીવન ધપતાં જગાવ્યો મેં અહાલેક-પ્રભો
નહિં કાંઈ મળે તોયે મળ્યું દર્શન સૌભાગ્ય:
મળી-સળગી મીટે મીટને જગાવ્યો મેં અહાલેક-પ્રભો !
ઉંડી ઝોળી રહી અધુરી, ન તલ પણ ભીંજાયું:
જડ્યો પણ સ્હોડમાં સાથી, જગાવ્યો મેં અહાલેક:
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મેં અહાલેક:
પ્રભો ! તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મેં અહાલેક.

ન્હાનાલાલ.

૧૫૦

પ્રાર્થના.

(પૃથ્વી છંદ.)

પ્રભો, શિર નમ્યું: નમ્યું જ ધરું સર્વદા, એટલી
વિશુદ્ધ મતિ રાખજે: સકલ અન્ય એમાં લહું.
જુવે શિશુતણી ખરી જિગરની બધી લાલસા,
અને વળી જુવે ઉડી ફરી ફરી ઉપર બુદ્બુદો,
પ્રસારી નિજ મેલ ફીણ વમળો, અરે ફીટકો,
લસે અમિત-ને ફુટે તદપિ ખાર મૂકી જતા.
અરે સરિત માહરા જીવનની ! અરે રે પ્રભો !
વહે ક્યહિંથી બુદ્બુદો ફરી ફરીજ એ એહવા ?

હશે પવનસંતતિ ? ઉદધિનીજ વેલા હશે?
દીસે નહિં દીસે અગર તિમિર ગહ્વરો આત્મમાં
ત્યાંથી નિકળી ધસે ફરીજ એ બુદ્દબુદો ?
અદષ્ટ–ભવથી અને જીગરનાં જુનાં પાપથી
બચાવ ! જય ! આપ ! આ વિમલ સ્રોત પોતાપણે
વહે, સલિલ ઓઘ અર્ઘ્ય પ્રસરાવતો હે, પ્રભો !

બલવંતરાય.

૧૫૧

મેમાનને વિનંતિ.

(કાફી.)

અમે તો આજ તમારા, એ દિનના મેમાન–
સફલ કરો આ સહજ સમાગમ, સુખનું એજ નિદાન.–અમે૰
આવ્યા જેમ જશું તે રીતે, સર્વે એમ સમાન;
પાછા કોઇ દિને નહિં મળીએ, કયાં કરશો સન્માન ? અમે૰
સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન;
સંગી સદ્દગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન; અમે૰
લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન:
હોય કશી કડવાસ અમારી, તો પ્રિય કરજો પાન: અમે૰
કેશવ હરિએ કરૂણા કીધી, ન ભમો ભૂલી ભાન;
તત્ત્વે તાન રહે છે તેને, થાય ન જરીએ જાન. અમે૰

કેશવલાલ હરિરામ.

૧૫૨
મ્હેમાનોને.

મ્હેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો ?
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય જો !
કરજો માફ હજારો પામર પાપ જે—
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય, જો !
મ્હેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !
ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમેઃ
ઉતર્યાં રંક ઘરેઃ શો પુણ્ય પ્રભાવ જો !
શુશ્રૂષા સારી ના અમને આવડીઃ
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો !
મ્હેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધાર જો !

મણિશંકર.

૧૫૩
કલમ કરનાર વનમાળીના ઉદ્ગાર.

શારદાની વનવાડીમાં
પૂંખે વનમાળી દૂંખ આ,
તે ડાંખળીએ ડાંખળીએ
કૂંળી કૂંપળીએ કૂંપળીએ
વળી ઝીણી ઝીણી નસે નસે
સજીવન અણુરેણુએ હશે;

ને ધીરું કે ધસમસતું
ઘેરું ઘેરું કે ઝગઝગતું
જેવું ને તેવું જ હશે રસઝરણું ઝરતું,
કેલિ કરતું,
વળી ધજ આ ધરણી
વિદ્યાધરની
સંજીવની નવ જીવન અર્પી ખુબી અનેરી ફેરશે.
આ જૂના પણ નવાસવા
રોપતરુ પર વાયુ વાઓ ક્વાસવા !
કે કોઇ કાળે
ફૂલે ફાલે
એ પૂંખનારની સંભાળે;
ને વૃંદાવનના પ્રસિદ્ધ વનમાળીએ
મંથનના નવનીતરૂપ તરુ ભાળીને
પારિજાત આણી સુરવનથી
ઓપાવી કાંચનપુરી,
ત્યમ આ બ્રહ્મારણ્યતણા વનમાળીની
રુચિર રસશાલિની
કલમ ગિર્વાણની
પાંગરી પાંગરી મંજરી નૂતન
પમરાવી વનવાડી રજે ધન
પૂરે નવનવી મોહની.

કેશવ હર્ષદ ધ્રુવ.

૧૫૪

અવસાન.

(તોટક.)

શાળી ચાંદનીની સમ રેલી રહે,
કંઇ ગાન મધુરૂં સુમન્દ વહે,
સુણી જે વશવર્તી બની ઠરતા
હરણાં સમ અબ્ધિતરંગ બધા;
મૃદુ એહવું ગાન વહી વિરમે,
તદપિ શ્રવણે ધ્રુનિ તેની રમે;—
રૂડું ઇન્દ્રધનુ પ્રગટી જ શમે,
તદપિ મનમાં મૃદુ રંગ ભમે;—
મીઠડાં ફુલડાં યદપિ કરમે,
સ્મરણે ચિર તોય સુગન્ધ રમે;—
ત્યમ કાવ્યપ્રદર્શિત ભાવ બધા
વસજો હૃદયે રસભેર સદા.

નરસિંહરાવ.

સંક્ષિપ્ત ટિપ્પણ.

પા. ૧ કાવ્ય ૧. મંગળાચરણ.

પહેલી કડીમાં જગતકર્તાનું સુંદર લાલિત્ય આખા વિશ્વમાં વ્યાપી રહેલું વર્ણવ્યું છે. જગતમાં જે સૌંદર્ય દૃષ્ટિગોચર થાય છે તે બધું જગતકર્તાનું જ સૌંદર્ય પ્રતિફલિત થયેલું છે. કુસુમમાં મીઠી ગંધ, જ્યોત્સ્નામાં શીતળતા, ઉષાની મનોહરતા, કોકિલના કંઠમાં માર્દવ, એ બધી મહેશ્વરાની જ પ્રતિબિમ્બિત સુંદરતા છે.

બીજી કડીમાં જગતની આડે માર્ગે દોરનારી મોહની લોભાવનારી છે, તે સામે હૃદયને બળ દેવા માટે પ્રભુને પ્રાર્થના છે; એ ઈશ્વરનું શિવ અર્થાત્ કલ્યાણકારી સ્વરૂપ બતાવે છે; તથા ત્રીજીમાં સાધુ માણસોને વ્યાપી લેતા વિપત્તિ અંધકારને જ્ઞાનતેજથી દૂર કરવા તથા તેઓના મનરૂપી ગગનમાં શાંતિ બક્ષવાની વિનંતિ છે; એ ઈશ્વરનું મંગળ સ્વરૂપ બતાવવા માટે છે.

કેટલાક વાચકો આ કાવ્યમાં (અને કેટલાક બીજામાં પણ) વપરાયેલ સંસ્કૃત શબ્દો તથા કેટલીક વાર તો મહા મુશ્કેલીથી સમજાય (અને તેથી તેઓને પરાણે બેસારેલી લાગે) તેવી રચના સામે વાંધો ઉઠાવે છે. પરંતુ બહુજ ટુંકામાં દર્શાવેલ ઉચ્ચ વિચાર, સંગીતમાં જોઈએ તેવાં મનોહારી મૃદુતા અને મીઠાશ, શબ્દોની મોહક મિલાવટ અને કર્ણપ્રિય ચુંટણી, આખા કાવ્યમાં વહેતી ગંભીરતા અને ભવ્યતા—એ બધા ગુણો લક્ષમાં લેતાં, સંસ્કૃતમય શબ્દોના ઉપયોગથી આરોપાતા દોષ તદ્દન નિર્જીવ બને છે. અનારની મીઠી કળીયોનો રસ ચાખવો

હોય તો ઉપરની છાલ તોડી, અંદરનાં પડ કાઢી, રેસા દૂર કરી, દાણા છુટા કરવાની મહેનત તો પડે જ.

લીટી ૩, ૪ માં ગંધ, કૌમુદી, ઉષા, રવઃ એ બધાં ‘ સહુમાં ’ નાં જુદાં ગણાવેલાં અંગ છે,

લી. ૧૦ દિવ્યધામપંથ–દિવ્ય ધામનો પંથ.

લી. ૧૧ મથે, કર્તા—વિષયમોહની.

લી. ૧૩ પરિહરવા, કર્મ—મોહનીસુરા.

લી. ૧૩–૧૪ આ મધુરરવા મોહનીસુરા પરિહરવાને (અમારો) કર ધરી (હાથ ઝાલી), હે દયાકરા ! તું હૃદયમાં બળ આપજે.

લી. ૧૬ દમે, કર્તા–વિપદજલધરા. હરી તમને–(તમ =અંધારૂં) અંધકારને હરી લઇને–ખેસવીને–દૂર કરીને.

પા. ૨ કાવ્ય ૩. એ હૃદયરવ રેલાવનારા ઇ.

કમનીય કવિતાની કનકમય પાંખપર બેસારી વાચકોને અને જગતને પોતાને પથે–એટલે પ્રભુ બારણે લઇ જવાની વિનંતિ કવિવરો અને ગાયકગણોને સુંદર, કર્ણપ્રિય શબ્દોની મીઠી મીલાવટવાળી બાનીમાં કરવામાં આવી છે. જગતમાં શું શું સુંદર છે, તે બતાવી, તે સુંદર સુંદર પદાર્થોનાં ખરાં સૌંદર્યનો ઉપભોગ લેતાં જગતને શીખવવાની પણ યાચના છે; “ તમારાં આત્મમંદિરમાં કુદરતકલા રૂપ પ્રિય કોકિલાને પાળજો, તેનાં દિવ્ય કૂજનથી તમારાં અંતર અજવાળજો, જગતના દુઃખ કલેશ ભર્યાં અંધકારમય વ્યવહારમાં શાન્તિ અને પ્રકાશ આપનારાં કિરણો પ્રસરાવી અમારૂં જીવન આનંદમાં વિલસાવજો, અમારાં ઉડ્ડયનોમાં આડે આવતાં

વિઘ્નો વિદારી અમને ઉદ્ધારજો: મોહક, સુરમ્ય, અવનવીન સુંદરતાભર્યાં, પ્રીતિભર્યાં, રસ સીંચનારાં, અને એવા એવા અનેક લાભ આપનારાં અને સુખ વર્ષનારાં કુદરતનાં સુસંવાદી સંગીતથી કાવ્યરસગીતા વહેવરાવવા માટે તમારાં મનસદન ખુલ્લાં મુકી દેજો અને તેમાંથી અમીઝરણાંને સતત વહેવા દેજો " આવી આવી સુંદર માગણીમાંથી મોહક બનતું આ કાવ્ય કવિની સુંદર કલ્પનાનાં ઉડ્ડયનો બહુ અચ્છી રીતે બતાવી સૌંદર્ય અને કાવ્યાનંદનો સારો સ્વાદ ચખાડે છે.

પા. ૮ કાવ્ય ૬. વિનશ્વર ગાન.

લી. ૩. મધુરતા ઉદરે ૯૦ આનંદની મધુરતાના આસ્વાદથી ઉત્પન્ન થતા પ્રમોદની ધૂનમાં એકતાન થતાં હર્ષાતિરેક સાથે કંઇક ઉંડું શોકનું ભાન થાય છે. આ અનુભવ અંગ્રેજ કવિઓમાં ઘણીવાર દર્શાવેલો જોવામાં આવે છે. અત્યંત મધુરતાનો અનુભવ થતાં હર્ષ તો થાયજ, પણ સાથે શોકની લાગણીનો પણ અનુભવ થાય છે.

લી. ૭ મૌન સનાતન–eternal silence.

લી. ૯ બની હું સ્તબ્ધ રહ્યો ક્ષણવાર–જુઓ કીટ્સ.

And a drowsy numbness pains
my sense. (Ode to a nightingale).

લી. ૧૦ ગાન સુણ્યું ઉંડું ૯૦–ગાનમાં એકાગ્રચિત્ત થતાં, તેમાં વિલીન થતાં, જાણે ઉંડેથી તે ગાનના પડઘા રૂપે બીજું ગાન ચાલતું હોયની એવી ભ્રાંતિ થઇ. ગાનની અખંડ એકાંત લહેજતનું તદાકાર ચિત્ર પાડવામાં આ વર્ણન બહુ

સમર્થ થાય છે. માત્ર ગાનની લહેજતના આસ્વાદન ઉપરાંત તેમાં બીજા ઉંડા ભાવના અંતઃસ્રોત વહે છે. આ કડીમાં માધુર્યથી ઉત્પન્ન થતા શોકની વાત કરી છે, તે તેમજ 'મૌન સનાતનમાં મધુર' ઇત્યાદિ પંક્તિમાં જે મરણાદિક ગંભીર વસ્તુનું ચિન્તન છે, તે બંનેને ઉદ્દેશીને કહ્યું છે કે એ ગાનની પછાડી કાંઇ ઊંડું દિવ્ય ભૂમિનું, અનન્તતાનું ગાન સંભળાતું લાગ્યું.

લી. ૧૭ વિનશ્વર આત્મા ૪૦–સર્વ શાસ્ત્રમાં મનાતી વાતથી ગાનની ખુબી, ગાનનું શાસ્ત્ર તો કાંઇ ન્યારૂં છે. તેનો આત્મા નાશવંત અને શરીર અમર છે. ગાનનો ધ્વનિ–ગાનારના કંઠનો સૂર–તે સંગીતનો આત્મા કહ્યો છે. ગાયનને જ્યારે ગાતાં સાંભળીએ ત્યારે જ તેની ખરા રૂપમાં કદર થાય છે; પણ તે ગાન તો ક્ષણવાર જ ચાલે છે; ગાન બંધ થયું કે ધ્વનિ તો લય પામે છે, એટલે આત્મા તે નાશવંત અને ગાયનના શબ્દો તે અમર છે. કવિતપદ તે શરીર અને એમાં જીવ પ્રેરનાર ગાન તે આત્મા. આત્મા નાશવંત અને શરીર સ્થાયી એ અન્યાય જ ગણાય.

પા. ૧૦ કાવ્ય ૮. સહસ્રલિંગ તળાવ ૪.

આપણી ભાષામાં પુરાતન શહેરની કે પૂર્વે થઈ ગયેલા મહાત્માઓની પ્રશસ્તિનાં કાવ્યો ઘણાં જૂજ જોવામાં આવેછે. જ્યાંસુધી પ્રાચીન મહાપુરુષો કે સ્થળોની પુરી પિછાન થાય નહિં ત્યાંસુધી બીજા મહાપુરુષોના ઉદ્દ્ભવનો સંભવ ઘણો થોડો રહેછે એવું એક જર્મન લેખકનું કહેવું છે.

સ્વદેશ વિષે–તેમાં રહેલી પરવશતા, કાયરતા, તથા નિરૂત્સાહીપણાં વિષે કવિશ્રી નર્મદાશંકરે થોડુંઘણું લખ્યું છે, પણ સ્વદેશના મહાત્માઓ તથા રમણીય સ્થાનોની યોગ્ય કદર કાવ્યમાં થઇ નથી એ શોચનીય છે.

લી. ૯ કોણ એહવો જેહ ૪૦ સવાલો જેમ વિશેષ પુછાય તેમ સ્વદેશચિંતવન વધારે થવા સંભવ છે..

Men are we, and must grieve when even the shade

Of that which once was great is passed away.

પરદેશ માટે પણ આવી ખેદની લાગણી થાય એવું એક મહાકવિનું વાક્ય વાંચીયે તો પછી સ્વદેશ માટે બે અશ્રુ પણ પડે તેમાં શું નવાઇ ?

પા. ૨૧ કાવ્ય ૯. હિન્દનું ઐતિહાસિક સિંહાવલોકન.

આ ઐતિહાસિક મહત્ત્વભર્યાં કાવ્યમાં જે કાંઈ કહેવા જાણવા જેવું છે તે તો એક પ્રતિષ્ઠા પામેલા સાક્ષરને હાથે 'પૃથુરાજરાસા'માં કહેવાયું જ છે, માટે જીજ્ઞાસુને તે પુસ્તકમાં જોઇ લેવા વિનંતિ છે.

પા. ૧૬ કાવ્ય ૧૦. ત્રિખંડ ત્રિવેણી.

ત્રણ નદીઓ જ્યાં સંગમ પામે તે સ્થાનને ત્રિવેણી કહે છે, અને તે સ્થાન ઘણું પાવન ગણાય છે. હાલમાં એશીયા, યુરોપ અને આફ્રિકા એ ત્રણ ખંડનો જે સમાગમ

થયો છે, તેને આ કાવ્યમાં ત્રિખંડની ત્રિવેણી એમ કહેવામાં આવેલ છે. ૨૦ લીટી સુધીમાં સમુદ્ર પર સફર કરતાં વિશ્વનું જે સુંદર સ્વરૂપ ચક્ષુને આનંદ પમાડે છે, તેનું વર્ણન છે. ત્યારપછી દશ લીટીમાં પૂર્વે થઇ ગયેલાં મોટાં રાજ્યોને સ્મરણાંજલિ અર્પી હાલમાં થયેલી ત્રિવેણીનાં ભવિષ્ય માટે શુભ આશા રાખવામાં આવી છે, અને છેલ્લી લીટીઓમાં ત્રણ ખંડનાં સ્વરૂપ બતાવવા સાથે અકળ કળા ઉર્જિત કરવાના તથા ભાવિ ઉન્નતિની આશાથી જન્મ પામતા સંતોષના ઉદ્‌ગાર સાથે કાવ્ય પૂર્ણ થાય છે.

સાગર અને ચંદ્રા જેવીજ શોભાવાન, ભવ્ય અને શીતળ સુખદાયિ, તથા રસની રેલ વહનાર આ ત્રિવેણી 'નવચેતન કોઇ દિન અમને ચેતવશે' ઇત્યાદિ આશા સફળ હો !

પા. ૧૮ કાવ્ય ૧૧. ઉષા.

ઉષા—પ્રભાત—પોતાનાં જગતને ઉપકારક અને આનંદજનક કામોથી ખુશી થતી પોતાનું જ વર્ણન કરે છે.

સનાતન યૌવન—કારણ કે ઉષા હમેશાં જુવાન જ છે.

વૃત્તિ એ ઉદાર૦: ઉદાર કાર્ય કરનારા હમેશાં પ્રસન્નચિત્ત જ રહે છે.

આનંદ લ્હાતી—આનંદનું લ્હાણું કરતી.

સંધ્યારૂપ ધરી ફરી૦—ઉષા અને સંધ્યા એ એક જ છે. રવિનાથની પ્રભાતમાં ભેટ લેનાર ઉષા નામે અને સાંજે ભેટ લેનાર સંધ્યા નામે ઓળખાય છે.

પા. ૧૯ કાવ્ય ૧૨. પ્રભાતની વાદળીને.

લી. ૪ નિધિમાત–સમુદ્રમાતા.

અણસમજુ લોકો વાદળાં સમુદ્રમાંથી પાણી ભરી લાવે છે એમ માને છે: હવે તેવી માન્યતા ભાગ્યેજ કોઈ બાળક પણ સ્વીકારતું હશે. સમુદ્રનાં પાણી વરાળ રૂપે ચડે અને તેની વાદળી થાય એટલે વાદળીને સમુદ્રની પુત્રી કહેવામાં એક રીતની યોગ્યતા છે એ સમજી શકાશે.

વાદળીની માતા નિધિ (દરિયો–સાગર હમેશાં નરજાતિ વાચક હોઈ તેને માતા કહેવામાં અમુક જાતની અણઘટતી માન્યતા સ્વીકારાઇ છે: એવી માન્યતા કાવ્યના ગુણમાં ક્ષતિ કરનારી નીવડે છે.) અને તેનો પિતા સૂર્ય: વાદળીને બનાવનાર સૂર્ય છે એટલે તે માન્યતામાં કોઈ જાતની અયોગ્યતા નથી, બલ્કે સૌંદર્ય અને મજા છે.

લી. ૫ થી ૮–વાદળી આગળ જાય છે ત્યાં પ્રભાત પોતાનાં દ્વાર ઉઘાડી સુખવાડી ખીલવી રહી છે.

લી. ૯ થી ૧૨–ત્યાં પવનરૂપી વિમાનમાં બેસી, નભ ઘુમટમાં લહરે–વાયુની લહરે–લસતી–નાચતી, ગેલતી, ઉડતી ઉડતી આગળ જા ! તું આમ જાય છે ત્યારે તારા સૌરભમાં (સૌરભ એટલે સુગન્ધ એ પ્રચલિત અર્થ: તેનો બીજો અર્થ 'કેસર' થાય છે. તેથી પ્રભાતના રંગે રંગાઇ કેસરી બનેલાં તારાં સ્વરૂપમાં એવો અર્થ ઘટાવવો પડશે) હું મોહ ધરૂં છું–સૌરભથી મોહ પામું છું.

લી. ૧૭ જ્યાર–ત્યાર=જ્યારે–ત્યારે.

લી. ૨૫ તવ હું તુજ એ સહુ ૯૦: પ્રભાતની વાદળીમાં દૃશ્યમાન સૌંદર્યમાં કલ્પનાના આપેલા રંગો કવિ ભેળવે છે અને તેથી એ બધા રંગ કવિના હૃદયમાં નવું–નવીજ જાતનું, કાંઇ ઓર તરેહનું–નૃત્ય કરી રહે છે.

લી. ૩૯ તુજ તંબુ કરી–તંબુ જેમ સૂર્યના તાપથી રક્ષણ કરે છે, તેમજ વાદળી પણ સૂર્યની આડે આવી તાપથી રક્ષણ કરે છે, તેથી તેને તંબુ બનવાની વિનંતિ.

વાદળીની સાથે કવિ પણ આગળ અને આગળ વધતા હોય એવી કલ્પના છે.

સૂર્યની બહુ નજીક આવતાં, તાપથી રક્ષણ થવા વાદળીને વિનંતિ કરી, રવિ પાસ આવી રહ્યા અને દિવ્ય તેજનાં ઝરણાં નિહાળતાં–અનુભવતાં–એવો હર્ષ થઇ ગયો કે તે શબ્દોથી કહી ન શકાય એટલે

અહહા ! અહિં હર્ષ ભરે ઘટ શું !

થી કાવ્યની સુંદર રીતે સમાપ્તિ થઈ.

પા. ૨૧ કાવ્ય ૧૩. ગોપિકા.

વાચક મહાશયોને આ કાવ્યની નવીનતા પ્રતીત થયા વિના રહેશે નહિંજ. ‘ સુન્દરી સુબોધ ’ના યુવાન પ્રકાશકોને દેશસેવામાં જુદી જુદી રીતે ભાગ લેવા માટે જે અતિઘણો ધન્યવાદ ઘટે છે, તેમાં આવાં નવીન કાવ્યો લખવાનો પણ ઉમેરવો જોઇએ. ‘ દુધ ને રોટલો ’ અને ‘ગોપિકા’ એ બે તદ્દન ન્યારી જ રીતિનાં કાવ્યો છે–એવાં કાવ્યોની ખોટ ગુજ-

રાતી સાહિત્યને હજી ક્યાંસુધી ભોગવવી પડશે એ કહી શકાતું નથી; કારણકે આવા પ્રયાસો બહુજ ગણ્યા ગાંઠ્યા છે. આ પછીનું કાવ્ય 'ધણ' એ પણ આ વર્ગનુંજ છે. આવાં કાવ્યોને 'ગોપકાવ્ય' નામ અપાય છે.

આપણામાં શ્રીકૃષ્ણ સંબંધેનાં કાવ્યો—તેની ગોકુલમથુરાંની લીલાનું વર્ણન કરનારાં કાવ્યો—એક અંશે ગોપકાવ્યો કહી શકાય. પરંતુ તે કાવ્યોમાં 'ગોવાળીયાની એક દિવસની જીંદગીનુ વર્ણન' અથવા તો તેની જીંદગીના અમુક પ્રસંગનું વર્ણન હોતું નથી. ખરાં ગોપકાવ્યો તો તે હકીકતથી આપણને પરિચિત વસ્તુમાંથી ઉત્તમ આનંદ શોધી આપવાના હેતુથી શરૂ થાય છે અને તેમ કરવામાંજ તેમનો અંત છે. પરંતુ કૃષ્ણ લીલાનાં કાવ્યોમાં કુદ્રત સાથેના સંબંધથી ઉભરાઇ આવતી વર્ણન વાગ્ધારા ભાગ્યેજ નજરે પડે છે. તેમ અમુક પદ્ધતિનાંજ બધાં લખાયેલ હોવાથી તેનું એકમાર્ગીપણું વૈવિધ્યને સ્થાન આપી શકતું નથી,

આપણામાંથી તો ગામડાંની રહેણી કરણીનો ઘણાને અનુભવ હોય છે, કુદ્રત સાથે નિકટ સંબંધમાં ઘણા આવેલા છે, છતાં ગ્રામ્ય પ્રસંગો, ગ્રામ્ય પ્રદેશો, કે ગ્રામ્ય જનના આચાર વિચાર અને સ્વભાવસરણી—આમાંથી કશું પણ કોઇ લેખકની કલમથી લખાતું નથી એ ખરેખર શોચનીય છે. નર્મદાશંકરે કેટલાક પ્રયાસો કર્યા હતા પણ તેથી કાવ્ય ભંડારમાં સારો વધારો થયો એમ કોઇ કહેશે નહિં. આશા છે કે આવાં કાવ્યોનાં વાચન પછી આપણા જુવાન લેખકો આ વિષય તરફ લક્ષ ખેંચશે અને પોતાના લેખોમાં નવીનતા દાખવશે.

ઉપરની ટીકા લખ્યે બાર વર્ષ થઇ ગયાં. તેટલા સમયમાં 'ગોપ કાવ્યો' નામનો એક લગભગ પોણોસો કાવ્યોનો સંગ્રહ રા. કલ્યાણજી વીઠ્ઠલભાઈ મહેતા તથા રા. ચુનીલાલ રામચંદ્ર શેલતના સંયુક્ત પ્રયાસથી બહાર પડયો છે તે વાંચકોની જાણમાં હશે. જે જાતનાં કાવ્યોની આશા રાખતામાં આવી હતી તેવાં ઘણાં તો તેમાં દેખાતાં નથી એ ખેદ તો હજુ ચાલુ જેવો જ છે.

પા. ૨૨ કાવ્ય ૧૪. ધ્રાણ.

ગોપગીતો યુરોપીય સાહિત્યમાં ઘણાં છે. મથુરાંના આહિર લોકો પોતાના દેવોને આર્યો પાસે પૂજનીય કરાવી શકયા અને કૃષ્ણપૂજા તેમની પાસે અંગીકરાવી ત્યારે એક અપ્રતિમ-મનોહર ગોપકાવ્યથી સંસ્કૃત સાહિત્ય વિભૂષિત થયું. કળાના સ્રોતમાં આ કાવ્ય ભાગવતમાં સ્થાન પામ્યું અને દશમસ્કંધ તરીકે વિખ્યાત થયું.

જગદેવે અમર ગીતગોવિંદ લખી એ રસિક ગોપકાવ્યનો પ્રસાદ મેળવવાનું સુલભ કર્યું. મુસલમાનોના આક્રમણને લીધે સંસ્કૃત સાહિત્ય વિનષ્ટ થતું ચાલ્યું અને પ્રાકૃત સાહિત્ય ઉદય પામ્યું તેવામાં કાવ્ય પ્રેરણા અનુપમ ગોપ-કાવ્યે ભારતમાં સર્વત્ર પ્રસરાવી. આ કાવ્યોના અંતર્પટમાં ગર્ભમાં ભક્તિરસ સ્ફુરે છે. આ ગોપકાવ્યોના નાયક શ્રીકૃષ્ણને પરમાત્મા લેખવામાં આવ્યા છે.

રા. ન્હાનાલાલનું 'ધણ' આથી ઉલટી રીતનું છે. ગોવાળીઆની એક દિવસની જીંદગીનું વર્ણન છે. આ જીંદગી અવલોકતાં જે સાત્વિક ધાર્મિક ભાવો ઉઠે છે તેમાં કવિ આપણને નિમજ્જન કરાવે છે. શ્રમ વિના–અનાયાસે આનંદથી સાધારણ ગોપકથામાંથી અધ્યાત્મક કથામાં આપણે ઉતરી પડીએ છીએ.

રણજીતરામ વાવાભાઇ.

પા. ૨૫ કાવ્ય ૧૫. સાગર અને શશી.

કાવ્યનું વસ્તુ અસાધારણ નથી. સાગરપર શશીના ઉદયથી થતા મનોરમણીય દેખાવથી મહાન્ પિતા તરફ ઉપકારની લાગણી ઉભરાય છે. સર્વ સંતાપ સમાવનારા એ દેખાવનું વર્ણન છે. તે વખતનો હૃદયને આનંદપૂર્ણ કરતો સૃષ્ટિનો ઉલ્લાસ, પૃથક્ પૃથક્ પદાર્થોનો ઉમંગભર્યો વિલાસ, અને તેથી એક પ્રસાદી હૃદયમાં ઉભરાતી સૌંદર્યની કદર તથા ઉપકારની લાગણી બહુજ કોમળ, રસિક, શબ્દોમાં દર્શાવાઇ છે.

લી. ૩–૪ સ્નેહના સરખો ધન તથા કુસુમ વનના વિમલ પરિમલ સરખો ગહન હર્ષ નિજ ગગનમાં એટલે હૃદયમાં ઉંચો ચડે છે.

લી. ૪. પામે, કર્તા—હર્ષ.

લી. ૫. ચન્દ્રને જ પિતાનું નેત્ર કહેલ છે.

પા. ૨૬ કાવ્ય ૧૬. સરોવર.

શેત્રુંજાના શિખર ઉપરથી પર્વતની ફુહેડમાં વિરાજતું એક ન્હાનું સરોવર દેખાય છે. અવિભૂતિવન્તું, ન્હાનકડું, નિર્મલ જલ માત્રથી ભરેલું, ઘાસહીણ, ઝાડીના ઘેરાવઘુમ્મટ વિનાનું, લીલોતરીવિમુખ, પત્થરોની વચમાં તે સરોવરની શોભા કંઇક વિરલ છે. સ્હવારના સમયે પર્વતનો પડદો આડો આવે છે તેથી સૂર્યતેજનો પ્રતાપ પણ ત્હેના ઉપર નથી પડતો, તેમજ પવન પણ ત્હેને પટ કરચલી નથી પાડતો. લહરી, તેજ કે લીલોતરી: કંઇ પણ અલંકાર વિના સાદી સરલતામાં સ્થિર–અનિમિષ–વિકસેલા વિશાળ નયન જેવું–તે સરોવર કંઇક ગહન વિમલ સૌન્દર્ય દાખવે છે.

ના. દ. કવિ.

પા. ૨૭ કાવ્ય ૧૮. આરોહણ.

સાથીની સાથે પર્વતલીલા નિહાળવા તેપર ચડવાનું શરૂ કર્યું છે. થોડું ચાલતાં તેમાંથી એક જુદો પડી ગયો છે. તે જુદો પડેલ જણ આ કાવ્યનો વક્તા છે. આખા કાવ્યમાં પર્વતનાં આરોહણ સાથે વિચારનાં આરોહણનો અર્થ પણ વ્યંજીત થયેલ છે.

લી. ૯–૧૦ પર્વત પરથી નીચે લીટી જેવી દેખાતી નદીઓ, નાના ઝુંડ જેવાં દેખાતાં વનો અને નાનાં ઝુપડાંના સમુદાય જેવાં દેખાતાં ગામોનો સુંદર ચિતાર અપાયો છે.

લી. ૧૦ વિશાળ ખેતરોવાળી ચારે તરફ વનથી વીંટાઇ રહેલી ખીણો.

લી. ૧૩ પ્રતિપદે દિશાઓ ખસે, સરખાવો–

વાધ્યું હું ત્યાં વાધે વનવાટ.

(સરસ્વતીચંદ્ર. ૪. ૨૮.)

લી. ૧૪–૧૮ સંસારનાં સર્વ ધમસાણો ત્યજી દઈ, પર્વતપર હલકી હવા માણતાં માણતાં શાંત અને સુખી થયેલાં હૃદયમાં આવા આવા વિચારો આપોઆપજ સ્ફુરે છે તેની ખાત્રી જેઓએ એવો અનુભવ કર્યો હશે તેને તરત થશે.

લી. ૧૮ ભંગ સંકલ્પના—સંકલ્પ—ઇચ્છાઓ—ભંગ=મોજાં-જેમ સમુદ્રમાં મોજાં ચડે ને ભાંગે તેમ વિધિ—કિસ્મત-સાગરમાં સંકલ્પરૂપી મોજાંઓની પણ તેવીજ ધમાલ લાગી રહી છે, ભંગ—'નિરખો' નું કર્મ.

લી. ૧૯–૨૪ અવનિનાં જલ ધુમસ રૂપે ચડે અને એ ધુમસની આછી વાદળીયો જાડાં થઈ તથા પાંદડાં વગેરેમાં કરતાં તેનાં જે ટીપાં બાઝેલાં છે તેનું આ ભવ્યતાભર્યું, હૃદયને વર્ણન—સૌંદર્યની મોહકતાથી ભરતું, રમણીય બયાન છે; ખરાં કવિત્વનો પ્રસાદ બતાવી આપે તેવાં ચિત્રો જ્યાં ત્યાં મળી આવતાં નથી. થોડા વખતપર કહેવામાં આવ્યું હતું તેમ ભલે આવા લેખકોને કવિના કરતાં રસિકનું નામ વધારે યોગ્ય હોય, તોપણ આવાં રસિકત્વમાં કવિત્વની છાપ સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે. એક અંગ્રેજ લેખક કહે છે તેમ જો કવિતાના સંગ્રહ ઉપર ન જોવાય પણ માત્ર તેના ખરા ગુણ ઉપર જોવાય તો પછી આવાં આવાં ચિત્રો આપનારને કવિત્વના પ્રસાદથી અનુગૃહીત કહેવામાં કશો દોષ થતો હોય એમ લાગતું નથી.

લી. ૩૪ શકુંતકલગી—શકુંત પક્ષીની કલગી.

ચળકબુંદ હીરામય—હીરાજેવાં ચળકતાં બુંદ—પાણીનાં ટીપાં.

ખચે—કર્તા જલો (લી. ૧૯) તરે, સુવે, રચે, ભરે, ખચે ઢાંકી લે, શોભતા કરે, પરિષ્વજે એ બધાંનો કર્તા

જલો છે. લી. ૨૫. કપિ જ–કપિ જેવા એડોળ.

લી. ૨૬ કઠિન ચિત્ત કોમલ સરે–કઠિન શિલાઓનાં ચિત્તમાં–ઉરમાં–કોમલ જલ સરે છે–પ્રવેશ કરે છે.

લી. ૩૮ કવિ. Byron બાયરન.

લી. ૫૨ પદવિ. પગલાં નહિ પણ વાળ વગેરે ચિન્હ.

લી. ૫૪ સત્યવર વત્સ–સત્યને વરનાર–પસંદ કરનાર વત્સ–બાળ (બોલનાર પોતે)

લી. ૬૨ લપેટી=અવ્યય કૃદંત; કર્મ=બીણ.

લી. ૬૫–૮ આ ચિત્ર પણ મનોહર અને તદ્રૂપ છે. એવા એવા વિચારો અને ચિત્રોથી આખું કાવ્ય 'ખચિત' છે અને ઉત્તમ વર્ણનાત્મક કાવ્યોમાં ઉંચું પદ પામે છે.

લી. ૯૭ ગભીર અને સ્થિર સ્મિતભરી એ બે દિવ્ય શાંતિનાં વિશેષણ છે.

લી. ૯૭–૯૮ જગતમેલ, વિદારીનું કર્મ; પાપડંખ, વિસરાવીનું; અને દુઃખ રૂજ કરીનું; તેમ આત્માશિશુ, અંક સુવરાવીને તથા યોગ્ય કરતીનું કર્મ છે. આ બધામાં 'કરંતી' એ સંપૂર્ણ ક્રિયાપદ છે, ને બીજાં અવ્યય કૃદંત છે–બધાનું કર્તા ' દિવ્ય શાંતિ ' (લી. ૯૬.)

લી. ૧૦૧ થી તે અંતસુધીમાં ઉપર કહેલી દિવ્ય શાંતિને સંબોધન છે. ચેતન ઉર તે જ દિવ્ય શાંતિ.

સતસ્વરૂપ, ભાસ્કર એ પણ તેનાં જ સંબોધન છે. શાશ્વત્ પ્રભ એ સતસ્વરૂપનું તથા સંકર્ષણ, નિધાન વગેરેનું વિશેષણ છે.

લી. ૧૧૪ કાલ નટરાજ–કાલરૂપી નટરાજ.

લી. ૧૧૫ રંગમાં–રંગભૂમીમાં.

સૂત્ર—નાટકની વ્યવસ્થા તે સૂત્ર. પુતળાંનો ખેલ કરનાર એક સૂત્રને આધારે બધાં પુતળાંને નચવે છે તેથી તે ખેલ કરનાર સૂત્રધાર કહેવાય—તેમ નાટકની સર્વે વ્યવસ્થા કરનાર પણ સૂત્રધાર કહેવાય છે. આંહિ પણ કાલ નટ છે ને તેને નચાવનાર તે નાટકનો સૂત્રધાર—તુંજ—દિવ્યશાંતિજ છે.

પા. ૩૨ કાવ્ય ૧૯. ગિરનારને ચરણે.

રા. કવિ જ્યારે ગિરનાર યાત્રાએ ગયા ત્યારે તે ભવ્ય, પુરાણપ્રસિદ્ધ પવિત્ર પર્વતે તેમનાં હૃદયને જે આંદોલન આપ્યું હતું તેનું આ કાવ્યમાં વર્ણન છે. તેમાં બાહ્યવર્ણન છે તે કરતાં ગંભીર પર્યેપક વિચારોનો પ્રવાહ વધારે અસર કરનાર છે. લેખકને ત્યાંના શિલાલેખ ઉપરથી ઐતિહાસિક અને ઘણું જ પૌરાણિક દર્શન થયું હશે એ દેખાઈ આવે છે.

કાવ્યમાં લીટીએ લીટીએ તન્મયતા અને તેથી પેદા થતો આનંદ ભરાઈ આવે છે. શબ્દો અને વિચારોનો સુખમય કર્ણપ્રિય સંવાદ સ્વાભાવિક રીતે જ થયેલો માલમ પડે છે. કેટલીક લીટીઓ તો શબ્દમાં, વિચારમાં, ઉદ્ગારમાં અને અસરમાં એવી તો ભવ્ય, મધુર, અને મોહક છે કે તેના રણકાર કાનમાં ઘુમ્યાજ કરે છે. ‘ જ્યાં ઉડતા અમિત ભાર્ગવના ફુવારા’ ‘ઘોરે અઘોર નીર સાગર કાલ કેરો’ ‘મોંઘો સખિ ! બ્રહ્મપરાગ ઉડે’ વગેરે લીટીઓ ઉપલી ટીકા કેટલે દરજ્જે વાસ્તવિક છે તે બતાવી આપે છે.

તે લીટીઓમાં અર્થભર્યા શબ્દો, ગાંભીર્ય ભર્યો અર્થ, માધુર્ય ભરી મિલાવટ, અને મોહક અને ભવ્ય ધ્વનિ એ બધાં એવી

તો ઉમદા રીતે, ગંભીરતાથી અને અસરકારક રીતે આવી રહેલ છે કે તેને માટે 'noble thoughts nobly expressed' એ સૂત્ર વિનાશંકે વાપરી શકાય.

ઉપર કહ્યું જ છે કે કાવ્ય એકલું વર્ણનાત્મક નથી. વર્ણનનાં ચિત્ર કરતાં, વિચાર અને ગંભીર મર્મનાં જે ચિત્ર તે ખડાં કરે છે તે ખરેખર અદ્દ્ભુત જ છે. 'તો શૈલને જડ પછી, વદતું સખી ! કાં ?' 'શું સ્થૂલ સૂક્ષ્મ લહરી નથી એક પૂરે ?' વગેરે લીટીઓ કવિના મનમાં રમી રહેલા તત્વજ્ઞાન સંબંધેના વિચારો બતાવી આપે છે. બેશક, આપણે કબુલ કરવું જ જોઇશે કે આવાં સર્વાંગસુંદર કાવ્યો આપણા સાહિત્યમાં ઘણાં જુજ છે.

(હરિલાલ કલ્યાણરાય માંકડ બી. એ. એલ એલ. બી. ની નોટ ઉપરથી).

(રા. હરિલાલે દરેકે દરેક લીટીનો મર્મ અને રહસ્ય તથા ગાંભીર્ય સ્ફુટ કરી વિચારવાળું વિવેચન કરેલું છે, પરંતુ સ્થળ સંકોચને લીધે આટલું પ્રાસ્તાવિક ટિપ્પણ જ દાખલ કરી શકાયું છે. હિ. ગ. અં.)

પા. ૩૭ કાવ્ય ૨૧. ફ્રોયસાગર.

ફ્રોયસાગર નામનું અજમેર પાસે એક તળાવ છે તે ચોતરફ ફરતી ધારોની વચમાં આવી રહેલ છે.

તેને કાંઠે જ એક બાજુની બરાબર વચમાં માલતીમંડપ છે. ફરવા જોવા આવનારા લોકો એ મંડપમાં કે એ કાંઠે 'બંધ' ઉપર બેસે છે. તે મંડપમાંથી દેખાવ ઘણો ભવ્ય અને રમણીય લાગે છે.

લી. ૧. વાદળી ઝરમર ઝરમર ઝીણો વરસાદ પાડી ગળી ગઈ—વરસાદ રૂપે પડી ગઇ.

લી. ૨. અંધારી—અંધી.

નીરવછદગતિ—વિશેષણ. વિશેષ્ય—અંધારી. નીરવ—અવાજ વગરની—છદ—પાંદડાંની—ગતિ જેવી ગતિ છે જેની તેવી અંધારી તેવી અંધારી શૈલના શૃંગપર જઇને વિરામી.

ઉપર નીચે ચારે તરફ વર્ષાદ વર્ષતો હતો તેટલી વાર અંધારી હતી. તે નીચેથી ચડીને તેમ ઉપરથી ઉતરીને પણ શૈલશૃંગો ઉપર રહી. અંધકાર સર્વત્ર હતો તે માત્ર શિખરો આગળ રહ્યો.

લી. ૪. રેખાભ્રમાલ=પાતળી વાદળીઓની માલા.

લી. ૯. કોરેથી—જમણી બાજુથી ચંદ્ર ઉગતાં તેનાં કિરણ પાણીપર પડતાં તે પાણી—સર—ચળકયું અને પાછું વાળી જોતાં ઇન્દુનું બિંબ ધારપર શોભી રહેતું દેખાયું.

લી. ૧૩. અયિ શશી ઇત્યાદિ—તું શશીને આ ચિત્રનો સાર ગણે છે શું?

લી. ૧૪. જાણે ત્હારો—શાંતિમાં એકદમ નીકળતો તારો સ્વરજ જાણે આ સર્વ ચિત્રનો સાર હોય એમ હું જાણું છું.

પા. ૩૭ કાવ્ય ૨૨. એક ચિત્રદર્શન.

આ કાવ્ય જેમાં હંસ નામના ચિત્રકારનાં ચિત્રનું વર્ણન છે તે પર આપણા માનવંતા પ્રથમ ટીકાકાર શ્રી નવલરામભાઇએ જે ટીકા કરેલી છે તે નવલગ્રંથાવલિના બીજા ભાગમાં છપાઇ છે. જીજ્ઞાસુને તે જોઇ લેવા વિનંતિ છે.

૩૮ મે પાને છેલ્લી લીટીમાં 'ફૂપન આગળે' છે તેને બદલે '**કૂપની** આગળે' એમ વાંચવું.

પા. ૪૦ કાવ્ય ૨૩. વર્ષાવર્ણન.

વર્ષાકાળ, વાદળાંઓનાં બદલાતા દેખાવ, વર્ષાદ પડી રહ્યા પછી વિશ્વમાં વ્યાપી રહેતું અનુપમ સૌંદર્ય, તથા તેથી મનુષ્યના હૃદયમાં જામતી રતિ—આનંદ—એ બધાનું આવું તાદૃશ, હારક અને ભવ્ય વર્ણન ભાગ્યેજ બીજે મળી શકશે. આપણી ભાષામાં વિશ્વલીલાનાં વર્ણન ઘણાં નથી. લેખકો સાર સમજાવવાનું, બોધ આપવાનું, ઉપદેશ આપી કૃતાર્થ થવાનું, તથા જગત્ કર્તાના મહિમાના ગુણ ગાવાનું કે કાંઇ તત્વજ્ઞાન સંબંધી વિચારો કરવાનું વધારે પ્રિય ગણે છે. નવી લેખક પ્રજામાં વર્ડ્ઝવર્થ જેવાં વર્ણન તથા શેલી જેવી નિરાશાભરી નજર તથા ભ્રમણ કરતી કલ્પના કંઈક અંશે આવતાં જણાય છે, પરંતુ તેઓના ઉત્તમ ગુણો આવવાને હજી વાર છે એમ ભાસે છે. કીટ્સ જેવાં સુંદર, નર્યાં કુદ્રત વર્ણન તો ભાગ્યેજ મળે તેમ છે. આ કાવ્ય તેવી ખોટ પુરી પાડવા સમર્થ છે ખરૂં, પણ જગત્ સૌંદર્યના જ્ઞાતા તથા વક્તા હજી જોઇએ છીએ.

લી. ૧૫–૨૦ વાદળામાં થઇ પ્રકાશતા સૂર્યનું ચિત્ર કેવું તાદૃશ તથા મનોહારી છે !

લી. ૧૪ આ—વિશેષ્ય દિનમણિ.

લી. ૧૫ બની—દિનમણિ સાથે જાય છે.

લી. ૧૭ સઉ હસતી સૃષ્ટિ પર સ્નેહ થકી મધુર રીતે રાજતું અર્ધ બિંબ.

લી. ૧૯ શશીના કટાક્ષ–કિરણ.

લી. ૨૧ સલિલગર્ભ મેઘ–સલીલથી ભરેલો મેઘ.

લી. ૨૨ દેખાડે, કર્તા–મેઘ.

લી. ૨૪ તે તણી આસપાસ–તે એ ત્રણ બિંબની આસપાસ.

લી. ૨૯ કંઇ–આ ને બીજી લીટીઓમાં આવતાં કંઇ (અને કંઇક, કેટલાક, કોઈ કોઇ) મેઘોનું વિશેષણ છે.

લી. ૩૩ ગ્રહેલા, "રંગ" નું વિશેષણ. સૂર્યકિરણ અને વારિસાથે સમાગમ પામી prismatic બનેલા "મેઘે" ગ્રહેલા રંગો; બીલોરમાં રંગ ઉત્પન્ન થાય છે તે રીતે મેઘમાં થયેલા.

લી. ૪૦ થી ૬૩ સુધીમાં ક્ષણે ક્ષણે બદલાતા વાદળાંના રૂપનું અચ્છું વર્ણન છે.

લી. ૫૦ પર્વત–મંદાર પર્વત હજી પક્ષધારી છે–તેને પાંખ છે. જ્યારે ઈંદ્ર વજ્ર લઇ પાંખ કાપવા આવ્યા ત્યારે તે સમુદ્રમાં પડી સંતાઇ ગયો છે. શું તે પર્વત આજે સમુદ્રમાંથી બહાર નીકળી આવ્યો છે ?

લી. ૬૦ પાડતી, નાચતી, બાઝતી, ગાતી, કરતી એ સંપૂર્ણ ક્રિયાપદ છે. કર્તા, સભા (લી. ૫૮). લી. ૬૧ બની-અવ્યય કૃદંત.

લી. ૬૩ વર્પતી–સંપૂર્ણ ક્રિયાપદ. કર્તા–રતિ.

લી. ૬૯ થી ૮૭ સુધીમાંનું વર્ણન કલ્પનાની સુંદરતા, મનમોહકતા બતાવી આપે છે એ બયાન એવું તો ખુબી ભર્યું છે કે વાંચતાં વાંચતાં હૃદય પૂર્ણ પ્રમોદ પામી પૃથ્વીના તલપરથી ઉડી દિવ્યતાના, સુંદરતાના, પ્રદેશમાં નિરંકુશ વિહાર કરતું ફરે છે.

લી. ૭૧ 'સરવર ઉપર'થી લી. ૭૪ 'પ્રસરે' એ ઉપમાનકથન છે.

લી. ૭૪ પાડી, કર્તા—સમીરે લી. ૭૦.

લી. ૮૧ ચળકતો, ગાજતો, એસી એ કૃદંતો પયોધર સાથે જાય છે.

લી. ૮૩ છેડે, કરતો, વર્ષ્યો, છાઇ દીધા એ ક્રિયાપદોનો કર્તા પયોધર. લી. ૮૩.

લી. ૧૦૧ મનુજ ચિત્તમાં જેમ હર્ષ ને શોક ઘડી ઘડી પલટાયા કરે છે, સરખાવો. કલાપી, 'પ્રેમની આશિષ'.
'કાળો પટો કોઇ, કો સોનેરી, કોઇ રડાવેને કોઇ હસાવે;
'અશ્રુ સુકયાં ના, હાસ્ય થયું ત્યાં, હાસ્ય પછી અશ્રુ પલમાં પડેછે.'
તેમ વીજળી પણ ભુવનને અંધકારથી વારેઘડીયે વ્યાપ્ત કરેછે.

લી. ૧૧૬ પ્રસારી લાંબા ધારાકરને ઇ. સરખાવો મૃચ્છકટિક.

जलधर * * * *
* * धारागहस्तैः परामृशसि.

પા. ૪૪ કાવ્ય ૨૪. વૃષ્ટિ.

કવિ નર્મદાશંકરે ગુજરાતી કવિતાખાં સજીવારોપણનો અભાવ છે એમ કહી જે શોચ જણાવ્યો હતો તે શોચ કંઇક અંશે દૂર કરે તેવાં સજીવારોપણ સ્નેહમુદ્રાકારે લખી ખોટ સારી રીતે પૂરી પાડી છે. તે આખા કાવ્યમાં (સ્નેહમુદ્રામાં) ઘણા ખરા પ્રસંગો તેવા જ છે. અચેતન વસ્તુઓને ચેતન પ્રાણી પેઠે પોતાનાં સ્વરૂપનું ખરૂં બયાન કરતાં શીખવ્યું છે. તારા, આકાશ, વૃષ્ટિ, નદી, વગેરે આ સંગ્રહમાં દેખાતાં કાવ્યોમાં પણ તે તે પદાર્થો પોતા વિષે પોતેજ બોલે છે એમ સમજવાનું છે.

આ બધાં સજીવારોપણમાં જે વિચારસ્રોત અખંડ, અક્ષુભિત વહ્યા કરે છે, તે તે પ્રાણીપદાર્થનાં ચલનવલન, સ્વભાવ તથા ટેવ, જીવનહેતુ તથા જગતમાં તેમની ઉપયોગિતા વગેરે વિષે જે ઝીણી અંતઃપ્રવેશી, તથા બોધભરી નજરથી આલેખન થયું છે તે તદ્દન નૂતનતા ભરેલું હોઈ, યુવાન લેખકોને અધ્યયન કરવા લાયક વિશાળ ક્ષેત્રનું ભાન કરાવે છે. અકૃત્રિમ કવિત્વ, ઈશ્વરદત્ત પ્રસાદ, તથા તેની સાથે સાવધાન અધ્યયન અને અડગ ખંત વગર આવો રસ આવી, છટા અને આવો વિજય મળતો નથી એ તો દેખીતું જ છે.

આ આખા કાવ્યમાં વહેતો અર્થ વૃષ્ટિને તેમ રસિક કવિની નૈસર્ગિક કવિતાને પણ લાગુ પડે છે.

લી. ૧૧ કુસુમવૃષ્ટિ સમી—જ્યારે ઝીણી ઝરમર પડે છે ત્યારે જરા પણ અવાજ થતો નથી. તેવી વૃષ્ટિને કુસુમવૃષ્ટિ જેવી કહી છે. ઈંગ્લંડમાં અને બીજે જ્યાં બરફ પડે છે ત્યાં આ ઉપમા વધારે યોગ્ય લાગે તેવી છે.

લી. ૧૪ યમ સમી પડું છું—યમ જેમ વગર દેખાયો પડે છે તેમ હું તો જીવ (જીવન—પાણી—પાણી એ વિશ્વનું જીવન કહેવાય છે) લાવું છું.

લી. ૨૧ વાશું—વાની સાથે.

પા. ૪૬ કાવ્ય ૨૫. સાગર હેલી ૪.

જગત્ લીલાનાં આવાં ચિત્રો હજી આપણી ભાષામાં ઘણાં ઘણાં થોડાં છે. અંદર રૂપકનો પ્રયોગ ઘટતો અને તેનો નિભાવ અનુરૂપ વિચારોથી સુસંબદ્ધ છે. છેવટે મેઘાસુરસંહાર

પછી દ્યૌદેવીની ખીલી નીકળતી સુંદરતાનું વર્ણન વાંચનારને તેવાં સમયનું તાદશ ભાન કરાવે છે. ઉદધિ ગગનનો—ઉદધિ જેવું ગગન; સમુદ્રનો રંગ ગગનના નિર્મળ રંગને મળતો આવે છે.

પા. ૫૧ કાવ્ય ૨૭. સર્ગદર્શન.

"આત્માઓનું અસ્તિત્વ, આત્માઓના ભવપરંપરા દ્વારા વિકાસ એટલે ઉત્ક્રાંતિ, અને એ વિકાસ કે ઉત્ક્રાંતિ પરમ ન્યાયથી તેમ જ દરેક આત્માનું વિશિષ્ટ સ્વાતંત્ર્ય પૂરેપૂરું જાળવીને યોજનાર—નિરંતર યોજનાર—પરમાત્માતત્ત્વ; હિંદુ ધર્મના આ સિદ્ધાંતો પૂર્ણ શ્રદ્ધાથી સ્વીકારીને આ કાવ્ય રચાયેલું છે. સૃષ્ટિનો સર્ગવિધિ હજારો લાખો કે કરોડો વર્ષ ઉપર એક ક્ષણે કે એક અઠવાડીયામાં કે એક મન્વંતરમાં થઇ ચૂકેલો છે અને હવે તો માત્ર એની "સ્થિતિ" ટકાવાય છે, અને વળી અમુક લાંબો કે ટુંકો સમય વીત્યા પછી સૃષ્ટિનો લય થશે, સૃષ્ટિને સંકેલી લેવામાં આવશે, એ વિચારક્રમ ઉપલા સિદ્ધાંતોથી જુદો છે એટલુંજ નહિં પણ વિરૂદ્ધ છે, અને એવો વિચારક્રમ આ કાવ્યની સાથે મેળવી શકાશે નહીં. સર્ગવિધિ એ એક નિરંતર ચાલ્યા કરતી ક્રિયા છે, સૃષ્ટિનું સૃજન એક સતત ઉત્ક્રાંતિમય ક્રિયા છે, અને તે પરમાત્માતત્ત્વ અખંડ ઉદ્યોગથી અને પરમ ધૈર્યથી પ્રવર્તાવી રહેલ છે, એ સિદ્ધાંત જેને માન્ય હોય તેને સૃષ્ટિનો સર્ગ તથા તેનો પ્રકાર કેવો લાગે એનું આ કાવ્યમાં દર્શન છે.

"જોતા જે નિજ ભૂતજીવન તણો ચીલો પડયો સૃષ્ટિમાં"—દરેક જીવનો એક ભવ પૂરો થાય અને તે પછીનો

આરંભાય. એ અંતરાલમાં શું બને છે? જીવ એટલો તો અપૂર્ણ છે કે તેને પોતાના વીતેલા અનુભવો ઉપરથી ખરો સાર કહાડતાં કે ઘટતો બોધ લેતાં આવડતું નથી. તેની એટલી સ્મૃતિ નથી, શક્તિ નથી, નિર્મલ બુદ્ધિ નથી. પરંતુ એનો નવો ભવ પાછો ઘડાય છે તો એની પોતાની સ્વતંત્ર ઇચ્છાથી જ. અને આગલા ભવના અનુભવો રૂપી કારણો વડે એની જેટલી અને જે પ્રકારની ઉત્ક્રાંતિ ઘટે તેટલી અને તેવી સાધનારો જ એ નવો ભવ ઘડાય છે. આ ચમત્કાર શા રીતે સંભવે? કવિ કહે છે, મૃત્યુ વખતે જીવને પરમાત્માતત્ત્વનાં દર્શન થાય છે. એ તત્ત્વના દ્યુતિધ્વનિપ્રવાહમાં જીવ ભળે છે અને એટલા સાક્ષાત્કાર દરમિયાન એની સ્મૃતિ-બુદ્ધિ-શક્તિઓ જે વિશેષ વિમલતા અને બલ અનુભવે છે તેને વડે એ પોતાના ભૂતજીવન ઉપરથી ખરો સાર અને ઘટતો બોધ મેળવીને પછીના ભવ માટેની “પ્રકૃતિ નવી” ઘડી શકે છે. ઉત્તરોત્તર વિકાસ કે ઉત્ક્રાંતિ અને પરિપૂર્ણ વ્યક્તિસ્વાતંત્ર્ય એ બેનો આ કાવ્યમાં આ પ્રમાણેનો સમન્વય કરેલો છે. વળી કવિ કહે છે—આપણે જેને જીવન કહીએ છીએ તે તો બહુ ઝાંખુ જીવન છે, એ જીવન દરમિયાન જીવ પોતે આત્મા છે એ સત્ય પણ લગભગ ભૂલી જાય છે. એવાં બે જીવનના વચગાળાનો મૃત્યુનો સમય પરમાત્માતત્ત્વના સાક્ષાત્કારનો સમય એજ ખરૂં જીવન છે. આત્માને પોતાના આત્માપણાની સ્પષ્ટ પ્રતીતિ એ સમયે જ હોય છે; અને તે કારણથી જ તેની સ્વતંત્ર ઇચ્છાશક્તિ તે કાળે યોગ્ય નિશ્ચય ઉપર આવી શકે છે અને પોતાનો તે

પછીનો ભવ એ નિશ્ચય પ્રમાણેનો રચી શકે છે. ધર્મના આ ગૂઢ તત્ત્વો કવિએ આ કાવ્યમાં ચીતર્યાં છે તેમાં સરલતા છટા મોહકતા અને સફલતા કેટલે સુધી આવી છે કે બીલકુલ આવી જ નથી એ દરેક વાંચનારે પોતાની મેળે જોઈ લેવું." (મળેલી)

પા. ૫૩ કાવ્ય ૨૮. નદી.

આ કાવ્યના લેખકમાં બહુધા વિચારની પ્રૌઢતા, તથા વિષયમાં ઉંડા ઉતરી તેના સત્યસ્વરૂપનાં વર્ણન સાથે ઉપયોગી બોધ, એ બે વાનાં સારી રીતે સમાયેલાં માલમ પડશે. જે કાંઇ વર્ણન હોય તેમાં કાંઇને કાંઈ ગૂઢ અર્થ, સાંસારિક ઉપદેશ, તથા કવિતાના રસપ્રવાહ સાથે બોધવારિનું સંમીલન, સર્વત્ર દૃશ્યમાન થાય છે.

કલ્પનાના સુખપ્રદ સપાટા તથા તરંગવૃત્તિની લ્હેજતદાર ભ્રમણા નથી એમ નથી. ' વર્ષા વર્ણન 'માં વર્ણનની સુન્દરતા સાથે મળેલ રસવર્ષી તરંગવૃત્તિ પદે પદે કાવ્યની લ્હેમાં લીન કરે છે. તેમ આ કાવ્યમાં 'વનમાં જ્યમ કોકિલમાળ' આદિ ઝુલ છે તેમાં પણ તેવી જ રમણીય કલ્પના કામે લાગેલી છે. પરંતુ લેખકના તત્ત્વજ્ઞાની હૃદયમાં, સત્યની આતુરતા ભરી શોધમાં, ઐહિક પદાર્થોને ખરાં સ્વરૂપમાં સમજાવવાની પરોપકારી ઉત્કંઠામાં, કલ્પનાને બહુ નિર્મુક્તિ આપવામાં આવી નથી, અને પાછળની લીટીઓ પાછી આત્મશોધન અને સ્વરૂપવર્ણનમાં ઉતરી પડે છે.

પા. ૫૫ કાવ્ય ૨૯. આકાશ.

આકાશ પોતે પોતાનું સ્વરૂપ, ગુણ, અવાધ વગેરેનું વર્ણન કરે છે. આ સ્વરૂપવર્ણનની સાથે આશ્વાસક બોધવચન, સંસારયાત્રામાં સફળ થવું હોય તો રાખવું પડતું જ્ઞાન, તથા અંતે 'નથી તે નવું થાશે નહિ' આદિ વચનોથી ભૌતિક પદાર્થવિજ્ઞાનની સમજ સાથે અપાયેલો ઉમદા દિલાસો—આ બધાં સમાયેલાં છે. લેખકની વિષયમાં ઉંડા ઉતરવાની ખુબી તથા અન્તઃદ્વાર ખોલી અન્તર્વર્ણન રસભરી રીતે આપવાની શક્તિ એવી સુન્દર છે કે અનેક જાતનાં શાસ્ત્રીય જ્ઞાનનો બોધ કાવ્યમાં આપેલો હોવા છતાં કાવ્યનું કવિતાપણું જરા પણ ન્યૂનતાને પામ્યું નથી, અને અન્ત સુધી બોધમય, આનંદમય રસ જળવાઇ રહ્યો છે.

લી. ૪૧ નથી તે નવું ઇ૦ જુઓ, કલાપી.

અરે ! કો પ્યાલામાં શરબત ભર્યું તે પડી ગયું,
છળ્યું પાણીમાં ને ઉદધિવીચિ માંહી મળી રહ્યું;
ન પીવાયું, ખોયું, પણ નવ ગયું પૃથ્વી પરથી,
રહ્યાં તત્ત્વો મીઠાં, ઉદધિ કડવામાં ભળી જઇ.

(મ્હારૂં કબૂતર.)

પા. ૫૭ કાવ્ય ૩૦. શ્રાવણી અમાંસ.

આ ઉત્તમ ભાવભર્યાં, ચિત્તાકર્ષક સૌન્દર્યભર્યાં, ભવ્ય વર્ણનવાળા લેખને કાવ્ય કહેવું કે કેમ એ સવાલ ઉત્પન્ન થાય તેવો છે. કાવ્યને સંકુચિત અર્થમાં ન લેતાં હૃદયના અર્થભર્યાં, ઉચ્ચગ્રાહી, ભવ્ય અને ઉન્નત ઉદ્દ્ગારને લગાડવામાં આવે તો આ લેખને પણ તે નામ કોઇ આપી શકે. પરંતુ

સંગીત વિષયે જોતાં તો તે ગવાઇ શકે તેવું લાગતું નથી. અને ભાવોર્મિનું આંદોલન છંદમય સ્વરૂપમાં થતું હોય તેવા લેખને કવિતા કહેવાય એમ અર્થ લેવાય તો આ લખાણને પદ્ય કરતાં ગદ્યનું નામ વધારે યોગ્ય છે. લેખમાંનું વર્ણન ખરેખર ભવ્ય છે. અમાંસની કાળી રાત્રીનો અન્ધકાર સર્વવ્યાપી થઇ તેમાં ઝબકતા તરંગ વૃત્તિના ચમકારાઓ હ્રદયચક્ષુને પ્રમોદકારી નીવડે છે.

લી. ૨૨ ડોલતી પર્વતાવલિઃ આવેશવાળું નયન કોઇ પણ પદાર્થ સ્હામું અનિમિષ જોઇ રહે તો થોડી વારે તે આવેશનું આન્દોલન કીકીમાં આવે છે અને અંતે બહારના પદાર્થમાં તે દેખાય છે. એવી રીતે જ આ પર્વતમાલા ડોલતી અને તેથી જ તે નર્તતા મેઘદળની છાયાનું રૂપક લઇ શકે.

(ના. દ. કવિ.)

લી. ૨૫ તમરાજની સંશયભૂમિકા—અજ્ઞાની માણસ ઘણું કરી બહુ વ્હેમશીલ હોય છે. અન્ધારાના રાજવીનું રાજ્ય સંશયરૂપી ભૂમિપરજ હોય છે.

પા. ૬૩ કાવ્ય ૩૬. ચંદા.

સા. શ્રી. ગોવર્ધનરામનાં સજીવારોપણને મળતુંજ આ કાવ્ય છે. તેમાં ચંદાને બોલતી કલ્પી છે. ફેર માત્ર એટલોજ છે કે વૃષ્ટિ, નદી, આકાશ આદિ કાવ્યોમાં તે તે પદાર્થોનું સૂક્ષ્મ દૃષ્ટિથી સ્વરૂપવર્ણન થયેલું છે, તેમાંથી ઉંડા અર્થ સમજાવાયા છે, રહસ્યનું સ્ફોટન થયું છે, તે વિષયે વિશાળ જ્ઞાન અપાયું છે, એકમાંથી અનેક અર્થ નીકળી શકે તેવી અર્થગૌરવભરી શબ્દરચના થયેલી છે. તે તે પદાર્થોનું વર્ણન

વાંચી આપણે તેને વધારે સારી રીતે પિછાનીએ છીએ. કાં તો કાંઇ નવુંજ સત્ય જાણીએ છીએ; બહુધા તેનું સ્વરૂપ યથાસ્થિત જોઇએ છીએ અને તે વાંચી વધારે જ્ઞાનવાળા, ડાહ્યા, વિચાર કરનારા થઇએ છીએ. જ્યારે આ ચંદા વાંચતાં અલબત્ત આપણને કંઇક નવું તો મળે છેજ, પણ તે નવીનતામાં ગંભીરતા કે ડહાપણ કરતાં આનન્દ, મજા અને વિલાસ વધારે રહેલાં છે. તે વાંચતાં હૃદય પ્રસન્ન થાય છે, તરંગવૃત્તિ સોત્સાહ બને છે ને કલ્પના જાગે છે. એક કડી વાંચ્યા પછી બીજી શી ચાતુર કલ્પના થશે તે આંકાક્ષા સહિત વિચારીએ છઇએ, ને તેમાં પણ વળી કાંઇ ઓર તરેહની નવીજ ખુબી જોઇ અત્યન્ત પ્રસન્ન થઇ વાંચ્યા જઇએ છઇએ.

ચંદાને જે વિલાસપ્રિય, રમતીયાળ, સ્વચ્છંદી, બાળકી કલ્પાયેલી છે તેવુંજ તેનું વર્ણન પણ પ્રમોદકારી અને રસભર્યું છે. ચંદા પોતાને વિષે આનન્દભર્યાં, મજા આપનાર, દિલને હલકું કરી આનંદઓઘમાં નવરાવનાર શબ્દોમાં જે વ્યાખ્યાન કરે છે તે ખગોળ શાસ્ત્રને દૂર મુકી સ્વચ્છંદે વર્તનારૂં નથી. પોતાને વિષે, પોતાનાં માતા પિતા વિષે, રાક્ષસી રાત્રિ વિષે, મસ્તીખોરા મેઘ વિષે તથા રસિલા સાગર વિષે જે જે કહે છે તેમાં શાસ્ત્રીય સત્યને અવલંબનજ થયેલું છે. આ સાથે, લૌકિક કહાણીનો ઉપયોગ પણ બહુ મજેદારીથી અને યોગ્યતાથી થયો છે. કાવ્ય વાંચતાં વાંચતાં આપણે પણ ચંદા જેવા રમતીયાળ, સંસારના રાગારાગથી વિમુક્ત, હલકા અને આનન્દમગ્ન થઇ તેની સાથે હસવા, રમવા, તથા તેના સોના રૂપાના દડાથી જાણે ખેલવા જ મંડી જઇએ છઇએ.

લી. ૨૫ નાવડું—ચન્દ્રમા: નાવડાંની તથા મૃગલાંની હકીકત બારીક તરંગવૃત્તિથી ઘટાવવામાં આવી છે.

લી. ૩૪ સુર—સરખાવો અંગ્રેજ કવિઓમાંના Music of the Spheres; (જો કે એ કલ્પનાઓમાં કાંઇક ભેદ પણ છે.

લી. ૫૯ અચળ પેલા તારલા—ઉત્તરધ્રુવ.

લી. ૭૯ મુજ કરે રૂપેરી ૯૦ તરંગવૃત્તિનાં વિલાસીપણું તથા રસિકપણુંનો સારો નમુનો છે. આખા કાવ્યમાં તરંગ-વૃત્તિના આવા રસવર્ષી, ઉલ્લાસ આપનારા વિલાસ ઠેકાણે ઠેકાણે મન રંજન કરે છે. અન્ધારી નિશામાં કાળાં આકાશમાં ઝગમગતા, શીળો પ્રકાશ આપનાર, તારલાના જેવા આ વિલાસ ચળકી રહે છે, અને હૃદયને પરિતોષ આપી પૂર્ણાન-ન્દમાં મગ્ન કરે છે.

શેલીનાં The Cloud નામનાં કાવ્ય પરથી આ લેખ સૂચિત થયો છે. તે ઉત્તમ કવિનાં કાવ્યથી બહુ ઉતરે તેવું આ કાવ્ય નથી એમ કહેવા હિમ્મત ધરાય તો ખોટું નથી એમ સુજ્ઞ વાંચનાર જાણી શકશે.

આનાં અનુકરણ રૂપે ‘ચન્દ્ર’માં ‘નૂતનવાદળી’ તથા કલાપીનું ‘કમલિની’ એ બે લખાયાં છે. પરન્તુ આના જેવી છટાદાર મનભરતી વાણી, સુંદર મનોરંજક તરંગવૃત્તિ, આખાં કાવ્યમાં વ્યાપી રહેતો વિશિષ્ટ જાતનો આનન્દરંગ અને વિલાસ તે અનુકરણોમાં હોય તેમ લાગતું નથી.

પા. ૬૮ કાવ્ય ૩૭. દિવ્ય સુન્દરીઓની ગરબી.

ચંદ્રા, તારા, શુક્ર અને વનદેવી એ ચાર દિવ્ય સુન્દરીઓ છે: તેમના ગરબા–કાવ્યમાંથી તે તે દેવી પોતાના સ્વરૂપની પિછાન આપે છે તેવી જ ગરબી લેવામાં આવી છે.

પા. ૭૦ કાવ્ય ૩૮. પંખીડાને.

સખી કેરી ખબર લાવનાર હશે એમ માની પંખીડાંઓને ખુલ્લા હૃદયથી ઉમંગે આવકાર આપ્યો છે. નિખાલસ હૃદય, તેમાં ઉંડી ઓતપ્રોત છવાયેલી સૌંદર્ય ને સૌજન્યની લાગણી ને તેથી નીકળતો હર્ષભેર, સસ્નેહ, સોલ્લાસ આવકાર છે. હૃદયને હલકું કરી આનંદના વાતાવરણમાં ઉડાડનાર આ નાનકડું કાવ્ય પ્રિય જનને ખરા ભાવથી ભેટ આપનારનાં હૃદયનું સારૂં ચિત્ર પાડે છે.

પા. ૭૧ કાવ્ય ૩૯. કોકિલાને.

વર્ડ્ઝવર્થનાં To the Cuckoo અને શેલીનાં To the Skylark એ બે કાવ્યોની છાયા આમાં સ્ફુટ રીતે દેખાઇ આવે છે.

And thou wert still a hope, a love,
Still longed for, never seen.

એ વિચાર 'તમો દેખાવ ના, ન ઝલાવ,' એ શબ્દોમાં તથા 'તેજ તારા તણું ચળકતું' આદિ ઉપમાઓ

Like a star of heaven
In broad day light
Thou art unseen, but yet I hear thy shrill delight.

વગેરે શેલીની ઉપમાઓ તથા કલ્પનાનાં ઉડ્ડયનોને મળતી આવે છે.

ધટતી ઉપમા અને રસભર્યું વર્ણન આખાં કાવ્યને સુંદર, મોહક રૂપ આપે છે. વર્ડ્ઝવર્થ તથા શેલીની છાયા સાથે લેખકનું પોતાપણું મળવાથી સુંદર સંમિશ્રણ થયું છે. શબ્દોની લલિત રચના અને મધુર ચુંટણીથી કાવ્યની મોહકતા વધે છે.

પા. ૭૪ કાવ્ય ૪૧. મધ્ય રાત્રિયે કોયલ.

'મધ્ય રાત્રિયે કોયલ બોલેજ નહિં માટે આ કાવ્ય કુદ્રતી નથી' એમ એક વખત શંકા કરવામાં આવી હતી. પરંતુ આ લખનારે પોતે જ અનેકવાર મધ્ય રાત્રિયે કોયલનો ટહુકો સાંભળેલો છે, એ થયેલો અનુભવ જણાવવાની જરૂર જણાતાં આટલો ઉલ્લેખ કર્યો છે.

પા. ૭૮ કાવ્ય ૪૩. ફુલની સાથે રમત.

જડ જગતને પવિત્ર, શુદ્ધ, નિર્મળ અને કોમળ માનનાર, મનુષ્યની સાથે રહેવાથી પોતાનું મુખ કરમાઇ ગયું છે એમ કહે છે. જનસમાજના દોષો તેને પણ વળગ્યા છે. માત્ર સુંદર, નિર્દોષ તો કુસુમો જ છે, તેથી તેની બાહ્યાભ્યંતર સમાન સુંદરતા પર પ્રસન્ન થઇ, મનુષ્યસંઘથી દૂર રહી કુસુમ સાથે રમવાની ઉત્કંઠા જણાવે છે.

જનસમાજ પર અભાવથી અને સંસારમાં સર્વે રીતે સુંદર રહેવાની મુશ્કેલીથી ઉત્પન્ન થયેલ દુઃખવાદ આ કાવ્યનું નિમિત્ત કારણ લાગે છે. એ દુઃખવાદ માત્ર કવિત્વના ભાવનું એક એકદેશી સ્વરૂપ જ છે.

કુસુમમાં વસતો એકાંત–અમિશ્ર આનંદ–નીચેની લીટીઓમાં સારો દર્શાવાયો છે.

નેં આનંદે ત્હારા બિલકુલ હશે ધ્વંસ કદિએ
ઉદાસીની છાયા તુજ દિલ પરે ના રજ વસે;
કરેછે પ્રીતિ તું, સરવ તુજ પ્રેમે ખુશ રહે,
અતિ તૃપ્તિની તું સમજ નહિં પીડા પણુ ખરે !

(પુષ્પ. કલાપી.)

મનુજ સમૂહમાં રહેવાથી વદન કરમાઇ જાયછે અને મનુષ્યનાં સુખ માત્ર નામનાંજ છે એવો વિચાર પણ તે જ કાવ્યમાં છે—

સુખી આ સંસારે સુખમય નહિં કો તુજ સમું,
અમારે આનંદે દિલ પર રહેછે દુઃખ છુપ્યું:
દુઃખી જો ઓછું તો સુખ બસ થયું એમ ગણુશે,
બિચારૂં ભોળું એ મનુજ સુખ પૂરૂં ન સમજે !

(પુષ્પ કલાપી.)

પા. ૮૦ કાવ્ય ૪૫. વસન્તગીત.

ન્હાનાલાલના ‘વસન્તોત્સવ’ માં આ ગીત બાલિકાઓ ગાય છે. ગીતના ૫ ખંડ છે. આ ગીતના બીજા ખંડમાં “લાંબી શિશિર તણી રજની વીરી ! આજ ડૂબી જતી” તેમજ ‘વસન્તોત્સવ’ ના અર્પણુ કાવ્યમાં “વિરમે છ કાલી યામિની” એવી કડીઓ છે. હેમંત અને શિશિરમાં હીમ પડવાથી વનસ્પતિ પ્રફુલ્લ નથી થઇ શકતી. વસન્ત બેસતાંજ આકાશ સ્વચ્છ થાય છે, ઘનશકલો ક્ષિતિજ પાર ચાલ્યા જાય છે; મેઘાચ્છાદનથી નીપજતી ગ્લાનિ ગમગીની ઉડી જાય છે. વનસ્પતિ, પક્ષીકુલ આદિ પ્રકૃતિબાળ આનંદમાં આવી જાય છે. હવે હીમ પડતું નથી; ઠીજી નાંખે એવી થંડી પણુ

નથી, સર્વત્ર પ્રકાશ, ઉષ્મા છે. આ બન્નેના પ્રભાવે વનસ્પતિ નાનાવિધના અલંકાર પરિધાન કરે છે; પક્ષીઓ કંઠ ખોલી ગીતમાધુરી રેલાવી દે છે.

અંગ્રેજોના સહવાસમાં આવ્યા પ્હેલાં આપણા દેશમાં શિશિર હતી—કાળીરાત હતી. હવે વસન્ત બેઠી છે—પ્રભાત થયું છે:

" નયન ઉઘડયું પેલું ઓજસ્વી નવલ પ્રભાતનું,
જગત ભરતું વ્હાલા ! જો તેજ ઉતરે તાતનું;
નવવસન્તાનિલના પમરે પરાગ અલૌકિક,
વિરલ વિભૂતિ વર્ષે સુરનાથ આધિદૈવિક. "

(અર્પણ કાવ્ય.)

વસન્તનું આગમન કોણ સૂચવે છે? વસન્તના આનંદમાં મત્ત થઇ કોણ બીજાને મત્ત બનાવે છે? વસન્તદૂતિકા કોકિલા.

" ગહન ગુફામાંથી યોગેન્દ્ર ગાય,
ત્હેના મહામન્ત્ર જગતમાં સંચરે,
ભૂત ઉપરથી તરી આવી
વર્તમાન મહાસંગીતે ભરે,
અને ભવિષ્યને ભવ્ય જગાડે:
ફુલપલ્લવવાસી કોકિલા
'વસન્ત' 'વસન્ત' 'વસન્ત' ની
પુરાણ મન્ત્ર ઘોષણા
તેમ નવ ચૈતન્યથી પુકારતી,
નિષ્ઠુર જગતને સુણાવતી.
આંબાવાડિયું સલ્લોલ બોલતું,
લીમડીઓની કુંજમાં ધ્વનિ પાડતું,
માનવકુંજે પડઘા વિરામતું. "

આ ઉતારામાં ' વસન્ત ' 'કોયલ ' આદિ જે ભાવના વ્યંજે છે તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. એ કોકિલાને કવિ પોતાનું વસન્તગીત સંબોધે છે.

ખંડ ૧. મ્હેનાં=મ્હેન. કાઠીઆવાડી પ્રયોગ છે.

મોરલી છેડવી=મોરલી વગાડવી.

રંગ્યા વ૦=ચંદ્રના પ્રકાશથી જાણે દિશાઓના ચીર રંગાયા ન હોય.

અર્ચા૦=સૂર્યે દિવસને જાણે પ્રકાશની અર્ચા ન કરી હોય. પ્રભાતનું વર્ણન છે.

ગન્ધવતી=પૃથ્વી.

સર્વત્ર પ્રકાશ રેલાઇ રહ્યો છે. સુગન્ધ પણ પ્રસરી રહી છે. આ ચેતનપ્રદ સામગ્રીનો ઘુંઘટ કાઢી નાંખીને સત્કાર કરો.

ખંડ ૨. હજુ ભરતખંડમાં વસન્ત બેઠી છે; હજુ તો પ્હો ફાટયો છે. પ્રભાત ઉગ્યું છે;

સોના૦—પ્રભાતના પ્રકાશનું વર્ણન છે.

સાત્ત્વિક૦—વસન્ત સર્વસ્થાને સાત્ત્વિક પ્રકાશ રેલાવે છે. સાત્ત્વિક એટલે ઉન્નત.

હવે આ વસન્ત કેવી છે ? મીઠી; સાન્ત્વન કરનારી; સંજીવન આપનારી; ઉદ્ધાર કરનારી; બધે ફેલાનારી; પૂર્વ-પશ્ચિમ (સકલ જગત), દિશાઓ—સૌની પરમ કલ્યાણ કરનારી. આજે નવી ચેતના આવી છે તે એકદેશી નથી; પરંતુ અખિલ પૃથ્વીનું હિમ નિવારતી ઉષ્મા છે.

આ ખંડમાં જેટલા ઉપમાનો છે તે Concrete નથી પરંતુ Abstract છે. ન્હાનાલાલનાં ઉપમાનો ઘણુંાખરાં આ વર્ગનાં હોવાથી સાધારણ માણસને તે સમજતાં મુશ્કેલ પડે છે. જેની

વિચાર શક્તિ પ્રદીપ્ત હોય છે, તેઓથીજ આવા ઉપમાનોનો રસ આસ્વાદી શકાય છે.

ખંડ ૩. રસબાલ કોયલને પૂછે છે કે ત્હારા ગીતનો પડઘો ક્યાં પડયો ? પ્હેલા ખંડમાં અવતરણ છે; બીજામાં એ કોકિલગીતનો પ્રભાવ વર્ણવ્યો છે. હવે ત્રીજા ખંડમાં કવિ બતાવે છે કે આ ગીત ચેતનભર્યું, ભવ્ય, પ્રભુને ત્યાંથી આવતું છે.

જગત્‌ના ભીષણ દુર્ગ (સીમાઓ) ભેદી નાંખી એ ગીતનો સ્વર ક્યહાં જઈને આથડયો ? પ્રભુની ભૂમિમાં–જ્યાં અનહદ ગીત થઈ રહ્યું છે ત્યહાં એ સ્વર પ્હોંચ્યો છે. આ વસન્ત માનુષી નથી–મનુષ્યે આણેલી નથી. પ્રભુએ મોકલી છે. પ્રભુતા ભરેલી છે.

વસન્ત ક્યહાં ક્યહાં પધારે છે–ક્યહાં વિકસે છે ? જયહાં જયહાં સંસ્કૃતિ (civilization) નો પ્રસાર થાય છે ત્યહાં ત્યહાં નિરન્તર–પ્રકાશ અને તમિસ્રામાં એ પ્રવૃત્તિ ધપતી જાય છે. એ પ્રવૃત્તિમાં યશ અને જયની પ્રાપ્તિ છે.

જગત્‌માં બે વિરોધી ભાવના વસે છે: દૈવી અને આસુરી પ્રકૃતિઓ સતત યુદ્ધ કરે છે એવું મનાય છે. ન્હાનાલાલ કહે છે કે "સુરો અસુરોની મેદની અખંડ ત્યહાં રાસ રમે છે. આછેરી........જો !—એ 'ત્યાં' નું વર્ણન છે.

દેવ દાનવના નૃત્ય (રાસ) ને દોરનાર (નેતા) મોરલી ત્યહાં હલકનો સૂર ક્હાડે છે. રાસ રમતાં પગ પડે છે તેનો તાલ મહાગમ્ભીર હોય છે. આ વિરોધી ભાવનાઓ સાથે નિવસી બ્રહ્માંડ પ્રવૃત્તિમાન કરે છે. આપણું જીવન આ બન્નેને અન્વયે જ વિકસતું—ખીલતું જાય છે. આ રાસમાં જે સંગીત સંભળાય છે તે અપાર્થિવ છે, જગત્‌ની બધી વેણુ-

ઓના સૂર આ સંગીતમાં ભળી જાય છે. માનવજીવનના આધ્યાત્મિક આદર્શનું અહિંઆં આપણને દર્શન કરાવ્યું છે.

કાલ સકળ બ્રહ્માંડમાં વ્યાપી રહ્યો છેઃ અનેક નાનાવિધની પરિક્રાંતિ, ઉત્ક્રાંતિ તે રચતો જાય છે. હાલ તે ભરતખંડમાં રમે છેઃ ભરતખંડનો ઉદ્દય ઉત્કર્ષ સાધે છે. આવા ભરતખંડમાં બ્રહ્માંડમાં રમતી સુરાસુરની રાસમંડળીનાં સંગીતનો પડઘો પડયો છે. એકલો ચેતના—વસન્તનોજ સૂરપડઘો નહિ પરંતુ અનેક ઉન્નત દિવ્ય ભાવનાના પડઘા પડ્યા છે.

ખંડ ૪. પ્હેલા ત્રણ ખંડમાં સર્વદેશી—તત્ત્વસ્પર્શી આલોચન થયું. આ ખંડમાં એકદેશી—પોતાના પ્રાણમાં વસન્તની વિભૂતિ સંચવા પ્રાર્થના છે, જાદુથી અજાયબ ફેરફારો થઇ જાય છે તેવું વસન્તનું આંજણ છે. એવા જાદુગર આંજણથી આંખ અંજાવા પ્રાર્થના છે. નવુંજ જીવન ઐન્દ્રજાલિક પ્રભાવથી જાણે ન આવતું હોય એવો વસન્તનો પ્રતાપ છે. આ આંજણ સુગન્ધ ભભુકે છે તેમ બીજાઓમાં પણ સુગંધ ઉદ્દીપન કરે છે. પ્રાણમાં ચેતના આણે છે, પ્રિયતમાની નયનકાન્તિમાં જેવું સ્થિર—અનિમિષ સૌન્દર્ય હોય છે તેવાં સૌન્દર્યથી એ ભરેલું છે.

પ્રાણમાં ચેતનસામગ્રી સંચવા પ્રાણનાં બંધનો (આભ) વાળી લીધાં છે. અપ્રતિબન્ધ વસન્ત પધારી શકે એની સગવડ કરી આપે છે. પ્રકાશથી આપણે નવુંજ જીવન જીવીએ છીએ—શરીર તેમજ આત્મામાં પણ સ્ફૂર્તિ આવે છે. પરિમલથી પણ એવુંજ થાય છે. જડતા, શૈથિલ્ય, ગ્લાનિ આદિ સરી પડે છેઃ સ્ફૂર્તિ, પ્રવૃત્તિ, આનંદ, વગેરે શરીરમાં વ્યાપી જાય છે.

પ્રાણમાં પરમચેતન ભરનાર જે ઉદાત્ત અપાર્થિવ, 'દિવ્ય ભાવનાઓ—શક્તિઓ તે ન્હાનાલાલ પ્રકાશ અને પરિમલથી વ્યંજે છે.

ખંડ ૫. આમાં વસન્તમન્ત્ર પ્રભુતાની સાથે પધારે એવી પ્રાર્થના છે. બાલિકાઓ ગીત ગાય છે માટે સ્નેહને પણ સંભારે છે. સ્નેહને અંગેજ ચેતના, પ્રભુતા એમને વ્હાલાં છે. વીંધ=બાકું, વ્હે.

આ નવા યુગમાં—આ નવી ચેતનાને પ્રભાવે "રસ, જ્ઞાન, આનન્દ, પ્રેમ, પૂજા, પ્રભુતાનાં (reverence and godliness) સુધાકિરણવતી ચંદ્રિકામાં જગત" ન્હાય છે. આ કાવ્યનુ વ્યંગ્ય હાર્દ આટલા ઉપરથી ગ્રાહ્ય થયું હશે.

જેમ વક્તા વિશેષણોનો દુરુપયોગ કરે છે તેમ સુકવિ તેમનો સદુપયોગ કરે છે. વિશેષણપ્રયોગથી તેને જે કહેવું છે તે સ્પષ્ટત: તેમજ સંપૂર્ણત: કહી શકે છે. આ ગીતમાં પણ જો વિશેષણની શક્તિ ગ્રહણ થઇ શકશે તો પછી રસાસ્વાદનમાં કશો પણ પ્રત્યવાય નહિ રહે.

રણજીતરામ વાવાભાઇ.

પા. ૮૫ કાવ્ય ૪૮. ઉંડી રજની.

લી. ૬. ગૂઢ સંદેશ વ્હેનાર—સરખાવો—

એ જન, એ જન, દૂર દેશથી તુજ ઉર કાજે માલ
લેઇને આવ્યા સંઘ બનીને તારાવર વણઝાર;

મધ્ય રાત્રિએ ચળકતા તારા. (ગો. મા. ત્રિપાઠી.)

શાંતિપૂરનાં વર્ણન સાથે સરખાવો તેજ લેખકનો 'ટેકરીઓમાં સાંઝનો સમય.' શાંતિપૂરમાં ડૂબી રહેલાં વિશ્વનું વર્ણન

ત્યાં પણ આવીજ કલ્પનાથી કરવામાં આવ્યું છે. પરંતુ તે કાવ્યમાં માત્ર ઇસારોજ થયો છે—આમાં સવિસ્તર વર્ણન છે.

શાંતિ શૂન્યતાનાં આવાં અજબ ચિત્ર વાંચનારના હૃદયમાં પણ તેવીજ શાંતિ પ્રસારી તેની ભવ્યતા ગંભીરતા તથા ગૂઢતાની ઉંડી છાપ પાડી રહે છે.

પા. ૮૯ કાવ્ય ૫૧. અમર આશા.

સ્વામીશ્રી આત્માનંદજીએ આ કાવ્ય પર ટીકા કરી છે અને તે વીરપુર (કાઠીયાવાડ)ના કવિ ગૌરીશંકર ગોવિંદજીએ છપાવી છે. તે ટીકા અધ્યાત્મ—રહસ્ય બતાવનારી છે—આંહિં તો માત્ર શબ્દાર્થ સુલભ કરવા જ પ્રયત્ન થયેલ છે. સનમને-બ્રહ્મ સત્ય જ્ઞાનના અર્થમાં લેવાથી અધ્યાત્મ રહસ્યનો માર્ગ કાંઇક મળી શકશે.

કડી. ૧. લાખો નિરાશા છતાં પણ મનુષ્ય પોતાનું જીવન નિભાવી શકે છે, સંકટથી ઘેરાયેલો છતાં હૃદયબળ જાળવી શકે છે, અને મરણ વખતે પણ શાન્તિથી મોતને તાબે થાય છે, તે નિરાશા પાછળ છપાયેલી ‘ અમર આશા ’ ને લીધે જ છે. સનમ ખફા થઇ ખંજર મારવા તત્પર થાય, તોપણ તે ખફગીમાં ઉંડી રહેમ હસ્તી ધરાવે છે. દૃષ્ટિગોચર થતા સનમના ગુસ્સા આવેશમાં જેમ પ્રિય જન પ્રતિ અંતરની રહેમ સમાયેલી હોય છે જ, તેમ લાખો નિરાશામાં અમર આશા સદા છૂપેલી હોય છેજ.

કડી. ૨. સનમ સાથે એકતા સાધવા માટે આખી જીંદગી સુધીની જુદાઇ રોઇને વ્યતીત કરી; અને આખર જો કે ગર-

દન પણ કપાઇ ગઇ, તો પણ વસ્લની—મેળાપની—આશા રહીજ ગઇ—તે આશા કદી પણ સફળ થવા વારો આવ્યોજ નહિં.

કડી. ૩. વસ્લ=મેળાપ; સંપૂર્ણ મેળાપ; યોગ; એકતા; દેહૈકય; અદ્વૈત.

નહિં કે સનમ વિષે કશો પત્તો મળ્યોજ નહિં; તેનાં દિદાર દર્શન તો થયાં; એટલુંજ નહિં, પણ ગોષ્ઠી સુખ પણ મળ્યું એક રાત નહિં, પણ અનેક રાતો તેવાં સુખમાં ગાળી; પરંતુ આખર તો સનમ છેતરીને ચાલી ગઈ, અને સંપૂર્ણ ઐકયની ઘડી તો આવીજ નહિં. હજારો રાત જે ગાળી તેની કમાણીમાં સનમ તો ન મળી, પણ તે રાતો ગુમાવી. એજ કમાઇ હાથમાં રહી—સનમ ઉડી જતાં તેનો શોધક માત્ર હાથ ઘસતો જ રહ્યો.

કડી. ૪. સનમ માટે એટલી ઉત્કંઠા હતી છતાં તે તો ચાલી ગઇ. તેને પરિણામે શોધકની દુનિયા મશ્કરી કરવા લાગી. તે શોધક ટીકાખોરોની લવલવીના ઝખમો સહ્યા, લોકોના ભયરૂપી કટારીની મુસીબતો ભોગવી; તેવાં દુઃખમાં કતલ થવા જેટલી સ્થિતિ આવી તેને પણ સનમનાં ચરણ ચુંબન જેવી જ સુખદ માની લીધી—કારણ, ઉપર—દુનિયાંની ઉપર—ખુદાઈ કયામત છે (કયામત Day of Judgment ખુદા પાસે પાપ પુણ્યનો હિસાબ થવાનો દિવસ) કયામતને દિવસે ખુદા પાસે ઇનસાફ મળવાનો છે, અને તે ઇનસાફ વાજબીજ હોય તેથી તે અમર (ખુદાથી થવાના ન્યાયને પરિણામે સનમ મળશે તો ખરી એવી અમર આશામાં) આશામાં—ઉપરની નિરાશા સહ્ય બને છે—નિરાશા પાછળની અમર આશાથી જીવનના પ્રયાસ જારી રહે છે.

આ ત્રણ કડીમાં સનમની શોધ તેની સાથે એકતા સાધવાની મુસ્કેલી, તે મુસ્કેલી અને પરિણામે મળતી નિરાશા પાછળ રહેલ ' અમર આશા ' નું બયાન કરી પહેલી કડીને સદૃષ્ટાન્ત બનાવી છે. દરેક દરેક કડીને નિરાશા પાછળ છૂપાયેલી અમર આશા બનાવવાના અર્થે જ લેવાશે તો આખા કાવ્યની અને દર કડીની સાર્થકતા તથા પ્રયોજન અને બળ જણાશે.

કડી. ૫. શમા–દીવા–પર પતંગીયું (પરવાના) ચડચડી મરે છે, ફરહાદ શીરીનના પ્રેમ ખાતર પોતાના જીવનની પણ દરકાર કરતો નથી. આવી રીતે અગમ્યને ગમ્ય કરવાની ખરાબી–આત્મ હાનિ થાય તેવી ખરાબ લગનીમાંજ ઇશ્કના દિવાનાઓ ખરી મઝેદારીની લૂંટ અનુભવે છે.

પ્રેમના બતાવેલા માર્ગનું પરિણામ મૃત્યુ છે એમ જાણતાં છતાં ' અમર આશા ' આ ભોગ કરાવે છે.

શીરીન અને ફરહાદનો કિસ્સો પતંગ અને દીવાના જેવા પ્રેમને બતાવનારો છે. તેની વાત એવી છે કે ફરહાદ સાધારણ સ્થિતિનો એક માણસ હતો અને તેને બાદશાહની કુંવરી શીરીન માટે પ્રેમ પ્રકટયો. પોતાની માગણી વૃથા જશે તેની દરકાર કર્યાં વિના તેણે બાદશાહ પાસે અરજી ગુજારી. બાદશાહે તે પ્રેમઘેલાને હુકમ આપ્યો કે ફલાણા પર્વતમાંથી તું એક મહેલ કોતરી કાઢે તો શીરીન આપું. દિવ્ય પ્રેમની દૃઢતા ખરેખર ઘણીવાર અસંભવિત કામો પણ કરે છે, તેમ ફરહાદે દિવસ અને રાતે અનવરત શ્રમ લઇ મહેલ તૈયાર કર્યો. તે મહેલ તૈયાર થવા આવ્યો એવું બાદશાહે જાણ્યું ત્યારે તેને બીક લાગી કે રખેને કુંવરીને આવા હલકા માણસને આપવી પડે. એટલે તેણે ફરહાદને ખબર મોકલી કે શીરીન તો ગુજરી ગઇ. તે ખબર

સાંભળતાં જ જે પાલખ ઉપર પોતે કામ કરતો હતો ત્યાંથી ફરહાદે પડતું મૂક્યું અને પ્રેમ પાછળ પોતાનો ભોગ આપ્યો. શીરીનના અંત વિષે બે વાત કહેવાય છે. એક એવી છે કે તે ખબર મળતાં પોતે ફરહાદની કબર ઉપર ગઇ અને ત્યાં પોતાનો જીવ આપ્યો. બીજી એવી છે કે પોતાના પિતાનાં વિશ્વાસઘાતનાં અપકૃત્યનાં પ્રાયશ્ચિત તરીકે તેણે પોતાની જીંદગી ફકીરી હાલતમાંજ પુરી કરી.

કડી ૬. ફના કરવું—પ્રિય જનને પોતાનામાં મેળવી દઇ તેને ફના કરવું—અને ફના થાવું—પોતાને પ્રિય જનમાં સમાવી દઇ ફના થાવું—એ ફના થવા અને કરવામાં જ શાહ—બાદશાહી—ઇષ્ટતા—(આત્માનંદજી) સમાયેલ છે. દિલબર—સનમ—ની દુહાઇ—સત્તા—આણ—માં એવો તો મોહનમંત્ર છે કે તેથી મર્યાં પછી જ ખરી જીંદગી શરૂ થાય છે—પોતે પ્રિય જનમાં લય પામી ફના થવું—અને એ પ્રમાણે મૃત્યુ પામવું એજ ખરી જીંદગી છે—પ્રિય જનમય જીવન એજ ખરૂં જીવન છે.

આ કડીમાં મૂળમાં તેમજ આત્માનંદજીની ટીકામાં બીજી લીટીમાં ‘પરીને જીવવાનો’ એવો પાઠ છે અને સ્વામીશ્રીએ ‘જીવવાને’ને બદલે ‘જીતવાનો’ એવો વિકલ્પ પણ ગ્રહણ કરેલો છે. પરંતુ આંહિ ‘મરીને’ પાઠ રાખ્યો છે. તે પાઠ બતાવનાર સદ્ગત અમૃતલાલ કેશવલાલ નાયક—એમ. એ. બનાકેના લખનાર—હતા. તેણે રૂબરૂમાં કહેલું કે ‘પરીને’ એ ભૂલ છે—‘મરીને’ જોઇએ. તે સુધારાથી અર્થ પણ વધારે સારી રીતે મેળ લેતો લાગ્યો એટલે તેની સૂચનાથી આ ફેર કર્યો છે. તે સ્વ. અમૃતલાલે સ્વ. મણિલાલભાઇના પ્રાણ વિનિયમનું હીન્દીમાં ભાષાંતર કર્યું

છે અને સ્વર્ગસ્થ મણિભાઇ સાથે તેને સીધો સંબંધ હતો એમ તેના કહેવાપરથી તેની સૂચના ગ્રહણ કરવા જેવું લાગ્યું છે.

કડી ૭. રફાઇ—ગળામાં, આંખમાં, છરી ભોંકવી, ફૂલ ખાવી વગેરેને ગુરજ મારવી કહે છે. તે પ્રયોગ કરનાર **રફાઇલની** પ્યાલી પીએ છે અને તે પ્યાલો પીવાની ક્રિયા **રફાઇ** કહેવાય છે.

હકીકતની રફાઇ—હકીકત–તત્ત્વ– જાણવા માટે પ્યાલો પીવાની ક્રિયા.

સનમના હાથની છેલ્લી રફાઇ માટે–રફાઇલના પ્યાલા માટે–જે ઝહર–જે અન્ય રીતે ઝહર તરીકે મનાતો પદાર્થ ગણાય છે, પણ રફાઇલમાં પીવાથી દિવ્ય અસર કરે છે તેનું તું જલદી નામ જાણી લે અને ખુશીથી તુરત પી લે. તે પ્યાલો પીધાથી હકીકત–(હક=સાચું)–સાચું જ્ઞાન–તત્ત્વ–જાણવા જીરવવા માટે યોગ્ય બળ મળશે. તે પ્યાલો સનમના હાથની છેલ્લી રફાઇ તરીકે પી લે કે જેથી તને સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય.

કડી ૮. સનમ માટે દિલ તલપે છે– તે તલપ જ્યારે સાચી, કાયમની, ઉદ્દામ થાય છે ત્યારે તે દ્વારા સનમનો રસ્તો જાણવામાં આવે છે. ઘણા તડપવાથી–અસહ્ય લાગણી થવાથી–આશકનું મન તૂટી પડશે, પણ તે જ્યારે તૂટશે ત્યારે અંદર માશુકરૂપી સાંઇ–ગુરૂ હાજરાહજૂર ઉભેલ માલમ પડશે–તે ફના થવામાં–તે તૂટવામાં–તે આત્મ વિનાશમાં જ–ઇષ્ટ પ્રાપ્તિ છે

સાંઇ—ફકીર; ગુરૂ.

કડી ૯. ગુલો—ગુલાબનાં ફૂલો–પર આફરીન થઇ તું આ બગીચામાં આવી ઉભો છે. સુંદર વસ્તુથી લોભાઇ તું તેને મેળવવા તેની શોધમાં આવ્યો છે. પરંતુ ગુલોમાં તો કાંટા છે તેમાંથી બચનાર તો બદન–ગુલ–ગુલાબ જેવું જેનું કોમળ બ-

દન છે તે જ છે. કોમળ શરીર હોવા છતાં કાંટાથી બચવું એ નવાઇ છે. તોપણ ગુલાબના ફુલ જેમ કાંટાથી નિરાળાં રહી શકે છે તેમ તું પણ જો તેના જેવી કોમળતા ભર્યો હોઇશ તોજ બચી શકીશ. સનમની શોધમાં આવતી મુશ્કેલીરૂપી કાંટાથી ન ડરતાં જો બદન ગુલ રાખી, તટસ્થપણે, ઇષ્ટ પ્રાપ્તિ માટે પ્રમાણિક પ્રયત્ન કરીશ તો તને તે મળશે એમાં શક નથી.

કડી ૧૦. માશુકની શોધમાં હજારો ઉસ્તાદો, બડેખાંઓ–ડૂલી ગયા છે–જે ડૂલ્યા નથી તેણે એવી સખત કલામ ગાઇ છે કે કેમ જાણે તેઓ પણ મુવાજ પડયા હોયની–માશુકની પ્રાપ્તિમાં જીવન હાનિ છે–જેને સત્ય જ્ઞાન પ્રાપ્ત થયું નથી તે જીવન ખુવે છે–જેને તે પ્રાપ્ત થાય છે તેઓને એવો અનુભવ થાય છે કે તેનો અનુભવ બીજાને નવાઇ જેવો લાગવાથી તેઓ પણ મુવા જેવા જણાય છે.

પા. ૯૦ કાવ્ય પર. આશાપંખીડું.

આશાપંખીડાંનુ મોહક સ્વરૂપ ઘણું સરસ ચિત્રાયું છે. આખી આલમને આશા જેવી મોહક, તથા જીવનને લોભવનારી અને ટેકાવનારી થઇ પડે છે તેવું જ આ ચિત્ર ચક્ષુને પ્રસન્ન કરનાર, હૃદયને લોભાવનાર અને જીવનને ટેકાવનાર જ થયું છે. જે તરંગવૃત્તિથી તેવું મનોહર ચિત્ર અપાયું છે તે ખરેખર કેળવાયેલ, પ્રસાદયુક્ત અને વિવેકભરી જ હોવી જોઇએ. 'ચંદા' નાં સુંદર, રમતીયાળ, મુદપ્રદ કાવ્યની સાથે આ કાવ્ય પણ તેના લખનારની દીલપસંદ તરંગવૃત્તિ તથા તેનાં ઉચ્ચ ઉડ્ડયનોની ખાત્રી આપે છે.

• પા. ૯૫ કાવ્ય ૫૪. ચક્રવાકી.

ચક્રવાકી ઉત્સાહક શકિતની પ્રેરણાનું દૃષ્ટાંત છે. આખી રાત વિરહ દુઃખમાં ગાળ્યા છતાં પ્રભાતની 'નવલ છબી નિહાળી' પાછી ઉત્સાહની સ્ફુરણા થઇ રહે છે. સંસારની અંદર પણ તેવી જ રીતે પડેલાં દુઃખો વીસારી ભવિષ્યમાં 'નવું નવું જોવાને' રસ રસ્તે પડી, ઉંચે ઉંચે ઉડવાનો ઉત્તમ બોધ અપાયો છે. 'મ્હોટાં નાનાં' ઇત્યાદિ કડી તથા 'ખેંચાતાં પણ જવું' ઇત્યાદિ વિચાર સંસારમાં સફળ થવા માટે ગ્રહી લેવાનાં બે ઉત્તમોત્તમ સત્યો દાખવે છે.

પા. ૯૬ કાવ્ય ૫૫. સરસ્વતીને.

રા. રા. ધ્રુવનાં લખાણમાં જ્યાં બહુજ સાધારણ અને સાદા વિચારો નથી ત્યાં ત્યાં બધેય અર્થ એટલો ગૂઢ રહેલો હોય છે કે તે સ્હેજે પામી શકતો નથી. હૃદયના રસપૂર ભાવનાં નર્તનમાં એકતાનપણું લાગવાને બદલે છુટક તુટક પ્રયાસ થયા હોય અને પછી એક સાથે સાંધવામાં આવ્યા હોય એમ પ્રથમ વાંચને ભાન થાય છે; પરંતુ જરાતરા તેનો માર્ગ મળ્યા પછી તથા રહસ્યમાં પ્રવેશ થયા પછી તેનાં લખાણનો ઉત્સાહ, લાગણીની દયત્તા તથા વિચારની ઉચ્ચતા સમજી શકાય છે.

આ કાવ્ય 'કૌમુદી માધવ' નામનાં ખંડ કાવ્યમાંનું પહેલું છે. કુંજવિહારમાં તે પુરેપુરૂં નથી. કારણ તે ખોવાઇ ગયેલું હતું. હરિલાલભાઇના પુત્ર રા. રા. નરસિંહરાવ પાસેથી મને તે મળ્યું છે તે ખાતર તેમનો ઉપકાર થયો છે. વાચકને માલમ હશે કે તે કાવ્ય મળી આવતાં હમણાં છપાયું છે.

મિત્ર મૃત્યુથી આવી પડેલા 'શોક ભારથી જાગૃતિ આણવા સરસ્વતીને પ્રથમોત્તેજન કરવામાં આવ્યું છે.' પહેલી ૭ લીટીમાં શોકની લાગણી ઉભરાઈ આવી છે; હશે, હશે, પ્રિય વગેરે સમાશ્વાસન સ્વયમેવ ગ્રહણ કરી ઉત્સાહે ઉઠવા પ્રાર્થન થયું છે, તથા સ્વર્મન્દાકિની નિકટે માનસ સરવર તટે રહી ભરતની શુભ થયેલી સ્થિતિને નિરખવાની વિનંતિ સાથે કાવ્ય પુરૂં થાય છે.

લી. ૧ રત્ન થયું બેતાલ–પોતાના પતિ માણેકલાલના અકાળ મરણથી વિધવા થનારી રત્નલક્ષ્મીનો સંસાર બેતાલ થયો.

લી. ૫ મુકતાકારે સતત્ નિકળતાં–'આંસૂ નિકળતાં.'

લી. ૧૫ કૌમુદી પૂર્ણેન્દુ–મુકતાપ્રાશી=પૂનમના પૂર્ણ ચન્દ્રના અમૃતથી ભરપૂર રાત્રિયે–શરદ પૂનમની રાત્રિયે–ઉત્પન્ન થનારાં મોતીનો ચારો ચરનાર.

લી. ૧૭ શરદાગમથી ઇ૦–શરદ ઋતુ બેસવાથી મત્ત બનેલ, અવ્યક્ત મધુર શબ્દ કરનાર, ચન્દ્રના પદ વિન્યાસ જેવો પદ વિન્યાસ ઉજ્જવળ કે મનોહર જેનો છે એવો (હંસ).

લી. ૧૮ માનસ સરોવર તટે વીસામતા=માનસ સરોવરનો વાસ જેને પ્રિય છે એવા (હંસ).

પા. ૯૭ કાવ્ય ૫૬. માસન–સર.

તોફાન વખતે, અતિવૃષ્ટિના સમયમાં પાળ બાંધેલ સરોવરની જે સ્થિતિ થાય છે તેનો ચિતાર સત્ય અનુભવથી લખાયેલો લાગે છે. માનસ–મન–જ્યારે ડોળાણે ચડે છે–કોઈ પ્રસંગથી જ્યારે ચિત્તમાં ક્ષોભ થઇ રહે છે–બુદ્ધિ નકામી થઇ પડે છે–અંતરાત્માનો કાબુ જતો રહે છે, વિવેકસૂર્ય અસ્ત થાય છે અને કોઈ પણ જાતના વિકારનું તોફાન આખાં

હૃદયને ખળભળાવી મુકે છે તે વખતનું આબેહુબ વર્ણન છે. શબ્દાર્થ સુલભ છે, વિચાર પણ સાધારણ છે, પણ ચિત્ર અનન્ય છે અને વર્ણન યથેષ્ટ છે.

પા. ૯૮ કાવ્ય ૫૭. ભણકારા.

ઉંડા ભાવભર્યાં શબ્દોમાં, પરિપકવ જામેલ વિચારમાં તથા પ્રૌઢ અર્થભરી શૈલીમાં સુંદર તદ્રૂપ જગતવર્ણન આ લેખકના કાવ્યોમાં સંપૂર્ણપણે પ્રકાશી રહ્યું છે. (જુઓ આરોહણ, ફોયસાગર.) રચના કાંઇક દુર્ઘટ લાગે છે અને શૈલી પણ બહુજ મિતાક્ષરી છે; પરન્તુ વિચાર તલસ્પર્શી, કલ્પના પ્રસાદયુક્ત અને કથન ગંભીર, પ્રતિભાપૂર્ણ (જેને પ્રાકૃત ભાષામાં સકકો બેસારનાર કહે છે તેવું) છે. અલબત, સંગીતની મધુરતા કે શબ્દની કોમળતા બહુ દેખાઇ આવે તેવાં કે મન હરે તેવાં નથી, પણ તેને સાટે વિચારની ઉચ્ચતા, શૈલીનું જોમ, કલ્પનાની ઉત્કૃષ્ટતા તથા શબ્દોની યોગ્યતા અનુરૂપ અને મોહક છે.

લી. ૧ તટધુમસ—નદીના તટ ઉપર દેખાતું ધુમસ.

લી. ૧–૪. નદીમાં નાવ પડે ઉપડે છે—છેટે ઝાડ તટધુમસમાં વીંટળાયેલાં કેમ જાણે મીઠી નિદ્રા લેતાં હોય તેમ શાંત, સ્થિર છે ને તે વૃક્ષો અને નાવની વચ્ચમાં પ્હોળો પથરાતો રેવાનો પ્રવાહ શોભી રહ્યો છે.

લી. ૫–૬ નિજ—પોતાની, ચન્દ્રની.

લી. ૭–૮ ઉપમા રમણીય છે. વાયુ કેમ જાણે બંધાઇ રહ્યો હોય તેમ ધીમો ધીમો થોડો થોડો વાય છે—તે કેમ જાણે કમળમાં સુતેલો ભ્રમર સૌન્દર્યથી ઘેલો થયેલો લોટતો હોય નહિં!

લી. ૧–૮ વર્ણન સુંદર છે–ચિત્ર ચક્ષુ આગળ ખડું થઇ જાય છે. તેવાં વર્ણનનો ચિતાર ચિત્રપટપર જોવાની ઇચ્છા થાય તો તે કાંઇ હિંદુસ્થાનમાં તો પુરી પડે તેવું નથી. એવી શાંતિમાં સંભળાતા ભણકારાનું કથન છેલ્લી ૭ લીટીમાં છે.

લી. ૯ અનાયાસ છંદ–મેળેજ નીકળી આવતા છંદ.

લી. ૧૩ એ ઉપમા પણ યોગ્ય, ભવ્ય અને મનોહર છે. જેમ કમલપત્રપરથી વગર અવાજે, એક નિમિષ માત્રમાં સ્વચ્છ પાણીનાં ટીપાંરૂપી મોતી સરી જાય છે તેમ 'સેહેની' એ બાનીના ભણકારા પડી વિરમી જાય છે.

પા. ૯૮ કાવ્ય ૫૮. મણિમય સેંથી.

ગુજરાતી સાહિત્ય માટે હજી એટલો બધો અનાદર દેખાઇ રહ્યો છે કે આવા સંગ્રહનો સ્વીકાર થશે કે કેમ એ સન્દેહાત્મક રહે છે. વિશેષ શોચનીય તો એ છે કે શેલી, કીટ્સ, વર્ડઝવર્થ, ડેન્ટી, આદિ વિદેશી કવિઓનાં કાવ્યનો ઘણા રસપૂર્વક તથા માનપૂર્વક સત્કાર કરનારા ભાઇઓમાંથી ઘણાને સ્વભાષાનાં કાવ્યરત્નો વિષે જરાપણ દરકાર હોતી નથી.

આ કાવ્ય એક ઉત્તમ રત્ન બરાબર છે. આખાં કાવ્યમાં વહેતો ભાવ, તેને ઉદ્ગીર્ણ કરવામાં વપરાયેલ મનને રસાસ્વાદનના ઉજમાળા પ્રદેશમાં ઉડાવનાર શૈલી, તથા તેમાં તરી આવતી આશાભરી મનોવૃત્તિ વિગેરે ગુણોનું બયાન 'જ્ઞાનસુધા' ના એક અંકમાં થયેલું છે.

આહિં તેનો ભાવાર્થ તથા લેખકની વિવક્ષા વિષે ટુંકામાં કહેવાનું યોગ્ય લાગે છે.

કાવ્યનું નામ 'મણિમય સેંથી' છે. સ્ત્રીઓના ચોટલામાં વાળ છુટા પાડવામાં આવે છે ત્યાં, બરોબર વચ્ચોવચ, શ્વેત રેખા હોય છે તેને 'સેંથી' કહે છે. તે સેંથીને આભૂષણોથી શણગારાય છે, ત્યારે તે 'મણિમય' બને છે. સંસારરૂપી કાળાં અરણ્યમાં પણ 'મણિમય સેંથી' (=પગથી)–સુન્દર, સુખદ, પ્રભાવાન્ સત્યોથી વિભૂષિત કેડી–સાંકડો માર્ગ. આખા કાવ્યમાં સેંથી એ અર્થમાં વપરાયેલો છે, પરંતુ ખાસ કરીને ભવાટવીમાંથી સત્ય સ્થાને લઇ જનાર નાના, સાંકડા પણ લાભકારી માર્ગનું અસ્તિત્વ સ્થાપેલું છે અને જગનાં ઘોર ગીત સાંભળતાં સાંભળતાં પણ મણિમય પંથ હાથ લાગે છે એ અર્થ વધારે વિવક્ષિત જણાય છે.

શ્લોક. ૧ માં જગત તેનાં ઘોર ગીત ભલે ગાય અને કાંત ચિત્તને સુખદુઃખાદિથી ભલે નચવે, તેની નમેરી છાયા વિકટ રીતે ભલે વ્યાપી રહે, તોપણ આછી આછી પ્રસરતી ચાંદનીવાળો મણિમય પ્રીતિપંથ દીપશે જ; સંસારના વિકટ રસ્તાઓમાં જેને પ્રીતિપંથ હાથ લાગ્યો છે તે સુખાનંદે ભવસાગર તરશેજ એવો ભાવાર્થ છે.

મણિમય પંથ છેજ, તો પછી ભલે પ્રિયે ! વાયુનાં ધમસાણો મચી રહે અને વાદળીઓની દોડધામ થયા કરે; આવા દુઃખદાયિ દેખાવ તરફ માનવ કઠોર દૃષ્ટિ નહિ નાખે, પણ પ્રેમભીનો થઇ, તે તો સૌન્દર્યરેખાનીજ ઝાંખી કર્યા કરશે. જગતની અંદર ગમે તેવાં દુઃખ હોય, તોપણ ખરો માણસ એજ કે જે જગત્કર્તાનાં કાર્યોમાં સહેતુકતા જોઇ, તેણે રાખેલો મણિમય પ્રીતિપંથ ખોળી તે પંથેજ પળે.

પાતળા મેઘરંગ છેટેના શ્યામ અબ્ધિતરંગને ચુમે છે, (દુઃખ તથા સુખ એકત્ર વાસો કરી રહેલ જ છે) તથા સન્ધ્યાનાં ઝળઝળાં તેજમાં આખું બ્રહ્માંડ રમી રહ્યું છે. અને વ્હાલી ! રસદ્યુતિ પણ તારા પ્રેમમાં આથમે છે–ભળે છે–વિલીન થઈ જાય છે (?.) આગલી કડીમાં સુખનો માર્ગ શોધી સૌંદર્ય રેખાની ઝાંખી કરવાનો જે વિચાર જણાવાયો છે તેને અનુકૂળ પ્રસંગ આ કડીમાં વર્ણાવાયો છે.

પ્રેમમાં રસદ્યુતિ ગળી જવાની છે તો પછી ગળી જતાં, આથમતાં, સન્ધ્યાના વખતની રહેતી સૌમ્ય દ્યુતિની ઝાંખી કરી લેશું ને પ્રેમમાં ભળેલ રસદ્યુતિને પ્રસારનાર રસેન્દુનું સ્થાન અંતરમાં રાખશું. હે પ્રાણેશ્વરી ! તે વખતે ઉજ્જવળ સત્યને દાખવીને દિવ્યતાભરી સેંથી બતાવજે. જે સેંથાથી કરીને જગતનાં ગીતની ઘોરતાને ત્યજી દિવ્ય પ્રદેશમાં ગમન થશે.

આગલી શ્યામ અબ્ધિતરંગની કલ્પના પાછી મગજમાં તરી આવતાં તેમાં વ્હાલીની મૂર્તિ મેઘરંગમાં ભળેલી દેખાય છે.

અને તે શ્યામ અબ્ધિતરંગમાં વ્હાલીની સુંદર મૂર્તિ દેખાય છે તેમ વિશ્વમાં ગાજી રહેલાં ઘોર ગીતડાંમાંથી પણ પ્રણયરસીલું આત્મબિંદુ વિરમી રહે છે. દુઃખના કાળા અંધકારમાં પ્રણયથી દીપી રહેતાં આત્મજ્ઞાનનું તેજ દિવ્યતાભારી સેંથી બતાવી રહ્યું છે.

જો એમજ છે તો પછી હે જગત ! તું ત્હારાં ઘોર ગીત ગજવ્યાજ કરજે ! વિમલ આત્માને ઘડીભર તારી શ્યામતાના પટમાં ગોપી દઈ લજવજે ! તોપણ અંતે તારી નમેરી છાયાનો વિકટ ઘટ મટશે અને જ્યોત્સ્નામય મણિમય પ્રીતિ-પંથ સ્નાતણ્વ દીપી રહેશે.

આટલા વિસ્તારથી અર્થ સમજાવ્યા પછી તેનાં રહસ્યની સા. શ્રી. નરસિંહરાવે કરેલી કદર જોવાશે તો વિશેષ લાભ થશે એમ જાણી નીચે અક્ષરે અક્ષર આપવામાં આવે છે.

" 'જગત્‌નાં ઘોર ગીત' એટલા શબ્દોમાં એ રહસ્યનો અર્ક ઉતારી શકાય છે. આ જીવનમાં સુખ અને દુ:ખ એ એનું બાહ્યાભાસે વિરોધી સ્વરૂપ આ અર્કમાં અવિરોધી બનીને રહે છે. જીવનના વિષમ પ્રસંગો ઉત્પન્ન કરનાર જગત્‌ને મન મનુષ્યનાં સુખદુ:ખ તરફ ઉપેક્ષાની વૃત્તિને લીધે, એ વિષમ પ્રસંગો તે પણ એક પ્રકારનું આત્મવિનોદનું ગાનજ છે, એ આશય તો કાંઇક ગૂઢ અને કાંઇક ગૌણ રીતે ધ્વનિત છે. પરન્તુ દિવ્ય શ્રદ્ધાને બળે ઘોર પ્રસંગોમાં પણ કવિ સુખહેતુ જુવે છે અને સુખ અને દુ:ખ બંને એક જ ભવ્ય દિવ્ય સંગીતના ઉંચા નીચા સુર છે એમ માને છે, તેથી આખા જગત્‌માં એકરૂપ સંવાદી સંગીત જ પ્રવર્તે છે. એ શ્રદ્ધાને લીધે નમેરી અન્ધકારની છાયામાંથી પણ જ્યોત્સ્નાનો મણિમય પ્રીતિપંથ પ્રગટે છે, આ શ્રદ્ધાને બળે ગીતની ઘોરતામાંથી પણ ઉલ્લાસ—ઉદ્ધત નહિં પણ ગંભીર ઉલ્લાસ અંકુરિત થઇને સર્વ વિશ્વમાં સુખદુ:ખનો અન્યોઅન્ય સંવાદી સંયોગ કવિ જુવે છે; સિન્ધુતરંગની શ્યામતા આછા મેઘરંગથી મધુરતા મેળવે છે, એ તરંગમાં પ્રિયતમાની મૂર્તિ રસસ્વરૂપના પ્રતિબિમ્બરૂપે દીપે છે; અને વિશ્વનાં ઘોર ગીતમાં પણ પ્રેમમૃદુલ આધ્યાત્મિક સૌન્દર્ય ગૂંથાયલું જણાય છે, આ ઉન્નત શ્રદ્ધા કવિના હ્રદયમાં એ જગત્‌નાં ઘોર ગાન તરફ એક પ્રકારની પ્રેમમય આદરભાવથી મિશ્રિત ઉપેક્ષાવૃત્તિ પ્રેરે છે. આમ આ કાવ્યનું તત્ત્વ જણાય છે.

"છન્દોમાં રૂપાંતર સ્થળે સ્થળે થાય છે તે પણ જાણે સૌંદર્યસરિતા પર્વત અને લીલાં ખેતરોમાં થઈને વહી જતાં સ્વેચ્છાનુસાર, પરંતુ રસિક રીતે જ, વાંકી ચૂકી પોતાની લલિત ગતિ ચલાવતી ના હોય, એમ જ ભાન થાય છે."

પા. ૧૦૨ કાવ્ય ૬૦. કૃતઘ્નતા.

આ રાજવી કવિની ઓળખ વિશેષ આપવી પડે તેમ નથી. તેનું હૃદય કેટલું કોમળ છે, તેની લાગણી કેટલી ઉત્કટ તથા ઉભરાતી છે, તેની લેખનશૈલી કેવી સચોટ છે; તથા તેની લેખનકળામાં કેટલાં ચાતુર્ય અને પ્રબળ પ્રયાસ છે, તે સૌ વાચક સ્હેજમાં જાણે તેમ છે. વગર પ્રયાસે સમજાય તેવી કવિતા હોવા છતાં તેમાં ઉંચા પ્રકારનું કવિત્વ અક્ષરે અક્ષરે ઝળકી ઉઠે છે. તેમાં fluent freshness of poetic style એવી તો રસભરી છે કે તેનું એક કાવ્ય–નાનું યા મોટું–હાથમાં લીધા પછી અથેતિ વાંચ્યા વગર મુકાય તેવું નથી, તેટલુંજ નહિં પણ દરેકમાં કાંઇ ને કાંઈ નવું, નવો ભાવ, નવો વિચાર, નવો ઉદ્ગાર, નવું ચિત્ર કે નવી પ્રતિભા જણાયા વગર રહે તેવું નથી. પરિચિત વસ્તુઓને પણ એવું નવું રૂપ આપતાં આવડે છે કે આપણે કેમ જાણે તે વસ્તુ નવીજ જોતા હઇએ તેવો ભુલાવો ખાઇએ છઇએ.

આ કાવ્ય પોતા તરફ બતાવાયેલી કૃતઘ્નતાથી પ્રેરાયું છે–તેમાં કવિનો ખરો જુસ્સો, નિરાશા વૈરભાવની તીવ્ર લાગણી અને દુષ્ટ જનોનો તિરસ્કાર આબેહુબ દશ્યમાન થાય છે. પરંતુ આખર તોફાની સરોવર વાયુના ઝપાટા નરમ પડવાથી

હળવે હળવે શાંત સ્વસ્થ સ્થિતિમાં આવી જાય તેમ તેનું કામળ, નરમ, પ્રેમીલું હૃદય પાછું મૂળ અવસ્થાને પામે છે ને આશ્ચર્યકારક ઉદારતાથી થયું તે ભુલી ઉત્તમ દિલાસો આપી વિરામે છે.

પા. ૧૦૯ કાવ્ય ૬૪. ચાલ, સખી! ઉડીએ.

જડ, દુઃખભર્યાં, દયાભર્યાં જગતથી કંટાળી, દુનિયામાં કયાંય પણ વિશ્રામસ્થાન કે વિશ્વાસસ્થાન ન મળતાં પોતાની હૃદયંગમા સહચારિણીની સાથે દુનિયાં છોડી ઉડવાની આકાંક્ષાના ઉદ્ગગાર છે. જગતનો કંટાળો, સંસારમાં સર્વ જૂઠાં જ છે એવી માન્યતા, તથા વ્હેમથી ભરેલા પામર લોકો એક બીજાનો તિરસ્કાર કરવામાં જ મચી રહેલા છે એ વિચાર સર્વોપરી છે. એજ આ કાવ્યનું નિમિત્ત કારણ છે.

લી. ૫–પોતાનાં માનેલાં તે પણ ત્યજી ઉડી ગયાં, સંસારની વિકટતા તથા અસત્યતાનો કડવો પ્યાલો પીવા મને એકલો મૂકી તે સર્વ તો ગયાં.

લી. ૭–૮ એકલા પડતાં મન વિરક્ત થયું હતું પણ ત્યાં તારી સહાયતા ને સંગતિથી કાંઇ આશા બંધાઇ.

લી. ૯–૧૬ કરેલા સર્વ પ્રયાસમાં દેખીતો લાભ બહુજ કિમ્મતી લાગે તેવો મળતો પણ જરા તેનો અનુભવ થયો કે તે તો જાદુની બનાવટ જેવું! આમ કયાંય પણ ઇષ્ટ સુખ મળ્યું નહિં. ઘેલાં સુખડાં–જે સુખડાંને માટે મથનારા જણ પણ ઘેલાં થઇ જાય છે તેવાં સુખડાં.

લી. ૧૭–૩૯ સુધીની લીટીઓમાં અવનિપરના સર્વ પદાર્થ ને તેથી મળતાં સુખો ક્ષણિક છે–અંતે દુઃખકર છે અને તેથી અગ્રાહ્ય છે એમ બતાવ્યું છે.

લી. ૩૧–૩૨ "To divide is not to take away" અંગ્રેજ કવિવર શેલીના એ સૂત્રની ભાવનાને જગના સ્થૂલવાસનાથી ભરેલા લોક પોતાના પ્રપંચી વ્યવહારમાં મનગમતી રીતે પરોવી દે છે એ રીતિ ક્ષુદ્ર છે, એવો ભાવાર્થ છે." (લલિત.)

લી. ૪૦ પ્રકૃતિજ પીંજરાં–જન્મથી મળેલી ઉપાધિઓ.

લી. ૪૫–૫૬ રસ નીતરેલો–રસ જેમાંથી નીતરી ગયો છે–ટપકી ગયો છે–જતો રહ્યો છે તેવો.

કાવ્યમાં અખંડ અનંત રસ માટેની ઉત્કંઠા, અવનિનો રસ તો ક્ષણિક હઇ તેનો તિરસ્કાર, અને આ સંસારના બંધ તોડી ઉજ્જવલ, રસભરિત, સુખવર્ષી પ્રદેશમાં જવાની ઉત્કટ ઇચ્છા પ્રબળપણે દેખાઇ આવે છે.

પા. ૧૧૩ કાવ્ય ૬૬. એકાંત.

એકાંતને પસંદ કરનાર, પૂજનાર, શખ્સને મોજમજામાં જીંદગીનું સાફલ્ય માનનારા તેના મિત્રો ગમત પાર્ટીમાં આવવા નિમંત્રે છે.

પહેલી ચાર લીટીમાં આ નિમંત્રણ છે અને તેમાં જગતના–ક્રમભાગ્યે સૌથી વિશેષ હિન્દુસ્થાનના અને તેથી પણ પતંગવત્ જીવન પૂરણ કરી જન્મની કૃતાર્થતા માનનારા માનવોનું સારૂં ચિત્ર છે.

લી. ૫ ગયા. એ ઉક્તિ એકાંતમાં મજા માનનારની છે. લહે–માણે, જાણે, ભોગવે: કર્તા, 'એ'. 'ભરે' નો પણ કર્તા 'એ.'

લી. ૬ નહિં વિચારમિત્રો મળે–મને વિચારરૂપી મિત્રોનું સુખ છે તેવું તેઓને નથી.

લી. ૯ રાચતા, કર્તા–'એ.' મને–મનમાં. સુણી, ગણી, અવ્યયકૃદંત.

લી. ૧૦ દેવી ! O muse ! ધૃષ્ટ–અવિચારી–પામર. હે. સદય દેવિ ! એ પામર જીવોનાં અજ્ઞાનને ક્ષમા આપજે. તેઓને માટે નિરાશા સાથે કાંઇક તિરસ્કાર ભરી લાગણી થતાં–ઉદાર, વિચારશીલ હૃદય પોતાની ઉમદા વૃત્તિથી તેઓ માટે ક્ષમા જ યાચે છે.

લી. ૧૧ પધાર–કર્તા. (અધ્યાહાર) તું (દેવી.) મિલાવ, પૂર, બહલાવ, એનો કર્તા પણ 'તુ' અધ્યાહાર.

લી. ૧૩ આ મોરલો–બોલનાર.

લી. ૧૪ અને જેવી રીતે સુધાને લીધે વિધુ હળવે હળવે બધી કળાઓ પામે છે તેમ હું પણ તારી અમૃતવર્ષી હાજરીથી સંપૂર્ણ કળાધર થઇશ. ધરે–કર્તા, મોરલો.

અંગ્રેજીમાં 'સોનેટ' કહે છે તેવી આ કાવ્યરચના છે. તેમાં ચૌદ લીટી હોય છે. પહેલી આઠમાં વિચારને માટે પ્રસ્તાવિક મંડાણ, અને છેલ્લી છમાં તે વિચારનો ઉપસંહાર: પરિણામ જણાવેલ હોય છે. સોનેટ બે જાતનાં છે: ઇટાલીયન તથા અંગ્રેજી. ઇટાલીયનમાં સંગીતનું પ્રાધાન્ય હોય છે જ્યારે અંગ્રેજીમાં વિચારનું જ પ્રાધાન્ય હોય છે. એક સુંદર, સુસં-

બદ્ધ વિચાર, યુક્તિ સહિત ઘટાવી, ટુંકામાં, અસરકારરીતે દર્શાવવા આ જાતનાં લખાણ બહુ કામે લાગે તેવાં છે. તેમાં છંદનો હજી કાંઇ ચોકસપણે મેળ થયો નથી. પણ ઘણું કરી પૃથ્વી છંદ, તથા વખતે શિખરિણી, મંદાક્રાંતા કે કોઇવાર શાર્દૂલવિક્રીડિત છંદ વપરાય છે. મી. ખબરદારે એક જૂના-છંદ પરથી ધ્વનિત નામનો નવો છંદ ઉપજાવી કાઢેલ છે.

પા. ૧૧૩ કાવ્ય ૬૭. આત્મબોધ.

સૃષ્ટિના ક્રમ પ્રમાણે એક પછી એક ઋતુઓ ચાલી જાય છે. મનુષ્યની જીંદગીના જુદા જુદા ભાગો પણ ચાલ્યા જાય છે, અનેક અંતરાયો મનુષ્ય જીવનની સરળતાના બાધક થઇ પડે છે છતાં પરમ કર્તવ્ય નથી સુઝતું શું? એવો સવાલ ઉઠાવી તે કર્તવ્ય કયું તે સુઝાડી, તેને અવલંબવાનો બોધ અપાયો છે.

આયુષ્ય પાણીના રેલા જેવું છે–કલાપીના શબ્દોમાં તો 'જીંદગી પાણીનું પતાસું' છે, જેને રડી જતાં, ગળી જતાં, વાર લાગતી નથી, તોપણ શું ઉત્તમ કર્તવ્ય સુઝતું નથી?

પહેલી બબ્બે લીટીમાં નડતી અડચણો કહેવાઇ છે અને તેને ખેસવવાની મુસ્કેલી બતાવાઈ છે. ચરણની બીજી બે લીટીમાં એકજ બોધ શબ્દાંતરમાં સચોટ રીતે દેવામાં આવ્યો છે.

લી. ૫ પ્રકૃતિ, પ્રીતિ, આશ, એ 'નડે' નાં કર્તા છે. તેમજ ત્રીજા ચરણમાં કલ્પના, મતિ, અધૈર્ય, ચલભાવના 'નડે' નાં કર્તા છે. ઘડી=ઘડેલી. આજ સુધીના જીવનની ઘડેલી પ્રકૃતિ વગેરે.

લી. ૬. જૂની જડો ઉખેડવા જતાં તે તો ઉલટી ઉંડી પેસતી જાય છે. કાંટો કાઢવા જતાં જેમ કેટલીકવાર લાગ ન ફાવવાથી ઉંડો ઉંડો બેસતો જાયછે તેમ.

લી. ૮. વમળ—પાણીમાં વંટોળીયાથી ભમરીઓ પડે છે તે વમળ. નવું પરમ કર્ત્તવ્ય ઉપસ્થિત થતાં જુની પ્રકૃતિ પ્રીતિ આશા એજ તે કર્ત્તવ્ય તરફ તરવામાં નડી ભવસાગરનાં વમળોની ગરજ સારે છે; એ વમળો—ભવસાગરમાં ચકરાવો ખવરાવતી ડુબાવતી પીડાઓ—વામ, તરી ઉતર. તે પછીનું કર્ત્તવ્યમય જીવન કેવું સુભગ અને શાંત થઇ રહે !

લી. ૧૦. રહ્યા—કર્તા પાપો (લી. ૯). હસે ને ડંખતાં તેનો પણ કર્તા તેજ. 'ઘર કરી રહેવું' એ ઉક્તિ સાધારણ છે.

લી. ૧૨. મામ—અહંકાર. એ પાપોને તું શું નિર્મૂળ કરનાર હતો? સ્વામિ અને કર્ત્તવ્યનું બળ જ એ શક્તિ ધરાવે છે.

વિચારનું ગૌરવ તથા શૈલીની પ્રૌઢતા અને જેમ બને તેમ થોડામાં થોડા શબ્દોનો પ્રયોગ એ આ લેખકનાં સઘળાં કાવ્યમાં દેખાઇ આવતાં લક્ષણો છે. તેમાં અપાયેલો બોધ, જ્ઞાનથી ભરેલો, તથા પુખ્ત ધ્યાનથી પાકેલો છે પણ તે તત્ત્વજ્ઞાનની છાયા (tinge of abstruse philosphy)થી નિર્મુક્ત રહ્યો છે.

પા. ૧૧૪ કાવ્ય ૬૮. બોધ.

યોગ્ય શબ્દોમાં, અસરકારક રીતે, આવેશભરી શૈલીમાં અપાયેલો બોધ ઘણો કિમ્મતી છે. લેખકનો આવેગભર્યો

જુસ્સો એવો તો સુજ્ઞાત છે કે તેને કેટલાંક મંડળમાં તો 'મસ્ત કવિ' એવું યથાર્થ નામ અપાયું છે. એની દુનીયાંના બંધનથી બેદરકાર રહી, પોતાની ધૂનમાં મચી રહેવાની વૃત્તિ તેની દરેક કવિતામાં પ્રત્યક્ષ જણાઇ આવે છે. 'દુનિયાંથી પછી આ બાલ બેદરકાર જુદો છે' એ શબ્દોના લખનારનું મન દુનિયાંથી કોઇ ન્યારીજ સૃષ્ટિમાં મસ્તાનીના આવેશમાં ધૂન મચાવી રહે છે.

દુનિયાં જેવી છે તેવી ખરે રૂપે સમજી તેમાં પ્રવૃત્ત રહેવા માટે અને સફળ થવા માટે જોઇએ તેવો આ બોધ સારી શીખ ભરેલો છે.

પા. ૧૨૦ કાવ્ય ૭૩. વિકરાળ વીર કેસરી.

કડી ૨ લી. ૧ આફાટ–આ–દશ્યમાન જગત–ફાટે એવી રીતે.

કડી ૪ લી. ૩. કર્શે–કૃષ્ટિ ઉપજાવે–સોસાવે.

અગંજે પંજે=કોઇથી પરાજય ન પામનારા પંઝાથી.

રંજ=હેરાનગતિ; ત્રાસ.

અંજે=આંજવાપણાથી.

ચૂર=ચૂરેચૂરો થઇ જાય એવી રીતે.

કડી ૩ લી. ૨ ઉલ્કાપાતે ઘુમાવી–ઘુમાવી નહિ, પણ 'ઘુમાવી' જોઇએ.

કડી ૪ લી. ૧ કો'કા કોની સહાયે–ક્હો કો કોની સહાયે જોઇએ.

લી. ૩ જ્યાં જ્યાં તે' છે, ત્યાં ત્હેં જોઇએ.

પા. ૧૩૧ કાવ્ય ૮૨. એક પત્ર.

રમ્ય ગિરિના અદૃષ્ટ સ્થળમાંથી નીકળતાં, શાંત ગિરિ પ્રદેશને મધુર ઝંકારથી ભરતાં, ઝરણના જેવું આ કાવ્ય ખરેખર રસભરી ખુબીથી લખાયું છે.

એ ઝરણાં એક પર્વતમાંથી નીકળી, રસળતાં રસળતાં, ધીમે ધીમે આગળ વહેતાં અને મધુર નાદથી ગાજી રહેતાં હતાં. ધરા પોતાનાં અંગ ઉંચાં નીચાં કરતી, ખોળો પાથરતી, પાછે પગલે ચાલતી, લળી લળીને અનેક રીતે માતાની માફક તેમની સાથે રમતી અને તેમને મોટાં કરતી તથા બોધ આપતી—એ ઝરણાંને—આગળ આકર્ષી ગઈ.

ઝરણાં આગળ જતાં વિશાળ બને છે—તેમ થતાં પ્રારંભની વિમળતા જો કે મૂળ રૂપમાં ગઇ હતી—ઉપર મેલ જણાતો હતો—તે છતાં અંતરમાં તો તે વિમળતા વિસ્તૃત રૂપમાં રહેલી જ હતી. આગળ ઉપર તે ઝરણાંનો સંગમ થાય છે તે પણ પ્રફુલ્લ આનંદવર્ષી છે.

આ બે વિમલ સુંદર ઝરણાંના જેવાં બે મિત્રહૃદય, પણ મળે છે—મળ્યાં છે ને પ્રફુલ્લતાને પામેલાં છે. ‘અને હવે’ એ ઉક્તિથી એવું ભાન થાય છે કે આજ સુધી મૈત્રી હતી તેમાં કાંઇ ખલેલ પહોંચ્યા હોય; તેથી છેવટે ગતજીવન ધ્યાનમાં લેવાની નમ્ર વિનંતિની સાથે સુંદર કાવ્ય પુરૂં થાય છે.

પા. ૧૩૩ કાવ્ય ૮૪. અગતિ ગમન.

અનેક સ્થૂલ અડચણોને ઓળંગી, માનસિક બળ હોય તો માનસિક રીતેજ હૃદય ગમન કરી કેવો આનંદ અનુભવે છે એ કહેવાનો આ કાવ્યનો ઉદ્દેશ લાગે છે.

સ્વલ્પ શિરનાં નમને–સ્હેજ માથું નમે કે–શિશુના જેવી નિર્દોષ આંખો–કેવલ આનંદમાં ન્હાતાં ન્હાતાં સ્વર્ગનું સુખ અનુભવે છે.

તે ક્ષણિક અનુભવ મેળવી પાછું તરતજ સર્વ ભાન સર્વ કલ્પના, નષ્ટ થાય છે અને ગાઢ અંધકાર જેવો હતો તેવોજ પ્રત્યક્ષ થાય છે.

ગતિ કર્યાં વગર–સ્થૂલ રીતે એક ડગલું પણ ખસ્યા વિના–ઘણે દૂર હૃદયનું થયેલું ગમન–કાવ્યનું વસ્તુ હઇ નામ 'અગતિ-ગમન' રખાયું છે. **न गतिः अगतिः। अगतिः एव गमनम् अगतिगमनम्।**

લીટી ૨. પથિક–પથનાં, રસ્તાનાં.

લી. ૧૦. સખાના વિચારમાં તેની સાથેના માનસિક આલિંગનમાં સ્નેહજલમાં ન્હાતાં ન્હાતાં મસ્તક આનન્દથી કમ્પે છે અને આંખોમાં સ્વર્ગીય દ્યુતિ ઉભરાય છે.

લી. ૧૨. ચરણુ સમજીને અંધારામાંથી ખસી જાયછે. ખસતુંનું કર્ત્તા ચરણ.

નિસ્તેજ વિધુવાળી રાત્રીમાં ઝાડોથી ભરેલાં વનમાં, મુસાફરી કરવાનું વર્ણન છે; પણ બાહ્ય અંધકારથી સૂચિત થતો માનસિક અંધકાર જ આ કાવ્યનો વિષય છે. દુઃખમાં, નિરાશામાં, દિઙ્મૂઢતામાં હૃદય પ્રિયજન તરફ વળે છે, તેના સ્નેહમાં ન્હાય છે અને ઠરેછે, અને એ હૃદયાલિંગનની પળો ક્ષણિક હોય છે તથાપિ તે દરમિયાન સ્વર્ગીય સુખ અનુભ-

વાય છે તેમજ તેવાથી હૃદયનો ભાર હલકો થાય છે. "ચરણ એની મેળેજ અંધારામાંથી સરી જાય છે." એ માનસિક અનુભવનું આ ટુંકા કાવ્યમાં આબેહુબ વર્ણન થયું છે.

(બલવંતરાય કલ્યાણરાય ઠાકોર.)

પા. ૧૩૪ કાવ્ય ૮૫. કલ્પના ને કસ્તુરીમૃગ.

કવિએ કલ્પનાને સ્વતંત્ર મૂકી દીધી છે. તે સ્વચ્છંદે વિહાર કરતી કરૂણ ભાવથી ભરપૂર ચિત્ર ખડું કરે છે. કલ્પનાની મનોરમણીય પ્રવૃત્તિ કેવી આનંદજનક થતી હશે એ તો તેના અનુભવી જ સંપૂર્ણપણે જાણી શકે, પણ તેના શબ્દમય અવતરણના આસ્વાદની મીઠાશ સંસ્કરી હૃદય આવા લેખોદ્વારા ચાખી શકે છે.

કવિતા દેવીની દાસી કલ્પના, કવિને આશીર્વચન આપીને, દુનિયાંની રચના દેખાડવા લઇ જાય છે; કલ્પનાની પાંખ ઉપર ચડી ઉડતાં એક શોભિતા પર્વત પાસે એક કસ્તૂરીમૃગ વિહ્વલ વૃત્તિથી આગળ આગળ ધસ્યું જતું નજરે પડે છે. છેટેથી બીનના જેવો મધુર નાદ સંભળાય છે અને મૃગ શરીરથી વીંધયેલાં હોવા છતાં તે નાદને લક્ષી નજીક નજીક જતું જાય છે. કસ્તૂરીથી લુબ્ધ થયેલ લુબ્ધક બીજાં શર માટે તૈયારી કરે છે, તેથી બીનનો સુર બંધ થવા લાગે છે, ને તેથી મૃગ પણ નિરાશ, ઢીલું થતું જણાય છે. શરની તૈયારી કરતાં પારાધિને જોઇ કવિનું દયાળુ હૃદય અનુકંપાથી કંપે છે ને તેને મારવા તત્પર થાય છે. કલ્પના તેને તલવાર લાવી આપે છે, પારાધિને તે તલવાર લાગતાં બીન હેઠે પડે છે ને મૃગ પણ ગાન વિરમતાં પ્રાણ તજે છે. કવિ, આવા દુઃખ-

ભર્યાં દેખાવ પાસે લાવનાર કલ્પનાપર ગુસ્સે થઇ તેને ધમ-કાવવા જ્યાં ફરે છે ત્યાં કલ્પના ઉડી જાય છે.

આ લેખકના વર્ણનોની મધુરી ખુબી સર્વ કોઇ વાંચતાંવેંતજ અનુભવી શકે તેવી છેઃ રચના સરલ, ચિત્ર સુગમ્ય ને સુંદર, વિચાર સાધારણ છતાં ભવ્ય, અને શૈલી મધુરી ભર્યાં શીતળ સરોવરમાં મગ્ન કરનાર છે. નથી તેમાં વિચારની અટપટી ગુંચવણી, શબ્દોની અતડી પરૂષતા કે રચનાની ગહન ગોઠવણી; શાંત સમુદ્રમાં ધીમાં નિયમિત રીતે વહેતાં મોજાપર હલકવાળી મંદ ગતિથી પ્રયાણ કરતી વિહારનૌકામાં સંધ્યાના સમયની મીઠી લ્હેર વાતાં જે મીઠી મજાનો અનુભવ થાય તેવી મજા આ લેખકનાં કાવ્યો વાંચતાં અનુભવાય છે. ચોમેર કુદ્રત અનુપમ સૌંદર્ય પ્રગટ કરી રહી હોય—વૃત્તિઓને શાંતિ ને શીતળતામાં નવરાવી ઉન્નત વિચારોમાં મશગુલ કરાવી રહી હોય, અને સરળતા, મધુરતા અને ભવ્યતાનું અલૌકિક સંમીલન હૃદયને અનન્ય તુષ્ટિદાતા થઇ રહી હોય તેવો અનુભવ થતો જણાય છે.

આ લેખકનાં નાનાં નાનાં સંગીતોમાં ભાવનું આલેખન સંપૂર્ણ કલાચાતુર્યથી થયું લાગે છે. તેથી કંઇક મોટામાં વર્ણનની ખુબી ભળે છે અને આમ બધાં કાવ્યો સુંદર, મનોહારી અને ભવ્યતાભરી છાપ પાડી રહે છે.

પા. ૧૩૮ કાવ્ય ૮૬. સ્નેહનિદાન.

ભરતખંડમાં સતી થવાનો રિવાજ ચાલતો હતો તે સમયે કોઇ પરદેશી મુસાફરને એક બાલિકાને બાળી દેવાનું નિર્ઘૃણ કર્મ જોઇ દયા આવી અને તે બાળાને બચાવવા પોતે દોડી ગયો. બાળાને ચિતામાંથી બહાર કાઢી, તેનાં સગાંવહાલાંને

શમ તથા દમથી સમજાવ્યાં, અને બાળકીની આસનાવાસના કરી. તે સાજી થઇ ત્યારે તેને તેનું વૃત્તાંત પૂછ્યું તે ઉપરથી તે બાળા પાતાનું વૃત્તાંત કહેવાની શરૂવાત કરે છે.

તે બાળા તેના પિતા પાસે ભણી હતી. પિતાએ તેને ઉપયોગી જ્ઞાન બક્ષ્યું હતું. વિવાહ સમય થયો ત્યારે તેને પરણાવવામાં આવી. સાસરે જતી વખત પિતા શીખામણ આપે છે ત્યારે બાળા પોતાના સંદેહ પિતાગુરૂ પાસે મૂકે છે ને તેમાં લગ્નનો અર્થ, હેતુ, પ્રકાર વગેરે સમજાવે છે.

લી. ૧૯—મન જોડવાં વિધિહાથમાં ૪૦ સરખાવો—

व्यतिषजति पदार्थानान्तरः कोपि हेतुः ।

પા. ૧૪૦ કાવ્ય ૮૭. પ્રેમ–વિકાસ.

હાલમાં નવી જાતના લેખો ઉત્પન્ન થયા છે. રા. ન્હાનાલાલે શરૂઆત કરી છે અને હળવે હળવે બીજા પણ લેખકોને તેની મોહની લાગવા મંડી છે. જો કે તેવા લેખની વિરૂદ્ધ વાંધો બહુ જબરો છે તો પણ તેવા લેખની અંદરની ખુબી એટલી તો મોહકારક અને સુલભ છે કે તેના તરફની પ્રવૃત્તિ તરત અટકે તેમ નથી. સુલભ હોવાને લીધે તે પદ્ધતિ અધમતાએ પણ જઇ બેસશે એવી ધાસ્તી છે ખરી, તો પણ તેટલા માટે સંસ્કારી લેખકોને હાથે તેનો સદુપયોગ થતો જોઇ તે નવીનતાને અભિનંદ્યા વગર ચાલે તેમ નથી. રા. મૂળજી વેદ 'શુકદેવ'ના અભિધાનથી ગુજરાતી અને અંગ્રેજી કવિતા લખે છે એ તો વિદિત હશે જ. કંઇક અજબ જેવું છે કે અંગ્રેજીમાં જે રસ, જે વિશદતા, જે સરળતા અને જે કવિત્વ માલમ પડે છે તેનો ઘણો થોડોજ અંશ ગુજરાતીમાં આવી શકે છે.

પા. ૧૪૫ કાવ્ય ૯૧. પ્રેમીની મૂર્તિપૂજા.

આગળ કહ્યું છે તેમ આ જમાનામાં અંગ્રેજ કવિની અસર ઘણી થયેલી છે; પરિણામે ભાષાંતરો પણ પુષ્કળ થયાં છે. સંસ્કૃતમાંથી સાંગોપાંગ તેવાં ભાષાંતર થયાં છે પણ અંગ્રેજીમાંથી છુટક છુટક કાવ્યોનાં જ થયાં છે. તેવાં ભાષાંતરો આ સંગ્રહમાં પણ સારી પેઠે છે. તે ઠેકાણે ઠેકાણે બતાવી વૃથા લંબાણ કરવાની આવશ્યક્તા લાગી નથી. પરંતુ આ ભાષાંતર તો એટલું બધું રસમય અને ભાવોર્મિનું તદાકાર ચિત્ર ખડું કરનાર છે કે તેની નોંધ લીધા વગર ચાલે તેવું નથી. અંગ્રેજ મહાન નાટકકાર શેકસપીયરનાં Winter's Tale ના ચોથા અંકમાં ત્રીજા પ્રવેશમાંની ફલોરિઝલની 'What you do' ઇત્યાદિ ઉક્તિનું ભાષાંતર છે. રસ, ભાવ, અને અર્થ સંપૂર્ણપણે જળવાયાં છે. ક્યાંઇક આ લેખકની કલ્પના સ્હેજસાજ ભળી છે ખરી પણ તેથી મૂળ માધુર્ય વધે છે.

પા. ૧૫૨ કાવ્ય ૯૭. વર વહુ અમે.

ટેનીસનનાં એક કાવ્યનો તરજુમો છે. ભાવ સારી રીતે અનુકૃત થયો છે. અને છંદ પણ બહુ યોગ્યતા પ્રમાણેજ નૂતનત્વને પામ્યો છે. શિખરિણીને આમ મરડવા મચડવાનું—અને રા. રા. ન્હાનાલાલના શબ્દોમાં કહીયે તો છંદોના આવી રીતે સરવાળા બાદબાકી, ને ગુણાકાર ભાગાકાર કરવાનું—કેટલાકને પસંદ નહિં હોય. પરંતુ નવા ભાવ, નવા વિચારો અને નવાં રૂપ સાથે છંદ પણ નવીનતા પામે તો કાંઇ નાપસંદ કરવા જેવું નથી. ભાવનાં આંદોલનને સ્પષ્ટ રીતે બહાર કાઢતાં

આવાં નવા છંદો પરિણમે છે, અને તે નવીનતાની યોગ્યતા સા. શ્રી. નરસિંહરાવે રા. રા. ન્હાનાલાલના ‘વસન્તોત્સવ’ પરની વિદ્વત્તાભરી ચર્ચામાં સારી રીતે સાધી છે.

અંગ્રેજી કાવ્ય આપવાને બદલે ટેનીસનનાં કાવ્યોની ગ્લોબ એડિશનને ૧૭૩ મે પાને તે કાવ્ય છે તે જોઇ લેવા વિનંતિ કરૂં છું.

આ સંગ્રહમાં ભાષાંતરો પણ એકથી વધારે છે. પણ તે બધામાં પણ આ તથા કલાપીનાં ‘પ્રેમીની મૂર્તિપૂજા’ના જેવાં તાદ્દશ, તેજ ભાવ, રસ અને મીઠાશવાળાં બીજાં થોડાં છે.

પા. ૧૬૮ કાવ્ય ૧૦૪ વસંતવિજય.

“આ કાવ્યની કથા મહાભારતના આદિ પર્વના સંભવ પર્વના પાંડૂપરમ નામના ૧૨૫ મા અધ્યાયમાંથી લીધેલી છે; એ અધ્યાયના પ્હેલા બાર શ્લોકમાંજ આ કાવ્યનું વસ્તુ આવી જાય છે. એક વખતે પાંડુ રાજા મહારણ્યમાં શિકાર કરતો હતો. ત્યાં કિંદમ નામે મુનિ અને તેની ભાર્યા મૃગ-મૃગીને રૂપે મનુષ્યોની લજ્જા મુકી રતિ કરતાં હતાં. મૃગ જાણી પાંડુએ તેમને બાણથી ભેદી નાખ્યાં. મરતાં મરતાં પોતાનું સ્વરૂપ ધારણ કરી તે તપસ્વી ઋષિપુત્રે પાંડુને શાપ દીધો કે ‘સર્વ પ્રાણીઓની હિત અને ઇપ્સિત કાલમાં તેં મારી કામમોહિતની હિંસા કરી માટે હે મૂઢ ! તારો પણ એવી જ અવસ્થામાં અન્ત આવશે.’ ઋષિના મરણ પછી શોકદુઃખાર્ત પાંડુએ વનમાં તપ કરી દેહ પાડવાનો નિશ્ચય કર્યો. તેની બે સ્ત્રીઓ–કુન્તી તથા માદ્રી–એ કહ્યું કે અમે પણ કામસુખ

તજી ઇન્દ્રિયોનો નિગ્રહ કરી તારી સાથે તપ કરીશું.' પછી તેઓ વનમાં રહ્યાં અને શતશૃંગ વગેરે પર્વતોમાં ફર્યાં. (અધ્યાય ૧૧૮–૧૩૪). હવે આપણા કાવ્યની કથા શરૂ થાય છે. એક પ્રસંગે વસંતઋતુમાં વનમાં ફરતાં વનની લીલા જોઇ પાંડુના હૃદયમાં કામ ઉત્પન્ન થયો. માદ્રીએ વાર્યાં છતાં પાંડુ કામને દાબી શક્યો નહિં. શાપનો ભય છોડી બળથી માદ્રીને ગ્રહણ કરતાં પાંડુ કિન્દમ ઋષિની અવસ્થામાં મરણ પામ્યો. આટલા પ્રસંગને લઇ આ કાવ્ય રચ્યું છે. એમાં વસંતનો તપ ઉપર વિજય વર્ણવ્યો છે. કેટલીક વાર કામ ઇન્દ્રિયનિગ્રહને જીતે છે અને અનિષ્ટના પૂર્વજ્ઞાનથી તેથી દૂર રહેવા કરેલો નિશ્ચય વિકારના પ્રાબલ્ય અગાડી જતો રહે છે તેનું કવિયે યથાસ્થિત વર્ણન કર્યું છે. સદ્ અને અસદ્ વૃત્તિનો વિરોધ થતાં મનમાં કેવી અકળામણ થાય છે, મનમાં કેવા જુદા જુદા ભાવ ઉત્પન્ન થાય છે, મન કેટલી વાર સત્કર્મનો (કે ઇષ્ટ કર્મનો) નિશ્ચય કરે છે ને કેટલીવાર તે નિશ્ચય તોડી પાછું નિર્બળ થઇ પડે છે, અને અન્તે કેવી રીતે અસદ્ (કે અનિષ્ટ) વૃત્તિનો જય થાય છે; તેનું તથા મનુષ્ય સદ્ ઇષ્ટનું જ્ઞાન છતાં અસદ્ અનિષ્ટ કૃત્ય કરે છે તેનું રસમય ચિત્ર કવિએ અત્યુત્તમ કૌશલથી આપ્યું છે. નીતિશાસ્ત્રના એક ઉપયોગી તત્વનું ઉદાહરણ આપતાં કવિયે પરોક્ષ રીતે પ્રશસ્ત ઉપદેશનું યોજન કર્યું છે. સર્વાનુભવરસિક કવિતાના ત્રણે વિષય–સૃષ્ટિરચના, પ્રસંગ અને જનસ્વભાવ–નો એમાં સમાવેશ થયો છે. વર્ણન વૃત્તાંત અને મનોવૃત્તિના ચિત્રમાં છેલ્લાનું ચિત્ર વિશેષ મહત્વનું છે અને તે આ કાવ્યમાં અદ્ભુત છે.

'શ્લોક ૧. કાવ્યની કથા ત્રીજા શ્લોકથી શરૂ થાય છે પણ પ્રસ્તાવના દાખલ વચમાંથી એક શ્લોક કહાડી કવિએ પહેલો મુકયો છે. ચમત્કારની આ એક યુક્તિ છે. માદ્રાની આ પાંડુ પ્રતિ ઉક્તિ છે.

(ર. મ. નીલકંઠ.)

લી. ૧૫૯ જાણું બધું ૪૦—પાંડુના હૃદયમાં વિચાર અને બુદ્ધિ વચ્ચે થઈ રહેલ તુમુલ યુદ્ધનું યથાસ્થિત ચિત્ર છે. અમુક કાર્ય હાનિકર્તા થશે એમ જાણ્યા છતાં ઘણીવાર તે અટકાવી શકાતું નથી એવો અનુભવ ઘણાને થયો હશે. એવી સ્થિતિમાં હૃદય કેવું પામર થઈ જાય છે, બુદ્ધિ કેવી મૃતપ્રાય થઇ રહે છે, સારા નરસાનો વિવેક કેવો નષ્ટ થઇ જાય છે, અને આંધળીયાં કરી પતંગની માફક બળતી ઝાળમાં કેવી સહેલાઇથી ઝંપલાવાય છે તેનું તાદૃશ ચિત્ર બહુ જ સફળ રીતે અપાયેલું છે. આ કાવ્યનો હેતુ જ એ છે. માણસની બુદ્ધિ ઉપર પણ લાગણીનો કેટલો જુલમ છે અને તેને વશ થતાં 'હબસીઓની ગુલામગીરી, ભારે જુલમી નિરંકુશ રાજાઓની પ્રજાનું દાસત્વ પણ મનના આ અસ્વતંત્ર વિકારાધીનતા આગળ કંઇ નથી' એ સિદ્ધ કરી આપે છે.

કાવ્ય તરીકેની તેની કિમ્મત ઉપરાંત નીતિશાસ્ત્રનાં એક ઉપયોગી તત્વને સમજાવવાની અતુલ શક્તિથી કાવ્ય એક પંથે બે ઉત્તમ કાર્ય સાધે છે. (સવિસ્તર ટિપ્પણ માટે જુઓ ૧૮૯૦ ના જાનેવારીના બુદ્ધિપ્રકાશમાં આવેલી તે કાવ્ય પરની રા. રા. રમણભાઇની ટીકા.)

પા. ૧૭૮ કાવ્ય ૧૦૮.   વહાય.

સંધ્યા સલૂણી ઇત્યાદિ વિચાર જેમ શેલીના કવિતામાં ઠેકઠેકાણે દર્શાવાયા છે તેમ આ લેખકમાં પણ તેવાજ વિચાર શબ્દાંતર કે રૂપાંતર પામી નીકળી આવે છે.

સરખાવો શેલીનું Flight of love. "

When the lamp is shattered &c.

આપણા હાલના લેખકોમાંથી કેટલાકના વિચાર સાથે અંગ્રેજ કવિઓના વિચારનું સંમિશ્રણ એવું તો થયું છે કે તે સંબંધે વિદ્વત્તાભરી ચર્ચા રસભરી થાય તેવું છે. પરંતુ આવા નાના સંગ્રહમાં ને તેમાં એ તેની ટુંકી ટીકામાં ઠેકાણે ઠેકાણે તેવી નોંધ લેવી એ વધારે પડતું ગણાય એવી ધાસ્તીથી તેમ કર્યું નથી. તો પણ કોઇ કોઇ ઠેકાણે તો વિચારનું તાદાત્મ્ય કે સામ્ય એટલું બધું મળી આવે છે કે અંગ્રેજ કવિના શબ્દો ઉતારવાના મોહને અટકાવી શકાયો નથી.

પા. ૧૭૯ કાવ્ય ૧૦૯.   વિપ્રયોગ.

પહેલી આઠ લીટીમાં પ્રશ્ન છે ને છેલ્લી આઠમાં તેનો ઉત્તર છે.

પત્નીવિયોગથી દુઃખી થયેલું હૃદય સંસ્રુતિની અન્ય વસ્તુઓ તેવી ને તેવી દેખે છે—તેને નાશ કે વિકાર નથી. આકાશમાં તારલી, ચન્દ્રની જ્યોત્સ્ના, અને નિશાનો વિલાસ—એ જેવાં હતાં તેવાં જ દેખાય છે પણ હતી તે દારા ક્યાં છે?

સ્વભાવિક રીતેજ પ્રશ્ન ઉઠે છે કે શું ત્યારે હવે એ નહિ જોવાય? રોનારા પ્રિય જનનાં આંસુડાં, આશ્વાસક શબ્દો સાથે તે નહિ લ્હોવે? શું ત્યારે ત્યાં (પરલોકમાં) એની એ દારા ત્યારે (મૃત્યુ પછી) લાઇલાજ રોયાજ કરવાની?

દુઃખી હૃદય, શોકના અગાધ પૂરમાં નિમગ્ન થયેલું હૃદય, આખર કાંઈક દિલાસો શોધી ઉત્તર મેળવે છે કે જ્યાં સ્વર્ગની જ્યોત્સ્ના વસી રહે છે અને જ્યાં નિશાનો અંધકાર કોઈ દિવસ દૃષ્ટિગોચર થતો નથી ત્યાં તે દારા છે.

છેવટ શોકોદધિમાં ડુબતાં ડુબતાં દિલાસારૂપી ત્રાપો હાથ આવે છે અને-જો ત્યાં તે દારા છે તો તેને ત્યાં મળશે-અને ત્યાં એ આંસુ પણ લુછશે એમ વિચારી દુઃખભાર ઓછો કરવા પ્રયત્ન કરે છે અને એની એ દારા છે-તેને મળાશે-માટે હમણાં સાથે રોવા કે અશ્રુ લોવા ન આવે તોપણ તે ત્યાં તો છે અને આખરે મળશે એવા દિલાસાથી મન વાળે છે.

આ નાનકડાંક સંગીતમાં જે મીઠાશ અને કોમળ ભાવના લલિત ઉદ્‌ગાર નીકળ્યા છે તે ખરેખર અતિ સુંદર લાગે છે. શોચની પરાકાષ્ઠાનું તથા કોમળ હૃદયની નિરાશામાંથી જાગી ઉઠતી અમર આશાનું ચિત્ર રસવૃત્તિ મોહ પમાડે ને હૃદયને પીગળાવે તેવું જ છે. કલાપીનાં નાનાં સંગીતોમાંજ કેટલેક ઠેકાણે આ માર્દવ, આ કરુણભાવ, આ મીઠાશ અને આ હલક કંઈક અંશે દેખાય છે. બીજામાંથી તો ભાગ્યેજ આની પાસે ઉભું રહી શકે તેવું કાવ્ય મળશે.

પા. ૧૮૦ કાવ્ય ૧૧૦. સ્વપ્ન-વાટિકા.

મૃત્યુવશ થયેલી એક સ્નેહીબાઈની કબર પાસે આવતાં, 'હવામાં કાંઈ તરલ ઝુલતી લાગણી' લાગવા માંડી. અને તેને પરિણામે આ લીટીઓ લખાઇ. મી૦ તારાપોરવાળાને

ગુજરાતી—શુદ્ધ ગુજરાતીના સંસ્કાર થયેલા છે તે આ કાવ્ય-માંથી દેખી શકાય છે. પારસી ભાઇઓને આવી શુદ્ધિ તરફ વળતા જોઇ કોને હર્ષ નહિ થાય?

પા. ૧૮૧ કાવ્ય ૧૧૧. તું ગઇ.

"આ કરુણ અને માર્દવથી ઉભરાઇ જતું લઘુ સંગીત કાવ્ય મારા એક મિત્રે પોતાની પત્નીના સ્વર્ગવાસ ઉપર લખેલું છે. પ્રબલ ચિત્તક્ષોભના ઉદ્દગાર, કે શાંતિના સમયમાં સંભારેલી અને ફરી તાદૃશ થતી અવસ્થાનું ચિત્ર, એ આમાં નથી. જે સ્થિતિમાં વિચાર અને લાગણી અભિન્ન થઇ જઇ પ્રસ્તુત સમયનુંજ દર્શન થાય છે તે નહિ, પણ ફરી એકવાર દૃષ્ટા થઇ શકાતાં સમગ્ર જીવન જે પ્રકારનું ભાસે છે, તેનું પ્રતિબિંબ છે. પ્રદીપ દૂર થતાં શૂન્ય જણાતાં મંદિરની જેવી દશાવાળા અંતઃકરણનું આ નિરાશારૂદન છે. આવેશના કરતાં માર્દવ વિશેષ હોઇને સહૃદયનું હૃદય વધારે દ્રવિત બને છે. દૃષ્ટા થઇ જીવનને નિહાળી જોતાં પણ વિસ્તૃત કરેલાં નયન બાષ્પજલથી ભરાય છે, અને લૂછાય છે. આ બધું સમજ-નારને નીચે કેટલું બધું છે એ કલ્પના આવતાં અસામાન્ય અસર થવી જાઇએ, પણ સામાન્ય વાંચનારને તો ફક્ત શુદ્ધ પ્રેરણા અને સરલતાનોજ અનુભવ થવાનો સંભવ છે. આપણી ભાષામાં આવાં પૂર્ણ કાવ્યરત્નો ઘણાં થોડાં મળી શકશે. લી. ૨૫—૨૮. આ કલ્પના એટલી બધી સુશોભિત અને તેની સાથે એટલી બધી અસરકારક છે કે પ્રસ્તુત અવસ્થાની પૂર્ણ પ્રતીતિ થવામાં કાંઇ પણ ન્યૂનતા રહેતી નથી."

મ. ર. ભટ.

પા. ૧૮૫ કાવ્ય ૧૧૩. માળીને ઉપાલંભ.

આ કાવ્ય આજ સુધી જી. લ. દવેની કૃતિ તરીકે મેં માનેલું હતું. પરંતુ મારા મિત્ર રા. લલિતને ખબર થતાં તેમણે ખાતરી કરી જણાવ્યું કે તે તો રા. ઇન્દ્રજીત જ્યેષ્ટારામનું કરેલું છે. તેથી યોગ્ય ફેરફાર કરવાનું વ્યાજબી માન્યું છે.

પા. ૧૮૬ કાવ્ય ૧૧૪. પ્રાર્થના.

આ અતિ નાના કાવ્યમાં દુઃખી દિલને સૌ સાથે મળી માથે પડ્યું સહી લેવાનો ઉપદેશ બહુ ટુંકામાં, પણ હૃદયના ખરા ભાવથી દર્શાવવામાં આવ્યો છે. જેમ ભાવ બળવાન, તેનો ઉદ્દગાર આવેશ ભર્યો અને હૃદયની છબી ખરી બળવના, તેમ શબ્દોનો ઉપયોગ થોડો કરવો પડે છે. વૃથા વાગ્જાલનો ત્યાં અવકાશ રહેતો નથી. રોનારનું હૃદય ગમે તેવું હૈયાફાટ રુદન કરતું હોય તોપણ તેનાં હૃદયને અસરકારક આશ્વાસન આપવું એ બાહ્યોપચારથી બનતું અશક્ય છે; સખાનું હૈયું 'વ્હાલાં કેરા દુઃખ શ્રવણથી પીગળે' છે અને નિરુપાય બની દુઃખી થતા વ્હાલા સ્વજન સામું મુંગામુંગા જોયા કરે છે ને બહુ ત્યારે સાથે આંસુ સારે છે. ત્યારે વ્હાલાંઓ પ્રતિ ઉપદેશ એવો છે કે સાગરમાં (ભવસાગરમાં) સૌ સાથે ઇ.

રોવાની નિષ્ફળતા છતાં માનુષી હૃદયપર તેની સત્તા, બાહ્ય ઉપાયોની નિરર્થકતા અને વ્હાલામાં વ્હાલા સખાનું વધારામાં વધારે જોર અશ્રુસમર્પણનું જ છે: આ બધું મિત શબ્દોમાં અમિત ભાવથી દર્શાવી, પાછળથી સૌ સાથે સ્હેવાનો અમોલ ઉપદેશ આપનાર આ નાનકડુંક કાવ્ય સંસારયાત્રા સફળ રીતે કરવા ઉત્તમ શિક્ષણ આપે છે.

પા. ૧૮૭ કાવ્ય ૧૧૫. વિધવા બ્હેન બાબાંને.

પ્રભુપર ખરી આસ્થા—તેના સર્વ રસ્તાઓ સારા માટે છે એવો દૃઢ વિશ્વાસ અને આવેલી સ્થિતિમાંથી પણ ઉત્તમ બોધ અને સંપૂર્ણ સંતોષ મનાવનાર આ કાવ્યની મધુર છાપ અનેરી જ છે.

એ લેખકનાં કાવ્યમાં કળાવિધાન એવું તો સાવધાન રીતે થયેલું છે કે તેની એક લીટી નવીન આનંદભરી મીઠાશ વિનાની નથી, એટલું જ નહિં પણ તેનાં સર્વ લખાણમાં અથથી તે ઇતિ સુધી ભાવ વધતા જતા રસથી જળવાઇ રહે છે.

પા. ૧૮૯ કાવ્ય ૧૧૬. વિદ્ધ મૃગ.

સ્વ. હરિલાલભાઇ જ્યારે ચન્દ્રના તંત્રી હતા ત્યારે તેમની નવા લેખકોપર માયાળુ વૃત્તિને લીધે કેટલાક નવા જણને લખવાનો ઉત્સાહ ચડતો અને મળતા અભિનંદનથી કાયમ રહેતો. આવા બધામાં મી. બોટાદકરના લેખ ઘણા ખરા બધા ખરાં કવિત્વથી ઝળકી ઉઠે છે.

આ કાવ્યનો પ્રસંગ બહુજ બારીક છે. સહજ સમજાય તેવું છે—તેમાં પ્રદર્શિત થયેલ કરુણભાવ અને માર્દવ વિષે વિશેષ વિવેચન કરવા જેવું રહેતું નથી.

તેજ લેખકનો બીજો લેખ ‘પ્રેમ અને સત્કાર’ પણ તેની કલમની સચોટ લેખનશૈલી તથા વિચારમાં ઉંડા ઉતરવાની રીતિનું સારી રીતે ભાન કરાવે છે.

‘કલ્લોલિની’ નામનો કાવ્યસંગ્રહ તેમના તરફથી હમણાં બહાર પડયો છે.

લી. ૨૦ આ પ્રેમ પારાવારમાં. ૪૦ સરખાવો.

‘કાંઇ તેથી વધુ સુખ હશે પ્રેમીને દાઝવામાં.’

(તુલસી. કલાપી.)

પા. ૧૯૦ કાવ્ય ૧૧૭. મ્હારા મયૂરને.

આ કાવ્ય સ્વર્ગસ્થ લાઠી ઠાકોરશ્રી સુરસિંહજીના સ્મરણાર્થે લખાયેલું હતું.

પા: ૧૯૨ કાવ્ય ૧૧૯. મૃગલીને.

'મજા ક્યાં છે' ના લખનારનું જ આ કાવ્ય છે પરંતુ આમાં દિલની સ્થિતિ તદ્દન જુદી જ છે. પહેલી કડીમાં ગ્રીષ્મના પ્રચંડ તાપથી થતી દુ:ખદ અવસ્થાનું વર્ણન છે અને તેમાં તૃષાથી પીડાતી, અધોગતિ પામેલી મૃગલીને ઉન્નતિ માટે અવનતિ પણ સહી લેવાનો ઉપદેશ અપાયો છે. દુ:ખનાં કાળાં વાદળાં દૂર થઇ સુખસૂર્ય ઉગશે, લીલી લીલા બધે પ્રસરશે અને અનંત વસંતની ભભકભરી ખુબી પાછી અવનિમાં ખીલી રહેશે એવો આશાભર્યો ઉપદેશ તથા દિલાસો અપાયેલ છે.

પા. ૧૯૭ કાવ્ય ૧૨૨. શિકારીને.

આ નાનકડાં કાવ્યમાં કેટલી ગંભીરતા છે એ હવે સમજાવવું પડે તેમ નથી, જોકે પોતાનામાં કળાની ખામી છે એમ કલાપી માનતા હતા તોપણ વાંચનારને આ કાવ્ય વાંચ્યાથી જાણવામાં આવશે કે, કળાવિધાનમાં તે રાજવી કવિ પોતે કહે છે તેટલા પછાત હતા નહિં. સુંદર વિચારને સુન્દર રીતે વર્ણવી થોડી સુન્દર લીટીઓમાં સમાપ્ત કરવાની સુંદરતા આ નાનાં સુન્દર કાવ્યમાં સર્વ વાચકને પ્રતીત થશે એમ આશા છે.

પા. ૧૯૯ કાવ્ય ૧૨૪. થોડેક છેટે બળતી ચિતા.

લી. ૮ મૂર્ખમનુ—મનુષ્યને મૂર્ખ ઉપનામ વાસ્તવિક જ છે. માયાના ખેલ પ્રત્યક્ષ છતાં તેનું ભોપાળું, છતી આંખે પણ જોઇ ન શકે તો પછી તેને મૂર્ખ કહેવો જ ઘટે છે.

બાળું ને બળતી દેખાઉં, બળતી બાળતી ખાઉં,
મૂર્ખ મનુ તોયે ના સમજે માયાનું ભોપાળું.

એ લીટીઓ ઉત્તમ સત્યને ઘણીજ સ્વાભાવિક રીતે, સુંદર, સહેલા, સાદા, શબ્દોમાં સમજાવે છે ને ખરાં કવિત્વની પ્રતિભાનું સૂચન કરે છે.

આવા સુંદર, મોહક ઉદ્‌ગારો પ્રસાદી કવિમાં ઠેકાણે ઠેકાણે મળી આવે છે. તેને માટે રસિક વાચકને જ્યાં ત્યાં સૂચન આપવું યોગ્ય લાગ્યું નથી.

પા. ૨૦૦ કાવ્ય ૧૨૫. વ્હાલાંઓને ઉપદેશ.

દયા ધરમ કો મૂલ હે, તથા **आत्मवत् सर्वभूतेषु** આદિ મહાત્માનાં મહાવચનોમાં ઉપદેશાયેલી **भूतदया** નોજ ઉપદેશ આમાં પણ છે. ઉદારચરિત મહાત્માઓનાં જીવનનું સત્વ–સાર– આમાં જ છે. મનુષ્ય જાતિ પર બંધુભાવ રાખવાનો ઉમદા, ઉત્તમ અને ઉદાર ઉપદેશ તેવાજ સરળ શબ્દો, સ્હેલી શૈલી અને રસભરી છટાથી થયેલો છે.

આ લેખકનાં આવેલાં જુદાં જુદાં કાવ્યોના અનુભવથી વાચકને તેનાં કાવ્યની ભાવપૂર્ણતા, રસિકતા, અને મધુરતાનો તો સ્વાદ આવ્યો જ હશે અને તેથી તેનાં સ્વચ્છ હૃદય, તેને ઉકેલવા માટે વપરાતા આબેહુબ શબ્દો, તેમાં વહતી

કોમળતા અને પદલાલિત્ય, તથા આખાં કાવ્યમાં ઓતપ્રોત પરોવાઇ રહેલો ભાવ વિગેરેનું વિશેષ વિવેચન જરૂરનું નથી.

પા. ૨૦૨ કાવ્ય ૧૨૮. સખા પ્રત્યે ઉક્તિ.

સંસારમાં નેહનો અભાવ દેખી દુઃખી થતા હૃદયની સખા પ્રત્યે ઉકિત છે. જલને પડદે–આંસુ ભરી આંખે નિરખતાં નેહ જણાતો નથી. જરા જોવા જાઉં છું કે હૃદયમાં ગ્લાનિ–અસંતોષ–નિરાશા ઉત્પન્ન થતાં અશ્રુધારા વહે છે ને તેથી ચક્ષુ આડે જળનો પડદો રહે છે.

જો ભવસાગરમાં તારા હૃદયની સાથે મારા હૃદયથી વહાય તો મને બીજી ઐહિક આશ નથી એમ કહી સખાને ઐહિક આશમાં મોહ ન પામવાનું વિનવી, સ્નેહસિંધુ વહેતો કરવા માટે આતુર વિજ્ઞપ્તિ સાથે કાવ્ય અવસાન પામે છે.

પા. ૨૦૫ કાવ્ય ૧૩૧. તુલસી.

'કલાપીના કેકારવ'માં આ કાવ્યને 'બિલ્વમંગળ' એવું નામ આપવામાં આવ્યું છે તથા અંદરની લીટીઓમાં પણ છેવટના ભાગમાં જ્યાં નામ આવે છે ત્યાં ફેરફાર કરાયો છે. તુલસીદાસ માટે દંતકથા જુદી તરેહની છે અને આમાં વર્ણવેલી વાત સુરદાસને વધારે લાગુ પડે છે તે ખરૂં હોય તોપણ કવિએ જેવી રીતે લખેલ હોય તેજ રૂપમાં તે કવિતા વાચક આગળ સાંગોપાંગ મુકવી ને પછી તે સમ્બન્ધે જે ચર્ચા યોગ્ય લાગે તે કરવી એ વધારે ઉચિત છે એમ ધારી, કલાપીએ પોતે 'ચંદ્ર' માં મોકલેલ તેવીજ આમાં પણ દાખલ કરેલ છે.

પા. ૨૩૭ કાવ્ય ૧૩૬. ચક્રવાકમિથુન.

"સૂર્ય અને કમલ, ચંદ્ર અને કુમુદ એવાં કેટલાંએક પ્રેમી જોડાં સંસ્કૃત કવિઓએ કલ્પ્યાં છે. ચક્રવાકચક્રવાકી વિષે તેઓની કલ્પના એવી છે કે એ બન્નેનો પરસ્પર પ્રેમ એટલો બધો હતો કે એમાંથી એકનું મોત થતાં બીજું તેની પાછળ જીવ કહાડતું; તેમાં દૈવયોગે કોઇના શાપથી દરેક રાત તેમને વિયોગમાં કહાડવાની થઈ ત્યારનાં, તેઓ રોજ સાંજથી સવાર સુધી કોઇ નદીને સામસામે કાંઠે કે બીજે એવેજ કોઈ સ્થળે બેસીને આખી રાત એક બીજાને ગદ્‌ગદ સ્વરે બોલાવવામાં ગાળે છે. અને દિવસે એક ઘડીભર પણ વિખુટાં પડતાં નથી. આ કાવ્યમાં ચક્રવાકચક્રવાકીનું હૃદય મનુષ્યહૃદય જેટલુંજ સુકુમાર કલ્પ્યું છે. ફેર માત્ર એટલો કે મનુષ્યનું વિશાલ હૃદય અનેક મહાન અને તીવ્ર વિકારોથી કંપાયમાન થાય છે: પણ આ પક્ષિઓનું હૃદય એક પ્રેમનોજ મહાવિકાર અનુભવે છે. 'સ્નેહબાલ' ચક્રવાકનાં નિરૂપણ દ્વારા મનુષ્યહૃદય પ્રેમમયજ બની રહ્યું હોય, એ વખતની તેની સ્થિતિ સૂચવવાનો આ કાવ્યનો હેતુ છે."

બ. ક. ઠાકોર.

પ્રેમ એજ જેના જીવનનું પરમ કર્તવ્ય મનાયેલ છે તેવા પ્રેમમગ્ન યુગલને પ્રેમીના સહવાસથી મળતાં સ્વર્ગીય સુખ અને તેના વિયોગથી—વિયોગના વિચારમાત્રથી પણ—થતા અસહ્ય શોક અને અગાધ દુઃખનું આબેહુબ વર્ણન આ કાવ્યમાં થયું છે. એક નિર્જન ગિરિ પ્રદેશમાં વહેતી નદીને કિનારે ચક્રવાકમિથુન રહેતું હતું. થવાના વિરહથી સભય થયલી નાયિકા વ્યાકુલ થયેલી છે. માણેલા અનવધિ સુખ પછી

આવતા વિરહથી થતી વ્યાકુલતા કેટલી બધી બેસુમાર થાય તે તુલના કરવા ખાતર સંયોગના સમયે તેઓના અમિત-સુખદાયિ વિહારનું વર્ણન લી. ૧૫ થી ૪૬ સુધીમાં છે. થવાના વિરહનું ભાન સ્નેહમગ્ન જોડાંને વિલાસને વખતે રહ્યું ન હતું; તે ભાન થતાં—સ્મૃતિનાશની જવનિકા ત્રુટતાં તેઓ ઉન્મત્ત (ગાંડાં જેવાં) થઇ ગયાં અને આખરે જુદા પડવાનો સમય લંબાવવા માટે ઉંચે ઉંચે ઉડવા લાગ્યાં—એવી આશાથી કે તેઓ સૂર્યતેજની સમીપ રહે તો વિયોગ ન વેઠવો પડે. પરંતુ દિનતેજનાં છેલ્લાં કિરણો જવા લાગ્યાં અને તેથી રહેલી ક્ષણમાં પણ તેઓ પરિરંભ કરી રહ્યાં. વિરહ વેદનાથી બળતું જોડું 'છૂટી છૂટી સહન ન થતાં મત્ત પાછું મળે છે' અને ટળવળતી નાયિકા 'પાષાણોમાં' ઇત્યાદિ તૃષ્ણા બતાવે છે. તેના જવાબમાં નિરાશામાં ડૂબી રહેલો નાયક ધૈર્યને છેદનાર દિલાસો આપે છે ને કાવ્યનું મૂળ વસ્તુ પુરૂં થાય છે. લી. ૧૦૭ થી ૧૧૪ માં કવિની કળાની પરાકાષ્ઠા છે. "કવિતાદેવીએ કરેલા દિવ્ય લોચનથી કવિને જુદોજ આભાસ થાય છે. મનવાંછિત ચિત્તહારક રસતેજપૂર્ણ એક નવીન 'દુનિયા' માં આ "સ્નેહબાલ ચક્રવાકમિથુન" પૂર્ણ આવેગથી દાખલ થઇ જતું હોય એમ તેને ઘડી ભર જણાય છે. પણ કવિતાદેવીનો હાથ જ્યાં મસ્તક ઉપરથી ખસી જાય છે, આંખો બંધ કરીને જ્યાં પાછી ઉઘાડે છે, ત્યાં તેની ખાત્રી થાય છે કે એ દેખાવ તો ફક્ત એક ઇન્દ્રજાલ હતું—છેલ્લી બે લીટીઓથી કાવ્ય માત્ર હૃદયજન્ય કવિતાના (Pure subjective petry) કરતાં ચઢતી પંક્તિનું બને છે."

બ. ક. ઠાકોર.

પા. ૨૫૧ કાવ્ય ૧૩૯. સ્મરણાંજલિ.

સ્વ. મણિલાલ નભુભાઇને અર્પણ કરેલી સ્મરણાંજલિમાંથી આ લીટીઓ લેવામાં આવી છે.

પા. ૨૫૬ કાવ્ય ૧૪૫. આલેક.

પ્રભાકર નામના માસિકમાં આવેલું આ કાવ્ય લેખન શૈલી અને મસ્તી ઉપરથી બાલાશંકર ઉલ્લાસરામનું છે એમ એક મિત્રના કહેવાથી સ્વીકારવામાં આવ્યું હતું; પરંતુ રા. મહેતાએ (ઘણો દીલગીર છઉં કે ઘણા વખત પહેલાં આવેલું તેમનું પતું હાથ લાગ્યું નથી અને તેથી તેમનું આખું નામ આપી શકતો નથી) તે કાવ્ય પોતાનું છે એમ જણાવતાં નામમાં સુધારો કર્યો છે. 'ઓઝા'એ સ્મૃતિદોષ છે–'મહેતા' જોઇએ.

પા. ૨૬૨ કાવ્ય ૧૫૦. પ્રાર્થના.

પ્રાર્થના કરનારનાં જીવનને સરિતાનું રૂપ આપ્યું છે, અને તે રૂપક અંગેઅંગમાં પ્રયુક્ત થયેલ છે. ખરી જીગરની લાલસા–નદીને ઉંડાણે રહેતું સ્વચ્છ પાણી; બુદ્દબુદો, મેલ, ફીણ, વમળ–પ્રાર્થના કરનારનાં પાપ; ખાર (એ પરપોટાઓ પોતે નાશ પામે છે છતાં તેનાં અસ્તિત્વનાં ચિરસ્થાયી ચિન્હ ખાર રૂપે મુકી જાય છે)—કરેલાં પાપનો પસ્તાવો; પવન–કેટલીકવાર અજાણતાંજ આપણાં કર્તવ્ય અમુક રસ્તે દોરાઇ જાય છે તે દોરનાર અકસ્માત્; ઉદધિની વેલા–સંસારની ધડમથલ (સત્ય જ્ઞાનને સ્ફુરવા નહિં દેનાર રીતિરિવાજ, લાજશરમ વગેરે વગેરેનું જોર.) તિમિર ગહ્વર (=નદીની અંદરની બખોલ)–જુનાં પાપ. આમ સર્વાંશે રૂપક અનુસ્યૂત હોઇ કાવ્ય એક પરમ્પરિત રૂપક બને છે.

પા: ૨૬૪ કાવ્ય ૧૫૩. કલમ કરનાર ઇ.

આ માત્રાત્મક ચિત્રબંધના પ્રથમ પદ્યમાં અનુવાદ સાંગોપાંગ સજીવન હોવાની, રસપ્રવાહ મૂળના જેવો જ સાહજિક ગતિવાળો હોવાની, અને નવી વાણી નવી ખુબીવાળી હોવાની આશંસા પ્રદર્શિત કરી છે; ને પરોક્ષ એમ સૂચવ્યું છે કે શબ્દાર્થ શુદ્ધિ સાચવતાં એ અનુવાદ નિર્જીવ હોય છે, ભાવ ઘટવતાં એ રસપ્રવાહ ક્લેશથી વહેતો હોય છે, અને જૂની વાણીની ખુબી લાવવાના પ્રયાસ થતાં એ નવી વાણી ખામી ભરેલી હોય છે. બીજા પદ્યમાં પ્રસંગ મળ્યે ન્યૂનતા દૂર થઇ શકે એટલા માટે છૂટથી વિરુદ્ધ પણ હિતબુદ્ધિની ટીકા કરવા વિવેચકને અનુવાદકની પ્રાર્થના છે; અને નવીન આવૃત્તિમાં અનુવાદને અંગે ઉદ્ભવતી નૂતન શોધ ભરેલી ચર્ચાની મંજરી વાચકને નિવેદન કરવા અનુવાદકની ગૂઢ પ્રતિજ્ઞા છે.

કેલિ કરતું–રમતું, રમતિયાળ (Sportive). ધજ ધરણી અનુવાદની ચારુતર (ચરોતર) ભૂમિની ગુજરાતી ભાષારૂપી ભૂમિ. વિદ્યાધર–વિદ્વાન. સંજીવની–મૃત સંસ્કૃતના મૃતપ્રાય નાટકને પોતે જીવતી હોઇ સજીવન કરનારી. નવ જીવન–અનુવાદની ભાષાની સમર્થતા (Expressiveness) વ્યંજકતા મધુરતા આદિ વિશિષ્ટતાથી જે નવું ચૈતન્ય અનુવાદમાં આવે તે. કવાસવા–વિરુદ્ધ છતાં પણ હિતબુદ્ધિના. વૃન્દાવનના વનમાળી–શ્રીકૃષ્ણ ભગવાન. મંથન–સમુદ્રમંથન. નવનીત–માખણ. સુરવન–નંદન વન. કાંચનપુરી–સોનાની દ્વારકા. બ્રહ્મારણ્ય–બ્રાહ્મણોના આશ્રમોને લીધે પ્રાચીન કાળથી 'બ્રહ્મારણ્ય' સંજ્ઞા

પામેલું ગુજરાત. ગિર્વાણ—દેવવાણી, સંસ્કૃત. પમરાવી—પરિમ-
ળથી મહમહ બનાવી.

કેશવ હર્ષદ ધ્રુવ.
(વિક્રમોર્વશીયના ભાષાન્તરકાર.)

પા. ૨૬૬ કાવ્ય ૧૫૪. અવસાન.

વશાવર્તી ઇ૦ સંગીતના ધ્વનિથી જળ પણ થંભી જાય છે તેવો વિચાર જુના કવિમાંથી પણ મળી આવે છે. ‘ગોપીનો * રાસ’ નામનાં એક કાવ્યમાં કૃષ્ણની વાંસળીથી જડ અજડ સૃષ્ટિપર થતી મોહક અસરનું અતિ સુંદર અને તાદૃશ વર્ણન છે, તેમાં આ વિચાર દર્શાવાયલો છે.

હરિ વૃન્દાવન આવીયા જીરે,
કંઇ વાયો મધુરો નાદ; વ્રજગોપીને રાસ રમાડીયાં જીરે.
શબ્દ ગયો ચૌદ લોકમાં જીરે
પછી બ્રહ્માજી ભૂલ્યા વેદ; વ્રજ૦
પવન રહ્યો મૂર્છાઇને જીરે.
* * * * *
જમનાંનાં જળ થીર થંભીયાં જીરે
પછી તૃણ ન વદે ગાય—વ્રજ૦
* * * * *
આખાં કાવ્ય સાથે સરખાવો શેલીની
Music when soft voices die, ઇત્યાદિ લીટીઓ.

---

* આખો રાસ મોહક ભાવની છાપ પાડે તેવો છે. આવાં કિમ્મતી રત્નોનો ભંડાર જોવા કોણ આતુર નહિં થાય ? પરંતુ તેની પરીક્ષા કરી એકત્ર કરનાર જોઇએ છીએ. આશા છે કે આ નમ્ર અને જેવા તેવા પ્રયાસનો દાખલો લઇ બીજા પણ એ ક્ષેત્રમાં નીકળી પડશે.

પહેલી લીટી પ્રમાણે કાવ્યાનુક્રમ.

લેખકાનુસાર અનુક્રમણિકા.

(નંબર કાવ્યનો છે.)

શબ્દકોષ.

અ.

અકુળ=કળી—સમજી ન શકાય તેવું.

અકળિત—અકલિત=ન સમજી—ધારી શકાય તેવું.

અકારણ=કારણ વગરનું.

અકારો—રી—રૂં=અણગમતો—કંટાળો આપનાર.

અકીક—એક જાતનો પત્થર—જેનાં બટન વગેરે બને છે તે.

અખંડ } =ખંડ—ભાગ—ન
અખંડિત } હોયતેવું; આખું.

અગણિત=ગણી ન શકાય તેટલાં; અસંખ્ય.

અગતિ=૧. ન જવું તે. ૨. અસદ્ગતિ.

અગમ્ય=જવાય નહિ તેવું; જાણી ન શકાય તેવું.

અગમ્યતા (૩૧) ન સમજી શકાય તેવી સ્થિતિ—સરસ સૌંદર્ય.

અગર } =એક જાતનું સુગંધી લાકડું (જે ધૂપ
અગરૂ } તરીકે વપરાય છે.)

અગાધ=ઘણું ઉંડું; જેનું તળિયું ન માલમ પડે તેવું.

અગંજે (૭૩)—અગંજે પંજે—જે પંજો ગાંજ્યો ન જાય તેવો હોય—તેવા પંજાથી.

અગ્રણી=અગ્રમાં—આગળના ભાગમાં—ચાલનાર; દોરનાર.

અગ્રાહ્ય=ગ્રહણ ન કરી શકાય તેવું; ન લેવા લાયક.

અગ્રિમ=પ્રથમ; પહેલું.

અઘોર=ભયકંર; ઘણુંજ ખરાબ. (૩૧) અઘોર નીર—ગભરાવી નાખે તેવું—ભવ્ય ગૂઢ—અગમ્ય—ગૌરવ ભર્યું—નીર—પાણી.

અચરજ=આશ્ચર્ય; નવાઇ.

અજર=ઘડપણ ન આવે તેવું.

અજવાળવું=ઉજળું—પ્રકાશિત—પ્રદીપ્ત—કરવું.

અજા=બકરી.

અટન=રખડવું તે; પ્રવાસ; ફરવું તે.

અટારી=ઉંચી મેડી; ઝરૂખો; ગોખ.

અટળ=ટળે નહિં તેવું.

અડગ=ડગે નહિં તેવું; બહાદુર.

અડપલું=અટકચાળું.

અડબંગ=નાદાન; બોથડ; જડ; અભણ; મૂર્ખ, વિચિત્ર તરેહનું.

અડી (૯-૧૫)=અટકીને; હઠીને.

અણછતી=છતી; ન હોય તેવી; ગુપ્ત; છાની; અદૃશ્ય.

અતિ
અતિશ
અતિશય } =ઘણું.

અતુલ-અતુલ્ય=જેની તુલના ન થઈ શકે તેવું; અનુપમ.

અથાગ=ઘણું.

અદકું=વધારાનું; વધતું.

અદ્રિ=ડુંગર; પર્વત.

અધમ=ઘણું હલકું.

અધર=(ના.) નીચલો હોઠ. (વિ.) લટકતું; આધાર વગરનું.

અધાર્ય=ધારણ ન કરી શકાય તેવું.

અધિદેવી=મોટી દેવી; અધિષ્ઠાતા દેવી.

અધીર=ધીરજ વિનાનું; ઉચ્ચુપચ્ચુ.

અધોગતિ=અવનતિ; પડતી; હલકી ઉતરતી સ્થિતિ.

અનહદ=હદ વગરનું; ઘણુંજ.

અનંગ=અંગ-દેહ વગરનો; કામદેવ.

અનંગ સુત-કામદેવ પુત્ર-અનિરૂદ્ધ.

અનામી=નામ દઈ ન શકાય તેવું.

અનાયાસ=આયાસ-શ્રમ-મહેનત વગર.

અનાયાસ છંદ=શ્રમ વગર પોતાની મેળે નીકળી આવતા છંદ.

અનિદ્રાશ્રમ=અનિદ્રા-ઉજાગરાથી લાગતો થાક.

અનિમિષ
અનિમેષ } =આંખનો પલકારો માર્યા વગર.

અનિલ-પવન.

અનિશમ=નિરંતર; બંધ રહ્યા વગર.

અનુકરવું=અનુકરણ કરવું; એક કરે તે જોઇ તે પ્રમાણે કરવું; નકલ કરવી.

અનુકંપ } દયા; એકને કંપતો
અનુકંપા } જોઇ બીજાને કંપારી આવે તે.

અનુગુણ=સમાનગુણી; એકના જેવા બીજામાં ગુણ હોય તે.

અનુગ્રહ=કૃપા.

અનુપ } =જેને ઉપમા ન
અનુપમ } આપી શકાય તેવું; અમૂલ્ય; શ્રેષ્ટ.

અનુમતિ=સંમતિ; અનુમોદન; મંજુરી; પરવાનગી.

અનુમોદીને—અનુમોદવું—ટેકો આપવો; એકે કહેલું મંજુર રાખવું; સંમતિ આપવી. સંતોષ માનવો; ખુશ થવું.

અનુસાર—અનુસારે=ની પ્રમાણે; ની પાછળ.

અનેરી—રૂં=ઓર તરેહનું; જૂદી જ જાતનું.

અન્યૂન=પૂરેપૂરી; જરા પણ ન્યૂન (ઓછી) નહિ તેવી.

અન્યોન્ય=પરસ્પર.

અપાર=પાર વગરનું; ઘણુંજ.

અપૂર્વ=પહેલાં નહિ જોયેલું હોય તેવું.

અફાળવું=પછાડવું.

અફાળી=પછાડીને.

અબુધ=અજાણ; જ્ઞાન વગરનું.

અબ્ધિ=સમુદ્ર.

અભિન્ન=ભિન્ન નહિં તેવું; એક રૂપ.

અભિરામ=સુંદર; ખુશકારક.

અભિષેક=પાણી રેડવું તે.

અભેદ્ય=ભેદી—કાપી ન શકાય તેવું; અંદર પેસી ન શકાય તેવું.

અભંગુર=શાશ્વત; હમેશ ટકે તેવું; દૃઢ.

અભ્ર=વાદળું.

અભ્રાસન=વાદળાંનું આસન.

અમર=(ના) દેવ. (વિ) મરે નહિં તેવું.

અમલ=(ના) સત્તા. (વિ.) સ્વચ્છ.

અમળ=સ્વચ્છ; ચોખ્ખું.

અમંદ=મંદ નહિં તેવું.

અમાનુષ } =દેવતાઇ; દૈવી;
અમાનુષી } માણસમાં ન હોય તેવું.

અમિત=અમાપ; અપાર.

અમી=અમૃત.

અમીદ્રવ=અમૃતનો પ્રવાહ.

અમીવેલડી=અમૃતનો વેલો.

અમૃતાલાપ=અમૃત જેવી વાણી.

અમોલ–અમોલા=અમૂલ્ય.

અયુત=દશ હજાર.

અરણ્ય=વગડો, જંગલ.

અર્ચા=પૂજા.

અર્ધાર્ધ=અરધા અરધ.

અલક=વાળ.

અલકશ્રેણી=અંબોડો.

અલાપવું–આલાપવું=ગાવું.

અલિ=ભમરો.

અલૌકિક=સ્વર્ગીય; ઉત્કૃષ્ટ; જગતમાં ન હોય તેવું.

અલ્પ=થોડું.

અવકાશ=ખાલી જગા.

અવગણવું=ન લેખવવું; ની દરકાર ન કરવી.

અવતરણ=અવતરવું તે.

અવતંસ—એક જાતનું કાનનું ઘરેણું.

અવધાન=ધ્યાન; કાળજી.

અવધિ=છેડો; સમાપ્તિ; હદ; મર્યાદા.

અવધિ અંકુશ (૧૩૬–૨૩૯) મર્યાદાનો અંકુશ. અમુક મુદ્દત માટેજ અમુક સ્થિતિ રહેવાની છે તેવો અંકુશ.

અવનતિ=ઉતરતી સ્થિતિ; પડતી.

અવનવીન=વિશેષ કરીને નવું. નવી જાતનું; નવનવું.

અવનિ=પૃથ્વી.

અવમાન=અપમાન.

અવમાનવું=હલકું પાડવું; અપમાન કરવું.

અવર=બીજું.

અવરોધ=અટકાવ.

અવલંબન=આશ્રય; આધાર; ટેકો.

અવલોકવું=જોવું; તપાસવું.

અવસાન=છેડો; સમાપ્તિ; મૃત્યુ.

અવાસ=રહેઠાણ; ઘર.

અવિકૃત=જેમાં ફેરફાર ન થયો હોય તેવું.

અવિરત=અટક્યા વગર.
અવ્યક્ત=અસ્પષ્ટ; વ્યક્ત–દ્રષ્ટિગોચર નહિં તેવું; અદૃશ્ય.
અશબ્દ=શબ્દથી જણાવેલું ન હોય તેવું.
અશ્રુ=આંસુ.
અશ્રુરૂદ્ધ=આંસુથી રૂંધાઇ–બંધ થઇ–ગયેલ.
અસહ } =સહન ન થઇ શકે
અસહ્ય } તેવું.
અસિ=તરવાર.
અસિમ–અસીમ=સીમા–હદ વગરનું.
અસ્તિત્વ=હયાતી.
અક્ષુબ્ધ=ક્ષોભ નહિં પામેલ; શાન્ત.
અંક=૧. આંકડો. ૨. ચિન્હ ૩. ખોળો.
અંકાવવું=લીટી દોરી ચિન્હ કરવું; પરખાવવું. અંકાવજે (૨૬–૪૮)–બતાવજે; ચિન્હ કરી સુઝાડજે.
અંકિત=ચિન્હવાળું; નિશાની કરવામાં આવી હોય તેવું.
અંકુર=ફણગો.
અંકુશ=હાથીને મારવાનું હથિયાર; દાબ; બંધન.
અંગના=સ્ત્રી.
અંગાર=ધગધગતો કોયલો.
અંગુલિ=આંગળી.
અંચળ=કપડાંની કોર; પલ્લો.
અંજલિ=ખોબો.
અંટીવાળે–અંટીવાળ=અડફટ–અંટીવાળે આવવું=અડફટમાં આવવું; અંટવાવું.
અંતર=૧. છેટું. ૨. તફાવત ૩. જૂદાઇ. ૪. મન, હૃદય.
અંતરદીપ=હૃદયનો દીવો–પ્રકાશ.
અંતરાળ–અંતરાલ=વચલો ભાગ.
અંતરિક્ષ–અંતરીક્ષ=આકાશ.
અન્તર્વિકલ્પ=હૃદયની અંદર થતા સંકલ્પ વિકલ્પ.
અંધાર=અંધારૂં.
અંધારી=અંધારાં; ઝાંખ.
અંબર=૧. આકાશ ૨. કપડું.
અંબાર=ઢગલો; ઢગ.
અંબુદ=વાદળું.

અંબુદ ચાપ=ઇન્દ્ર ધનુષ; મેઘ ધનુષ.

અંબુધિ=સમુદ્ર.

અંભોધિ=સમુદ્ર.

અંશ=ભાગ.

અંશી=જેને ભાગ છે તેવું.

અંશુનાથ—અંશુ=કિરણ. અંશુનાથ=કિરણોના નાથ: સૂર્ય; ચન્દ્ર.

આ.

આકસ્માતિક } =અકસ્માતથી
આકસ્મિક } બનેલું; એકાએક.

આક્રંદ=રડારડ; કલ્પાંત; રૂદન.

આગળો=બારણાંની સલામતી વધારવા માટે લાકડા કે લોઢાની પટ્ટી રાખવામાં આવે છે.

આગાર=ઘર.

આચરવું=ચાલવું; વર્તવું.

આચ્છાદવું=ઢાંકવું.

આજીવિકા=ભરણપોષણ; નિભાવ.

આતિથ્ય=પરોણાચાકરી; ખાતર બરદાસ્ત.

આત્મજ=પુત્ર.

આત્મજા=પુત્રી.

આત્મપંખી=આત્મા રૂપી પંખી.

આત્મ મંદિર=આત્મા રૂપી મંદિર.

આત્મા કળિ=આત્મા રૂપી કળી.

આત્મીય=પોતાનું.

આદર્શ=નમુનો.

આદ્ય=પહેલું; પ્રથમ હોનાર.

આદ્યન્ત=આદિથી તે અંત સુધી.

આધિ=મનનાં દુ:ખ.

આનન=મોઢું.

આનન્દ હિંડોળો=આનંદ રૂપી હિંડોળો.

આફાટ=એકદમ ફાટી પડે તેવી રીતથી.

આફરીન=વખાણ; શાબાશી.

આફરીન થવું=ઓવારી જવું; મોહી જવું.

આબ=પાણી.

આભ=આકાશ.

આભિજાત્ય=કુલિનતા; કુળવાનપણું.

આશ્ચર્ય=વિસ્મય પામેલ; બાવરો.
આભોગ=વિસ્તાર; પટ.
આમોદ=સુગંધ.
આમ્ર=કેરી.
આરામ=૧. વિશ્રાન્તિ. ૨. બગીચો.
આરો=ઘાટ; કાંઠો.
આરોગવું=જમવું.
આર્જુની=અર્જુનને લગતી.
આર્તિ=દુઃખ; શારીરિક પીડા.
આર્દ્ર=ભીનું.
આર્દ્રતા=ભીનાશ; રસમયતા.
આર્ષ=ઋષિને લગતું.
આર્ય=સારા સંસ્કાર વાળા લોક. હિન્દુઓ આર્યો કહેવાય છે.
આલમ=દુનિયાં.
આલાપ=વાતચીત.
આલિંગન=ભેટવું તે; આશ્લેષ.
આલી=૧. સ્ત્રી મિત્ર; બ્હેનપણી. ૨. હાર.
આલેખવું=ચિત્ર કાઢવું.
આવલિ-લી=હાર.
આવાસ=રહેઠાણ.
આવાહન=બોલાવવું તે.
આશંકા=શંકા; વહેમ; સંશય.
આશીષ=દુવા; શુભ ઇચ્છવું તે.
આશ્ચર્ય=નવાઇ; વિસ્મય.
આશ્લેષ=ભેટવું તે; આલિંગન.
આસમાન=આકાશ.
આહ્નિક=દિવસને લગતું; દિવસ દરમ્યાન કરવાનાં નિત્ય કર્મ.
આહ્લાદ=આનંદ; હુલ્લાસ.
આહ્લાદિની=આનંદ આપનાર.
આળું=કોમળ-જરા કાંઇક અડકે તો દુઃખે તેવું-સુવાળું.
આંતર=અંદરનું.

ઇ.

ઇતર=બીજું.
ઇતરેતર=એક બીજાને.
ઇતિહાસવાહી=ઇતિહાસનું વહન કરનાર-ભાન આપનાર.
ઇન્દિરા=લક્ષ્મી.
ઇન્દુ=ચન્દ્ર.
ઇન્દ્રધનુ=મેઘ ધનુષ.
ઇન્દ્રપ્રસ્થ-પાંડવોને મળેલું ગામ.
ઇન્ધન=બળતણ.

ઉ.

ઉકલવું=વાંચી શકાય તેવું હોવું.

ઉકેલવું=વાંચવું.

ઉક્તિ=બોલવું તે.

ઉખળવું=વિંટાળેલું પાછું ફરવું.

ઉખેળવું=વિંટાળેલું પાછું ફેરવી નાખવું.

ઉખળ્યા–ઉખળેલા. ઢંકાઇ રહેલા પાછા દ્રષ્ટિમાં આવી રહેલા હોય તેવા.

ઉગ્ર=આકરૂં; પ્રચંડ.

ઉચ્છૃંખલ=મસ્તીખોર; કાબુ કે દાબ વગરનો.

ઉછંગ=ખોળો.

ઉછરંગ=ઉમંગ; ઉત્સાહ.

ઉછળન્ત–ઉછળતા–ઉછળી રહેલ.

ઉજ્જ્વલ=ઉજળું.

ઉઝરડા=ચામડીપર અણીદાર વસ્તુની અણી ઘસાવાથી જે લીટા પડી રહે તે.

ઉટજ=ઝુંપડું.

ઉટજ–કુંજ=ઝુંપડાંનો સમુદાય.

ઉડુ=તારા.

ઉડુ ગણ, ઉડુ મંડળ }=તારાના ઝુંડ.

ઉડ્ડયન=ઉડવું તે.

ઉત્કટ=ઉદ્દામ; આકરૂં.

ઉત્કર્ષ=મોટાઈ; શ્રેષ્ઠતા; ઉન્નતિ.

ઉત્તરંગ=ઉછળતા મોજાવાળો.

ઉત્તાન=(૧) છીછરૂં. ૨ વિસ્તારવાળું.

ઉત્તુંગ=ઉંચું.

ઉત્સાહ=ઉમંગ; ઉલ્લાસ; ઉલટ.

ઉથાપવું=હોય તેને ફેરવી નાખવું: ની વિરૂદ્ધ થવું; ન માનવું.

ઉદર=પેટ.

ઉદાસીન=તટસ્થ; અલગ રહેનાર; વૃત્તિ માત્રને દાબી દઇ ત્યાગી–વિરાગી થઈ ગયેલ.

ઉદે=ઉદય.

ઉદ્ગાર=ઉચ્ચાર; હૃદયમાંથી કુદરતી રીતે નીકળી આવતા શબ્દો.

ઉદ્ગ્રીવ=ઉંચી ડોકવાળું.
ઉદ્દામ=જોરદાર; ઉગ્ર; ધીટ.
ઉદ્ધરો-ઉદ્ધરવું=ઉદ્ધાર કરવો, દુઃખમાંથી છોડાવવું.
ઉદ્યાન=બગીચો.
ઉદ્યોત=પ્રકાશ; તેજ.
ઉદ્વેગ=ચિંતા; દુઃખ; અકળામણ.
ઉન્હાધખ=બહુ ગરમ; જેને અડવાથી દાઝી જવાય તેવા.
ઉપકંઠ=કાંઠા-કિનારા પાસેનો ભાગ.
ઉપની-ઉપન્યા; 'ઉત્પન્ન થવું' ના અર્થમાં 'ઉપનવું' ધાતુનાં રૂપ. 'ઉપનવું' સંપૂર્ણ રૂપે વપરાતું નથી.
ઉપમર્ત્ય=મર્ત્યની પાસેનું.
ઉપવન=બગીચો.
ઉપહાર=ભેટ.
ઉપાલમ્ભ=મેણું; ઠપકો.
ઉભય=બંને.
ઉભરે=ઉભરાઇ જાય.
ઉભાય છે-ઉભરાઇ છે ના અર્થમાં વપરાયેલ છે. (પારસી પ્રયોગ છે.)
ઉર-લાસ=હૃદયનું નાચવું; ઉરનો આનંદ-ઉમળકો.
ઉર-છાક=ઉરનો છાક-છાક=મિજાજ; અહંકાર; ધુન.
ઉર્જીત-ઊર્જીત=વધારે ઉમદા; વિશિષ્ટ.
ઉલ્કાપાત=(૧) તારો ખરે તે. (૨) મોટો ઉત્પાત.
ઉલ્લંઘવું=ઓળંગવું; ની ઉપર થઇને જવું.
ઉલ્લાસ=આનંદ; હર્ષ.
ઉષા=પ્રભાત; પરોઢીયું.
ઉષ્ણરશ્મિ=સૂર્ય.
ઉષ્મા=ગરમી.
ઉંટ વૈદ=લેભાગુ વૈદ્ય; વૈદક શાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના થોડા ઘણા જ્ઞાનથી ધરાળ વૈદ્ય થઇ બેઠેલ વૈદ્ય.

ઊ.

ઊર્ધ્વ=ઉંચું.
ઊર્ધ્વગામી=ઉંચે જતું.
ઊર્મિ=મોજાં (દરિયાના.)

ઋ.

ઋતુરાજ=વસન્તઃ (૭ ઋતુઓમાં શ્રેષ્ઠ હોવાથી.)

એ.

એકમયતા-એકમય=એક બની ગયેલ. એકમયતા=એક બની જવું તે. ભિન્નભાવ ભૂલી જઇ એક રૂપ થઇ જવું તે 'એકમય' થવું. એકમયતા અનુભવવી=એક બની જવું.

એકાગ્રતા—એકાગ્ર=એકજ વસ્તુ પર લાગી રહેલું. એકાગ્રતા—તન્મયતા. એકજ વસ્તુપર ધ્યાન લાગી રહેલું હોય તેવી સ્થિતિ.

ઐ.

ઐહિક=આ સંસારનું; આ હિનું.

ઓ. ઔ.

ઓઘ=૧. ઢગલો; સમુદાય. ૨. પ્રવાહ.

ઓથાર=અમુક અમાનુષી શક્તિના, અગર અવર્ણનીય વિચિત્ર સ્થિતિના, ક્ષોભથી થતું ભાવમય દબાણ; છાતી પર કેમ જાણે કાંઈ દબાણ થતું હોય તેવું થઈ આવે ત્યારે 'ઓથાર'ની 'અસર કહેવાય છે.

ઓપ=ચળકાટ; દીપ્તિ; તેજ; પ્રકાશ.

ઓપવું=ઘસીને ચળકાટ આપે તેવું કરવું; ચકચકાટ હોવું.

ઓપંતી=ચળકાટ મારતી.

ઓલિયા=સંત; સાધુ પુરૂષો. ઓલિયા એ બહુ વચન છે; એક વચન વલી=મિત્ર, ખુદાનો મિત્ર, સંત, સાધુ.

ઓષ્ઠ=હોઠ.

ઔદાર્ય=ઉદારતા; મનની મોટાઇ.

ઔદાસ્ય=બેદરકારી; ઉદાસીનતા; વૈરાગ્ય; એકાંતપણું.

ક.

કચ્છ=કાંઠાનો—છેડાનો—પ્રદેશ-(પાણીના અગર બીજી કોઇ હદના કાંઠા કે છેડાનો)

કજળવું=હોલાતાં હોલાતાં ઉપર રાખ વળી જવી.

કજળીતા—કજળી ગયેલા—જેના ઉપર રાખ વળી ગઇ છે તેવા.

કટાણે=કવખતે; અયોગ્ય વખતે.

કટાક્ષ=આંખ મારવી તે; વાંકી આંખે સંજ્ઞા કરવી તે; અપાંગ દૃષ્ટિ.

કટુ=કડવું.

કણિકા=કણી.

કતલ=હથિયારથી કાપી નાંખવું તે; ખુનરેજી.

કદમ=પગલું; ચરણ.

કદમ બોસી—પગ ચુંબવા તે; ચરણ ચુંબન.

કદર=ગુણજ્ઞતા; કિમ્મત કરવી તે.

કનક=સોનું; સુવર્ણ.

કનકમય=સુવર્ણમય; સોનાનું બનેલું.

કનડવું=હેરાન કરવું.

કન્યકા=કન્યા.

કપિદળ—કપિ=વાંદરા; દળ=ટોળું.

કપોલ=ગાલ.

કપોત=પારેવું (નર).

કપોતી=પારેવી (માદા).

કમનીય=લોભામણું; આકર્ષક; સુન્દર.

કમંડળ—સંન્યાસીઓ વાપરે છે તે-ધાતુ અગર લાકડાનું એક જાતનું પાત્ર.

કયામત=ખુદા પાસે પાપ પુણ્યનો હિસાબ થવાનો દિવસ. (મુસલમાનોના ધર્મ પ્રમાણે).

કરતાર=કરનાર; પ્રભુ.

કરાકર—(કર=કિરણ, આકાર=સમુદાય; જથ્થો) કિરણોનો સમુદાય.

કરાડ—પર્વતનો ઉંચો સીધો ભાગ; ભેખડ.

કરાળ, કરાલ=ભયંકર.

કરૂણાર્દ્ર=કરૂણા—દયાથી આર્દ્ર—ભીનું—પીગળેલું.

• કરંત—કરન્ત=કરતા—તી.

કર્કશ=કઠોર.

કર્ણ=૧. કાન. ૨. વહાણનું સુકાન.

• કર્ણયવનિકા=કાનનો પડદો.

કર્ત્તવ્ય=ફરજ; કરવા લાયક; જે કરવું જ જોઇએ તે.

કર્દમ=કાદવ.

કલકલ=અવ્યક્ત અવાજ; દૂરથી આવતો ધીરો-અસ્પષ્ટ ઘોંઘાટ.

કલગી=છોગું; પાઘડી-ટોપી-ઉપર ખોસવામાં આવે છે તે.

કલતા (૧૩૫-૨૨૯) કલકલ અવાજ.

કલાપ=૧. મોરપીંછ, ૨. જથ્થો.

કલાપી=મોર.

કલામ=શબ્દ.

કલિ=૧. કજીયો ૨. કળીજુગ.

કલહ=કજીયો.

કલોલ, કલ્લોલ=૧. આનંદ; ઉમંગ; હર્ષ ૨. મોટાં મોજાં; લોઢ.

કવવું=કવિતા કરવી; કહેવું.

કવાસત્રા-કવા=પ્રતિકૂળ પવન-ખરાબ પવન. સવા=અનુકૂળ પવન; સારો પવન.

કવિત્વ=કવિ હોવાનો ગુણ; કવિતા કરવાની શક્તિ.

કસબી=કસબવાળું; હુન્નર કારીગરીવાળું; હુશીયાર.

કસવું=કસોટી કરવી; મહેનત કરવી; ખૂબ ખેંચવું: મજબૂત કરવું.

કસાવું=૧ કાટ ચઢી જવો; ખરાબ થઇ જવું. ૨ દુઃખ વેઠવું; કઠણ કામમાં લાગુ રહેવું; સહન કરવું.

કળવા-કળવું-જાણવું.

કળાપ=જથ્થો; સમુદાય.

કળાવું=દેખાવું.

કળાંશ=કળાનો ભાગ.

કંચન=સોનું.

કંથા-કન્થા-થીગડાંવાળી ધાબળી; ગોદડી; સંન્યાસી રાખે તેવી ઝોળી.

કંદર-કન્દર=ગુફા.

કાછીઆ=શાકભાજી વેચનાર; બકાલી.

કાજળકાળી=કાજળના જેવી કાળી.

કાતિલ=કતલ કરનાર; ક્રૂર.

કાનન=જંગલ; અરણ્ય.

કાબિલ=હુશિયાર.

કામિની=સ્ત્રી.

કામદેવ=મદન, અનંગ.

કાય=શરીર.

કારમી-કારમો=ભયંકર; બીહામણી-ણો, વિચિત્ર; અદ્ભુત.

કારાગાર }
કારાગ્રહ } =બંદીખાનું.

કાર્પણ્ય=દૈન્ય; હલકાઈ.

કાસાર=સરોવર.

કાંત-કાન્ત-પ્રિય જન.

કાંપવું=ધ્રુજવું.

કિતાબ=પુસ્તક; ચોપડી.

કિર=પોપટ.

કિશોર=બાળક; પંદર વરસથી નાની ઉમ્મરનો.

કિંકરી=ચાકરડી.

કીકી=૧ નાની-બાળક છોકરી. ૨ આંખના ડોળાની વચમાં નાની કાળી ગોળ ટપકી હોય છે તે.

કીટ=કીડો.

કુછન્દી=ખરાબ લક્ષણવાળો; ખરાબ ટેવવાળો; તોફાની.

કુટિલ=આડું; કપટવાળું; વાંકું. હઠીલો.

કુટિલતા=કપટ; લુચ્ચાઇ; આડાઇ.

કુઠારિ=કઠીયારા.

કુણો=કુમળો, ઓછી ઉગ્રતાવાળો; કોમળ.

કુતૂહલ=ઉત્કંઠા; કૌતુક; વિસ્મય.

કુત્સિત=ધિક્કારવા લાયક; ખરાબ; નીચ.

કુમારિકા=કુમારી; અવિવાહિત કન્યા.

કુલ=વંશ.

કુસુમ=ફુલ.

કુસુમ વસન=ફુલરૂપી કપડાં.

કુહર=ગુફા.

•કુક્ષિ=કૂખ; પડખું.

કુંજ=માંડવો; લતાગૃહ. વેલાઓથી ઢંકાગેલો મંડપ.

કુંભ-કુમ્ભ=ઘડો.

•કૂજવું=કોયલનું બોલવું: ટહુકો કરવો.

કૂજન=ટહુકો કરવો તે.

કૂબડો=વરવો; કદરૂપો.

કૃતાર્થ=કૃતકૃત્ય; કર્તવ્ય જેણે કર્યું હોય તેવો.

કૃતિ=કામ; કાય.

કૃપણ=લોભી; હલકું; નીચ.

કૃષિક } =ખેડુત.
કૃષિવલ }

કૃષ્ણ=૧. કાળું. ૨. પ્રભુનો આઠમો અવતાર.

કેકા=મોરનો ટહુકો.

કેકી=મોર.

કોકિલા=કોયલ.

કોટિ=૧. કરોડ (ગણતરીમાં) ૨ છેડો. ૩. આલિંગન.

કોટિક=કરોડેક—લગભગ કરોડ—ઘણા.

કોડ=હોંસ.

કોડે=હોંસે.

કોલ=વચન.

કોલાહલ=અવાજ; ઘોંઘાટ.

કોશ=૧. ભંડાર. ૨. તરવાર વગેરેનું મિયાન. ૩. કમળ વગેરે ફુલનો દોડો.

કૌતુકકર્ણિ=કૌતુક ઉત્પન્ન કરનાર.

કૌમુદી=ચાંદની.

ક્રાન્તિ=(૭૩) હુમલો; હરાવવું તે. હલ્લો.

ક્રમ=૧. પગલું; કદમ. ૨. રિવાજ.

ક્રમે ક્રમે=ધીમે ધીમે.

ક્રુસ—ક્રોસ—ખ્રીસ્તીઓના ધર્મનું ચિન્હ.

ખ.

ખ=આકાશ.

ખગ=પક્ષી.

ખચિત—ખચીત=નક્કી.

ખગોળ=આકાશનો ગોળો.

ખફા=ગુસ્સા; અકૃપા.

ખરજ=સંગીતમાંના સાત સૂર માંહેનો એક સૂર.

ખંજર=કટારી.

ખાક=ધૂળ.

ખાપ=અરીસો.

ખાપ=કાંટા.

ખાળવું=અટકાવવું; રોકવું.

ખુટ—ખોટ=ખામી; ઓછપ; ન્યૂનતા.

ખુશનુમા=સુખકારક; સુંદર.

ખૂન=૧. લોહી. ૨. મારી નાંખવું તે.

ખે = આકાશ.
ખેચર = પક્ષી.
ખેશી = સગા.
ખો = ૧. નાશ. ૨. ટેવ; આદત ૩. ગુફા; બખોલ.
ખોફ = બીક.
ખોળ = શોધ.
ખ્યાત = જાણીતું; પ્રસિદ્ધ.
ખ્યાલ = વિચાર તર્ક.
ખ્યાલી = વિચારવાળા. વિપરીત ખ્યાલી–વિપરીત ખ્યાલ કરનાર.
ખ્વાબ = સ્વપ્ન.

ગ.

ગગણવું–ગણગણવું
ગગન–ગગણ = આકાશ.
ગગનાંગણ = આકાશરૂપી આંગણું.
ગજ = હાથી.
ગજગતિ = હાથીના જેવી ચાલ.
ગજગામિની = હાથીના જેવી ચાલ જેની હોય તે સ્ત્રી. ગંભીર, ઝુલતી, મદભરી. જોનારને ભવ્ય અને અસકારક છાપ પાડે, તેવી ચાલ.
ગણિતિ = ગણના.
ગતિ = ૧. ચાલ; ૨. અવસ્થા; ૩. પહોંચ; ૪. સમજ.
ગતિમાન = ગતિવાળું; ચાલતું.
ગભરૂ = (૧૩૨–૨૧૩) સંસારની ખટપટ ભરી રહેણી કરણીનું જેને ભાન ન હોય તેવો; ભોળો; નિષ્કપટ મનવાળો–કપટ શું હશે તે જે જાણતોજ ન હોય તેવો.
ગભીર = પ્રૌઢ; ઉંડું; જે જોઇ વિસ્મય અને ભવ્યતાની અસર થઇ આવે તેવું.
ગરક = ડૂબી ગયેલું; લીન થઇ ગયેલું.
ગરવા = 'ગરવો'નું બહુ વચન.
ગરવી = મોટી; ભારે (નારીજાતિ.)
ગરવો = મોટો; ભારે (નરજાતિ).
ગરીયસી–'ગરવી'નું એક રૂપ. વધારે મોટી. બે વસ્તુની

સરખામણીમાં એકનાથી બી-
જી વધારે મોટી છે એમ કહેવું
હોય ત્યારે વધારે મોટી માટે
'ગરીયસી' શબ્દ વપરાય.

ગર્જન=ગર્જવું તે.

ગર્જના=ગર્જતાં જે અવાજ થાય તે.

ગર્વ=અભિમાન, અહંકાર.

ગર્વિષ્ટ=અભિમાની.

ગલત=ખોટું; જૂઠું; ન માનવા જેવું.

ગહન=અગમ્ય; ઉંડું; ન સમજી શકાય તેવું.

ગહ્વર=ગુફા.

ગંધવતી-ગન્ધવતી=પૃથ્વી.

ગંધર્વ-ગન્ધર્વ=સ્વર્ગના ગાનારાની એક જાત.

ગાડલી-નાની ગાડી.

ગાંડીવ-ગાણ્ડીવ=અર્જુનના ધનુષ્યનું નામ.

ગાથ } ગાથા } ગાથ=ગાયન. ગાથા=વેદનો ન હોય તેવો ધર્મ વિષયક છંદ. ૨. પ્રાકૃત ભાષા. ૩. પ્રાકૃતમાં લખાયેલી કવિતા. ૪ સાધારણ ધર્મવિષયક કથા-વાર્તા. ગાથ-ગાથા બંને વાર્તા-કથાના અર્થમાં હવે વપરાય છે.

ગાત્ર=શરીરના અવયવ; શરીર.

ગાન=ગાવું તે; ગાયન.

ગાન યોગ=ગાયનનો-ગાનનો યોગ (યોગ એટલે એક વાતમાં તલ્લીનતા-એકાગ્રતા.) ગાનમાં મશગુલ થઇ જવું તે.

ગાન સંગમ=ગાયનનો સંગમ; બે ગાનારાનાં ગાન એક રૂપ થઈ જાય તે.

ગાભ=ગર્ભ.

ગિર્વાણ=સંસ્કૃત ભાષા.

ગુજારવું=૧ વીતાડવું; સુખ દુઃખ આવવાં. ૨. કાઢવું; ગાળવું. ૩ દિવસ કાઢવા. જીવવું.

ગુણ=૧ કુદરતી ખાસીયત. ૨ સારી વખાણવા લાયક ટેવ. ૩. દોરી.

ગુપ્ત=છાનું; છૂપેલું.
ગુરૂ=૧. શિખવનાર; ભણાવનાર. ૨. (વિ.) મોટો.
ગુરૂજન=વડીલ; મોટેરાં.
ગુલ=ગુલાબનું ફુલ.
ગુલતાન=ગબડતો; આળોટતો; લીન, મગ્ન.
ગુલમ્હોર—લાલ ફુલવાળું એક ઝાડ, જેને જેઠ—અસાડમાં ફૂલ આવે છે.
ગુલ્મ=ઝાડી, ઝાડનો ઝુંડ; વેલીયોનો ઝુંડ.
ગુહા=ગુફા; કોતર; બખોલ.
ગુહ્ય=ખાનગી; છૂપું રહસ્ય.
ગુંજ=૧. ગણગણાટ; અવ્યક્ત, અસ્પષ્ટ, ઝીણો અવાજ.
ગુંજારવ=ગણગણાટ.
ગુંફિત=પરોવેલ; ગુંથેલ (માળાની પેઠે).
ગૂઢ=છૂપું; સંતાઇ રહેલું. ઊંડું, ગહન. અગમ્ય.
ગેબી=ખબર ન પડે તેવી રીતે થતું, અદ્દભુત.
ગેંદ=દડો.
ગોખ=રવેશમાં બહાર નીકળતી બારી.
ગોઝારૂં=જ્યાં ખુન કે લોહી લોહાણ થયેલ હોય તેવી જગા ગોઝારી. હત્યારૂં; ખુન થયેલ હોય તેવું.
ગોદ=ખોબો; પાસું; પડખું.
ગોઠડી=વાતચીત.
ગોત્ર=કુટુંબ; કુળ; નામ.
ગોપિકા=ગોપી. વ્રજમાંની ગોવાલણ.
ગોપ્તા=રક્ષણ કરનાર.
ગોરસ=ગાયનું દહીં દુધ.
ગોષ્ઠી=વાતચીત.
ગ્રસાઓ. (૭૬)—ગ્રસાવું=ખવાઇ જવું; કોળીયો થઇ જવું. હારી જવું. મુંઝાઇ જવું.
ગ્રહ=૧. નવ ગ્રહમાંનો એક. ૨. પકડવું તે.
ગ્રંથિ—ગ્રન્થિ=ગાંઠ.
ગ્રામ=ગામ.
ગ્રાસ=કોળીયો.
ગ્રાસી=ગળી જનાર.
ગ્રીવા=ડોક; ગરદન.

ઘ.

ઘચુમલે—ઘચુમલો=જથ્થો; ભેગું થઇ જવું તે.

ઘન=૧. વાદળું. ૨. ઘેરૂં; ગીચ લરેલું.

ઘનદળ=વાદળાંનો જથ્થો.

ઘનરાજી=વાદળાંની હાર.

ઘમસાણ=જુદ્ધ; તોફાન; ધડમથલ. ભેળસેળ થઇ બધું અસ્તવ્યસ્ત થઈ જાય તે.

ઘાત=હત્યા; મારવું તે; ખૂન.

ઘાતક=મારી નાખનાર. ખુની.

ઘોરે—ઘોરવું—ઉંઘમાં અવાજ કરવો તે. ગંભીર ઘેરો મોટો અવાજ થાય તે. ઉદા૦. સાગર ઘોરે છે.

ઘોષ=અવાજ.

ઘોષણા=પુકારીને કહેવું તે.

ચ.

ચકચકવું=ઝગઝગ થવું; ઉજળો પ્રકાશ પાડવો.

ચકિત=વિસ્મિત; આશ્ચર્ય પામેલું; છક્ક—અજબ—થયેલું.

ચકોરી કુળ—ચકોર પક્ષીનું ટોળું.

ચક્રગતિ=ગોળ ગોળ—ચક્ર પેઠે—ફરતી ગતિ.

ચતરંગ—૧. ચાર ભાગવાળું. ૨ સાંભળીને ખુશ થઇ જઇએ તેવું. ૩. એક જાતનું વાજું.

ચપળા=વીજળી.

ચમન=બગીચો.

ચરખા=સંચો; ધંધો.

ચરાચર—ચર=ચાલે તેવું, જંગમ; અચર=સ્થિર. આખું જગત; સૃષ્ટિ.

ચલ=ચળાયમાન.

ચલિત=ચાલેલું; ચાલતું.

ચશચશી=ચુસી, ચશ ચશ અવાજ કરીને, ચૂસીને ચશ ચશ અવાજ થાય તેવી રીતે—હોંસથી—પીને.

ચળે—ચળવું=ચલિત થવું; ફરી જવું. ખસી જવું.

ચળક બુંદ=ચળકતાં ટીપાં.

ચળકંત—ચળકન્ત=ચળકતા.

ચંચળતા=ચાલાકી; ચપળતા.

ચંડ=ઉગ્ર; તીવ્ર; ગરમ.

ચંડુલ=એક જાતનું પક્ષી.

ચંચુ=ચાંચ.

ચંદા=ચંદ્રમા.

ચાતક–એક જાતનું પક્ષી–જે મેઘમાંથી પડતું જળ જ-માત્ર પીએ છે એમ કહેવાય છે.

ચાપ=કામઠું; ધનુષ.

ચારૂ=સુન્દર; સારૂં.

ચારૂતા=સૌન્દર્ય.

ચારો=ગાય ભેંસ ચરે તે.

ચાલક=ચલાવનાર; ગતિ આપનાર.

ચાંદની=ચંદ્રિકા; કૌમુદી.

ચિત્ર=૧. તસવીર; છબી ૨. વિચિત્ર, અદ્ભુત; વિસ્મય પમાડે તેવું.

ચિત્રક=ચીતારો; ચીતરનાર.

ચિત્રકાર=ચિત્ર કાઢનાર.

ચિબુક=હડપચી.

ચીલો–ચીલા=ગાડાં ચાલવાથી પડી રહેતો માર્ગ; ચરડ.

ચિર=લાંબા વખતનું; લાંબો વખત ટકે તેવું.

ચિન્તનાત્મક=ચિન્તન–વિચાર–જેમાં કરવો પડે–થાય છે તેવું.

ચેન=આરામ; શાન્તિ; મોજમઝા.

ચેષ્ટા=ચાળા; વિનોદ; રમતગમત.

ચોરગ્રાહક=ચોરને પકડનાર.

છ.

છજાવ=(૧૩૨–૨૧૭) વ્યાપી રહો; છાઈ રહો.

છતા=દૃષ્ટિ ગોચર; ખુલ્લું; છતું, છતી, છતો;–છતા છતોનું બહુવચન.

છદ=પાંદડું.

છબીલું=સારી છબીવાળું; સુન્દર; ખુબસુરત.

છળીને='છળવું'નું અવ્યયકૃદંત. છળવું=ઠગવું; છેતરવું.

છંદ=કવિતાના જુદા જુદા મેળ પ્રમાણે થતી જુદી જુદી રચના; કવિતા.

છાઈ=ઢાંકીને.

છાજવું=૧ શોભવું; ઘટિત હોવું, ૨ ઢાંકી દેવું.

છાય=૧ છાયા. ૨ ઢાંકી દે.

છેદવું=કાપવું.

છોળ=પાણીનું મોજું.

છોળકેલે=પાણીની છોળનો–મોજાનો–ઠેલો–ધક્કો–હડસેલો–લાગવાથી.

જ.

જકિલો=હઠીલો; જક કરે તેવો.

જગતવંદ્ય=જગતને વંદવા લાયક.

જગદ્ધરા=જગતને ધારણ કરનાર.

જગપિતા=જગતના પિતા.

જટિલ=જટાવાળો.

જઠર=પેટ; હોજરી.

જડ=૧ નિર્જીવ, ૨ જાડી બુદ્ધિનું, ઠોઠ, કમ અક્કલ.

જડતા=ઠોઠપણું; કમ અક્કલ હોવાપણું.

જડમણિ (૩૪-૬૨) ચન્દ્રકાન્ત મણિ જે જડ–નિર્જીવ છે.

જડવત્=જડ, નિર્જીવ જેવું.

જતન=રક્ષણ; સંભાળ.

જનની=માતા, જનેતા.

જનપદ=૧ દેશ, ૨. જ્ઞાતિ કે કુળ સમુદાય. ૩. એક દેશમાં રહેનારા લોકો.

જમાવવું=એકત્ર કરી દેવું; ભેગું કરવું.

જયધ્વજ=જય–જીત–બતાવનાર વાવટો.

જયિની=જીત વાળી.

જરકશ=જરકશી–કસબી ભરતવાળું.

જરા=ઘડપણ.

જરારૂઢ=વૃદ્ધ, ઘરડો.

જલચર=પાણીમાં રહેનારાં પ્રાણી.

જલદ=વાદળું.

જલદોદર=વાદળાંની અંદરનો ભાગ.

જલધરા–જલધર=વાદળું.

જલધિ=દરિયો, સમુદ્ર.

જવ (૧૩૬-૨૪૨)=વેગ.

જવનિકા=પડદો.

જહાં=દુનિયાં.

જંગ=લડાઇ, યુદ્ધ.

જંતુ-જન્તુ } જીવડું-જીવડાં. ક્ષુદ્ર, હલકી, જાતનું પ્રાણી.
જંતુડાં-જન્તુડાં }

જંબુ-જમ્બુ-જમ્બુદ્વીપ-મેરૂ પર્વતની આસપાસ આવી રહેલા સાત ખંડમાના એક ખંડનું નામ. હિન્દુસ્થાનને માટે તે નામ છે એમ મનાય છે.

જંપવું-જમ્પવું-શાન્ત થવું, નિરાંત વાળવી, શાન્ત થઇ બેસી રહેવું.

ઝાળ જંપે=ઝાળ હોલાઈ જાય.

જાન-(૧૫૨-૨૬૩) હાનિ. નુકસાન.

જીવન } =જીંદગી.
જીવિત }

જુગ=૧ ચાર જુગ માંહેનો એક. ૨ લાંબો કાળ. ૩ જોડું, જોટો.

જ્યાદે=વધારે.

જ્યોતિ=પ્રકાશ, તેજ.

જ્યોતિર્ગણ=આકાશ માંહેના ગ્રહો, ઉપગ્રહો, તારાઓ વગેરેનો સમુદાય.

જ્યોતિષી=જ્યોતિષ વિદ્યા જાણનાર, જોશી.

જ્યોત્સ્ના=ચંદ્ર તેજ, ચાંદની, કૌમુદી.

જ્યોત્સ્નિકા=જ્યોત્સ્ના, ચાંદની, ચંદ્ર પ્રકાશ.

ઝ.

ઝગારે (૩૩-૬૧)-ઝગઝગ થઇ રહે.

ઝાપટી=લુગડાંની કોરથી અગર પવનના સપાટાથી મારવું તે; ઝાપટવું.

ઝબાકો=ચમકારો; ઝબકારો; ઝબુકો. વચમાં જરા રહી જઇ જે પાછો ચળકાટ મારતો પ્રકાશ થાય તે. વિજળીનો ઝબાકો.

ઝબુકવું=પ્રકાશવું; ચમકારા થવા; જરા જરા વાર અટકી જઇ ચળકાટ થાય, પ્રકાશ થાય તે.

ઝબોળવું=બોળી દેવું. પ્રવાહીમાં ડૂબી જાય તેમ નાખવું, અને પાછું કાઢવું.

ઝમતી-ઝમવું–જરા જરા ટીપે ટીપે ગળાઇને ઉતરવું.

ઝરણું=પાણીનું નાનું સરખું વ્હેળીયું.

ઝર્ઝર—પાણી કે પવનનો ઝરઝર એવો અવાજ થાય તે.

ઝલક=તેજ; ચમકાર; પ્રકાશ; ખુબી.

ઝલે=ઝલક; ચમકારાવાળો પ્રકાશ.

ઝંકારવું=ઝમઝમ અવાજ કરવો.

ઝંખવાયું=ઝાંખું પડી ગયું.

ઝંખા=ઝંખના; ચિંતાભર્યું સ્મરણ.

ઝંઝાવાત=વંટોળીયો.

ઝીણુ ઝીણા=બહુ ઝીણા; ઝીણા ઝીણા.

ઝુઝવું=ઘુમવું; લડવું.

ઝુલે=હીંચકા ખાય; ઝુલતી દેખાય.

ઝુરવું–વિરહથી ક્ષીણ થઇ જવું; ચિંતાથી–વિરહની ચિંતાથી દુઃખી થવું.

ટ.

ટીપ—સંગીતના સ્વર માંહેનો એક સુર.

ટુક—ટુકો—પર્વતની ટેકરી.

ઠ.

ઠાર—ઠરી જવાય તેવી ટાઢ.

ઠીજાય-ઠીજાવું–ટાઢથી ઠાંગરી જવું; અક્કડ થઇ જવું.

ડ.

ડુંખ—રોપવાની કલમ; જે ડાળ વાવવાથી રોપ થાય તે ડાળ કે ડાંખળી.

ડોલંત=ડોલતા.

ઢ.

ઢંગ=રીતભાત; સારી વર્તણુક. દેખાવ. જે બાહ્ય દેખાવ, રીતભાત, વગેરેથી સારી રીતભાત કે સારૂં ખરાબ જણાઈ આવે છે તે રીત, ટેવ, દેખાવ.

ત.

તકાવું—તકાવવું=(૭૬—૧૨૫) નજર રાખી જોયા કરવું; લાભ માટે રાહ જોયા કરવી.

તટ=કિનારો.

તડિત=વીજળી.

તત=વિસ્તાર પામેલું.

તતિ=વિસ્તાર.

તત્ત્વ=૧. ખરું સત્ય. ૨. સાર. ૩. પચ્ચીસ તત્ત્વ માંહેનું કોઇ.

તદપિ=તોપણ.

તદ્રૂપ=બરાબર તેના જેવાજ રૂપવાળું; તાદૃશ.

તનહા=એકલો.

તપતું='તપવું'નું એક રૂપ તપવું—ગરમ થવું. તપ તપવું=તપ કરવું.

તપ્ત=ગરમ થયેલ; તપેલ.

તબલચી=તબલાં વગાડનાર.

તમ=૧. તમે. તું નું બહુ વચન. ૨. અંધારું.

તમમય=તમારામય. અંધકારમય.

તમરાજ=અંધકારનું રાજ; ગાઢ અંધકાર.

તમિસ્ત્ર=(વિ) અંધારું.

તમિસ્ત્રા=રાત્રિ.

તરણ—તૃણ=ખડ; ઘાસ.

તરણી=મછવો.

તરલ=ચંચળ; અસ્થિર.

તરંગ=૧. વિચાર ૨. મોજું (દરિયાનું)

તરૂ=ઝાડ.

તરૂયૂથ=ઝાડનો ઝુંડ.

તર્જશે=(૮૯—૧૪૩) તિરસ્કાર કરશે.

તંતુ—તન્તુ=તાંતણો.

તંબુર=તંબુરો.

તુંપે=(૮—૧૦) તારા ઉપર.

તલપવું=તલપાપડ થવું; આતુરતાથી ઉપર તળે થઇ રહેવું.

તલપદ=(૯૨) નીચી જમીન; તળેટી.

તલસે=ઝંખે.

તલ્લીન=તન્મય; મશગુલ; નિમગ્ન, ગર્ક થયેલું.

તલસ્પર્શી = તળાંને અડનાર; ઉંડા ઉતરનાર.

તાન = ૧. ગાવામાં અમુક સ્વરો લંબાવી પલટો મારવો તે ૨. મસ્તી. ૩. છંદ; નાદ, (૨૮.)

તાપસ = તપસ્વી; તપ કરનાર.

તામડીયું = તામડીનું બહુ વચન. દુધ લેવાની વટલોઇ.

તામસ = તામસી; તમોગુણ વાળું.

તિમિર = અંધારૂં.

તિમિરોદર = અંધારાંનું પેટ-ખુબ અંધારૂં હોય તેવી જગા. અંધારાનું મધ્ય.

તિરોહિત થવું = દેખાતા બંધ થવું.

તીવ્ર = આકરૂં, તીક્ષ્ણ, અણીયાળું.

તીક્ષ્ણ = અણીવાળું; બહુ લાગે તેવું.

તુચ્છકારવું = તિરસ્કાર કરવો, હલકું ગણવું.

તુતક = વહાણના જે ઉપલા ભાગમાં બેસવા જેવું કરેલું હોય છે તે ભાગ.

તુષ્ટિ = સંતોષ.

તુહિનાચલ = હિમાલય.

તૃષા = તરસ.

તૃષાર્ત = તરસથી પીડાતો.

તેજમય = તેજવાળી.

તોરણ—શુભ અવસરે આંબા તથા આશોપાલવનાં પાન બારણાંના ઉપલા ભાગે બાંધવામાં આવે છે તે.

તોલ = વજન; આબરૂ; ભાર-બોજ.

ત્રપતું = તૃપ્તિ પામતું.

ત્રયી = ત્રણનો સમુદાય.

ત્રાડ = મોટી બુમ. સિંહ વાઘ વગેરેના હોકાટા; ગર્જના.

ત્રાહિ = બચાવો, રક્ષણ કરો,

ત્રિકાળ = ત્રણે કાળ—ભૂત, વર્તમાન, ભવિષ્ય.

ત્રિખંડ = ત્રણ ખંડ, એશિયા, આફ્રીકા, યુરોપ.

ત્રિગુણ = ત્રણ ગુણ: સત્ત્વ, રજસ્, તમસ્.

ત્રિપુટી = ત્રણનો સમુદાય.

ત્રિવેણી = ત્રણ નદીનાં પાણી જ્યાં સંગમ પામે તે સ્થાન.

ત્વન્મય = તુંમય.

થ

થર=ઉપરાઉપર ગોઠવેલી વસ્તુઓની એક સપાટ હાર.

થંભવું-થંભી-અટકી જવું; સ્થિર થઈ રહેવું.

થાળો-થાળું-ચોરસ અથવા તો ગોળ અને જરા ઉંચા કરેલો ભાગ-જેને કંઈ રાખવા માટે ઉંચો કરવામાં આવ્યો હોય તે થાળું (૨૨-૩૯) કુવાની ફરતું કરેલું ચણતર.

થિર=સ્થિર.

થીજાય=ઠીજાય થીજી જાય, ઠાંગરી જાય.

થોક=જથ્થો.

થોકેથોક=ઢગલે ઢગલા.

દ

દખલ=વચમાં આવવું તે; ધડમથલ, હરકત, અડચણ.

દનુજ=રાક્ષસ.

દબી=દબાઇને; કચરાઇને.

દમકતી-દમકવું=પ્રકાશવું. તેજ મારવું, ઝળુકવું.

દમન (૧૩૨-૨૧૬)-સતાવણી; દુઃખ દેવું તે. જુલમ.

દમબદમ=શ્વાસોચ્છ્વાસ.

દમવું=દુઃખ દેવું, જુલમ કરવો.

દમામ=દબદબો, ભપકો, શોભા.

દયાકરા-દયા કરનારા:

દયિત-દયિતા=વ્હાલું, વ્હાલી.

દરિયાવ=દરિયો.

દર્પણ=અરીસો, આરસી.

દર્શનાર્ત=દર્શન માટે પીડાતું, દર્શન કરવા માટે આતુર.

દલ=પાંદડું, પાંખડી.

દળ=૧ જાડાઈ. ૨ સૈન્ય, લશ્કર. ૩ જથ્થો. ૪ પાંદડું પાંદડી.

દહન=બાળવું તે.

દહંત-દહન્ત=બળતું.

દક્ષ=હુશીયાર.

દાનવ=રાક્ષસ.

દામની=વિજળી.

દારા=સ્ત્રી, પત્ની, ઓરત.

દારૂણ=આકરૂં; બીહામણું; ભયાનક; ઉગ્ર.

દાવાનળ=જંગલમાં બળતો અગ્નિ.

દાહ (૧૩૧-૨૧૦) આગ. શબને બાળવા અગ્નિ મૂકવો તે 'દાહ દેવો' કહેવાય છે.

દાક્ષિણ્ય = ૧. વિવેક; સભ્યતા. ૨. (૯૦-૧૪૪) પુરૂષનું પોતાની પ્રેમપાત્ર તરફનું માનભર્યું વર્તન: આશકની માશુક પ્રત્યેની નમનતાઈ, વિવેકભરી સલુકાઈ.

દાક્ષિણાત્ય (૧૩૪-૨૨૬) દક્ષિણ દિશા તરફથી આવતો.

દિક્પ્રાન્ત } દિશાના છેડા.
દિગન્ત }

દિગન્ત વ્યાપી = દિશાના છેડાઓ સુધી વ્યાપી રહેનાર: બહુજ પ્રસરી ગયેલ.

દિદીપી રહો–બહુજ દીપી–અતિ પ્રકાશથી ઝળઝળીત થઈ–રહો.

દિનચર્યા = દિવસમાં કરવાનું કામકાજ.

દિનનાથ }
દિનમણિ } = સૂર્ય.
દિનેશ }

દિલબર = પ્રિયજન; સનમ: પ્રેમપાત્ર.

દિવાકર = સૂર્ય.

દિવ્ય = સ્વર્ગીય; અલૌકિક.

દિવ્યાંગના = અપ્સરા, સ્વર્ગની સ્ત્રી.

દિશ = દિશા.

દીદાર–દિદાર = ચ્હેરો, સુરત.

દીપાવે = પ્રકાશવાળું બનાવે.

દીપ્ત = પ્રકાશિત, તેજસ્વી.

દીપ્તિ = પ્રકાશ, તેજ.

દુઃખભેદ્ય = દુઃખથી ભેદી શકાય તેવી.

દુઃખીયારી = દુઃખી; દુઃખથી ઘેરાયેલી; દુઃખમાં ડુબેલી.

દુભવું–(દુભા)–દુઃખ દેવું, પીડા કરવી.

દુરિત = પાપ, દુષ્ટ કામ.

દુર્ગ = કિલ્લો, ગઢ.

દુર્બલ = નબળું, દુબળું, બળ વગરનું.

દુર્મતિ = દુષ્ટ મતિ, ખોટી મતિ.

દુર્વાસામુનિ = દુર્વાસા મુનિ–જે ઘડીવારમાં બહુજ ક્રોધિષ્ઠ થઈ જતા તે.

દુશાલો=શાલ, ઉત્તરીય, ઉપર ઓઢવાનું વસ્ત્ર.

દુશ્ચર=ખરાબ રીતે ચાલનાર.

દુષ્કાળ=દુકાળ, વરસાદ ન થાય અને તેથી ખરાબ વખત આવી લાગે તે.

દુસ્તર=તરી ન શકાય—મુશ્કેલીથી તરી શકાય તેવું.

દુહાઇ=મદદ માટે પોકાર.

દુંદુભિ=ઢોલ, નોબત, નગારાં.

દૂરગામી=દૂર જનાર.

દૃગ=આંખ.

દૃશ્ય=દેખી શકાય તેવું.

દેવકુલ=દેવોનાં ટોળાં.

દેવદૂત=દેવનો દૂત—કાસદ.

દેવાંગના=દેવની સ્ત્રી.

દૈન્ય=દીનતા, ગરીબાઇ.

દ્યુતિ=પ્રકાશ, તેજ.

દ્યૌ=આકાશ.

દ્રવવું=પીગળવું.

દ્રુમ=ઝાડ.

દ્વાર=બારણું.

દ્વિગુણ }
દ્વિગુણું } =બેવડું.

દ્વિજ=૧ બ્રાહ્મણ. ૨ પક્ષી (૧૩૬-૨૪૨) ૩ દાંત.

દ્વીપ=બેટ.

દ્વીપાકૃતિ=બેટના જેવો જેનો આકાર છે તે.

દ્રષ્ટવ્ય=જે જોવાનું છે તે.

ધ.

ધખે—ધખવું—ગરમ હોવું, થવું.

ધજ=સારું, શ્રીકાર, સરસ, ઉત્તમ.

ધણ=ગાયોનું ટોળું.

ધનિક }
ધની } પૈસાદાર, તાલેવંત.

ધરમૂળથી=શરૂઆતથી, પહેલેથી.

ધરા=પૃથ્વી.

ધર્મગોપ્તા=ધર્મનું રક્ષણ કરનાર.

ધર્માર્થ=ધર્માદા, ધર્મને માટે. ધર્મ-પુણ્ય—થાય તેવા હેતુથી.

ધવલ=ધોળું, સફેત.

ધામ=સ્થાન, ઠેકાણું.

ધારાકર=ધારા-ધાર-રૂપી હાથ.

ધીકી રહી=ગરમ થઇ રહી.

ધીમહિ=પ્રસન્ન કરીએ છીએ, પૂજીએ છીએ. પ્રાર્થના કરીએ છીએ.

ધુરંધર=મોટો; જવાબદારી લેનાર; આગળ ચાલનાર, (૨૨) બળદ. ધુસરી ઉપાડનાર, બધો ભાર વહેનાર.

ધૂસર—ધુડીયા રંગનું, ધુળવાળું.

ધૂપે (૨-૧૪૬)=તપે, ગરમી વર્ષી રહે.

ધૂમ=ધુમાડો.

ધૂમકેતુ=પૂછડીયો તારો.

ધેન=ધેનુ, ગાય.

ધૈર્ય ભ્રંશ=ધીરજનો નાશ.

ધોમ ધખે=ખૂબ ગરમ થાય, બહુજ તપે.

ધોરી=મોટા.

ધ્યાઉં-ધ્યાવું=ધ્યાન ધર્યા કરવું, વિચાર કર્યા કરવો, ચિંતવન કરવું.

ધ્વનિ=અવાજ.

ધ્વંસ=નાશ.

ધ્વંસી=નાશ કરીને, ટાળી દઇને.

ધ્વાન્ત-ધ્વાંત=અંધારૂં.

ન.

નખલી-સતાર બજાવવા માટે આંગળામાં-નખ ઉપર રાખવાનુ એક જાતનું સાધન.

નગ=પર્વત.

નત=નમી ગયેલ, નીચું.

નદ=મોટી નદી.

નભ=૧ આકાશ ૨. શ્રાવણ માસ.

નભકટિ=આકાશની કમ્મર-મધ્યભાગ.

નભગંગ=આકાશ ગંગા.

નભ પ્રાન્ત=આકાશના છેડા.

નમણું ((૧૯—૩૨)=નમેલું; નમે તેવું; નમ્ર.

નમુલતી=અમૂલ્ય; કિમ્મતી.

નમેરી=દયા વગરની; ક્રૂર.

નરી=એકલી; જેની સાથે બીજું કશું ભળેલું ન હોય તેવી, એકજ ગુણથી ભરેલી. નર્યું—નર્યો—નરી. નરી સરળતા—સરળતાજ—માત્ર—એકલી સરળતાજ હોય—તે સિવાય બીજું કશું જેમાં ન હોય તે.

નર્તવું=નાચવું.

નર્મ ગોષ્ઠી=માર્મિક, સહેજ, નિર્દોષ ઠઠ્ઠાભરી વાતચીત.

નવનીત=માખણ.

નવલ=નવું.

નવલી=નવી.

નવોઢા=તાજેતરમાંજ-થોડા વખત અગાઉજ-પરણેલી સ્ત્રી, પરણીને તુર્તજ સાસરે આવેલી તે.

નક્ષત્ર=૧ તારો. ૨ સત્તાવીશ નક્ષત્ર છે તેમાંનું એક

નક્ષત્રમાળ=તારાનાં ઝુમખાં.

નાટ્ય=૧. નાચ. ૨. નાટક. ૩. નટ પ્હેરે તે વેશ. ૪. નટ કરે તે ચાળા.

નાદ=અવાજ.

નાના=વિધવિધ પ્રકારના.

નાયક—નાયિકા—નાટકનાં મુખ્ય સ્ત્રી પુરૂષ પાત્ર.

નાયિકા—નાચનારી, ગણકા.

નાવ=મછવો, હોડી.

નાવડું-નાનો મછવો.

નિકટ=પાસે, નજીક.

નિડર=ડરે નહિં તેવું.

નિદ્રસ્થ=નિદ્રાધીન, સુતેલ.

નિદ્રિત=ઉંઘમાં પડેલ, સુતેલ.

નિધન=મૃત્યુ.

નિધનવાહી=મૃત્યુ લાવનાર.

નિધાન=ભંડાર, નિધિ. તીજોરી.

નિધિ=ભંડાર.

નિપટ=છેક, તદ્દન. (૧૦-૧૬) પટ નિપટ=કપડાંની લગોલગ હોય તેમ (?)

નિબિડ=ગીચ, ગાઢ.

નિભૃત=છાનું, એકલું.

નિમગ્ન=બૂડેલું.

નિમંત્રવું=નિમંત્રણ આપવું, ઇજન આપવું, બોલાવવું.

નિમીલ } =બંધ કરેલું,
નિમીલિત } મીચેલું.

નિયમિતા—નિયમિતનું નારી જાતિનું રૂપ. નિયમમાં રાખેલ, મર્યાદામાં હોય તેવી, બાંધી રાખેલ.

નિરવધિ=સીમા વગરનું, હદ વગરનું, અનહદ.

નિરંતર=હમેશ. ચાલુ.

નિર્ગમવું=ગાળવું, કાઢવું, પસાર કરવું.

નિર્જન=જન વગરનું, એકાંત, ઉજડ.

નિર્ઝર=ઝરો.

નિર્મળા-નિર્મળ=સ્વચ્છ, ચોખ્ખું, મેલ વગરનું.

નિર્મિત=સરજીત, નિર્માણ કરેલ, નક્કી કરેલ.

નિર્મોહી=મોહ વગરની.

નિશિભવ=રાતે થનાર, રાત્રિએ ઉત્પન્ન થાય તે.

નિષેધ=મના, અટકાવવું તે.

નિષ્ઠુર પ્રાણ=નિષ્ઠુર—દયા વગરનો, લાગણી વગરનો-પ્રાણ-જીવ છે જેનો તે. દયાહીન.

નિસ્તેજ=તેજ વગરનું.

નિહાળવું=જોવું.

નિ:શંક=શંકા વગર.

નીક=ધોરિયો, પાણી જવા માટે કરેલ લાંબો પહોળો માર્ગ; ઊંડો માર્ગ.

નીતરવું=ગળવું, ટીપે ટીપે પડવું, ટપકી જવું.

નીભી-નીભવું-નભવું-ટકવું, જારી રહેવું, ચાલવું.

નીમ=૧. નિયમ, રિવાજ. ૨. બાધા, આખડી.

નીરવ=અવાજ વગરનું, શુમ શામ, શાન્ત.

નીરી—નીરીને—'નીરવું' નું અવ્યય કૃદંત. નીરવું=આગળ મૂકવું. ઢોરને ઘાસ નાખવું તે ઘાસ નીરવું કહેવાય છે.

નીલ=શ્યામ.

નૂતન=નવું.

નૂર=તેજ.

નૃત્ય=નાચ.

નૃપ=રાજા.

નૃપસુતા=રાજાની પુત્રી.

નેજા=ભાલાં.

નેન=નયન, આંખ.

નેહ=પ્રીતિ, સ્નેહ.

નૈક=ન+એક=એક નહિ તે, અનેક, ઘણા.

ન્યૂન=ઓછું.

ન્યુનતા=ઓછપ, ખોટ, ખામી.

પ.

પકવાન્ન=૧. પકવેલું, રાંધેલું અન્ન. ૨. મીઠું ખાવાનું.

પખાળવું=ધોવું.

પગથી=કેડી.

પચરંગી=પાંચ રંગવાળું, જુદા જુદા રંગવાળું.

પટ=વસ્ત્ર.

પટનિપટ=શરીરની લગોલગ રહેતું વસ્ત્ર તે પટ, અને તેની ઉપર ઓઢવાનું બીજું વસ્ત્ર તે નિપટઃ એ બે વસ્ત્ર જેમ હોય તેવી રીતે. (૧૦-૧૬).

પટલ=સમુદાય; જથ્થો.

પટાર=પટારો.

પટાંચળ=લુગડાંની કોર-છેડો.

પંથ= રસ્તો, માર્ગ.

પથિક=મુસાફર.

પદઘોષ=પગનો અવાજ.

પદવી=પદપંક્તિ, પગલાં, ચિન્હ. (૧૪).

પદાઘાત=પગનું પડવું; પગ પડતાં અવાજ થાય તે.

પનઘટ=પાણી ભરવાનો ઘાટ.

પનોતું=મંગળદાયી, ભાગ્યદાયી.

પમરે-પમરવું-મઘમઘાટ થઇ રહે, મ્હેકી રહે.

પયોદ=વાદળું.

પયોધર=વાદળું. સ્તન.

પર=૧. અવર, બીજું, પારકું ૨. પાંખ.

પરકાર=હોકાયંત્ર.

પરજન્ય-પર્જન્ય=વરસાદ.

પરભૃતિકા=કોયલ.

પરમ=ઉંચું, મોટું.

પરવરતા-પરવરવું=જવું.

પરવાના=પતંગીઉં.

પરંપરા=હાર, આવલિ, ઓળી; એક પછી એક એમ અનુસંધાનથી જે કાંઇ આવ્યે જાય તેની 'પરંપરા' બંધાઇ છે એમ કહેવાય.

પરાગ=ફુલની રજ.

પરાજય=હાર (હારી જવું તે.)

પરિધાન=પહેરવું તે.

પરિપૂર્ણ=સંપૂર્ણ.

પરિમળ-લ=સુગંધ, સુવાસ.

પરિમલમય=સુવાસિત, સુગંધથી ભરેલ.

પરિરંભ=ભેટવું તે, આલિંગન.

પરિવર્તન=ફરવું તે. ફેરફાર. ફરી આવી જવું તે.

પરિવેષ=સૂર્ય ચન્દ્રની આસપાસ દેખાતું તેજનું કુંડાળું. Halo.

પરિષ્વજે-પરિષ્વજવું=આલિંગન દેવું, ભેટવું.

પરિહરવા-પરિહરવું=તજવા-વું.

પરી=દિવ્યાંગના, સુન્દર સ્ત્રી.

પર્ણ=પાંદડું.

પર્ણકુટિ=પાંદડાની બનાવેલી ઝુંપડી, મઢુલી.

પર્વત=ડુંગર.

પલક=આંખ ઉઘડે અને મીંચાય તે દરમ્યાનનો વખત, પળ, ક્ષણ.

પલટતી=બદલાતી.

પલવટ=સ્ત્રી વસ્ત્રને ઓઢે છે તેના છેડાને જે ગાંઠ બાંધે છે તે પલવટ.

પલવટી-(૧૩૫-૨૩૫)=? પલવટ વાળીને ?

પલાણવું=પલાણ નાખવું, આરૂઢ થવું.

પલ્લવ=ઝાડના નવા અંકુર, કુંપળ.

પલ્વલ=ખાબોચીયું, તળાવ, નાનું સરોવર.

પવન સંતતિ=પવનથી ઉત્પન્ન થયેલ.

પળી-પળવું-ચાલી જવું.

પક્ષ્મ=પાંપણ.

પંક=કાદવ.

પંકજ=કમળ.

પંક્તિ=હાર.

પંખેરૂ=પંખી, પક્ષી.

પંચત્વ=પાંચ હોવાપણું.

પંચત્વ પામવું=પાંચ ભૂતોનું બનેલું શરીર તે તે ભૂતમાં ભળી જાય તે. મરણ પામવું.

પંચભાગ=પાંચમો ભાગ, હિસ્સો.

પંચમ=સંગીતમાંના સૂર માંહેનો એક સૂર.

પંજર=પાંજરૂં.

પંજે-પંજા વડે.

પંથ-પન્થ=રસ્તો.

પંથી-પન્થી=વટેમાર્ગુ, મુસાફર.

પાત=પડવું તે, ઘા.

પાતકી=પાપી.

પાતા=પાલણ કરનાર. રક્ષણ કરનાર.

પાથોધિ=દરિયો.

પાવ=પગ.

પાદ પ્રહાર=પગથી મારવું તે પાટુ.

પાન=૧. પાંદડું. ૨. પીવું તે.

પામર=કંગાળ, હલકું, રંક.

પામરી=ઊન કે રેશમનું ખભે નાખવાનું વસ્ત્ર.

પારાવાર = દરિયો.

પાર્થિવ = ૧. પૃથ્વી સંબંધીનું, ઐહિક. ૨. રાજા. ૩. માટીનું બનેલું.

પાલવ = વસ્ત્રનો છેડો.

પાવડી = ચાંખડી (૧૪૯–૨૬૨).

પાષાણ = પત્થર.

પાશ = જાળ, ફાંસો.

પાંગરી = (આમાંથી કાંટા નીકળે તે 'પાંગરવું') ઉગીને, ખીલીને.

પાંથ–પાન્થ = મુસાફર.

પાંશુ = ધૂળ.

પિચ્છ = પીછું.

પિતૃવ્ય = કાકો.

પિપાસિતા–પિપાસિતનું નારી જાતિનું રૂપ. તૃષાર્ત, તરસી.

પિંગળા = પિંગળનું નારી જાતિનું રૂપ. પીળા ભુરા રંગની.

પીયળ = લલાટપર કુંકુમનો લેપ, શુભ અવસરે કરે છે તે.

પીયૂષ = અમૃત, સુધા.

પુચ્છ = પૂંછડું.

પુનઃ = ફરીથી.

પુનિત = પવિત્ર, પાવન.

પુરંદર = ઇન્દ્ર.

પુરા = આગળના–પહેલાંના વખતમાં, પ્રાચીન કાળમાં.

પુરાણુ = જૂનું, પ્રાચીન કાળનું.

પુલિન = નદીના રેતાળ કાંઠા, સમુદ્રને કાંઠે જેટલા ભાગમાં પાણી આવી જતું હોય તે ભાગ પાણી ગયા પછી પુલિન કહેવાય.

પુંજ = ઢગલો, રાશિ, સમુદાય.

પૂંખે = પૂંખવું–રોપવું, વાવવું.

પૂજામિષે = પૂજાને બહાને.

પૃથુ = પહોળું, મોટું.

પોયણી = રાત્રિ વિકાસી કમળ, કુમુદ.

પ્રકાશવું = પ્રકાશ આપવો, ઉજ્જ્વળ થવું.

પ્રકામી = આતુર, બહુ કામના રાખનાર, ઇંતેજાર.

પ્રકૃતિજ = પ્રકૃતિથી જન્મેલ, જન્મથી ઉત્પન્ન થયેલ.

પ્રકૃતિશાયિ—પ્રકૃતિ = કુદરત, જગત-માં સૂતેલો-માલમ પડનાર. તે દ્વારા પ્રત્યક્ષ થતા.

પ્રખર = ઉગ્ર, ચંડ, તીવ્ર, આકરૂં.

પ્રચંડ = બહુ ગરમ.

પ્રચંડોર્મિ = ઉગ્ર મોજાં.

પ્રજ્વલી = સળગી

પ્રણત = પગે પડેલ.

પ્રણય = પ્રેમ, સ્નેહ.

પ્રણયચ્છબી = પ્રેમની છબી.

પ્રણયમયતા = પ્રેમમય હોય તેવી સ્થતિ

પ્રણયી = પ્રેમી, પ્રેમપાત્ર.

પ્રતાપ = તેજ, પ્રભાવ.

પ્રતિપદે = દરેક પગલે.

પ્રતિફ્લિતા—પ્રતિફ્લિતનું નારી જાતિનું રૂપ પ્રતિબિંબિત, જેનું પ્રતિબિંબ પડેલ છે તેવું.

પ્રતિભા = ૧ પ્રભાવ, પ્રતાપ. ૨ બુદ્ધિ, ઉંચી જાતની અક્કલ ૩ કાંતિ

પ્રતિભાદીપ = પ્રતિભા-બુદ્ધિ-રૂપી દીવો.

પ્રતિમા = પૂતળી.

પ્રતિવીચિ = દરેક મોજે.

પ્રતિહાસ = સામું હસવું તે.

પ્રતીચી = પશ્ચિમ દિશા.

પ્રતીતિ = ૧ જ્ઞાન, ભાન, ૨ ખાતરી.

પ્રદર્શિત = બતાવાયેલ.

પ્રદક્ષિણા = કોઇની ચોતરફ ફરી જવું તે.

પ્રપંચ = કપટ, માયા.

પ્રફુલ્લ = પૂર્ણ રીતે વિકસેલ.

પ્રબન્ધ = યોજના, ઘટના.

પ્રબોધ = જ્ઞાન; જાગૃતિ.

પ્રબોધવું = જગાડવું; જ્ઞાન આપવું.

પ્રભ—પ્રભાવાળું.

પ્રભવે=સંભવે, જન્મ પામે.

પ્રભા = તેજ, દીપ્તિ, પ્રકાશ, પ્રભુતા.

પ્રભાવ = પ્રતાપ, મહિમા.

પ્રમદવન = રાજ્ય મહેલમાં જનાના માટે રાખવામાં આવતો બગીચો.

પ્રમોદ = આનંદ, હર્ષ.

પ્રમાણવું=માનવું, પ્રમાણ તરીકે સ્વીકારવું.

પ્રયાણ=નીકળવું તે.

પ્રવચન=ભાષણ, બોલવું તે.

પ્રવદતાં=બોલતાં.

પ્રશસ્ત=વખણાયેલ.

પ્રશાન્ત=શાન્ત.

પ્રસન્ન=આનંદ પમાડતું.

પ્રસર-ફેલાવો, વિસ્તાર.

પ્રસરવું-પથરાવું, ફેલાવું.

પ્રસંગ=અનુકુળ સમય; લાગ; ઘટતો વખત.

પ્રસાદ=કૃપા, અનુગ્રહ.

પ્રસૂતી=સુવાવડ; પ્રસવ.

પ્રસૂતી વેદના=પ્રસવ વખતની પીડા.

પ્રહર=પહોર, એ ચોઘડીયાં અગર ત્રણ કલાકનો વખત.

પ્રહાર=મારવું તે, ઘા.

પ્રાચી=પૂર્વ દિશા.

પ્રાવૃષ=ચોમાસું.

પ્રાંગણ=આંગણું.

પ્રાંત-પ્રાન્ત=છેડો.

પ્રાશી=ખાઇને.

પ્રેમળ=(૯૪-૧૪૮) પ્રેમભર્યું; પ્રેમમય.

પ્રેમાવતાર=પ્રેમનો અવતાર.

પ્રેમાળ=પ્રેમથી ભરેલું, માયાળુ.

પ્રેરક=પ્રેરનાર, પ્રયોજક.

પ્રેરવું=ઉત્તેજન આપવું, મોકલવું.

પ્રેષિત=મોકલેલ.

પ્રેક્ષીને=જોઇને.

પ્રોઇ=પરોવીને.

પ્રૌઢ=પુખ્ત ઉમ્મરનું, ડાહ્યું, ઉંચું, મોટું.

પ્યાસી=તરસ્યો.

પ્લુત=ઉંચો સ્વર; ત્રણ માત્રાનો સ્વર, લાંબો સ્વર.

પ્હણે=દૂર (દૂર વસ્તુ હોય તે તરફ આંગળી ચીંધી બતાવવા વપરાય છે)

ફ.

ફના=પાયમાલ, સમૂળો નાશ.

ફડકો=ધ્રાસ્કો, ધડક.

ફલક=થર, સ્તર, Layer.

ફાલ-ઝાડને ફળ આવવાં તે.

ફાલવું=ફળ આવવાં: વિસ્તાર થવો; વૃદ્ધિ થવી.

ફિતુર-દ્રોહ, ઝઘડા, બખેડો.
ફિરસ્તા=દેવ દૂત.
ફીટી જાય=નકામું થઇ જવું, વૃથા થઇ જવું, લય પામવું.
ફુલવતી=ફુલવાળી.
ફેન=ફીણ.
ફેલે=ફેલાઇ જાય, પ્રસરી જાય.
ફોરમ=સુગંધ.

બ.

બગ=બગલો.
બજે-બજાવવું=વગાડવું.
બટુક=છોકરો.
બડ-બડભાગી=મોટાં ભાગ્યવાળો-બડ=મોટું.
બદન=શરીર.
બદન ગુલ=ગુલાબના ફુલ જેવું શરીર.
બદ્ધપાશા=પાશ (=જાળ) થી બાંધી લીધેલ હોય તેવી.
બલિહારી=કુરબાન, ફિદા થવું તે.
બલી=બલિદાન.
બહલાવ-બહલાવવું=વિકસાવવું.
બહુધા=ઘણું કરીને.
બહુ વિધ=ઘણી રીતથી.
બંગ=તરેહ, રીત, નમુનો.
બંદી-બન્દી=કેદી.
બંદો=સેવક. પોતાને વિષે જરા ફૂલાશમાં વપરાતો શબ્દ.
બંધુર=૧. મોજાંના જેવી ગતિવાળું. undulating. ૨. સુન્દર, રમણીય.
બંસી=વાંસળી.
બાજે=બાજવું-વાગવું.
બાઝાર=બજાર.
બાતલ=કાઢી નાખવા લાયક, નકામું, નિરૂપયોગી.
બાધા=અટકાવ, અટકાયત.
બાષ્પ=૧. આંસુ. ૨ પાણીની વરાળ.
બિસ=કમળનો તંતુ.
બિન્દુ=ટપકું, બુન્દ, ટીપું.
બુદ્બુદ=પરપોટા.
બુન્દ=ટીપું, ટપકું.
બુઝાવવું=હારવું, ઓલવવું.
બુરજ=કિલ્લામાંનો બહાર પડતો ગોળ ભાગ-જમાંથી તોપ વગેરે ગોઠવાય છે તે.

બેતાલ=તાલ વગરનું, માપ વગરનું (એટલે મઝા વગરનું) નીરસ.
બેહયાઇ=બેશરમપણું.
બો=ગંધ.
બોસા=ચુમી, ચુંબન.
બ્રહ્માંડ=વિશ્વ, મહાવિશ્વ (જેમાં ચૌદે ભુવન આવી જાય).

ભ.

ભગવું=ખાખી. (જોગીઓ જે રંગના વસ્ત્ર પહેરે છે તેવું).
ભગીરથ—સગર નામના સૂર્યવંશી રાજાનો પ્રપૌત્ર—જે તપ કરી ગંગાજીને પૃથ્વી પર લાવવા શક્તિમાન થયો હતો તે. તે ઉપરથી કોઇ મહા મોટા પ્રયત્ન કે કામનાં વિશેષણ તરીકે વપરાય છે.
ભગ્નાશ=જેની આશા ભાંગી ગઇ હોય, નષ્ટ થઇ હોય તે.
ભભુકવું=તેજથી પ્રકાશવું, એકદમ પ્રકાશનો ચમકારો થાય તેવી રીતે સળગવું.
ભમવું=રખડવું, ફરી આવવું.
ભવ=૧. દુનિયા, સંસાર. ૨. અવતાર, જન્મ.
ભરલ્હેર=પુષ્કળ લ્હેર આવે તેવી રીતે.
ભર્ગ=તેજ.
ભવ્ય=જોતાં અચંબો પમાય તેવું; અતિ મોટું કે અતિ સુંદર હોવાથી અજબ થઇએ તેવું.
ભંગ=મોજું (દરિયાનું).
ભંગાણ=તૂટ, ભાગી પડવું તે
ભંજે=ભાંગી નાખે (ભંજ સંસ્કૃત ધાતુ છે ગુજરાતીમાં તેનો ઉપયોગ સાધારણ રીતે થતો નથી.)
ભાણ=સૂર્ય.
ભાણું=વાસણ, ઠામ; પીરસેલી થાળી.
ભાનુ=સૂર્ય.
ભારતી=૧. ભાષા, વાણી ૨. દેવી સરસ્વતી.
ભાર્ગવ=(૧૯-૩૩) ભાર્ગવ એ શુક્રનું નામ છે—તે ઉપરથી તેજ, પ્રકાશ, એવો અર્થ કરી શકાય.

ભાલ=કપાળ.

ભાવ=૧. હૃદયની લાગણી, વૃત્તિ. ૨. સ્નેહ, પ્રેમ. ૩. રૂચિ, ધારણ.

ભાવિ=ભવિષ્યમાં થનાર.

ભાવિક=ભાવ હોય તેવું, શ્રદ્ધાળુ.

ભાસ્કર=સૂર્ય.

ભાષ્યકાર-ભાષ્ય એટલે પુષ્કળ સમજુતી સાથનું વિવરણ. ભાષ્યકાર=અર્થ સમજાવી વિવરણ કરનાર.

ભીરૂ=બીકણ.

ભીષણ=ભયંકર, દારૂણ.

ભુખર=ભુખરા-રાખોડીયા-રંગનું.

ભુજબંધ-ભુજામાં હાથમાં-બાંધી લેવું તે, ભેટ, આલિંગન.

ભુવન=જગત. લોક. ચૌદ ભુવન કહેવાય છે તે.

ભૂકમ્પ=ધરતીકમ્પ.

ભૂતકણ=ભૂતકાળની રહેલી કણી.

ભૂતજીવન=ભૂતકાળનું જીવન. આગલો ભવ.

ભૂતળ=પૃથ્વીની સપાટી.

ભૃંગ=ભમરો.

ભેદ=તફાવત; રહસ્ય. જુદાઈ.

ભેદક=ભેદનાર; અસર કરનાર.

ભોજ્ય=ભોગવવા લાયક.

ભોમ=ભૂમિ.

ભૌતિક=જડ જગ. સંબંધી, સ્થૂળ. દુનિયાના સંબંધનું.

ભ્રમણા=(૧૧૨-૧૮૩) ભ્રાન્તિ, ભૂલચૂક. વહેમ.

ભ્રંશ=નાશ, વિલોપ, વિલય, વિનાશ.

મ.

મકરન્દ=પુષ્પોનો રસ, પુષ્પમાંનું મધ.

મકલાય=મલકાય=જરા જરા હસે. સ્મિત કરે.

મઠ=બાવા, સાધુઓ, વગેરેને રહેવાની જગા.

મણિમય=મણિઓવાળું.

મત્ત=ઉન્મત્ત, મદવાળું, ઘેલું.

મથે-મથવું-શ્રમ કરવો, મહેનત લેવી; કઠણ કામ પણ પાર પાડવા ઉદ્યોગ કર્યા કરવો.

મદકલ કલરવ—મદથી થતો કલકલ અવાજ.

મદન=કામદેવ, સ્મર.

મદન તન્ત્રી=કામદેવની વીણા.

મદભર=મદથી ભરેલ.

મદ મીણા=મદથી ભરેલા.

મધુકર=ભમરો.

મધુતર–મધુ=મીઠું, મજાનું. મધુતર=વધારે મીઠું.

મધુઝરા—મધ ઝરતું હોય તેવા મીઠા.

મધુરવા=મીઠા અવાજવાળા.

મધુરવાદિની=મધુર લાગે તેવી રીતે વાગતી-અવાજ કરતી.

મધુરરવા—મધુરવા-મીઠા અવાજવાળા.

મધુસ્વરા—મીઠો અવાજ કરનાર.

મનમથ—મન્મથ=કામદેવ, સ્મર.

મનુનેત્ર=માણસની આંખ.

મનોહર } =મન હરી લે
મનોહરા } તેવું.

મયૂર=મોર.

મર=ભલે.

મરકત–એક જાતનો મણિ

મરહમ=મલમ.

મરાલી=હંસણી.

મરીચિ=કિરણ.

મરૂત=પવન, પવનના દેવ; દેવ.

મર્ત્ય=મરે તેવા; મરણાધીન

મર્ત્યભૂમિ=દુનિયાં, સંસાર

મર્મ=૧ ભેદ, રહસ્ય, ૨ શરીરના અતિ સુંવાળા ભાગ–જ્યાં જરા સરખી પણ ઇજા થવાથી જીવને હાનિ થાય તેવા.

મલકાવું=સ્મિત કરવું.

મશગુલ=મગ્ન.

મસ=ઘણું

મહકતી=મ્હેકતી, મઘમઘાટ થતી.

મહતભાવ=મહાનુભાવ, મોટા માણસ; મોટા ભાવવાળું.

મહાકાળ=મોટો કાળ, લાંબો કાળ.

મહાનુભાવ=ઉદાર દિલનો માણસ, મહાશય.

મહાન્ત=મોટા.

મહારણ્ય=મોટું અરણ્ય-જંગલ
મહાલય=મહેલ, મોટું મંદિર, પવિત્ર ધામ.
મહિષ=પાડો.
મહી = પૃથ્વી.
મહીધર=પર્વત.
મહેશ્વરા-મહેશ્વર-શંકર, શિવ, મોટા ઈશ્વર, પ્રભુ.
મહૌષધિ=મોટું ઓસડ.
મંગળ = શુભ.
મંજરી=માંજર; ઝાડનો મ્હોર.
મંજીરા = ગાતી વખત રાખવામાં આવતા પિત્તળના કાંસીયા.
મંજુ = મધુર, કર્ણપ્રિય.
મંજુલ = મધુર, કર્ણપ્રિય, કોમળ.
મંજુલતા=માધુર્ય, કોમળતા.
મંદ મંદ = ધીમું ધીમું.
મંદાકિની—મન્દાકિની–ગંગા.
મંદ્ર—મન્દ્ર–૧. ગંભીર; ઉંડું અને ઘેરૂં; ૨ સુંદર; આનંદદાયી.
માતરિશ્વ } =પવન.
માતરિશ્વા }

માધવી—એક જાતની વેલનું નામ.
માધુરી = મધુરતા; મીઠાશ.
માનસ = ૧. મન–૨. તે નામનું સરોવર.
માનિની = માનવાળી, મોટાઈવાળી, સ્ત્રી.
મામ=મમત્વ; હુંપણું; અહંકાર.
માયાગ્રહ=માયાનો ગ્રહ; માયાની પકડ; માયાનો ફાંસો.
માર્દવ = મૃદુતા, કોમળતા.
મિથુન = જોડું.
મિલન = મેળાપ.
મિષ = બ્હાનું.
મિસ્સી = દાંતે દેવાનો રંગ.
મિહિર = સૂર્ય.
મીર = અમીર. (૭૦–૧૧૭) ?.
મીંડ = તન્તુ વાદ્યમાં બે પડદા વચ્ચેનો સૂર કાઢવા તારને હલાવવાથી ઉપજતો મધુરો સંવાદ.
મુક્તાકાર = મોતીના આકાર વાળાં.
મુક્તાપ્રાશી=મોતી ચરનાર.
મુક્તાફળ = મોતી.

મુકુર=દર્પણ; અરીસા.

મુખર=અવાજ કરતા; બોલકણા.

મુખરતા=બોલકપણાપણું.

મુગ્ધ=૧ મોહક; સુંદર, ૨ ભોળી અક્કલવાળું; પાપ રહિત.

મુદ=આનંદ.

મુદપ્રદા=આનંદ આપનાર.

મુદિત=આનંદી; આનંદભર્યું.

મુદ્રિત=અંકિત; છપાયેલું.

મુનિવર=મોટા મુનિ.

મુરશીદ=ગુરૂ; ઉસ્તાદ.

મુષ્ટિ=મુઠી.

મૂક=મુંગો.

મૃગતૃષ્ણા=મૃગજળ; ઝાંઝવાનું પાણી.

મૃણાલી=કમળનો છોડ.

મૃતસંજીવની=મરેલાં જીવતું કરવાની ક્રિયા.

મૃદંગ=પખવાજ; એ હાથે વગાડવાનું વાદ્ય.

મૃદંગી=મૃત્–મૃદ્=માટીના જેવાં અંગવાળી.

મૃદુ } =કોમળ; મધુર.
મૃદુલ

મૃદુલકંઠ=કોમળ કંઠવાળું.

મેખ=ખીલી; ચુંક.

મેઘમાળ=વાદળાંની હાર.

મેઘાસુર=મેઘરૂપી અસુર.

મેદિની=પૃથ્વી.

મેહુલો=મેઘ; વરસાદ.

મૈથિલસુતા=સીતા.

મોકળી=ખુલ્લી; ઉઘાડી.

મોજ=આનંદ; મજા.

મોજે–મોજ માણે; આનંદ પામે.

મોડે—મોડવું=ભાંગવું.

મોદ=આનંદ.

મોહ=જે ગુણથી બીજાનું મન પરવશ થઇ રહે તે માયા.

મોહની–મોહ પમાડનાર; કામણગારૂં.

મૌગ્ધ્ય=મુગ્ધભાવ; શરમાળપણું; નિષ્કપટપણું.

મૌન=મુંગા રહેવું તે; મૂકભાવ

મૌલિ=માથું.

મ્લાનિ–કરમાઇ જવું તે.

મ્હાલતા–મ્હાલવું–આનંદ કરવો; આનંદથી હરવું ફરવું.

મ્હેકતું–સુગંધથી મઘમઘાટ–થતું (?)

મ્હેકાવતું=સુગંધથી ભરતું (?) મ્હેકાવતું.

મ્હોર=આંબા, આમલી, વગેરેનાં ફુલ.

ય.

યથેચ્છ=ઇચ્છાનુસાર.

યદિ=જો.

યમ=૧ જમ, ૨ નિયમ; કાબુ.

યવન=મ્લેચ્છ, ગ્રીકલોકને 'યવન' કહેવામાં આવતા.

યશસ્વી=નામીચું; પ્રખ્યાત; કીર્તિમાન.

યહુદો–યાહુદીઓ.

યામિની=રાત્રિ.

યુક્તિ=કળા; તદબીર.

યુગ–૧. જુગ; લાંબો કાળ. ૨. જોડું; જોટો.

યુગલ } =જોડું; જોડ;
યુગ્મ }

યુનાની=યવનના; ગ્રીક લોકોના.

યુવતી=સ્ત્રી; જુવાન સ્ત્રી.

યૂથ=ટોળું.

યોગ=૧ જોડવું તે. સંબંધ ૨ પતંજલિએ તત્વજ્ઞાનનો જે માર્ગ બતાવ્યો છે તે.

યોગે=જોગથી; સંબંધથી.

યોજવું=ઘટાવવું; વ્યવસ્થા કરવી; તદબીર રચવી.

યોગાંધત્વ=યોગથી થયેલું અંધત્વ–આંધળાપણું.

ર.

રક્તિમા=રતાશ.

રગડાઇ—રગડાવું=ચોળાવું; મસળાવું; દુઃખી–હેરાન–થવું.

રજત=રૂપું.

રજની=રાત્રી.

રણ=૧. રેતીનું મોટું મેદાન ૨. જંગલ; વગડો. ૩. યુદ્ધ; લડાઇ.

રણવાદ્ય=લડાઇનાં વાજાં.

રતિમૂઢ=પ્રેમથી–પ્રેમમાં મૂઢ થઇ ગયેલ.

રફાઇ—રફાઇનો પ્યાલો પીવાની ક્રિયા—(વધુ માટે જુઓ પા.—૩૦૭).

રમણ=૧. રમવું તે ક્રીડા. ૨. આશક; પ્રેમપાત્ર પુરૂષ.

રમણી=સુંદર સ્ત્રી; મનને રમાડે તેવી, પ્રેમપાત્ર સ્ત્રી; પ્રિયા.

રમણીય } =સુંદર; મનમોહન.
રમ્ય }

રવ=અવાજ.

રવ અનુસારે—અવાજ પ્રમાણે; અવાજને અનુલક્ષીને, અવાજ કંઇ દિશામાંથી આવે છે તે જોઇ અવાજની પાછળ પાછળ જવું તે રવ અનુસારે જવું કહેવાય.

રવિ=સૂર્ય.

રશ્મિ=કિરણ.

રસદ } =વાદળું.
રસધર }

રસશાલિની=રસથી ભરેલી.

રસળવું=ધીમે ધીમે ચાલવું; આળસ અથવા બેદરકારીથી પાછળ પડી જવું; વાર લગાડવી.

રસાલ=૧. આંબાનું ઝાડ. ૨. રસથી ભરેલું.

રસાવતી=(૨૨—૩૮)—રસથી ભરી દેતી.

રસાળ=રસથી ભરેલું; રસવાળું.

રસિક=૧. રસને સમજનાર; ૨. રસથી ભરેલ; રસવાળી.

રસિલા=રસવાળા; ગમી જાય તેવા.

રસેન્દુ=રસનો ચન્દ્ર; રસનો ભંડાર.

રહમ=દયા; કૃપા.

રહસ્ય=ભેદ; મર્મ; ગૂઢ અર્થ; છાની વાત.

રહેમત=દયા; કૃપા.

રંગીલા=રંગથી ભરેલા; રંગ ઉપજાવે—આપે—તેવા; આનંદી; લ્હેરી.

રંજાડવું=કનડવું; હેરાન કરવું.

રાઘવ=રઘુનો પુત્ર; રામ.

રાચવું=ખુશી થવું; આનંદમાં આવવું.

રાજવું=શોભવું; સુંદર દેખાવું.

રાજસ=રજો ગુણ જેમાં વધારે હોય તેવું.
રાભો=ગામડીયો.
રાયકો=ભરવાડ; રબારી.
રાશિ=ઢગલો.
રાહ=રસ્તો.
રાણી=રાણી.
રૂખડું=ઝાડ.
રૂચિર=રૂચિને ગમી જાય તેવું; પસંદ પડે તેવું; સુંદર.
રૂડલા=રૂડા; સારા.
રૂદ્રતા—રૂદ્ર=ભયંકર; બહુ મોટું; ઉગ્ર. રૂદ્ર હોવાપણું એટલે રૂદ્રતા. ભયંકરતા.
રૂદ્રતા–શ્રી=ભયંકર, ભવ્ય, બહુ મોટું હોવાથી જે પ્રતાપ પડે તે.
રૂદ્ધ=અટકાવાયેલ; ગુંગળાયેલ. અશ્રુરૂદ્ધ=આંસુથી ગુંગળાયેલ; એટલાં બધાં આંસુ આવતાં હોય કે મુંઝાઇ જવાય, અકળાઈ જવાય, ત્યારે અશ્રુદ્ધ મુખ કે લોચન એમ કહેવાય.
રૂધિર=લોહી.
રેખા=લીટી.
રેત=રેતી; વાલુકા.
રેલવું=દોળાઇ પ્રવાહ થવો; છલી જવું; ભરપૂર થઇ જવું.
રેંસનારી—રેંસવું–રેંસવું–મારી નાખવું; દુ:ખ દેવું; ક્રૂર થઇ વર્તવું.
રોનક=ઝલેહ; તેજ; ઓપ; ભપકો.
રોમ=રૂંવાટાં—ચામડીપરના વાળ.
રોમાંચ=રૂવાટાં ઉભાં થાય તે.
રોશન=જાહેર: ખુલ્લું; પ્રત્યક્ષ.
રોહિણીનાથ, રોહિણીપતિ } =ચંદ્રમા.
રોળવું=મસળવું; કચરી નાખવું.

લ.

લગની=સ્નેહ; પ્રીતિ; એકનું બીજા સાથે બહુ ભાવથી જોડાવું તે 'લગની',
લટક–લટકો–ચાલતાં અમુક જાતનો સુંદર, આકર્ષક લાગે તેવો લ્હેકો લેવો તે.

લચતા—લચવું-ઝુલી રહેવું; ભારથી નમી જવું.

લતા=વેલી.

લપાઇ=છુપાઇને; એક બીજાની પાસે એવું અડોઅડ બેસે કે કેમ જાણે તે બીજામાં સમાઇ જવા કરતું ન હોય—એવી રીતે બેસવું તે.

લય=નાશ; પ્રલય.

લલિત=સુંદર; કોમળ; મધુર; નાજુક.

લવણ=૧. મીઠું. ૨. ખારૂં.

લસે—લસવું—શોભવું.

લહરી=લહેર.

લહરી ચુમ્બિત=લહેરથી જેને ચુંબન કરાયેલ છે તેવું; લહરી જેને અડી અડી ગયેલ હોય તેવું.

લળી લળી—લળવું=નીચા નમવું.

લંક=લંકા.

લાજવું=લાજ પામવું; શરમાવું.

લાડવું=લાડ કરવું; વહાલથી રમવું.

લાધ્યા=મળ્યા.

લાસ્ય=નૃત્ય; નાચ.

લીઝ્રત=મઝા; ગમત; ખુબી; રસ.

લીન=સમાઈ ગયેલ; તન્મય.

લીલમડું=લીલું.

લીલા=ક્રીડા; તમાસો; ખુબી; શોભા.

લીલા વિમુગ્ધ—આનંદથી મોહ પામી ગયેલ; આનંદ મોહમાં પડેલ.

લીલુડું, લીલેરૂં —'લીલમડું'ની પેઠે 'લીલું' વાચક કોમળ ઘરગથ્થુ શબ્દો.

લીસરડા=લિસોટા; લીટા.

લુપ્ત=લોપ પામેલું; અદૃશ્ય.

લુબ્ધ=લોભાઇ ગયેલ; અભિલાષી.

લુબ્ધક=શિકારી; પારાધિ.

લુમખાં—લુમ; જથ્થો; સમુદાય. ફળ એક સામટાં વળગીને થાય છે તેવાં ફળોનો એક સાથે વળગેલો જથ્થો.

લુંબી ઝુંબી—(૧૩૫—૨૩)—લચી પડીને; ફુલ અથવા તો ફળ કે પાનના ભારથી નમી ગયેલ હોય તેવી.

લૂ=ઉનાળામાં બપોરે ગરમ પવન વાય છે તે પવન.

લેખા=લીટી; રેખા.

લેહ=લગની; ચડસ; પ્રીતિ; મઝા.

લોઢ=મોટું મોજું. (દરિયાનું.)

લ્હાવું=૧. લ્હાણું કરવું-આપવું ૨. અગ્નિની જવાળા જેવો ભડભડ અવાજ થવો.

લ્હેરીયાં-લહેરીયાં-મોજાંના જેવી વાંકીચુકી કોરને લ્હેરીયાં-લહેરીયાં કહે છે. તેવી આકૃતિ તે લ્હેરીયાં.

લ્હેરાતી-લ્હેરીયાં પાડતી.

લોકડીયાં-લોકો (કોમળ, ગ્રામ્ય પ્રયોગ.)

વ.

વકરવું=ખરાબ થવું; આડું થવું; સામા થવું;

વકારવું-સામા કરવું; પડકારવું; આવી જાઓ-લડવાને-એમ કહેવું. બ્હેકાવવું; ઉશ્કેરવું.

વક્ર=વાંકું.

વજ્રતલ=વજ્રના જેવું કઠણ અભેદ્ય તળીયું.

વટી=ચાલીગઇ. (વટવું-વેળા વટી.)

વણ=વિના.

વધાઈ=વધામણી; શુભ વર્તમાન

વનભેદી=વનને ભેદી નાંખે તેવો.

વનવેલી=વનમાંની વેલી.

વાનતાદિક=વનિતા-સ્ત્રીઓ વગેરે.

વપુ=શરીર

વમળ=ચકરી; ભમરી. (પાણીમાં પડે છે તે) ૨ દુઃખ; મુશ્કેલી.

વરતનુ=સારૂં શરીર.

વરણ=વર્ણ-રંગ.

વરવા=(વિ.) કદરૂપા.

વરવું=(વિ.) કદરૂપું (ક્રિ.) પસંદ કરવું, પરણવું.

વરેણ્ય=પસંદ કરવા લાયક; ઉત્તમ; શ્રેષ્ઠ.

વર્ણાંગ-વરણાગ=શરીરની, કપડાંની ટાપટીપ.

વર્તમાન=૧ ખબર ૨ ચાલુકાળ

વર્ષણુ=વરસવું તે વરસાદ.

વલ્કલ=છાલનું વસ્ત્ર.

વલ્લી=વેલી; વેલો.

વલ્લરી=વેલી. ધૂમવલ્લરી–ધુમાડાના ગોટા; વેલાની મા ફક લાગતા ધુમાડાના ગોટ.

વશવર્તી=વશ રહેનાર; તાબે રહેનાર.

વશીકરણ=વશ કરવું તે: વશ કરવાનો મંત્ર–જાદુ.

વસન=કપડું.

વસની ઝણ્યો–૧૩૫–૨૩૨ ?

વસમો=વિષમ; આકરો; દુઃખ દેનારો.

વસાડવું=(૧૩૨-૨૧૭) ગણવું, માનવું. વાંક વસાડવો–વાંક ધ્યાનમાં લેવો.

વસુ=પૈસા; ધન.

વસુધા }
વસુંધરા } =પૃથ્વી.

વસ્લ=મેળાપ; સંયોગ.

વહંતી=વહેતી.

વહાવો=વહેવરાવો.

વહ્નિ=અગ્નિ.

વક્ષ=છાતી.

વંકા=વાંકા; ટેડા; નિઃશંક.

વંદ્ય=વંદન કરવા લાયક.

વંચના=છેતરવું તે.

વંજુલ=૧ વાંસ. ૨ (૩–૪) વાંકું એવો એક જ અર્થ માલમ પડે છે. પણ કાવ્ય ની અંદરનો સંબંધ જોતાં મીઠી, કર્ણપ્રિય, મનોહર એવો અર્થ બંધ બેસારવાની જરૂર જણાય છે.

વંશવિધુ=વંશરૂપી ચંદ્ર.

વાઇ=વગાડી; બજાવી.

વાટડી=વાટ; રાહ.

વાટિકા=વાડી; બગીચો.

વાણી=બોલવું તે; અવાજ.

વાદળિયું=વાદળીઓ. (કાઠી યાવાડી બહુવચન)

વાદિત=૧. વગાડેલું. ૨. વાજીંત્ર (સંસ્કૃતમાં વાદિત્ર શબ્દ છે–તે ઉપરથી વપરાયેલો જણાય છે).

વાદિનિ=વગાડનારી.

વાદ્ય=વાજું.

વાદ્યરવ=વાજાંનો અવાજ.
વામવું=દૂર કરવું; નાખી દેવું; કાઢી નાખવું.
વાયરો=પવન.
વારિ=પાણી.
વારિદ=વાદળું.
વારિધિ=દરિયો.
વારિપુંજ=પાણીનો ઢગલો; વાદળું.
વારૂણી=દારૂ, મદિરા.
વાલુ
વાલુકા } =રેતી.
વાવું=રોપવું.
વાસે છે-(વસે છે ના અર્થમાં)=રહે છે.
વાસ્તવ=સત્ય; સાર, માનવા જેવી હકીકત.
વાંગમયી=વાઙ્મયી-શબ્દમય-વાણીમય.
વાંસી-(૨૨-૩૯)? ડાંગ? વાંસની મોટી લાકડી?
વિકટ=મુશ્કેલ; અઘરૂં; દુઃખકર.
વિકલ્પ=વિતર્ક; વિચાર; સંદેહ; શક.
વિકસવું=ખીલવું.
વિકળ=વિહ્વલ; ગભરાઇ ગયેલ; બેચ્હેન.
વિકીર્ણ=છુટાં છવાયેલાં વેરાયેલાં.
વિકૃતિ=તફાવત; ફેરફાર; વિકાર.
વિક્રમ=૧. પગલું-૨. શૌર્ય; પરાક્રમ.
વિક્રમયુક્ત=ઘણા બળવાળું; શૂરવીર. પરાક્રમી.
વિગુણ=ગુણ વગરનું. જુદા જુદા ભિન્ન ભિન્ન ગુણ વાળું; સપાટ ન હોય તેવું.
વિચરવું=ફરવું.
વિજન=જન વગરનું; ઉજડ.
વિજય=ફત્તેહ.
વિટપ=ઝાડની ડાળી.
વિતક=વિતેલું; બનેલું. દુઃખ; સંકટ; વિપત્તિ.
વિતત=વિસ્તૃત; વિસ્તારવાળું.
વિતથ=ફોકટ; મિથ્યા; જૂઠું.
વિત્ત=ધન; પૈસો.
વિદગ્ધ=૧. બળેલ. ૨. હુશી-

યાર; ચતુર.

વિદય=દયા વગરનું.

વિદક્ષિણ=બહુ દક્ષિણ; વિવેકી.

વિદૂર=ઘણે દૂર; બહુ છેટે.

વિદ્ધ=વિંધાયેલ; ઘવાયેલ.

વિદ્યુત=વીજળી.

વિદર્ભ—દેશનું નામ.

વિધુ=ચન્દ્ર.

વિધિ=બ્રહ્મા; નસીબ; વિધાતા.

વિધિદમન='વિધિ'–નસીબથી થતી પીડા.

વિધુરી=પ્રિયજનથી વિખૂટી પડેલી.

વિનશ્વર=બહુ નશ્વર; ક્ષણ-ભંગુર; નાશવંત.

વિનાશન=વિનાશ કરનાર.

વિનિમય=આપ લે; સાટું; અદલો બદલો.

વિનિદ્રિત=ઉંઘમાં પડેલ. નિ-દ્રાધીન; સમાધિલીન.

વિન્યાસી=મુકતા.

વિપથ=આડો રસ્તો.

વિપથચારી=આડે રસ્તે જ-નાર.

વિપદ=વિપત્તિ; આફત.

વિપરીત=ઉંધું.

વિપરીત ખ્યાલી=ઉંધા–પ્ર-તિકૂળ–ખ્યાલ–વિચાર–કર-નાર.

વિપુલ=મોટું; વિશાળ.

વિપ્રલંભી=છેતરનાર.

વિફરી=ફરી ગઇ; બગડી ગઇ.

વિબુધ=પણ્ડિત;–ભણેલ; હુ-શિયાર. ડાહ્યો.

વિભવ=વિભૂતિ; અભ્યુદય; સુખ સંપત્તિ; વૈભવ.

વિભા=પ્રકાશ; શોભા.

વિભાવ=રસ ઉદ્દીપ્ત કરે તેવો પ્રસંગ, કે તેવી સ્થિતિ. બા-હ્ય આચરણ (?)

વિભુ=સર્વવ્યાપક.

વિભુવરં=પરમેશ્વર.

વિભૂતિ=પ્રતાપ; બળ; વૈભવ.

વિમલ=ચોખ્ખું; શુદ્ધ.

વિમળા=ચોખ્ખા; શુદ્ધ.

વિમાનગતિ=ઉંચે જવું તે;

વિમાસવું=વિચારવું; ચિંતા-થી વિચાર કરવો.

વિયોગાંધી=વિયોગ–વિરહથી થયેલી અંધી–અંધારૂં.

વિરત=બંધ થયેલ; અટકી ગયેલ.
વિરમવું=અટકી જવું; બંધ થવું.
વિરલ=અસાધારણ, દુર્લભ.
વિરહ=જૂદા પડવું તે, વિયોગ.
વિરાજીત=સુશોભિત.
વિરાજે=શોભે.
વિરાટ=મોટું. ઇશ્વરનું વિરાટ સ્વરૂપ એટલે પ્રભુના આખાં વિશ્વરૂપ દેહની કલ્પના. એ ઉપરથી વિરાટ એ અતિ મોટાના અર્થમાં વપરાય છે.
વિરામ=અટકવું તે, આરામ.
વિરોધ=મતમાં જૂદા પડવું તે; અણબનાવ; અટકાવ.
વિરોધી=વિરોધ રાખનાર.
વિરંચી=બ્રહ્મા.
વિલસવું–વિહાર કરવો, વિલાસ કરવો, રમવું, શોભવું.
વિલસાવવું=આનંદ પમાડવો, રમાડવું, શોભાવવું.
વિલીન=સમાઇ ગયેલ.
વિલુપ્ત=લોપ પામેલ, અદૃશ્ય.
વિલોકી–વિલોકવું=નિહાળવું, ધારી ધારીને જોવું.
વિલોભી=વિશેષે કરીને લોભાવનાર; લલચાવનાર
વિલોલ=કમ્પતું; અસ્થિર, હલ્યા કરતું. ૨ જેમ તેમ પડેલ અસ્ત વ્યસ્ત.
વિવર્ત=ફેરફાર
વિવર્તિની=ફરીફરીને આવનાર; ગોળ ફરતી.
વિવિધ= જૂદા જૂદા; ભાત ભાતનું; નાના પ્રકારનું.
વિવેકહીન=વિવેક વગરના; સમજ–ખરાખોટાની સમજવગરના.
વિશદ=સ્વચ્છ, સ્પષ્ટ, સ્ફુટ.
વિશાળ=વિસ્તારવાળું, મોટું.
વિશુદ્ધ=બહુ શુદ્ધ.
વિશ્રમ્ભ= વિશ્વાસ, ભરોસો રહસ્ય.
વિશ્રામ=વિસામો, વિસામો લેવાનું સ્થળ.
વિશ્વ=દુનિયા; સૃષ્ટિ સમસ્ત.
વિશ્વકર્મા=દેવતાનો શિલ્પી=(બાંધકામનો કારીગર)

વિષ=ઝેર.
વિષધરા=વિષ ધારણ કરનાર.
વિષમ=સપાટ ન હોય તેવું, મુસ્કેલ, કઠણ.
વિષમતા=ઉંચાનીચાપણું, મુસ્કેલી.
વિષય=૧ બાબત. ૨ દેશ, મુલક ૩ ઇન્દ્રિયથી જે કાંઇ અનુભવાય છે તે સુખ, દુઃખ, ભોગ, વિલાસ વગેરે ૪ ઇસ્કબાજી.
વિષયકીટ=વિષયના કીડા
વિષય મોહની=વિષયરૂપી મોહની.
વિષયાગાર=વિષયનું ઘર.
વિષ્ણુપદ=આકાશ.
વિસર્પિ=આમ તેમ જતાં વાંકાચુંકા વહેતાં; આડા અવળા હોય તેવાં.
વિસામતા=વિસામો લેતા, બેસતા.
વિસ્તરે=વિસ્તારથી પથરાઈ રહે.
વિસ્તારવું=ફેલાવું
વિસ્મૃત=ભુલાઈ ગયેલ.

વિહગ
વિહંગ
વિહંગમ
વિહંગડા
} =પક્ષી.

વિહગમાળ=પક્ષીઓની હાર.
વિહાર=રમત, કેલિ, ક્રીડા.
વીચિ=મોજું (દરિયાનું)
વીણા=એક જાતનું વાજીંત્ર.
વીધ=રીત
વીર=શૂર, બળવાન, ભાઈ.
વીરહાક=યુદ્ધ પ્રસંગે યોદ્ધાઓની મોટી, થથરાવનારી બુમ.
વીરી=શૂરી પરાક્રમી (સ્ત્રી) (નવો પ્રયોગ છે; અર્થ બેસાડેલો છે.)
વીરવારી બટુકા (૧૯–૩૪) પરાક્રમી ભાઈબ્હેનો. પરાક્રમી, શૂરવીર, સંતતિ.
વીંઝવું=આમતેમ ફેરવવું, તરવાર વીંઝવી ૨ ફફડાવવું–પાંખો વીંઝવી.
વૃત્ત=વૃત્તાંત, હકીકત, ઇતિહાસ.
વૃત્તિ=૧ મનનું વલણ; ઇચ્છા ૨ આચરણ. ૩ રોજગાર.

વૃક્ષાગ્ર=ઝાડનો આગલો ભાગ-ટોચ.

વૃંદ=ટોળું; સંઘ; સમુદાય.

વૃંદાવન=૧. તુલસીનું વન. ૨. વ્રજનું બીજું નામ.

વેડફી દેવું=નકામું ખરચી નાખવું. વૃથા જવા દેવું.

વેણ=૧. વચન. શબ્દ. ૨. વેણુ.

વેણી=અંબોડો; ચોટલો.

વેણુ=વાંસળી.

વેદના=પીડા; દુઃખ.

વેદાન્ત=વેદનો જ્ઞાનનો ભાગ-તત્ત્વજ્ઞાનનો વિષય. તત્ત્વ-જ્ઞાનના મત માંહેનો એક મત.

વેરવું=છુટા છુટા પડે તેમ નાંખવુ.

વેરાન-ઉજડ.

વેલ
વેલડી } =વેલી; વેલો.

વેષધર=વેષ ધારણ કરનાર.

વેળ=વખત. ૨. દરિયાની ભરતી.

વ્યજન=વીંઝણો; વાયુ નાખવો.

વ્યથિત=પીડાવાળો; દુઃખી.

વ્યષ્ટિ=વ્યક્તિ; એકપણું. (સમષ્ટિથી વિરૂદ્ધ.)

વ્યાઘ્રાકારી=વ્યાઘ્ર-વાઘ-ના જેવા આકારવાળું.

વ્યાધ=શિકારી; પારાધિ.

વ્યાપવું=ફેલાવું; સર્વત્ર પ્રસરી રહેવું.

વ્યૂહ=લશ્કરની ગોઠવણ, રચના.

વ્યોમ=આકાશ.

વ્યોમવાસિની=આકાશમાં રહેનારી.

વ્યોમસર=આકાશરૂપી સરોવર.

વ્રણ=ઘા.

વ્રતાનુસારિ=વ્રત પ્રમાણે વર્તનાર.

વ્હાણું=પ્રભાત.

વ્હાર=મદદ.

વ્હાલપડાં=વ્હાલાં.

વ્હાલસોઈ=લાડકવાઈ.

વ્હો=પ્રવાહ.

શ.

શકલ=કટકા.

શકુન્ત—એક જાતનું પક્ષી.

શકે=રખે.

શતકાય=સો શરીર. અને શતકાય—સો શરીર રૂપે દેખાય; અનેક રૂપે દેખાય.

શતખંડ=સો ભાગ, સો ભાગ થઇ જાય તેવી રીતે.

શતધા=સો રીતે, અનેક રીતે.

શતધાર=સોધાર.

શતાંશ=સોમો ભાગ.

શફરી—ચંચળ માછલીની એક જાતનું નામ.

શબરપતિ—શબર=ભીલ. શબરપતિ=ભીલનો રાજા.

શમ=શાન્તિ.

શમવું=શાન્ત થઇ જવું,

શમવવું=શાન્ત કરવું.

શમશમાકાર=શાન્તિ, સૂનકાર, જરાપણ અવાજ ન થતો હોય તેવી સ્થિતિ.

શમા=બત્તી, દીવો.

શયન=સુવું તે, પથારી.

શરદભ્ર=શરદનાં વાદળાં.

શરદભ્રછાય=શરદનાં વાદળાંનો પડછાયો.

શરદાગમ=શરદ ઋતુનું આવવું—બેસવું.

શરાબી—શરાબ=દારૂ. શરાબી—દારૂ પીનાર.

શશાંક } =ચન્દ્રમા.
શશી }

શશિકલા=ચન્દ્રમાની કળા.

શશિ રેખા } =લીટી જેવો ચન્દ્ર—બીજનો ચન્દ્ર હોય તે.
શશિ લેખા }

શશિપદ=ચન્દ્રના જેવાં શ્વેત પગલાં.

શહ=બાદશાહી; ધૃષ્ટતા.

શાતા=શાન્તિ, આશ્વાસન.

શાન્ત્યાં=શાન્ત કર્યાં—થયાં.

શામલ-સ્યામલ=કાળું.

શામિલ=દાખલ.

શામે=શમી જાય.

શારદ=શારદા, સરસ્વતી.

શાલી=ભાતનો છોડ(૯૦-૧૪૪)

• નવ પ્રણુતશાલી અવયવે=નવા પાકેલા ભાતના છોડના જેવા અવયવથી.

શાશ્વત=નિત્ય; હમેશનું.

શાશ્વતપ્રભ=જેની પ્રભા હમેશાં કાયમ રહે છે તેવું.

શાસક=શાસન-હુકમ-કરનાર.

શાસ્ત્રીય=શાસ્ત્રથી વિહિત; શાસ્ત્રમાં કહેલું હોય તે પ્રમાણેનું.

શિથિલ=ઢીલું; પોચું; થાકી ગયેલું.

શિખી=મોર.

શિલા=પત્થર; પાષાણ.

શિશિર=૭ ઋતુમાંની એક ઋતુ.

શિષ્ટ=૧. બાકી રહેલું. ૨. માન આપવા લાયક; વિદ્વાન; ડાહ્યા. ૩. સંસ્કારી; શ્રેષ્ઠ.

શિવ=૧. કલ્યાણ. ૨. કલ્યાણકારી ૩. શંકર.

શિવમય=શંકર સ્વરૂપ; પ્રભુમય.

શીકર=પાણીના છાંટા.

શીઘ્ર=તુર્ત; જલદી; ઉતાવળું.

શીત=થંડું; થંડી.

શીર્ષ=માથું.

શીળો=શીતળ; થંડો.

શુક=પોપટ.

શુચિ=૧. સ્વચ્છ; શુદ્ધ; પવિત્ર. ૨. ઉનાળો; જેઠ અને અસાડ એ બે માસ તે શુચિ.

શુચિતા=સ્વચ્છતા; શુદ્ધિ.

શુભ્ર=ધોળું; સફેત; સ્વચ્છ; ચળકતું.

શુભમુખી=શુભ મુખવાળી.

શુશ્રૂષા=સેવા ચાકરી.

શુષ્કતા=સુકું હોવાપણું; રસ વગરનું હોવાપણું.

શુંડ-શુણ્ડ=સૂંઢ (હાથીની.)

શૂન્યતા=શૂન્ય હોવાપણું.

શૂન્યમુખ=જેનું મુખ શૂન્ય-મુંગું-કાંઇ પણ સંસ્કાર કે ચિન્હ વગરનું-હોય તેવું.

શૂન્યાત્મ=આત્મા જેનો શૂન્ય હોય તેનું બેધ્યાન; ગમાર, સુઝવગરનો.

શૃંગ=૧. ટોચ; શિખર, ૨. શીંગડું.

શૈત્ય=થંડી.

શૈલ=પત્થર.

શૈલરાજ=પર્વત.

શૈશવ=બચપણ.

શોકાર્તિ=શોકનું દુઃખ.

શોક્ય=સંપત્ની; પોતાના ધ-ણીની બીજી સ્ત્રી.

શોચના=શોક; દિલગીરી; વિલાપ.

શોણિત=૧. રાતું. ૨. લોહી શોણિત સમુદ્ર=રાતો સમુદ્ર.

શોભાવાન=શોભાવાળું; સુંદ-ર; શોભતું.

શોર=અવાજ; ઘોંઘાટ; બૂમ.

શ્રવણ=૧. સાંભળવું તે. ૨. એક નક્ષત્રનું નામ.

શ્રાપ=શાપ; બદદુવા.

શ્રાવ્ય=સાંભળવા લાયક.

શ્રુતિ=૧. કાન. ૨. સાંભ-ળવું તે ૩. વેદ.

શ્રોત્ર=કાન.

શ્વસન=નિઃશાસો. (૧૩૬-૨૪૧.)

ષ.

ષટ્પદ=ભમરો.

સ.

સકલ સંચારિણી=બધે ઠેકાણે સંચાર કરનારી-જનારી.

સકાશ=સાન્નિધ્ય; નજીકપણું.

સકાશમાં=ની પાસે; ની ન-જીકમાં.

સગુણ=૧. ગુણવાળું. ૨. વેદાન્તમાં સગુણ બ્રહ્મ એટલે ઇશ્વર એવો અર્થ છે.

સઘન=ગાઢ; ઉંડું.

સચરાચર=સર્વત્ર; સ્થાવર અને જંગમ બંનેનો સમા-વેશ થઇ જતો હોય તેવું.

સચિંત=ચિંતા સહિત.

સતત=હમેશાં; નિરંતર; નિત્ય.

સતતજ્યોતિ=સદા પ્રકાશ્યા કરે તેવાં તેજવાળું.

સતી=પવિત્ર સ્ત્રી; પતિવ્રતા સ્ત્રી.

સતકાર-સત્કાર=આવકાર; આદરમાન.

સત્કાર્ય }
સત્કૃતિ } =સારૂં કામ.

સત્ત્વ=૧. હોવાપણું. ૨ સાર; રસ; બળ. ૩. જીવ; જંતુ.

૪ ત્રણ ગુણમાંનો પહેલો ગુણ–સત્ત્વ ગુણ.

સત્યવર=સત્યને વરનાર–પસંદ કરનાર.

સદન=ઘર.

સદય=દયાવાળું; કૃપાળુ.

સદૈવ=હમેશાં.

સદ્ધર્મ=સારો ધર્મ.

સદ્ય=એકદમ.

સનમ=વ્હાલી; પ્રિયા; માશૂક.

સનાતન=અનાદી અને અનંત; શાશ્વત.

સપ્રભ=પ્રભા–તેજ–વાળું.

સપરિવાર–પરિવાર–કુટુંબ કબિલા–સહિત.

સફર=મુસાફરી; પ્રવાસ.

સફરી=૧. શફરી. ૨. સફર કરનાર.

સફળા=સફળ; ફળવાળી.

સબળ=બળવાન.

સભય=ભયાન્વિત; ભયસહિત.

સમ=(વિ.) સરખું.

સમર (નામ)=લડાઈ; યુદ્ધ. (ક્રિ) યાદ કર; સ્મરણ કર.

સમર્પવું=સમર્પણ કરવું; આપવું.

સમષ્ટિ=સમુદાય. વ્યષ્ટિથી વિરુદ્ધ.

સમસ્ત=બધું; સઘળું; એકત્ર કરેલું.

સમાધ (૧૩૨–૨૩૯)–સાધુ કે સંત મરી જાય ત્યારે તેને દાટ્યા કે બાળ્યાની જગાએ દેરડી ચણવામાં આવે છે તે.

સમાધિ=એકાગ્ર ચિત્ત કરી ઊંડું ધ્યાન ધરવું તે.

સમાધિછલ=સમાધિનો ઢોંગ.

સમારવું=સમું નમું કરવું; સુધારવું.

સમાંતર=વચ્ચે સરખું અંતર હોય તેવું.

સમીર=પવન.

સમુચ્છ્રિત–(૧૩૬–૨૪૦)=ઉંચે.

સમુલ્લાસ=ઘણો હર્ષ.

સમૃદ્ધિ=આબાદી.

સમોવડ=સમોવડીયો; સરખો.

સર=સરોવર.

સરજળે=સરોવરના જળમાં.
સરવરિયું=નાનું સરોવર.
સરવા=સરવું-(વિ.) તીક્ષ્ણ; ચંચળ; ઝટ સાંભળે તેવું.
સરવું-ક્રિ.=સરકવું; પાર પડવું.
સરસ્વતી=શારદા.
સરણી=૧. સરકવું તે; ૨. સેર. ૩. (૧૨૦-૧૯૬.) સાર-રૂપ; જેથી સાર પમાય તે.
સરંત=સરતા.
સરિત } =નદી.
સરિતા }
સરોપ=રોપવાળાં; રાતાં.
સર્ગ=૧ રચના; સૃષ્ટિ. ૨. અધ્યાય.
સર્વવ્યાપક=સર્વત્ર હોય તે.
સર્વવ્યાપકતા=સર્વત્ર હોવાનો ગુણ.
સલિલ=પાણી.
સલિલગર્ભ=પાણીથી ભરેલ; જેના અંતરમાં-ગર્ભમાં પાણી છે તેવો.
સલીલ=લીલા સહિત.
સલુણું=નાજુક અને સુંદર; મનોરંજક; મનોહર કાન્તિનું.
સવિતા=સૂરજ.
સહકાર=આંબાનું વૃક્ષ.
સહસા=એકદમ.
સહોદર=ભાઈ.
સંકર્ષણ=ખેંચનાર.
સંકલન=સંકલવું તે; એકઠું કરવું તે; સરવાળો કરવો તે. મેળવી દેવું તે.
સંકલ્પ=ઇચ્છા; ઠરાવ; મનસુબો. નિયમ; નિશ્ચય.
સંકેત=૧ સાન; ઇસારો. ૨. મળવા માટે નક્કી કરેલો વિચાર કે સ્થાન.
સંકોરવું=ઉસ્કેરવું; જાગ્રત કરવું. ભેળું કરવું.
સંગમથાન=ભેગા મળવાની જગા.
સંચરવું=ચાલતું થવું; જવું; અંદર દાખલ થવું.
સંચારી=જનાર.
સંચારિણી=જનારી.
સંતતિ=પ્રજા, છોકરાં.

સંધાન=સંધિ; જોડાણ; જોગ.

સંધિ=અનુકુળ સંજોગ; સ્નેહ; સંપ; સલાહ; અણીનો વખત.

સન્ધ્યા=સાંજનો વખત.

સંપાત–સમ્પાત=ઘા; પાડવું તે.

સંભવ=૧ જન્મ. ૨. બની શકવું તે.

સંયોગી=જોડનાર.

સંવૃત્ત=ઢંકાઇ ગયેલ.

સંશયભૂમિકા=વહેમનું સ્થાન.

સંસ્કૃતિ=સંસ્કાર; શુદ્ધિ. મૂળ સ્વરૂપને સુધારવા માટે–પવિત્ર કરવા માટે–જે ક્રિયા કરવામાં આવે તે.

સંસૃતિ=સંસાર; જન્મ પુનર્જન્મની ઘટમાળ; પ્રવાહ.

સંહારવું=મારી નાખવું.

સાજ (૧૨૭–૨૦૧)=ગાયન ગાતી વખતે સાથે વગાડવાનાં વાજીંત્ર, સારંગી, મૃદંગ, તંબુર કે તેવું કાંઇ.

સાટોપ=આટોપ–મગરૂરી–ભરેલું.

સાત્ત્વિક=સત્ત્વગુણવાળું. પવિત્ર, શુદ્ધ, ઉદાર, શાન્ત, વગેરે સારા ગુણો જેમાં હોય તે. ઉત્કૃષ્ટ; ઉત્તમ; શ્રેષ્ઠ.

સાથી=જોડિયો; સોબતી; સાથે રહેનાર.

સાધુ=ભલો, સારો, માણસ; પવિત્ર, ઉંચી પ્રવૃત્તિવાળો માણસ.

સાધ્ય=સાધવા–પ્રાપ્ત કરવાલાયક; જે સિદ્ધ કરવું જોઇએ તે.

સાન=નિશાન; ઇશારત; સમજણ; અક્કલ.

સાન્ત્વની=શાંત પમાડતી.

સાનંદ=આનંદ સહિત.

સામ્રાજ્ય=મહારાજ્ય; મોટું રાજ્ય–જે વિશાળ રાજ્યમાં એકજ મહારાજા તરીકે સ્વીકારાતો હોય તેવું મોટું રાજ્ય.

સાયક=તીર; બાણ.

સાયકપાત=બાણનો ઘા; તીર મારવું તે.

સાર=મુખ્ય તત્ત્વ; ફળ; રહસ્ય.

સારડી (૨૨–૪૦)=કાણાં પાડવાનું સુતારનુ હથિયાર.

સારવું=૧. શ્રાદ્ધ, તર્પણ કરવું. ૨. વર્ષાવવું; ચાલુ રહે તેવી રીતે પાડવું. ૩. પૂર્ણ કરવું. ૪. રેડવું.

સારંગી–તન્તુ વાદ્યની એક જાતનું નામ.

સારિગમ–સંગીતના સ્વરો માટે વપરાતો લઘુ શબ્દ. અમુક રાગમાં કયા કયા સ્વરો આવે છે તેનો નિર્ણય બતાવનાર તે ગાયનના સ્વરોની નોંધ તે ગાયનની 'સારિ ગ'મ કહેવાય છે.

સાર્થ=૧. અર્થ સહિત; અર્થ વાળું. ૨. સામુદાય; સંઘ; ટોળું.

સાશંક=શંકાયુક્ત; વ્હેમવાળું.

સાહિત્ય=૧. સાધન ૨. શબ્દમય પ્રબંધ; કાવ્ય, ગદ્ય, વગેરેનું સારૂં લખાણ.

સાહી=લઇને; પકડીને.

સાંઇ=૧. ભેટ; આલિંગન. ૨. ફકીર.

સાંચી=સંચય કરીને; સંગ્રહ કરીને.

સામ્પ્રત=હાલનું.

સિક્ત=સીંચેલું; છંટાયેલું; પાણીથી ભીંજાયેલું.

સિતમ=જુલમ.

સિતારી–સિતાર ઉપરથી, સિતારી બજી રહી–ગાયન ગવાઇ રહ્યું.

સિદ્ધાર્થ=બુદ્ધ દેવ. જેણે પોતાનો અર્થ–જીવન હેતુ–સિદ્ધ કર્યો હોય તેવો પુરૂષ.

સિંધુ=દરિયો.

સીકર=પાણીના છાંટા.

સીજવું–સીઝવું=ઉપર ઉપરથી બળી જવું, ૨. પાર પડવું.

સુકર=સહેલું.

સુકંઠ=સારા કંઠવાળું–સારા અવાજ વાળું.

સુકોમળ=બહુ કોમળ.

સુખકર } =સુખ આપે તેવું.
સુખકરા }

સુખદ=સુખ આપે તેવું.

સુખવાડી=સુખની-સુખરૂપ-વાડી.

સુખસાર=સુખ જેનો સાર છે તેવું; સુખના સારરૂપ, ઘણું સુખ આપનાર.

સુગન્ધ=સુવાસ; આમોદ; પરિમળ.

સુતનુ=સારાં, કોમળ, શરીરવાળું.

સુધા=અમૃત.

સુધામય=અમૃતમય.

સુધાંશુ=અમૃતનાં કિરણો જેનાં છે તે એટલે ચન્દ્રમા.

સુનન્દન=સારી રીતે આનન્દ આપનાર.

સુનાવી=સંભળાવી.

સુપરત કરવું=સોંપી દેવું.

સુપ્ત=સૂતેલો; ઉંઘેલો.

સુપ્રભા=સારૂં લાગે તેવું-ગમી જાય તેવું તેજ.

સુબંધ=સારી રીતે બંધાયેલ.

સુભગ=સારા ભાગ્યવાળું.

સુમૂર્ત=સારી મૂર્તિવાળું; દેખાવે સુંદર.

સુર=૧. અવાજ; રાગ. ૨. દેવ.

સુરખ=તેજ; ચળકાટ.

સુરતા=દેવ હોવાપણું. દિવ્ય ગુણના ભંડારરૂપ. દેવત્વ.

સુરતાની વાડી=દેવ લોકોની વાડી. દેવત્વના ગુણથી ભરેલી વાડી.

સુરનન્દિની=દેવોને આનંદ આપનારી.

સુરભિ=૧ સુગંધ. ૨ સુગંધી ૩. ગાય. ૪ કામધેનુ.

સુરમ્ય=અતિ રમ્ય.

સુરવ=સારો અવાજ.

સુરસ=સારો રસ.

સુરસરિત=દેવની-સ્વર્ગની નદી-ગંગા.

સુરંગ=સારા રંગવાળું; સુશોભિત.

સુરા=મદ્ય-દારૂ.

સુરેખ } =સારી રેખાવાળો;
સુરેખિત } સુંદર.

સુયુત=સારી રીતે જોડાયેલ.

સુષુપ્ત=સુતેલ; ભર ઉંઘમાં પડેલ.

સુસમીર=સારો પવન.

સુસાત્ત્વિક=સારી રીતે સાત્ત્વિક.

સુહઈ-સુહાઇ-શોભીને.

સુહવશે-શોભાવશે.

સુહાગન=શોભાવનાર.

સુહવિ=શોભાવે.

સુહાય=શોભાય; સુંદર લાગે.

સૂક્ત=સારૂં વચન; સારી ઉક્તિ.

સૂત્ર=૧. દોરો. ૨ સકળ આધાર. પુતળાંનાં ખેલ કરનાર દોરો પોતાના હાથમાં રાખી પુતળાંને નચવે છે તેથી પુતળાંનો બધો આધાર તે સૂત્ર ઉપર હોય છે તે ઉપરથી સૂત્ર એટલે બધો આધાર જેના ઉપર હોય તે દોરો.

સૂનકાર=શાન્તિ; ચુપચાપ હોય તેવી સ્થિતિ.

સૂનુ=(ના) દીકરો; પુત્ર.

સૂનું=(વિ) એકાંત, ઉજડ, નિર્જન.

સેક=રેડવું તે, સિંચન.

સેજ=પથારી, શય્યા.

સેંથો—સેંથી=માથાંના વાળના બ ભાગ કરવાથી વચ્ચે પડી રહેતી રેખા.

સૈયારી=મઝીયારૂં, સૌ સાથે મળી ભોગવવું તે.

સોડ=પડખું.

સોડમ=સુગંધ, સુવાસ.

સોડિયું=સોડ, સ્ત્રીઓનાં કપડાંનો છેડો વાળવામાં આવે છે તે. તે છેડો સંપેટી લપેટી વાળવો તે સોડિયું વાળવું.

સોસાવું=દુબળા થઇ જવું, લેવાઇ જવું. શરીરમાં ઓછા થતા જવું.

સોહતુ=શોભતું.

સોહાગ=સોભાગ્ય: શોભા.

સોહ્યલું=સહેલું.

સૌમ્ય=સૌંદર્ય, શીળું સૌંદર્ય.

સૌમ્ય કાન્તિ=સુંદર કાન્તિવાળું.

સૌરભ=સુગંધ.

સૌવર્ણ=સુવર્ણનું, સોનેરી.

સ્કંધ=ખભો.

સ્તન ચૂચુક=સ્તનની ડીંટડી.
સ્તબ્ધ=દિગ્મૂઢ, આશ્ચર્ય ચકિત.
સ્તવવું=સ્તુતિ કરવી.
સ્તંભજળ—થાંભલા જેવું બની ગયેલું જળ, જળના દેખાતા થાંભલા.
સ્તોત્ર=સ્તુતિ અર્થે ગાયેલું કાવ્ય.
સ્થળી-સ્થળ=જગ્યા ઉપરથી નાનું, નાજુક, એ અર્થમાં વપરાય છે.
સ્થાયી=ટકી રહે તેવું.
સ્થિરા-સ્થિર-કાયમ રહે તે.
સ્નાનપાન=ન્હાવું અને પીવું તે.
સ્નિગ્ધ કૃષ્ણ=ચળકાટ મારતા ભીના કાળા રંગનું.
સ્નેહગર્ભ=સ્નેહ જેના ગર્ભમાં છે તે.
સ્પૃહા=ઈચ્છા.
સ્ફટિક—એક જાતનો પત્થર. સફેત, પાસાવાળો સુંવાળો હોય છે.
સ્ફુટિત=ફુટેલ; ઉગી નીકળેલ.
સ્ફુરંત=સ્ફુરતા-ફરકતા
સ્ફુરાવવું=ફરકાવવું.
સ્ફુર્તિ=સ્ફુરણા. ચાલાકી. એદમ કાંઈ સુઝી આવે તે.
સ્મરવું=યાદ કરવું.
સ્મારક=સંભારી આપનાર, યાદ કરાવનાર.
સ્મિત-મ્હોં મલકાવવું તે.
સ્મિતમય=મ્હોં મલકાતાં રહે તેવું, આનંદમય.
સ્રોત=પ્રવાહ.
સ્વ=પોતે, પોતાનું.
સ્વચ્છંદ=પોતાની ઇચ્છા
સ્વચ્છંદી=પોતાની જ ઇચ્છા પ્રમાણે વર્તનાર. (બીજાને માટે દરકાર ન જ કરે તેવો)
સ્વત્વ=પોતાપણું; સ્વાભિમાન.
સ્વર્મન્દ્રાકિની=આકાશ ગંગા.
સ્વરણમયી=સુવર્ણમયી, સોના જેવી, સોનેરી.
સ્વર્ગીય=સ્વર્ગનું; દિવ્ય.
સ્વલ્પ=બહુ ઓછું.
સ્વસુખ=પોતાનું સુખ.
સ્વસા=બ્હેન.
સ્વસ્થ=પોતામાંજ તૃપ્ત રહેનાર; તદ્દન શાંત; સુખરૂપ.

સ્વામ=સ્વામી; પ્રભુ.
સ્વારથસરણિ=સ્વાર્થની સીઢી. સ્વાર્થની પરંપરા.
સ્વેદ=પરસેવો.
સ્હાવું=મદદમાં જવું; હાથ પકડી પાસે ઉભા રહેવું.

હ.

હકીકત=ખરી બીના.
હઠપાશ=હઠરૂપી જાળ; બહુજ હઠ પકડી રાખવી તે.
હતાશ=ભગ્નાશ; જેની આશા ભાંગી ગઈ હોય તેવું.
હબકવું=બી જવું; ડરી જવું.
હય=ઘોડો.
હરણ=૧. તે જાતનું પ્રાણી. ૨. લઇ જવું તે.
હરિત=૧. લીલું. ૨. પીળું. ૩. ઘાસ.
હરિયાળી=લીલી. લીલોતરી.
હર્ષ વર્ષણુ=હર્ષને વરસાવનાર.
હલક=ગાવામાં અમુક જાતની મજા-અવાજને ઘુમાવવાથી આવે તે. સુર. કંઠ.
હલે-હલા=આ સખીને સંબોધનમાં વપરાતો શબ્દ. સખિ, બ્હેનપણી.
હવાદળ=હવાના દળ-થરપડ.
હવિ=બલિદાન.
હસ્ત સ્થળી=હથેળી.
હસ્તી=હયાતી; અસ્તિત્વ.
હંગામ=ધામધુમ, તોફાન, લડાઇ.
હાડ=હાડકાં, શરીરનો બાંધો.
હારિ=હરણ કરે તેવું, આકર્ષક, મનોહર, સુંદર.
હાય=દુઃખનો પુકાર, દીલગીરી. અફસોસ.
હાર્દ=રહસ્ય; મર્મ, ગુઢ સત્ય.
હાલરડું=નાનાં બાળકને ઉંઘાડવા માટે ગાવામાં આવે છે તે ગીત.
હાવભાવ=લટકાં; અમુક જાતની ચેષ્ટા.
હાસ-હાસ્ય=હસવું તે.
હિના=મેંદી.
હિમ=ઘણીજ સખ્ત ઠંડી, ઠાર, બરફ.

હિમકર=ઠંડાં કિરણવાળો ચન્દ્ર.

હિમભૂમિ=જ્યાં ઠંડી બહુ હોય તેવી ભૂમિ.

હિમ શિલા=થંડો પત્થર.

હિમાંબુ=થંડુ પાણી.

હિમાંશુ=થંડાં કિરણવાળો, ચન્દ્ર.

હિંસ્ર=હિંસા કરે તેવું; હિંસા કરનાર. ક્રૂર.

હીર=૧. રેશમ. ૨. તેજ, કાન્તિ. ૩. દૈવત, પાણી, બળ, જોર.

હીસે-હીસવું=હરખાવું, ખુશી થવું, ખુશી થઇ અતિ આનંદમાં આવી જવું.

હુતાશન=અગ્નિ.

હ્રદ=ઝરો, નાનું સરોવર.

હેમ=સોનું.

હેમન્ત=શિયાળો. ઠંડી ઋતુ (માગશર પોષ માસ.)

હેલી=અટક્યા વગરની વૃષ્ટિ.

હૈમ=હિમનું બનેલું. હિમના જેવું થંડું.

હોલાવવું=ઠારવું, બુઝવવું.

ક્ષ.

ક્ષણ=પળ.

ક્ષિતિજ=દષ્ટિ મર્યાદા.

ક્ષોભ=ખળભળાટ, ગુસ્સો, વ્યગ્રતા.

જ્ઞ.

જ્ઞાતપૂર્વ=પહેલાં જાણેલું હોય તેવું.

નોંધ.

૧. ક્રમમાં અનુનાસિકના વર્ગનું ધારણ નહિ રાખતાં, સ્વરને અંતે તે સ્વરના અનુસ્વારવાળા શબ્દો રાખવામાં આવ્યા છે.

૨. ક્ષ, જ્ઞ, એ બે જોડાક્ષર છે, પણ ગુજરાતીમાં મૂળાક્ષરમાં ગણાયેલા હોવાથી તે માટેનો ક્રમ ગુજરાતી મૂળાક્ષર પ્રમાણે રાખ્યો છે.

૩. કાંઉસમાં પહેલીસંખ્યા કાવ્યની અને બીજી પાનાંની છે.

કાવ્યમાધુર્ય.

૧૯૧૬ ની આવૃત્તિનું શુદ્ધિ પત્રક

પ્રસ્તાવના.

પાનું.	લીટી.	શબ્દ.	અશુદ્ધ.	શુદ્ધ.
૬	૫		વધારે આશા પ્રયાસથી	વધારે સારા પ્રયાસથી.

અવલોકન.

૨૬	૮	૧	પડે છે,	પડે છે.
૨૮	૪	૧	વર્તનને	નર્તનને
૩૨	૧૪	૧	જેવાં	એવાં
૩૯	૧૬	૨	તેનાં	તેને
૪૦	૯–૧૦	૧	ગણવા	ગણાવા
,,	૧૨	૭	વાગ્યું	લાગ્યું

સાક્ષરસપ્તક.

૪૩	છંદ ૩	લીટી ૩.	પરિપકરીવતિ	પરિપકવરીતિ
૧૪	૯	૭	સામો	સામા
૩૨	૨	છેલ્લો	શંકર્ષણ	સંકર્ષણ
૩૮	છેલ્લી	૬	ફૂપન	ફૂપની

પાનું.	લીટી.	શબ્દ.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૭	૩	૧—૨	છિન્ન છિન્ન	છિન્ન ભિન્ન
૫૨	૧૯	૭	દ્યુતિસ્ત્રોત	દ્યુતિસ્રોત
૭૮	મંથાણું	૩	રહત	રમત
૭૯	લેખકનું નામ		જીવણરામ	જી. લ. દવે.
૧૧૧	૧૯	૭	ચખિ !	ચાલ સખિ !
૧૨૦	૩ જો છંદ ૨	૨	ધુમાવી	ઘુમાવી
૧૨૧	૪ થો છંદ ૧	૨	કો’	કો
,,	,,	૩	તે’ છે ત્યાં ત્યાં બધે	તેં
૧૨૮	૫	૩	નભમાં	નભના
૧૩૩	૧૦	૩	આપનો	આપવો
૧૮૪	૬	૨	બીજા	બીજે
૧૯૪	૨૨	૧	આહો !	અહો !
૧૯૬	૯	૧	શ્રૃંગ	શૃંગ
,,	૨૫	૧	ધરણી	ધરણી
૨૧૨	૮	૫	ગૃહ	ગ્રહી
૨૧૮	૪	૧	જનસમાજમાં	જનસમજમાં
૨૨૧	૨૪	૫	વિભમય	વિભુમય
૨૩૨	૬	૩	ઊમિ	ઊર્મિ
૨૩૫	૭ મી લીટીમાં ભારે શબ્દ વધારાનો છે, તે ન જોઇએ.			
૨૩૭	૭ (કાવ્યની)	૨	ભૂરાં	ભૂરાં
૨૩૮	૭	૮	સુણુર્વ	સુવર્ણ
૨૪૭	૫		વ્હાલા તુજ	વ્હાલા ! વ્હાલા ! તુજ
૨૫૦	૬	૪	મનનો	માનનો

પાનું.	લીટી.	શબ્દ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૫૧	૧ (કાવ્યની)	૧	ગષો	ગયો
૨૫૨	૧૨	૪	કાપર્ણ્યને	કાર્પણ્યને
૨૫૭			લેખકનું નામ ઓઝા છે તે	મહેતા જોઇએ.

ટિપ્પણ.

૨૬૯	૬	૬	માગણીમાંથી	માગણીઓથી
૨૭૦	૫	૬	ઉદ્દેશીને	ઉદ્દેશીને
૨૮૦	૮		કર્મ=ખીણ	કર્મ—ખીણ.
૨૮૧	૧૪		ભરાઇ આવે છે	ઉભરાઇ આવેછે.
૨૮૭	૧—૨		અકસ્વલુષિત	અકલુષિત
૩૦૩	૧૬	૪	છપાયેલી	છૂપાયેલી
૩૦૫	૫	૨	બનાવવાના	બતાવવાના
૩૧૮			વીશમી લીટી પછી નીચેની એક લીટી ઉમેરવી.	

વિશેષ શોચનીય હિન્દુસ્થાનના ભણેલાઓમાંથી પણ ઘણાના

૩૨૫	૧૦	૫	સંસ્કરી	સંસ્કારી
૩૨૬	૫	છેલ્લો	મધુરી	માધુરી
,,	૧૪	,,	રહી	રહ્યું
૩૨૭	૩	૩	પાતાનું	પોતાનું
૩૩૩	૧૪	૫	રસવૃત્તિ	રસવૃત્તિને
૩૩૫	૧૦	છેલ્લો	બળવના	હોય
૩૩૭	૧૬	૬	પોતાનીમાં	પોતાનામાં
૩૪૩	૫	૩	પ્રદશિત	પ્રદર્શિત

શબ્દકોષ.

પાનું.	લીટી.	શબ્દ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૫૬		અણછતીના અર્થમાં	છતી; ન હોય	છતી ન હોય
૩૬૩		ઉભાય છેના અર્થમાં	ઉભરાઈ છે	ઉભરાય છે
૩૬૬		કલાપના અર્થમાં	જથ્થો	જથ્થો
૩૬૮		ખાપ=કાંટામાં	ખાપ	ખાર
૩૮૧		ધખેના અર્થમાં	ધબવું	ધખવું
,,			ઘનિક	ધનિક
૩૮૭		પુલિનના અર્થમાં	નદીના	નદીનો
૩૯૮		રૂદ્ધના અર્થમાં	અશુદ્ધ	અશ્રુરૂદ્ધ
૪૦૦		વાનતાદિક શબ્દમાં	વાનતાદિક	વનિતાદિક
૪૧૦		સદૈવના અર્થમાં	હમોશાં	હમેશાં
૪૧૧		સંગમથાન શબ્દમાં	સંગમથાન	સંગમસ્થાન
૪૧૩		સાર્થના અર્થમાં	સામુદાય	સમુદાય
૪૧૪		સુધાના અર્થમાં ઉમેરો		૨-(૨૨-૩૮) સુનો.
૪૧૮	નોંધમાં	૧ માં	ધારણુ	ધોરણુ
	,,	૩ માં	પહેલીસંખ્યા	પહેલી સંખ્યા

ખાસ એજન્ટસ
એન્. એમ્. ત્રિપાઠીની કંપની મુંબઈ